॥ ૐ અનાદિ શ્રીકૃષ્ણનારાયણાય નમો નમઃ ॥

શિક્ષાપત્રી કિરણાવલી

આ ગ્રંથમાં ભગવાન સ્વામિનારાયણે લખેલી શિક્ષાપત્રીને સમજાવી છે



: લેખક :

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

M.A.,Ph.D., D.Phil., D.Litt.

: પ્રાપ્તિ સ્થાન :

પરમધામ સ્મૃતિ મંદિર-ગાદી સ્થાન, જુનાગઢધામ

: પ્રકાશક :

શ્રીકૃષ્ણપ્રકાશ સ્વામી (મો. ૯૯૭૪૩ ૬૨૧૦૮)

© આ ગ્રંથના સર્વહક પ્રકાશકને આધિન છે. - પ્રકાશન : ઈ.સ.૨૦૨૪

श्रीमद्दार्शनिकपंचानन-षड्दर्शनाचार्य-नव्यन्याचार्य-
सांख्य-योग-वेदान्त-मीमांसातीर्थ-पण्डित-
श्रीकृष्णवल्लभाचार्यजी



शास्त्रार्थे, च विलेखने, नवकृतौ, चाध्यापने, पर्षदि, व्याख्याने च विवेचने, नवनवोन्मेषे, प्रभानिर्णये । ऊहे, च ग्रथने, प्परात्मभजने, शास्त्रेषु, पांरगतः, श्रीकृष्णान्वितवल्लभाऽऽर्यमुनिराड्, विद्याऽऽब्धिरास्ते जये ॥१॥

श्रीकृष्णवल्लभाचार्यं स्वामिनारायणाश्रितः ।
न्यायाचार्यपदैः संख्यतीर्थाद्यैश्च विभूषितः ॥२॥

तस्मै मत्प्रियशिष्याय विदुषेऽशेषभक्तये ।
सदानन्दमयायैवमाशीर्वादः प्रदीयते ॥३॥

पूर्णपण्डितभावस्त्वं यशोमुकुटमण्डितः ।
पूर्णायुः सर्वपुण्यानामाश्रयः सन् सुखी भव ॥४॥

श्रीवामाचरणभट्टाचार्येण ॥

शब्दानां वै समानाधिकरणबलवस्तत्तवमस्यादिवाक्याद् ।
ब्रह्मेशानो विशिष्टो भवति सुविदितो यावदात्मेतिभाष्यात् ॥

या साक्षात्स्वामिनारायणमुखकमलाल्लब्धसम्भूतिरस्मात् ।
तद्रुपा पत्रिका श्रीहरिभवगमयत्येव ृ ष्णादिशब्दात् ॥१॥

जीवेशब्रह्ममुक्ताद्यगणितचिदचिद्व्याप्तसर्वावतारि-
श्रीमच्छीस्वामिनारायणभगवति वै मुख्यतात्पर्यरूपाम् ॥

व्याख्यां कुर्वे तदीयां सुविशद 'किरणावल्य' भिख्यां यतः स
इष्ट सर्वावतारी भर्वात हि भगवान् स्वामिनारायणो नः ॥२॥

વેદાન્તમાં '**तत् त्वम् असि**' ઈત્યાદિ વાક્યામાં સમાનાધિકરણ એવા તત્ ત્વમ્ પદો શરીરવિશિષઅટશરીરી પરબ્રહ્મના વાચક છે, તે પ્રમાણે સર્વે શબ્દો શરીરવિશિષ્ટશરીરી સર્વાત્મા એવા પરબ્રહ્મનાજ વાચક છે, એમ ભાષ્યકારોએ સિદ્ધાન્ત કરેલ છે. તેવા પરબ્રહ્મ શ્રીસ્વામિનારાયણ પરમાત્માના મુખકમળથી પ્રકટ થએલી આ શિક્ષાપત્રી '**श्रीकृष्णं**' '**स श्रीकृष्णः**''**कृष्ण-कृष्णवताराणाम्**' ઈત્યાદિ શબ્દોથી પરબ્રહ્મ શ્રીસ્વામિનારાયણ પરમાત્માનો જ બોધ કરાવનારી છે, વળી આપણા ઉપાસ્ય ઈષ્ટદેવ સર્વાવતારાવતારી શ્રી સ્વામિનારાયણ પરમાત્મા છે, માટે જીવ ઈશ્વર મુક્ત બ્રહ્મ આદિ ચેતનો અને પૃથ્વી આદિ માયા પ્રયન્ત જડતત્ત્વોના વ્યાપક શરીરી સર્વાવતારાવિર્ભાવકારણ પરમાત્મા શ્રીસ્વામિનારાયણને વિષેજ મુખ્ય તાત્પર્યવાળી શ્રીશિક્ષાપત્રીની '**किरणावली**' નામક સ્ફુટ વ્યાખ્યા કરૂં છું ॥૧॥ ॥૨॥

श्रीमन्निर्गुणमूर्त्यनन्तपुरुषौराराधितं पत्कजं ।
नित्यानन्तगुणास्पदस्य निखिलाविर्भावहेतोर्विभोः ॥

यस्य ब्रह्मण एव तस्य परमं शिष्यं सतामग्रणीम् ।
श्रीमद्बालमुकुन्ददास 'मनिशं वन्दे विमुक्तिप्रदम् ॥

ब्रह्मेशः पुरुषोत्तमोऽक्षरपतिः श्रीस्वामिनारायण- ।
स्तच्छिष्याक्षरधामसाकृति 'गुणातीताभिधः' सन्मुनिः ॥

श्रीमद् 'बालमुकुन्दजी 'मुनिमहामुक्तश्च तत्सेवकः ।
श्री 'नारायणदासजी 'मुनीवरस्तेऽवन्तु मां सर्वदा ॥

- पं. श्रीकृष्णवल्लभाचार्य्य.

नारायणो नीलकण्ठः स्वामिनारायणो हरिः ।
हरिकृष्णश्च सहजानन्दः कृष्णोस्तु मे हृदि ॥

आगच्छ भगवन् !
देव ! सवस्थाना-
त्परमेश्वर !



अहं पूजां
हरिष्यामि सदा
त्वं सन्मुखो भव

अपराधसहस्त्राणि क्रियन्तेऽहर्निशं मया ।
दासोऽयमिति मां ज्ञात्वा क्षमस्व पुरषोत्तम ॥



चर्णिवेपरमणीयर्शनं मन्दहासस्चिराननाम्बुजम् ।
पूजितं सुरनरोत्तमैर्मुदा धर्मनन्दनमहं विचिन्तये ॥

પ્રથમ શ્લોક ઉપર ટિપ્પણી :

વડી શિક્ષાપત્રી ભાષ્ય પૃષ્ઠ ૬ से પૃષ્ઠ ૧૨ तक में से -

नन्वस्तु नामैवं तथाप्याशोरुपं मंगलं तु घटेत, न तूपास्योपासकभावमेदावबोधकमिदं भगवति घटेत । भैवं, अनुकरणे किं नामाऽघटितं, वस्तुदृष्टया, स्वस्वरूपस्मरणरुपं च । अर्थ : शंका, वैसा ध्यानरुप मंगल भले हो, मगर आशीर्वादरुप मंगल होना घटित है, उपास्य और उपासकभावका बोधक यह मंगल भगवान को घटित नहीं है । जवाब - भगवानको लोकरीतिका अनुसरना अघटित नहीं है । वास्तविक सत्य तो यह है कि-श्रीहरीने आपने अपने ही स्वरुपका स्मरण किया है । चिन्तनं ह्यसकृदनुस्मरणम् - चिन्तनका अर्थ है निरन्तर स्वरुपका स्मरण करना ।। सकलसिद्धिमयी राधा, सर्वसमाश्रयणीयत्वोपकारकसौशील्यश्रीस्त्र विवक्षिता ।। सभी सिद्धियाँ राधा, और सभी आश्रय ले सके वैसा उपकारक जो सौशील्य - अर्थात् छोटेसे छोटे मन्द व्यक्तिको भी आशरा देने में आनाकानी या रुकावट नहीं रखनेका स्वभाव। तदियं सौशील्यश्रीं श्रीशब्देन विवक्ष्यते । ऐसी शुसीलता-हिलनमिलन-स्वभाव ही श्रीका अर्थ विवक्षित है । (टीकामें) वृन्दावने-गोगोपगोपिकावलये-इति स्फुटम् । भक्तजनसमधिका प्रीतिरुक्ता भवति । भक्तजनोंके समुदायमें बिहार वाले । कृष्णम-नितान्तनिर्वृतम् । अत्यन्त आनन्दसे भरपूर । इस प्रकारके मेरे स्वरुपको संभारता हूं ।। 'कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृत्तिवाचकः । तयोरैक्यं परंब्रह्म कृष्ण इत्यभिधीयते । सर्वत्र सत्तावाले व परम आनन्दवाले परंब्रह्म ही कृष्ण शब्दसे समझाना । अनेन श्लोकेनाऽनवधिकानन्दमयम् । अखिलकल्याणगुणाकरम् अप्राकृतदिव्यिवग्रहम् परंब्रह्म अनुदिनम् अनुचिन्तनीयम् इत्यर्थं अवबोधितः ।। इश श्लोकसे परब्रह्मका चिन्तन समझाया है ।।

પહેલા શ્લોક ઉપર ટિપ્પણી :

બડી શિક્ષાપત્રી, ભાષ્ય, ઠીકા, ટિપ્પણ, મેંસે પૃષ્ઠ ૬ આદિમેં

श्रीहरिको उपास्य उपासकभाव नहीं घटता है, अतः वस्तुदृष्टया स्वस्वरुपरणरुपम् अपनेही स्वरुपका स्मरण किया है । सकलसिद्धियाँ राधाका अर्थ । सबसे हिलन-मिलन स्वभाव सौशील्य श्रीका अर्थ । वृन्दावन-भक्तजनोंके समुदाय । कृष्णम्-नितान्तनिर्वृतम्-अत्यन्त आनन्दसे भरपूर, परब्रह्म अनुचिन्तनीयम्-परब्रह्म संभारना ।

पृष्ठ १४ में नीचे - संस्कृतमें टिप्पण-

राधा- श्रीहरिकी सत्यसंकल्पशक्तिः । श्रीः सर्वज्ञता ज्ञानशक्तिः । वृन्दावन बिहारन्तम्-सृष्टिलीलाका साधन मायाशक्ति से युक्त । कृष्णम् - आनन्दधन परब्रह्म श्रीहरि स्वयम् । चिन्तये - मैं मुझे संभारता हूं ।

फलितार्थ - सर्वज्ञ सत्यसंकल्प सृष्टिलीलावाले, प्रकृतिपति सर्वकारण आनन्दस्वरुप मैं परमात्मा मेरा स्मरणरुप मंगल करता हूँ ॥

बडी शिक्षापत्री टिप्पण - पृष्ठ १९

नाना प्रकारके आदेशमें स्थित भक्तोके प्रति भगवदेकान्तवृतरक्षणके लिये अवतीर्ण मैं क्षराक्षरस्वामी स्वाभाविक आनन्दित परब्रह्म स्वयं उपदेश पत्र लिखता हूँ ।

પહેલા શ્લોક ઉપર ટિપ્પણી :

बडी शिक्षापत्री पृष्ठ १२ में नीचे - अयमत्र ध्वन्यर्थः

राधाशब्देन संकल्पशक्तिर्ध्वन्यते । या परमात्मनः सत्यसंकल्पता । श्रीशब्देन ज्ञानशक्तिर्ध्वन्यते । या सर्वज्ञत्वलक्षणा । वृन्दावनविहारमित्यनेन मायाशक्तिर्ध्वन्यते । या जगदुदयादिलीलोपकरणभूता । कृष्णशब्देन आनन्दधनो ध्वन्यते । स च जगत्कारणभूतः । तथा च कारणत्वौपयिकसर्वज्ञत्वसत्यसंकल्पत्वविशिष्टं सृष्टयादिलीलोपकरणभूत-प्रकृत्युपलक्षितं स्वयम् आनन्दस्वरुपं सर्वकारणकारणं परमात्मनः स्वस्य स्वरुपं हृदि चिन्तये इति ॥

अर्थ :- राधाका अर्थ है - परमात्माकी सत्यसंकल्पशक्ति । श्री का अर्थ है - परमात्माकी सर्वज्ञतारुप ज्ञानशक्ति । वृन्दावनविहारका अर्थ है - जगत् बनानेका साधन मायाशक्तिद्वारा लीला । कृष्ण शब्दका अर्थ है - आनन्दधन परब्रह्म श्रीहरि स्वयम् । चिन्तयेका अर्थ है - संभारना । फलितार्थ - सर्वज्ञ सत्यसंकल्प सृष्टिलीलावाले प्रकृति पति सर्वकारण आनन्दस्वरुप मैं परमात्मा मेरा स्मरणरुप मंगल करता हूँ ॥

પહેલા શ્લોક ઉપર ટિપ્પણી :

સત્સંગિજીવન પ્ર. ૩ અ. ૫૨, શ્લોક ૨ (વડતાલમें)

कृतदृढासन आत्मनि चात्मना निजमलौकिकमक्षरतः परम् ।
अचलरुपमसौ पुरुषोत्तमाभिधमचिन्तयदेकमखण्डितम् ॥२॥

श्रीहरिने, प्रातःकाल में जाग्रत् हो के, पद्मासनमें बैठके, अलौकिक दिव्य, अक्षरसे पर, पुरुषोतत्ताम स्वरुप, एक अद्वितीय, अखण्डित, ऐसा निज अचल स्वरुपको, निजमें, निजबुद्धिसे, ध्यान किया ॥

શ્લોક ૨૯ ઉપર ટિપ્પણી :

बडी शिक्षापत्री अर्थदीपिका - पृष्ठ १११

कृष्ण :- यः परं ब्रह्म सर्वकारणकारणम् । तस्य ये अवताराः-धर्मत्राणार्था रामकृष्णवराहादयः । परब्रह्म श्रीहरि तथा उनके राम कृष्ण वराह आदिक तथा विभूतियाँ ।

શ્લોક ૫૬ ઉપર ટિપ્પણી :

सत्संगिजीवन प्र. प्र. अ. ५८ श्लो. १९ से २६ तथा

बडी शिक्षापत्री - पृष्ठ १९८

श्रीकृष्ण त्वं गतिर्मम । ब्रह्मांड में रहनेवाले जीवात्मा और ईश्वरात्मा अहंका अर्थ है । वैसा मैं, ब्रह्म-अक्षर हूँ । कृष्ण-जो पुरुषोत्तम अक्षरातीत परब्रह्म है, उनकी प्रेम पूर्वक सेवासे दास पूर्णकाम हूँ ।

શ્લોક ૧૦૭, ૧૦૮ ઉપર ટિપ્પણી :

बडी शिक्षापत्री श्लोक - १०७, १०८ में

यः अन्तर्यामी परब्रह्म, असौ ईशः, सः श्रीकृष्णः परब्रह्म पुरुषोत्तमः सर्वकारणकारणं इष्टदेवः उपास्यः । जो अन्तर्यामी परब्रह्म है, यही सर्वकारण श्रीकृष्ण पुरुषोत्तम इष्ट उपास्य है ॥

શ્લોક ૧૧૧ ઉપર ટિપ્પણી :

बडी शिक्षापत्री पृष्ठ ४५७ तथा ४५९ भाष्यम् ।

मतं विशिष्टाद्वैतम् । कार्यात्मक स्थूलमायाके शरीरी तथा कारणात्मक सूक्ष्म मायाके शरीरी जो परब्रह्म है वही संसारीदशावाले स्थूलभावयुक्त आत्माओंके शरीरी तथा असंसारी सूक्ष्मदशावाले आत्माओंके शरीरी एक ही परब्रह्म है, उनके सभी शरीरहैं, वैसा विशिष्ट तत्त्व एक ही परब्रह्म है ।

गोलोको धाम - निरतिशयदीप्तियुक्तोऽप्राकृतो लोकः । गावःरश्मयः अति बढकर प्रकाशित किरणोंवाला अक्षरब्रह्म धाम परमपुरुषका है ।

શ્લોક ૧૮૬ ઉપર ટિપ્પણી :

બડી શિક્ષાપત્રી પૃષ્ઠ ૫૬૮

विप्रशुद्ध द्विजातिमात्रके लिये तथा समग्र भगवद्भक्तोके लिये है । भगवद्भक्तों को प्याझ आदि नहीं खाना चाहिए ।

श्री स्वामिनारायण षडक्षरो मन्त्रः

विश्वासः स्वंशब्दो जायमानोऽत्र जापकस्य हरौ निजम् ।
स्वत्वं संस्थापयत्येव या प्रोक्ता शरणागति ॥१॥

वरणंः- भीशब्दः प्रोच्यमानोऽत्र मायानाशं करोति हि ।
मानं हरेः प्रमाणं च शरीरं स्वं दधाति हि ॥२॥

न्यासः- नाशब्दः सम्यगुञ्चार्यमाणो न्यासं निजं हरौ ।
आवेदयति धार्मेवै निक्षेपोऽहं मतोऽधुना ॥३॥

कार्पण्यं :- रापदं जिव्हया प्राप्तं सम्पतिं पारमेश्वरीम् ।
आक्षरीं च परांब्राह्मीं नैजां दर्शयति स्थितिम् ॥४॥

कार्पण्यं खलु मायायाः दूरमुत्सारयत्यिप ।
किंकरत्वं हरेर्धार्भं शाश्वतं स ददात्यपि ॥५॥

स्थिरामतिः यौऽक्षरो गृणितस्तूर्णं यानं दिव्यं सुवाहनम् ।
धामाभिगतिसंयातृ प्रापयत्येव चागतम् ॥६॥

अनुवृतिः णकारो नाणकं धास्नि सर्वस्वं स्वामिनः स्वकम् ।
अर्पयत्येव संजप्तः शाश्वतं चरणं हरेः ॥७॥

स्वामिनारायणः शब्दः स्वामिनारायणं हरिम् ।
प्रापयत्वेय गृणितः प्राप्तव्यं नाऽवशिष्यते ॥८॥

શિક્ષાપત્રીની પ્રથમ આવૃત્તિની ભૂમિકા....

श्रीमन्निर्गुणमूर्त्यनन्तपुरुषै२राराधितं पत्कजं ।
नित्यानन्तगुणास्पदस्य निखिलाविर्भावहेतोर्विभो। ॥
यस्य ब्रह्मण एव तस्य परमं शिष्यं सतामग्रणिम् ।
श्रीमद्बालमुकुन्ददास'मनिशं वन्दे विमुक्तिप्रदम् ॥
ब्रह्मेशः पुरुषोत्तमोऽक्षरपतिः श्री स्वामिनारायण ।
स्तच्छिष्याक्षरधामसाकृति 'गुणातीताभिधः' सन्मुनिः ॥
श्रीमद् 'बालमुकुन्दजी' मुनिमहामुक्तश्च तत्सेवकः ।
श्री 'नारायणदासजी'मुनिवरस्तेऽवन्तु मां सर्वदा ॥

मङ्गलम्

शब्दानां वै समानाधिकरणबलतस्तत्वमस्यादिवाक्याद् ।
ब्रह्मेशानो विशिष्टो भवति सुविदितो यावदात्मेतिभाष्यात् ॥
या साक्षात्स्वामिनारायणमुखकमलाल्लब्धसम्भूतिरस्मात् ।
तद्रूपा पत्रिका श्री हरिभवगमयत्येव कृष्णादिशब्दात् ॥ १ ॥
जीवेशब्रह्ममुक्ताद्यगणितचिदचिद्व्याप्तसर्वावतारि-
श्रीमच्छ्रीस्वामिनारायणभगवति वै मुखतात्पर्यरूपाम् ॥
व्याख्यां कूर्वे तदीयां सविशद 'किरणावल्य' भिख्यां यतः स ।
इष्टः सर्वावतारी भवति ही भगवान् स्वामिनारायणो नः ॥ २ ॥

વેદાંતમાં '**तत् त्वम् असि**' ઈત્યાદિ વાક્યોમાં સમાનાધિકરણ એવા **तत् त्वम्** પદો શરીરવિશિષ્ટ શરીરી પરબ્રહ્મના વાચક છે, તે પ્રમાણે સર્વે શબ્દો શરીરવિશિષ્ટ શરીરી સર્વાત્મા એવા પરબ્રહ્મના જ વાચક છે, એમ ભાષ્યકારોએ સિદ્ધાંત કરેલ છે. તેવા પરબ્રહ્મ શ્રીસ્વામિનારાયણ પરમાત્માના મુખકમળથી પ્રકટ થયેલી આ શિક્ષાપત્રી '**श्रीकृष्णं**' '**स श्रीकृष्णः**' '**कृष्णकृष्णावताराणाम्**' ઈત્યાદિ શબ્દોથી પરબ્રહ્મ શ્રી સ્વામિનારાયણ પરમાત્માનો જ બોધ કરાવનારી છે, વળી આપણાં ઉપાસ્ય ઈષ્ટદેવ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ પરમાત્મા છે, માટે જીવ ઈશ્વર મુક્ત બ્રહ્મ આદિ ચેતનો અને પૃથ્વી આદિ માયા પર્યંત જડતત્વોના વ્યાપક શરીરી સર્વાવતારા વિર્ભાવકારણ પરમાત્મા શ્રી સ્વામિનારાયણને વિષે જ મુખ્ય તાત્પર્યવાળી શ્રીશિક્ષાપત્રીની'**किरणावली**' નામક સ્ફૂટ વ્યાખ્યા કરું છું.॥ ૧ ॥ ૨ ॥

पं. श्रीकृष्णवल्लभाचार्यः ।

॥ અથ શિક્ષાપત્રી ॥

वामेऽयस्य स्थिता राधा श्रीश्च यस्यास्ति वक्षसि ।
वृन्दाऽवनविहारं तं श्रीकृष्णं हृदि चिन्तये ॥ १ ॥

અન્વયઃ- વાऽમેયસ્ય(મેऽયસ્ય) યસ્ય વક્ષસિ શ્રીઃ, અસ્તિ, ચ હૃદિ વા રાધા સ્થિતા, અસ્તિ, શ્રીકૃષ્ણં વૃન્દાऽવનવિહારં, તં ચિન્તયે ॥ ૧ ॥

વ્યાખ્યા- 'વાऽમેયસ્ય વાતિ ગચ્છતિ વ્યાપ્નોતીતિ વઃ, બાહુલકાદ્ડઃ, વ્યાપક ઇત્યર્થઃ, યદ્વા-વાતિ યત્રેત્યધિકરણાર્થે "ઘઞર્થે ક-વિધાનમ્" (વા૦), યદ્વા-વાતીતિ વાઃ વ્યાપકો જ્ઞાનગુણઃ "અન્યેભ્યોऽપિ દ્રશ્યત" ઇતિ વિચ્, સોऽસ્યાऽસ્તીતિ વઃ, "અર્શ આદિભ્યોऽચ્" આકૃતિગણત્વાત્, યથાચ"નિત્યં વિભું સર્વગતં" તે સર્વગં સર્વતઃ પ્રાપ્ય" (મુ૦) ઇત્યાદિ શ્રુતૌ સર્વગતં સર્વગનમિત્યાદિના સર્વત્ર ગતિશીલસ્ય પરમાત્મનઃ ફલાદ્ વિભુત્વં વ્યાપકત્વં સર્વત્રોપલબ્ધિવિષયત્વમવ્યાહતમ્, તદ્વદત્રાપિ ॥

મુંડકોપનિષદ્માં સર્વગતં સર્વગમ્ એ શબ્દો વડે પરમાત્માને સર્વત્રગતિશીલ કહેવાથી પરમાત્મા સર્વત્ર ઉપલબ્ધિના વિષય થાય છે. માટે ફલતઃ વ્યાપકતા કહી છે. તદ્વત્ આ સ્થળે પણ વ્યાપકતા કહી છે / અથવા શ્રી સ્વામિનારાયણ પરમાત્માનું જ્ઞાનગુણ દ્વારા વ્યાપકપણું છે, માટે વ્યાપક એવા જ્ઞાનગુણવાળા ॥ માતું યોગ્યો મેયઃ- ન મેયઃ અમેયઃ,-અપ્રમેય ઇત્યર્થઃ, અનન્ત इति यावत्, वश्चासावमेयश्च वाऽमेयः, तस्य वाऽमेयस्य । તથા જેમનો પાર ન પામી શકાય એવા ॥ મેऽયસ્ય 'અયઃ શુભાવહો વિધિ" - રિત્યમરઃ, અયસ્ય સર્વના શુભાવહ એવા ॥ યસ્ય મે, અમે તે અમારા ॥ વક્ષસિ-વક્ષઃસ્થળમાં ॥ શ્રીઃ-"શ્રીર્વેષરચના શોભા ભારતીસરલદ્રુષુ ।

(ટિપ્પણીઃ વાऽમેયસ્ય વા મેऽયસ્ય, વા અમેયસ્ય ઇતિ પદચ્છેદાઃ । અયસ્ય યસ્ય મે ઇત્યન્વયઃ ।)

લક્ષ્મ્યાં ત્રિવર્ગસમ્પતૌ વેષોપકરણે મતા"વિતિ વિશ્વમેદિન્યો દિવ્ય શોભા તથા ધર્માદિક સંપત્તિ રહેલી છે.॥ ચ અને ॥ હૃદિ- 'ચિતં તુ ચેતો હૃદયં સ્વાન્તં હૃન્માનસં મનઃ ઇત્યમરઃ, સ્વાત્મક પોતાના મનમાં ॥ વા-વાતિ વ્યાપ્નોતીતિ વા, સર્વ આત્માઓને માટે વ્યાપક એવી ॥ રાધારાધ્નોતિ મોક્ષોऽનયેચ્છયા, રાઘયતિ વા, રાધા મોક્ષ દેનારી ઇચ્છાશક્તિ ॥ સ્થિતાऽસ્તિ રહેલી છે.એવા ॥ શ્રીકૃષ્ણમ્ કર્ષતિ દુઃખાનીતિ કૃષ્ણઃ, "કૃષિરુત્કૃષ્ટવચનો નશ્ચ નિવૃત્તિવાચકઃ। તયોરૈક્યં પરંબ્રહ્મ કૃષ્ણ ઇત્યમિધીયતે" ઇત્યોપનિષદાઃ, "કૃષ્ણઃ કાકે પિકે વર્ણે હરૌ વ્યાસેऽર્જુને કલાવિ" તિ હૈમઃ, ઉત્કૃષ્ટા નિર્વૃત્તિર્યસ્માદિતિ વ્યુત્પત્તિ, શ્રી જે

ઉત્કૃષ્ટ દિવ્ય શોભા તેણે સહિત અને દુઃખોના ટાળનારા તથા નિત્ય અવિનાશી સુખના આપનારા એવા ॥ વૃન્દાઽવનવિહારમ્ ભકતજનોના વૃંદ જે સમૂહો, તેમનુ અવન જે રક્ષણ, તેને માટે વિહાર- ભૂમંડલમાં વિચરતા એવા ॥ તમ્ અક્ષરધામવાસી પરમાત્મા જે અમે તે અમારા સ્વરુપને ચિન્તયે ચિંતવીએ છીએ.(સ્મરણ કરીએ) છીએ.

શ્રી સ્વામિનારાયણ પરમાત્મા ભકતજનો પ્રતિ શિક્ષાપત્રી લખતા થકા પ્રથમ પોતાના સ્વરુપનુ સ્મરણરુપ મંગલાચરણ કરે છે.

વ્યાખ્યાને અનુસારે અર્થ :- વ્યાપક એવા, જેનો પાર નથી પમાતો એવા, સર્વના શુભ કરનારા એવા, જે અમે, તે અમારા વક્ષઃસ્થળમાં દિવ્ય શોભા તથા ધર્મ આદિક સંપત્તિઓ રહેલી છે. અને જે અમારા અંતરને વિશે સર્વ જીવોને મોક્ષ દેવાની ઇચ્છા રહેલી છે.અને દિવ્ય શોભાએ યુક્ત,તથા દુઃખોનો નાશ કરીને નિત્ય અવિનાશી સુખના આપનારા એવા,અને ભકતોના સમૂહોના રક્ષણ માટે ભૂમંડલમાં વિચરતા એવા,અક્ષરધામવાસી પરબ્રહ્મ પરમાત્મા જે અમે તે અમે અમારા સ્વરુપનુ ચિંતવન કરીએ છીએ. ॥ ૧ ॥

तात्पर्यार्थः-

અક્ષરધામવાસી પરબ્રહ્મ પરમાત્મા અમે અમારા સ્વરુપનુ ચિંતવન કરીએ છીએ,જે અમે વ્યાપક અમેય(જેનુ માપ ન કાઢી શકાય તેવા) અને સર્વના શુભાવહ છીએ, તથા અમારા વક્ષઃસ્થળમાં દિવ્ય શોભા અને ધર્મ આદિક દિવ્ય સંપત્તિઓને ધારી રહ્યા છીએ, તથા અંતરને વિશે સર્વ જીવોને મોક્ષ દેવાની ઇચ્છાવાળા છીએ,તથા દિવ્ય શોભાયુક્ત છીએ,અને દુઃખનો નાશ કરીને અવિનાશી સુખના દાતા છીએ,તથા ભકતોના સમૂહોના રક્ષણાર્થે ભૂમંડળમાં વિચરીએ છીએ. ॥ ૧ ॥

लिखामि सहजानन्दस्वामी सर्वान्निजाश्रितान् ।
नानादेशस्थितान् शिक्षापत्रीं वृतालयस्थितः ॥ २ ॥

અન્વયઃ- 'वृताऽऽलयस्थितः (वृताऽलयस्थितः) सहजानन्दस्वामी, नानादेशस्थितान्(नानाऽऽदेशस्थितान) निजाऽऽश्रितान्(निजाऽश्रितान्) सर्वान् प्रति शिक्षापत्रीं लिखामी, न तुं अनादेशस्थितान् ॥ २ ॥

વ્યાખ્યા-'वृताऽऽलयस्थितः-वृतस्य सञ्चारित्रस्य, "वृतोऽधीतेऽव्य तीतेऽपि वर्तुलेऽपि मृते वृते। वृतेऽन्यलिङ्ग वा क्लिबे छन्दश्चारित्रवृतिषु" इति मेदिनी । वृतार्थवा-ધાર્મિક ભકતોને વૃત્ત કરવાનુ । आलयः-સ્થાનરુપ, એવુ સાર્થક જે, वृतालय- વડતાલ ગામ, તેને વિશે, स्थितः રહેલા ॥ તથા 'वृताऽलयस्थितः वृत्तस्य બ્રહ્મચર્ય, બ્રહ્મવિદ્યા અને મુક્તિદાતૃત્વ એ રુપી વૃત્તના

॥ अलये अविनाशे - रक्षणे; इति यावत्, अखंडितपणारुपी रक्षणमां ॥ स्थितः- सदा रहेला जे ॥ सहजानन्दस्वामी, सहजाः स्वाभाविकाः आनन्दा यस्य स चासौ स्वामी, सदा स्वाभाविक आनंदवाळा એ अक्षरब्रह्म पर्यंत सर्वना पति એवा ॥ यद्वा सहन्ते ज्ञानबलेन द्वन्द्वानीति सहाः-साधवः, जायन्त इति जाः- जनाः, सहाश्च ते जाश्च सहजाः- साधुजनाः, तान् आनन्दयतीति सहजानन्दः, संतજનોને आनंददाता એवा ॥ स्वामी परमात्मा सहजानंद स्वामी नामथी प्रसिद्ध એवा अमे ॥ नानादेशस्थितान्-अनेक दिशाओमां रहेनारा अथवा ॥ नानाऽऽदेशस्थितान्, - ऋषीणां नानाविधा ये- आदेशाः विशिष्टाद्वैतवादादयः,- ऋषीणां नानाविधा ये आदेशाः- विशिष्टाद्वैत वादादयः,- निरीश्वरादेशः, कल्पितेश्वरादेशः, जीवात्मपरमात्मनो भेंदमिथ्यात्वादेशः, औपाधिकतत्वोपदेशः, ब्रह्मस्वरुप-परिणामक तत्त्वोपदेशः,विविधमुक्त्युपदेशः, विविधसाधनोपदेशः,- इत्यादयः, वेदनो आश्रय लईने ऋषिओना જે विशिष्टाद्वैत, द्वैत, साकारेश्वरवाद, निराकारेश्वर वाद,निरीश्वरोपदेश, कल्पितेश्वरोपदेश,आत्मा परमात्माना भेदोना मिथ्यापणानो उपदेश,मायिक उपाधि द्वारा,जीवभावपणानो उपदेश, ब्रह्मना परिणामरुप तत्वो छे એवो उपदेश,विवध प्रकारनी मुक्तिनो उपदेश, विविध साधनोनो उपदेश, आदिक જે आदेशो । तत्र स्थितान्, तेमां वर्तनारा એवा तथा ॥ निजाश्रितान् निजस्य आत्मनोमतस्य आश्रित-स्तान् पोते पोताना मतनेज माननारा એवा, अथवा 'सर्वान्निजाश्रितानित्येकं पदम्, अन्नमस्याऽस्तीत्यन्नी अन्नादः, मनुष्य इति यावत्, अन्निषु जाता अन्निजाः, सर्वे ये तादृशा आश्रितास्तान्,मनुष्य योनिमां जन्म पामेला सर्व प्रकारना शरणागत જીवो જે । निजाऽऽश्रितान्- निजस्य परमात्मनो मम आश्रितास्तान्, यद्वा- निजस्य मम-आश्रितास्तान्, अमारा आश्रितो तथा अमारा अनाश्रितो એवा । सर्वान् सर्व જીवो, तेमना प्रति शिक्षापत्रीं-शिक्षा हितोपदेशः, पतति स्थानान्तरं गच्छति स्वाभिप्रेतोऽर्थोऽनयेति पत्री, शिक्षार्था पत्री शिक्षापत्री ताम्, हितकर उपदेशने माटे पत्ररुपी'शिक्षापत्री' ग्रंथने । लिखामि-लखीએ छीએ ॥ पण न अनादेश स्थितान्-अनाज्ञामां वर्तता जनोने माटे लखता नथी. ॥ २ ॥

तात्पर्यार्थः-

धार्मिक भक्तजनोने वृत करवानुं स्थानरुप જે वडताल गाम, तेने विषे रहेला એवा, ब्रह्मचर्य, ब्रह्मविद्या तथा मुक्तिदान, आदिक वृत्तना अखंडित रक्षणमा सदा रहेला એवा, सहज स्वाभाविक आनंदयुक्त એवा, तथा अक्षर ब्रह्मपर्यंत सर्वना स्वामी એवा, साधुजनोने सर्वदा आनंद आपनारा એवा, परमात्मा'सहजानंद स्वामी' જે अमे ते अमे, अनेक देशोमां रहेनारा तथा

વિશિષ્ટાદ્વૈત,દ્વૈત, સાકારેશ્વરવાદ,નિરાકારેશ્વરવાદ,નિરીશ્વરવાદ, કલ્પિતેશ્વરવાદ, આત્મા પરમાત્માના ભેદના મિથ્યાપણાનો વાદ, માયિકૌપાધિકા ત્મવાદ, બ્રહ્મ પરિણામક તત્વવાદ, ભિન્ન સાધનવાદ, આદિક અનેક ઉપદેશોને આશરેલા એવા, સ્વતંત્ર મતવાળા તથા અમારા આશ્રિત અને અનાશ્રિત એ સર્વ પ્રકારના, મનુષ્ય યોનિમાં જન્મ પામેલા સર્વ જીવોના પ્રતિ હિતકર ઉપદેશ રૂપી 'શિક્ષાપત્રી'ગ્રંથ લખીએ છીએ.॥ ૨ ॥

भ्रात्रो रामप्रतापेच्छारामयोर्धर्मजन्मनोः ।
यावयोध्याप्रसादाख्यंरघुवीराभिधौ सुतौ ॥ ३ ॥

અન્વયઃ- 'धर्मजन्मनोः, रामप्रतापेच्छारामयोः, भ्रात्रोः, सुतौ, यौ, अयोध्याप्रसादाख्यरघुवीरभिधौ; (भवतः) ॥ ३ ॥

વ્યાખ્યા-'धर्मजन्मनोः- धर्माज्जन्म धर्मार्थं वा जन्म ययोस्तौ, ધર્મના અવતારરૂપે પ્રસિદ્ધ એવા 'હરિપ્રસાદ' નામના વિપ્રથી છે જન્મ જેમનો અથવા ધર્મ રક્ષણાર્થે છે જન્મ જેમનો એવા, ।रामप्रतापेच्छारामयोः-रमन्ते भूलाक्षरमुक्ता यत्रेति रामः परब्रह्म, तत्सदृशः प्रतापो यस्य सः। परमात्मन इच्छायाम् आरामः सुखं यस्य, परमात्मेच्छैव, आरामः-उद्यानं यस्येति वा, सः મૂળ અક્ષર તથા મુક્તોને રમવાના આધારરૂપ પરમાત્મા જે અમે તે અમારા તુલ્ય પ્રતાપી એવા સાર્થક 'રામપ્રતાપજી', તથા પરમાત્મા જે અમે તે અમારી ઈચ્છામાંજ છે સુખ જેમનો- અમારી ઈચ્છા એજ છે બગીચો જેમનો, એવા સાર્થક'ઈચ્છારામજી'નામના જે અમારા ભ્રાત્રોઃ,એક માતૃક ભાઈઓ, તેમના, सुतौ પુત્ર, यौ જે, अयोध्याप्रसादाख्यरघुवीराऽभिद्यौ,- अयोध्योऽजय्यः परमात्मा, तस्य आप्रसादः-इति-आख्या यस्य । रघुषु धार्मिकगतिमत्सु वीरः इति अभिधा यस्य, પરમાત્મા જે અમે તે અમારી સંપૂર્ણ પ્રસન્નતાના પાત્ર એવા સાર્થક 'અયોધ્યાપ્રસાદ' નામના, તથા ધાર્મિક જનોમાં શ્રેષ્ઠ એવા સાર્થક 'રઘુવીર' નામના, અમારા દત્તપુત્ર જે બન્ને આદિ આચાર્ય. ॥ ૩ ॥

તાત્પર્યાર્થઃ-

'ધર્મના અવતારરૂપે પ્રસિદ્ધ એવા હરિપ્રસાદ નામના વિપ્ર દ્વારા ધર્મ રક્ષણાર્થ જન્મને ગ્રહણ કરનારા, તથા ''મૂળઅક્ષર અને મુક્તોને રમવાના આધારરુપ પરમાત્મા જે અમે તે અમારા તુલ્ય પ્રતાપી'' એવા સાર્થક જે 'રામપ્રતાપજી' નામના, તથા''પરમાત્મા જે અમે તે અમારી ઈચ્છામાં જ તેમણે સુખ માન્યું છે અને અમારી ઈચ્છાએ જ છે વિશ્રાંતિનો બગીચો જેમને'' એવા સાર્થક જે 'ઈચ્છારામજી' નામના, અમારા એક માતૃક ભાઈઓ, તેમના પુત્ર જે'' અજેય પરમાત્મા જે અમે તે અમારી સંપૂર્ણ પ્રસન્નતાના પાત્ર'' એવા સાર્થક

જે ' અયોધ્યાપ્રસાદ'નામના,તથા ''ધાર્મિકજનોમા શ્રેષ્ઠ'' એવા સાર્થક જે'રઘુવીર' નામના, અમારા દત્ત પુત્ર બન્ને આદિ આચાર્ય ॥ ૩ ॥

मुकुन्दानन्दमुख्याश्च नैष्ठिका ब्रह्मचारिणः ।
गृहस्थाश्च मयारामभट्टाद्या ये मदाश्रयाः ॥ ४ ॥

अन्वयः-'मदाश्रया ये मुकुन्दानन्दमुख्याश्च नैष्ठिका ब्रह्मचारिणः, मयारामभट्टाद्या गृहस्थाश्रश्च (भवन्ति) ॥ ४ ॥

व्याख्या-'मदाश्रयाः अहं परब्रह्मैव आश्रयो येषान्ते,अमे પરબ્રહ્મ પરમાત્મા જ છીએ આશ્રય રૂપ જેમને એવા ये मुकुन्दानन्दमुख्यां, मुक्तिददातीति मुकुन्दः परमात्मा अहम्, तस्य मम आनन्दो यस्य, स मुख्यो यत्र । ''મુક્તિપ્રદ પરમાત્મા જે અમે તે અમારો છે આનંદ જેમને ''એવા સાર્થક નામવાળા 'મુકુંદાનંદ આદિક । नैष्ठिकाः-निष्ठाम् उत्क्रान्तिकालं नयन्तीति, यावज्जीवनमूर्ध्वरेतस इत्यर्थः। ઊર્ધ્વરેતાપણે જ પ્રાણ વિયોગના સમયને ઇચ્છનારા । ब्रह्मचारिणः- ब्रह्म परमात्मनं वेदं तपो ज्ञानं वा चरन्ति अर्जयन्ति,ब्रह्मचर्याख्यं व्रतं विद्यते येषामिति वा ब्रह्मचारिणः, પરમાત્મા વેદ, તપ, જ્ઞાન અને બ્રહ્મચર્ય વ્રતને સદા પ્રાપ્ત તથા રક્ષણ કરનારા એવા બ્રહ્મચારીઓ તથા । मयारामभट्टाद्यां-मयो गन्ता,मये-विचरणशीले परमात्मनि श्रीस्वामिनारायणे मयि-आरामः शान्तिर्यस्य, तथोक्तो भट्टः शास्त्रशीलः,-आदिर्मुख्यो येषान्ते,''વિચરણશીલ શ્રીહરિ જે અમે તે અમારામા છે આરામ જેમને એવા શાસ્ત્રશીલ ''આવા નામવાળા 'મયારામ ભટ્ટ' આદિક । गृहस्थाश्च गृहेषु दारेषु तिष्ठन्तीति, द्वितीयाश्रमी गृहस्थजनो ॥ ४ ॥

तात्पर्यार्थः-

પરબ્રહ્મ પરમાત્મા જે અમે તે અમારા આશ્રયવાળા, તથા''મુક્તિના આપનારા જે અમે તે અમારો આનંદ છે જેમને'' એવા સાર્થક નામવાળા 'મુકુંદાનંદ' આદિક યાવત્ જીવન ઊર્ધ્વરેતા પરમાત્મા વેદ, તપ, જ્ઞાન અને બ્રહ્મચર્યમાં વર્તતા એવા બ્રહ્મચારીઓ, તથા ''વિચરણશીલ પરમાત્મા એવા જે અમે તે અમારામાં આરામ છે જેમને ''એવા સાર્થક નામવાળા 'મયારામ ભટ્ટ' આદિક ગૃહસ્થાશ્રમીઓ ॥ ૪ ॥

सधवा विधवा योषा याश्च मच्छिष्यतां गताः ।
मुक्तानन्दादयो ये स्युं साधवश्चाऽखिला अपि ॥ ५ ॥

अन्वयः 'मच्छिष्यतां गताः, याः, सधवा विधवा योषाः स्युः अपि च ये मुक्तानन्दयः, अखिलाः साधवः स्युः ॥ ५ ॥

व्याख्या-'मच्छिष्यताम् मम परमात्मनः शिष्यता-भक्तिपरायणतां गताः

પ્રાપ્તાઃ,પરમાત્મા એવા જે અમે તે અમારી વિશેષ ભક્તિ પરાયણ થયેલી એવી । યાઃ-જે, સધવાઃ-ધવેન પત્યા સહિતાઃ, પતિવાળી- સુવાસિની, । વિધવાઃ- વિનષ્ટો ધવો યાસાન્તાં- મૃત હોય પતિ જેમનો- વિધવા એવી, । યોષાઃ- સર્વ બાઇઓ । અપિ ચ- તથા । યે મુક્તાનન્દાદયઃ, મુક્તાનામાનન્દો યસ્ય ચ આદિર્યેષાન્તે, મુક્તોનો છે આનંદ જેમને ''એવા સાર્થક નામવાળા 'મુક્તાનંદ' આદિક જે । અખિલાઃ,સર્વ । સાધવઃ,-સાધ્નુવન્તિ સાધયન્તિ વા ધર્મમિતિ, મોક્ષપ્રદ ધર્મના સાધનારા મુનિજનો ॥ ૫ ॥

તાત્પર્યાર્થઃ-

પરમાત્મા એવા જે અમે તે અમારી વિશેષપણે ભક્તિ કરનારી જે સુવાસિની અને વિધવા એવી સર્વ બાઇઓ, તથા ''મુક્તોનો છે આનંદ જેમને ''એવા સાર્થક નામવાળા'મુક્તાનંદ, આદિક મોક્ષપ્રદ ધર્મની પ્રાપ્તિરૂપી સિદ્ધિ કરનારા સર્વ મુનિજનો ॥ ૫ ॥

સ્વધર્મરક્ષિકા મે તૈઃ સર્વેર્વાચ્યાઃ સદાશિષઃ ।
શ્રીમન્નારાયણસ્મૃત્યા સહિતાઃ શાસ્ત્રસમ્મતાઃ ॥ ૬ ॥

અન્વયઃ-'તૈઃ સર્વૈ, મે શાસ્ત્રસમ્મતાઃ સ્વધર્મરક્ષિકાઃ સદાશિષઃ, શ્રીમન્નારાયણસ્મૃત્યા સહિતાઃ, વાચ્યાઃ ॥ ૬ ॥

વ્યાખ્યા-'તૈઃ-અયોધ્યાપ્રસાદ આદિક । સર્વૈઃ સર્વજનોએ । મે-પરબ્રહ્મ પરમાત્મા જે અમે તે અમોએ આપેલા । શાસ્ત્રાણાં સમ્મતાઃ વેદ અને શાસ્ત્રોમાં પણ કહેલા માટે પ્રમાણભુત । અમને સ્વધર્મરક્ષિકાઃ સ્વધર્મસ્ય રક્ષાયાભિસ્તાઃ, સ્વધર્મસ્ય રક્ષિકા ઇતિ વા, પોત પોતાના વર્ણ અને આશ્રમના ધર્મોની રક્ષા કરનારા । સદાશિષઃ- સત્યશ્ચ તા આશિષશ્ચ તાઃ, 'ૐ શં ત્નો મિત્રઃ શં વરુણઃ શં નો ભવત્વર્યમા। શં ન ઇન્દ્રો બૃહસ્પતિઃ શં નો વિષ્ણુરુરુક્રમઃ ॥ સ્વસ્તિ ન ઈન્દ્ર વૃદ્ધશ્રવાઃ સ્વસ્તિ નઃ પૂષા વિશ્વવેદાઃ । સ્વસ્તિ નસ્તાક્ષર્યો અરિષ્ટનેમિઃ સ્વસ્તિ નો બૃહસ્પતિર્દધાતુ ॥ મિત્ર, વરુણ, સૂર્ય, ઇન્દ્ર, બૃહસ્પતિ, વિષ્ણુ, વિશ્વદેવ,વેદ, ગરૂડ એ આદિક શરીર વિશિષ્ઠ શરીરી પરમાત્મા સર્વને સુખ અને કલ્યાણ આપો, 'સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ। સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખમાગ્ ભવેદિ'-ત્યાદ્યાં સર્વ સુખી થાઓ, નિરોગી રહો,ઘણા ભદ્ર(કલ્યાણ)ને અનુભવો,નિત્યસુખનો પામો, દુઃખ કોઇને પણ ન થાઓ,ઇત્યાદિક સારા આશીર્વાદો,શ્રીમન્નારાયણસ્મૃત્યા,- 'શ્રીર્વેષરચના શોભાભારતીસરલદ્રષુ। લક્ષ્મ્યાં ત્રિવર્ગસમ્પતૌ વેષોપકરણે મતૌ'- ઇતિ વિસ્વમેદિન્યૌ। શ્રીરસ્યાસ્તીતિ શ્રીમાન્, દિવ્યશોભા તથા ધર્મસંપત્તિયુક્ત એવા,નારાયણઃ- નરાણાં સમૂહો નારં, તદયનં યસ્ય, નરાજ્જાતા નારાઃ આપઃ,

तत्वानि वा, अयनं तस्य, अयते जनाति वा, आययति प्रवर्तयति वा, नाराः-सकलचेतनाचेतनजातं, तस्य अयनं तदयनं यस्येति च । આત્માઓનો સમુદાય છે સ્થાન જેનું અથવા જળ અને અન્ય સર્વે તત્વો છે સ્થાન જેનું અથવા આત્માના જાણનારા તથા પ્રવર્તાવનારા અથવા સકળ જડ અને ચેતન છે વ્યાપ્ય સ્થાન જેનું, એવા પરમાત્મા જે અમે શ્રી સ્વામિનારાયણ ભગવાન તે અમારી સ્મૃતિએ સહિત વાચ્યાઃવાચવા ॥૬ ॥

तात्पर्यार्थः-

તે અયોધ્યાપ્રસાદ આદિક સર્વ આશ્રિતજનોએ,પરબ્રહ્મ પરમાત્મા જે અમે તે અમોએ આપેલા અને વેદ તથા શાસ્ત્રોમાં પ્રમાણભૂત અને પોતપોતાના વર્ણ તથા આશ્રમના ધર્મની રક્ષા કરનારા શુભ એવા " ૐ મિત્ર, વરુણ, સૂર્ય, ઇંન્દ્ર, બૃહસ્પતિ,વિષ્ણુ,વિશ્વદેવ,વેદ,ગરુડ એ આદિક શરીરોમાં રહેનારા શરીરી પરમાત્મા સર્વને સુખ અને કલ્યાણ આપો" "સર્વ સુખી થાઓ, નીરોગી રહો, ઘણા કલ્યાણને અનુભવો, નિત્ય સુખને પામો, દુઃખ કોઈને ન થાઓ" ઇત્યાદિક આશીર્વાદો,દિવ્ય શોભા તથા ધર્માદિક સંપત્તિયુક્ત અને જડ ચેતનમાં વ્યાપક એવા અમે જે શ્રી સ્વામિનારાયણ પરમાત્મા, તે અમારા સ્મરણપૂર્વક વાંચવા ॥ ૬ ॥

एकाग्रेणैव मनसा पत्रीलेखः सहेतुकः ।
अवधार्योऽयमखिलैः सर्वजीवहितावहः ॥ ७ ॥

अन्वयः 'अखिलैः एकाग्रेणैव मनसा, सर्वजीवहितावहः सहेतुकः अयं पत्रीलेखः, अवधार्यः ॥ ७ ॥

(ટિપ્પણી : અન્ય શાસ્ત્રો અધિકારી એવા મનુષ્યોનું હિતતો વર્ણવે છે. પણ कस्याऽपि प्राणिनो हिंसा,(શ્લોક૧૧), 'मुष्कच्छेदो न कर्तव्यः' ૧૪૦ 'गवादिनां पशुनां च' ૧૪૨ ઇત્યાદિ વાક્યોથી જીવ પ્રાણીમાત્રનું હિત કરવાપણું અહીં દર્શાવેલ છે.માટે મનુષ્ય માત્રનુંજ નહિ પણ સર્વજીવ પ્રાણીમાત્રનું હિત કરનાર આ ગ્રંથ છે.॥ ૭ ॥

વ્યાખ્યા-'अखिलैः-સર્વ મનુષ્યોએ । एकाग्रेणैव,-एकं शिक्षापत्री तात्पर्यमेव अग्रं लक्ष्यं यस्य, तेन,એક શિક્ષાપત્રીના વાક્યોનું તાત્પર્ય જ છે મુખ્ય લક્ષ્ય જેનું એવા અવ્યગ્ર । मनसा, મન અને બુદ્ધિ વડે । सर्वजीवहितावहः, सर्वेषां जीवानां हितमावहतीति, સર્વ જીવોને અભ્યુદય(ઉન્નતિ) તથા મોક્ષએ રૂપી હિતને કરનારા । सहेतुकः, हेतुभिर् ज्ञापकैः प्रमाणैः सहितः, ઘણા શાસ્ત્રોના પ્રમાણ સહિત । અથવા હેતુઃ - शिक्षापत्र्युद्दिष्टधर्माद्यात्मकसाधने प्रवर्त्तकं यत् प्रयोजनं परमपुरुषार्थो मोक्षस्तदात्मकं फलं, तेन सहितः, શિક્ષાપત્રીમાં કહેલ ધર્માદિક સાધનોમાં પ્રવર્તાવનાર મોક્ષાત્મક ફળ સહિત એવા । अयम्-આ

પત્રીલેખઃ,-પત્र्यां लेखः, શિક્ષાત્રીમાં જે આજ્ઞા વચનો તેનો અર્થ અવધાર્યઃ ગ્રહણ કરવો ॥ ૭ ॥

तात्पर्यार्थः-

સર્વ મનુષ્યોએ, શિક્ષાપત્રીના આજ્ઞાવચનોનું તાત્પર્ય જ છે મુખ્ય લક્ષ્ય જેનું એવા મન અને બુદ્ધિ વડે સર્વ જીવોનો જે અભ્યુદય(ઉન્નતિ) અને મોક્ષ તે રૂપી હિત કરનાર, તથા ઘણાંક ફળવાળા તથા અનેક શાસ્ત્રોના પ્રમાણો વડે પ્રામાણિક, એવા આ શિક્ષાપત્રી લેખના અર્થો ગ્રહણ કરવા. ॥ ૭ ॥

ये पालयन्ति मनुजाः सच्छास्त्रप्रतिपादितान् ।
सदाचारान् सदा तेऽत्र परत्र च महासुखाः ॥ ૮ ॥

અન્વયઃ- 'ये मनुजाः सच्छास्त्रप्रतिपादितान् सदाचारान् सदा पालयन्ति, ते, अत्र परत्र च, महासुखाः, (भवन्ति) ॥ ૮ ॥

વ્યાખ્યા-'ये मनुजाः,मनोर्जाताः सकामा निष्कामा वा, જે સકામ અથવા નિષ્કામ એવા મનુષ્યો। सच्छास्त्रप्रतिपादितान्,सन्ति परमेश्वर सत्यत्वादि प्रतिपादिकानि, शासतीति शास्त्राणि हरिवाक्यसुधासिन्धु- सत्संगिजीवन, सत्संगिभूषण,श्रीहरिदिग्विजय- हरिलीलाकल्पतरु वेदस्मृतिपुराणादीनी, तेषु प्रतिपादितान्,પરમેશ્વર સત્ય છે ઇત્યાદિ પ્રતિપાદક, ધર્મનું શાસન કરનારા, પરમ વેદરૂપ વચનામૃતો,सत्संगिजीवन, सत्संगिभुषण, श्रीहरिदिग्विजय, श्रीहरिलीलाकल्पतरु, ચારવેદો, સ્મૃતિઓ, પુરાણો આદિક સત્શાસ્ત્રોમાં પાળવા માટે વર્ણવેલ । सदाचारान्, सन्तः शास्त्रलोक हृदयाऽविरुद्धां, सतां वा आचाराः, धर्माः,तान्,શાસ્ત્ર લોકવ્યવહાર અને હૃદયને અનુસરતા તથા સત્પુરુષોએ પાળેલા એવા ધર્મોને । सदा, નિરંતર । पालयन्ति,પાળે છે તે મનુષ્યો । अत्र, અહી ધર્મ પાળવાની સ્થિતિમાં । परत्र च, અને પછીથી તેનું ફળ ભોગવવાની સ્થિતિમાં । महासुखाः,જેમાં દુઃખનો લેશ પણ ન હોય એવા નિરતિશય સુખવાળા થાય છે ॥ ૮ ॥

तात्पर्यार्थः-

'જે સકામ થવા નિષ્કામ એવા મનુષ્યો,પરમ વેદરૂપ વચનામૃત, સત્સંગિજીવન, સત્સંગિભુષણ, શ્રીહરિદિગ્વિજય, હરિલીલાકલ્પતરુ, વેદ, સ્મૃતિ,પુરાણ આદિક આસ્તિક એવા સત્શાસ્ત્રોમાં પાળવા માટે વર્ણવેલા, તથા શાસ્ત્ર, લોકવ્યવહાર અને હૃદયને મળતા આવે એવા, તથા સત્પુરુષોએ પાલન કરેલા, એવા ધર્મોને, નિરંતર પાળે છે, તે મનુષ્યો આ લોકમાં ધર્મ પાળવાની સ્થિતિમાં તથા પરલોકમાં તેના ફળના અનુભવ કરવાની સ્થિતિમાં, જેમાં રંચમાત્ર દુઃખનો સંસર્ગ પણ ન હોય તેવા નિરવધિક મહાસુખને પામે છે ॥ ૮ ॥

અથવા

'ये सच्छास्त्रप्रतिपादितान् सदाचारान्, सदा पालयन्ति, ते, अत्र मनुजा (उच्यन्ते),(अन्ये तु पशवः),ते मनुजाः,परत्र च,महासुखा भवन्तीत्यन्वयः॥ ८॥

'જેઓ સત્શાસ્ત્રોએ પ્રતિપાદન કરેલા સદ્ધર્મને સદા પાળે છે તેઓ આ લોકમાં મનુષ્ય કહેવાય છે, (તે વિના તો પશુઓ કહેવાય છે) તે ધાર્મિક મનુષ્યો અહીં અને પરલોકમાં મહા સુખિયા થાય છે. ॥ ૮ ॥

तानुल्लङ्घ्याऽत्र वर्तन्ते ये तु स्वैरं कुबुद्धयः ।
त इहाऽमुत्र च महल्लभन्ते कष्टमेव हि ॥ ९ ॥

અન્વયઃ- 'ये तु कुबुद्धयः, तान् उल्लङ्घ्य अत्र स्वैरं, वर्तन्ते, ते, इह, अमुत्र च, महत्, कष्टं, हि लभन्ते, ॥ ९॥

વ્યાખ્યા-'ये तु कुबुद्धयः, कुत्सिता विषयविषयिणी बुद्धिर्येषान्ते, શબ્દ સ્પર્શાદિ વિષયો તરફ વળેલી કુત્સિત બુદ્ધિવાળા મનુષ્યો । तान्, તે સત્શાસ્ત્ર પ્રતિપાદિત ધર્મોને । उल्लङ्घ्य,તજીને अत्र,આ લોકમાં સાધનદશામાં । स्वैरम्,ઇચ્છાનુસાર, वर्तन्ते વર્તે છે. તે-તે મનુષ્યો । इह આ લોકમાં સાધન દશામાં તથા परत्र च, પરલોકમાં ફળના અનુભવની દશામાં । महत्, અસહ્ય અનિવાર્ય, એવા कष्टम्-દુઃખને हि નિશ્ચય लभन्ते પામે છે. ॥ ૯ ॥

तात्पर्यार्थः-

'જે શબ્દ સ્પર્શાદિ વિષયોમાં આસક્ત કુબુદ્ધિવાળા મનુષ્યો, સત્શાસ્ત્રમાં પ્રતિપાદન કરેલા એવા, તથા શાસ્ત્ર લોકવ્યવહાર અને હૃદયને અનુસરતા એવા ધર્મોનુ ઉલ્લંધન કરીને, આ લોકમાં ઇચ્છા પ્રમાણે વર્ત છે, તેઓ આ લોકમાં સાધન દશામાં તથા પરલોકમાં ફળના અનુભવની દશામાં અસહ્ય અનિવાર્ય એવા દુઃખોને પામે છે ॥ ૯ ॥

अतो भवद्भिर्मच्छिष्यैः सावधानतयाऽखिलैः ।
प्रीत्यैतानुसृत्यैव वर्तितव्यं निरन्तरम् ॥ १० ॥

અન્વયઃ-'अतः, मच्छिष्यैः,अखिलैः,भवद्भिः (अभवद्भिमच्छिष्यैश्च) सावधानतया, प्रीत्या, एताम्, अनुसृत्यैव, निरन्तरं, वर्तितव्यम्, ॥ १०॥

વ્યાખ્યા-'अतः-ધર્મના પાળનારાઓને મહાસુખ થાય છે અને નહિ પાળનારાઓને મહાદુઃખ થાય છે આ હેતુ માટે । मच्छिष्यैः- मम परब्रह्मः शिष्यां भक्त्या विशेषेण आश्रिताः, तैः,પરબ્રહ્મ એવા જે અમે તે અમારી તથા ભક્તિથી વિશેષ આશ્રયના કરનારા । अखिलैः भवद्भिः, सर्वे तमोએ । अभवद्भिर्मच्छिष्यैश्च તથા ભક્તિથી વિશેષપણે આશ્રય નહિ કરનારા એવા જીવોએ પણ । सावधानतया, પ્રમાદ તજીને । प्रीत्या મારે આ પાળવા માટે જ

છે' એવા પ્રેમથી । एताम्-આ શિક્ષાપત્રીમાં લિખિત આજ્ઞાઓને । अनुसृत्यैव-અનુસરીને જ निरन्तरम् निरंतर,सदा मध्ये विच्छेद रहित । वर्तितव्यम् वर्तवुं. ॥ १० ॥

तात्पर्यार्थः-

ધર્મના પાળનારાઓને મહાસુખ થાય છે અને નહિ પાળનારોઓને મહાદુઃખ થાય છે આ હેતુ માટે પરબ્રહ્મ એવા જે અમે તે અમારી ભક્તિથી વિશેષપણે આશ્રય કરનારા એવા તમો સર્વ,તથા વિશેષપણે આશ્રયના નહિ કરનારા એવા પણ સર્વ મનુષ્યો તેમણે, પ્રમાદ તજીને 'આપણે પાળવા યોગ્ય જ આ ધર્મો છે, એવા પ્રેમ સહિત, આ શિક્ષાપત્રીમાં લખેલ આજ્ઞાઓને અનુસરીને જ વર્તવું ॥ १० ॥

कस्याऽपि प्राणिनो हिंसा नैव कार्याऽत्र माम कैः ।
सूक्ष्मयूकामत्कुणादेरपि बुद्धया कदाचन ॥ ११ ॥

अन्वयः-'अत्र, कैः कस्य, अपि, प्राणिनः, हिसा नैव, कार्या, सूक्ष्मयुकामत्कुणादेरपि, बुद्धया कदाचन हिंसा, मा, कार्या,- (किन्तु) आम् अ कार्या, ॥ ११ ॥

व्याख्या-'अत्र एतस्मिन् परमेश्वरस्य मम शरीरभूते संसारे,પરમેશ્વર જે અમે તે અમારા શરીરરૂપી સંસારમાં । कैः-કોઈપણ મનુષ્યોએ । कस्य अपि प्रकृतित्रयस्याऽपि, सात्विक,રાજસ, તામસ એવા કોઈપણ । प्राणिनः प्राणवृतिमतः, आत्ममात्रस्य,प्राणयुक्त शरीरवાળા આત્માની । हिंसा-દ્રોહ, હનન આદિ હિંસા । नैव कार्या- ન જ કરવી, તથા । सूक्ष्मयूकामत्कुणादेः अपि, सूक्ष्माः सूक्ष्मदेहाः, यूकाः- केशकिटाः, मत्कुणाः- स्वेदजाः शय्याकिटाः आदिना लिक्षामशकादिग्रहणं तस्य, सूक्ष्मशरीरवાળા જુ,માંકડ,ચાંચડ, લિખ, મચ્છર આદિકની પણ । बुद्धयाज्ञात्वा,બુદ્ધિપૂર્વક, જાણીને । कदाचन् કયારેય પણ । हिंसा દ્રોહ, હનન આદિ હિંસા । मा ન । कार्या કરવી किन्तु आम् किन्तु निश्चयथी । 'आम् ज्ञानविनिश्चये'- इति वोपालितः, 'आमेवं द्वे निश्चये' इत्यमरः अ अनुकम्पा, દયા । 'अ शब्दः स्यादभावेऽपि स्वल्पार्थप्रतिषेधयोः । अनुकम्पायां च, तथा वासुदेवे त्वनव्ययः' इति मेदिनी । कार्या કરવી. ॥ ११ ॥

तात्पर्यार्थः-

પરમેશ્વર એવા જે અમે તે અમારા શરીરરૂપી આ સંસારમાં, કોઈપણ મનુષ્યે, સાત્વિક, રાજસ, તામસ એવા કોઈપણ પ્રાણયુક્ત શરીરવાળા આત્માની હિંસા જે દ્રોહ કે હત્યા તે ન જ કરવી, તથા સુક્ષ્મદેહવાળા જુ, માંકડ, ચાંચડ

લિખ, મચ્છર આદિક પ્રાણીની પણ હિંસા ન કરવી, કિન્તુ તે ઉપર નિશ્ચય દયા કરવી. ॥ ૧૧ ॥

देवतापितृयागार्थमप्यजादेश्च हिंसनम् ।
न कर्तव्यमहिंसैव धर्मः प्रोक्तोऽस्ति यन्महान् ॥ १२ ॥

अन्वयः-'देवतापितृयागार्थम्, अपि, अजादेश्च हिंसनं न कर्तव्यम्, यत् अहिंसैव, महान, धर्मः, प्रोक्तः, अस्ति ॥ १२ ॥

व्याख्या-'देवतापितृयागार्थम् देवतानां 'वाजपेये हि- "सप्तदश प्राजापत्यान् पशून् आलभेत" (तै० ब्रा० १-३-४-३)" आग्नेयः कृष्णग्रीवः सारस्वती मेषी, ब्राभ्रुः सौम्यः, पौष्णः श्यामः, शितिपृष्ठो बार्हस्पत्यः, शिल्पो वैश्वदेवः, ऐन्द्रोऽरुणः, मारुतः कल्माषः ऐन्द्राग्नः संहितः अघोरामः सावित्रो, वारुणः पेतवः" (तै० सं० ५-६-२२) इत्येकादश पशवः आम्नाताः । શ્રુતિમાં વાજપેય યજ્ઞમાં પ્રજાપતિ દેવતાને માટે સત્તર પશુઓનું બલિદાન કહેલ છે, તેમજ અગ્નિદેવતાને કાળી ડોકવાળુ પશુ, સરસ્વતિને ઘેટી, સોમને બભ્રુ-નોળિયો, પૂષાને કાળુ પશુ, બૃહસ્પતિને શિતિપૃષ્ઠ-શૃંગરહિત પશુ, વિશ્વદેવતાને શિલ્પ પશુ,ઇન્દ્રને લાલ પશુ,વાયુને કાબરુ પશુ, ઇન્દ્ર અને અગ્નિને કૃષ્ણશીર્ષ પશુ, સૂર્ય ને અધોરામ પશુ, વરુણને પેત્વપશુ, એવા પશુઓ આપવાં । पितृणां च वसुरुद्रादित्यानाम्, यागः यजनं श्राद्धः प्रीतिकरी पूजा, तदर्थम् अपि। याज्ञवलक्यस्मृता वाचाराध्याये- "मात्स्यहारिणकौरभ्रशाकुनच्छागपर्षतै। ऐणरौरव वाराह शाशैमांसैर्यथाक्रमम् । मासवृद्धयाऽभितृप्यन्ति दतैरिह पितामहाः ॥ २५९ ॥ खड्गामिषं महाशल्कं मधुमुन्यन्नमेव च । लोहामिषं महाशाकं मांसं वार्घ्रीणसस्य च ॥ २६० ॥ यद् ददाति गयास्थश्च सर्वमानन्त्यम श्रुते ॥ યાજ્ઞવલ્કય સ્મતિમાં પિતૃશ્રાદ્ધમાં વસુઓ, રુદ્રો અને આદિત્યો આદિ પિતૃઓ જે શ્રાદ્ધ દેવતાઓ તેમને- માછલું, લાલ હરણ, કાળીયાર મૃગ, બકરી, ભક્ષ્ય એવા પક્ષી, બકરો, ચિત્રમૃગ, શમ્બરમૃગ, વારાહ, શશ આદિકના માંસ આપવા જેથી પિતૃઓ તૃપ્ત થાય છે, વળી ગેંડાનું માંસ, મહાશલ્ક જાતિનો માછલો, સામ્બો, રક્ત બકરાનું માંસ, મહાશાક, શ્વેત બકરાનું માંસ, ગયાજી નામના તીર્થમાં જે શ્રાદ્ધમાં આપે તેને સર્વથી અનંતગણુ પુણ્ય થાય છે' ઇત્યાદિ શ્રુતિ સ્મૃતિઓમાં કહેવા પ્રમાણે દેવતા તથા પિતૃઓને માટે । अजादेश्च, अजो मेषः आदिर्यस्य तस्य,પણ બકરા, ઘેટાં, મૃગ, અશ્વ, પક્ષી આદિક કોઇપણ પ્રાણીની । हिंसनम् द्रोह वा हननરૂપી હિંસા । न कर्तव्यम् न કરવી. । यत्-यस्माद्धेतोः, કારણ કે । अहिंसैव-કાય વાણી અને મનથી કોઇનો પણ દ્રોહ ન કરવો એ રૂપી અહિંસાનેજ । महान धर्मः પરમ ધર્મ । प्रोक्तः अस्ति । કહેલ છે. 'मा हिंस्यात्

सर्वा भूतानि'। भारते 'अहिंसा सर्वभूतेभ्यो धर्मेभ्यो ज्यायसी मता' इति कथितोऽस्ति । શ્રુતિમાં 'સર્વ ભૂત પ્રાણિ માત્રની હિંસા ન કરવી' તથા ભારતમાં 'સર્વભૂતપ્રાણિની અહિંસા તે સર્વ ધર્મથી શ્રેષ્ઠ ધર્મ છે' એમ ઋષિ ઓએ કહેલ છે.માંસની પ્રવૃત્તિ આસુરી લુબ્ધ જીવોએ કરેલી છે માટે તે ન જ કરવી ॥ ૧૨ ॥

तात्पर्यार्थः-

'શ્રુતિમાં વાજપેય-યાગમાં દેવતા જે પ્રજાપતિ તેને માટે સત્તર પશુઓનું બળિદાન આપવા કહેલ છે, તથા અગ્નિને કાળી ડોકવાળું પશુ, સરસ્વતીને ઘેટી,સોમને નોળિયો,પૂષાને કાળુ પશુ,બૃહસ્પતિને શૃંગરહિત પશુ, વિશ્વદેવતાને શિલ્પપશુ,ઈન્દ્રને લાલ પશુ, વાયુને કાબરૂ પશુ, ઈન્દ્ર અને અગ્નિને કાળા મસ્તકવાળુ પશુ, સૂર્યને અધોરામ પશુ, વરુણને પેત્વ પશુ, એવા પશુઓના બલિદાન આપવા કહેલ છે. તથા વસુઓ, રુદ્રો, આદિત્યો આદિ પિતૃઓનો યાગ જે પ્રીતિકર પૂજા શ્રાદ્ધ તેમાં, યાજ્ઞવ-લ્કયસ્મૃતિમાં ''માછલું, રક્તહરણ, કાળિયાર, મૃગ, બકરી, કબુતર, તેત્તર, બકરો,ચિત્રામૃગ,શમ્બર મૃગ,વારાહ,શશ,ગેંડો,મહાશલ્કમત્સ્ય,રક્ત બકરો, સામ્બો, મહાશલ્કમત્સ્યા, રક્તબકરો, સામ્બો,મહાશક, શ્વેત બકરો, આદિકનું બળિદાન આપવાથી પિતૃઓ તૃપ્ત થાય એમ કહેલ છે.અને તે ગયાજી તીર્થમાં આપવાથી અનંતગણુ પુણ્યં થાય છે એમ કહેલ છે'' ઈત્યાદિ કહેલા દેવતા તથા પિતૃઓને માટે પણ બકરાં ઘેટાં મૃગ અશ્વ પક્ષી અદિક કોઈપણ પ્રાણીની હિંસા ન કરવી, કારણ કે કાય વાણી અને મન વડે કોઈનો પણ દ્રોહ ન કરવો એવી જે અહિંસા તેને જ, વેદમાં ''સર્વ ભૂત પ્રાણીમાત્રની હિંસા ન કરવી'' એ શ્રુતિ વડે, તથા મહાભારતમાં 'સર્વ ભૂત પ્રાણિમાત્રની અહિંસા એ જ સર્વધર્મથી શ્રેષ્ઠ ધર્મ છે'એ વાક્ય વડે, પરમ મહાન્ ધર્મ કહેલ છે ॥ ૧૨ ॥

अथवा

'देवतापितृयागार्थम्,अजादेश्च, यत्, हिंसनं, तत, अहिंसैव, इति महान् धर्मः, प्रौक्तः,अस्ति, तन्न कर्तव्यमित्यन्वयः,धर्माभासत्वादिति शेषः॥१२ ॥

કેટલાક તામસી લોકો કહે છે જે 'દેવતા તથા પિતૃઓના યાગ માટે બકરા આદિકની જે હિંસા તે વેદ શાસ્ત્ર વિહિત હોવાથી અહિંસા જ છે અને તે મહાન્ ધર્મ છે'' તે આસુરી તામસી મનુષ્યોના મતને ન સ્વીકારવો, કારણ કે વેદ શાસ્ત્રનું હિંસામાં તાત્પર્ય નથી, માટે તે ધર્માભાસ એવો અધર્મ છે.॥૧૨॥

स्त्रिया धनस्य वा प्राप्त्यै साम्राज्यस्य च वा क्वचित् ।
मनुष्यस्य तु कस्यापि हिंसा कार्या न सर्वथा ॥ १३ ॥

अन्वयः- 'स्त्रियाः, वा धनस्य, वा साम्राज्यस्य च, प्राप्त्यै, क्वचिद्, कस्य

अपि, मनुषस्य, हिंसा, सर्वथा, न कार्या ॥ १३ ॥

व्याख्या :-'स्त्रियाः पुरुषोએ પોતાને મનગમતી સ્ત્રીની અથવા ધનસ્ય ઘણાક પ્રકારના દ્રવ્યની, તથા સામ્રાજ્યસ્ય- सम्यग् राजतेऽसाविति सम्राट, चक्रवर्ती, तस्य कर्म सार्वभौम રાજ્યની, પ્રાપ્ત્યૈ-પ્રાપ્તિને માટે । क्वचित्-सम विषम कस्यापि મનુષ્યસ્ય-કોઈપણ સ્થિતિમાં કોઈ પણ મનુષ્યની । હિંસા- હત્યા, દ્રોહ આદિક હિંસા સર્વથા સર્વ પ્રકારે મન વડે પણ । न कार्या न કરવી ॥ यद्वा स्त्रिया धनस्य वा साम्राज्यस्य, वा मनुष्यस्य च प्राप्त्यै क्वचित् कस्यापि हिंसा सर्वथा न कार्या-અને એવી જ રીતે સ્ત્રીઓએ ધનની, રાજ્યની તથા કોઈ પુરુષની પ્રાપ્તિને માટે ક્યારેય પણ કોઈ માણસની હિંસા સર્વ પ્રકારે નજ કરવી. ॥ ૧૩ ॥

तात्पर्यार्थः-

પુરુષોએ, પોતાને મનગમતી સ્ત્રી, ઘણાક પ્રકારનું દ્રવ્ય, તથા સાર્વભૌમ રાજ્ય, તેમની પ્રાપ્તિને માટે સારી નરસી કોઈ પણ સ્થિતિમાં કોઈપણ મનુષ્યની હત્યા, દ્રોહ આદિક જે હિંસા તે સર્વ પ્રકારે મન વડે પણ ન કરવી. તથા સ્ત્રીઓએ ઘણા ધનની, મહત્ રાજ્યની અને કોઈપણ મનગમતા પુરુષની પ્રાપ્તિને માટે ક્યારેય પણ કોઈ મનુષ્યની હિંસા સર્વ પ્રકારે ન જ કરવી॥૧૩॥

आत्मघातस्तु तीर्थेऽपि न कर्तव्यश्च न क्रुधा ।
अयोग्याचरणात् क्वापि न विषोद्बन्धनादिना ॥ १४ ॥

अन्वयः- 'आत्मघातस्तु, तीर्थेऽपि, न कर्तव्यः, च क्रुधा, विषोद्बन्धनादिना, न कर्तव्यः, अयोग्याचरणाद् विषोद्बन्धनादिना, कापि, न कर्तव्यः ॥ १४ ॥

व्याख्या-.'आत्मघातस्तु आत्मनः स्वदेहस्य घातोवधः स्वर्गादिकनी ઇચ્છાથી પોતાના શરીરનો વધ તો । तीर्थेऽपि-પ્રયાગાદિકતીર્થોમાં પણ । न कर्तव्यः-न કરવો । च અને । क्रुधा અત્યંત ક્રોધના વેગથી । विषोद्बन्धनादिना विषं गरलम्, उद्बन्धनं गलपाशः, आदिना असाध्यरोगजन्य दुःखप्रयुक्त जलप्रवेशवह्निप्रवेशपर्वतपतनानि ग्राह्याणि,- તેન ઝેર ખાઈ ને, ગળે ટુપો ખાઈને, તથા અસાધ્ય રોગના અસહ્ય કષ્ટને લીધે પાણીમાં ડુબીને, અગ્નિમાં બળીને, પર્વત પરથી પડીને પણ આત્મઘાત । न कर्तव्यः न કરવો તથા । अयोग्यचरणात् अयोग्यं यद् वर्णाश्रमविरुद्धमतिगर्हि तमाचरणं तज्जन्य लज्झातिशयेनाऽपि स न कर्तव्यः । વર્ણાશ્રમને અઘટિત નિંદિત આચરણ થઈ જવાથી,લજ્જાને લીધે પણ ઝેર ભક્ષણ,ગળાટુપો આદિકવડે આત્મઘાત પણ ન કરવો. ॥ ૧૪ ॥

तात्पर्यार्थः-

"કોઈ પણ મનુષ્યે, સ્વર્ગાદિકની ઇચ્છાથી પોતાના શરીરનો વધ તો'

પ્રયાગાદિક તીર્થોમાં પણ ન કરવો, અને અત્યંત ક્રોધના વેગથી તથા વર્ણ અને આશ્રમને અઘટિત નિંદિત આચરણ થઈ જવાને અંગે, લજ્જાને આધીન થઈ, ઝેર ખાઈને, ગળેટુપો ખાઈને, અસાધ્ય રોગના કષ્ટથી હારીને, પાણીમાં ડુબીને, અગ્નિમાં બળીને, પર્વત ઉપરથી પડીને, ઇત્યાદિક કોઈરીતે કોઈપણ સ્થિતિમાં કોઈપણ સ્થળમાં,આત્મઘાત ન કરવો.'' ॥ ૧૪ ॥

न भक्ष्यं सर्वथा मांसं यज्ञशिष्टमपि क्वचित् ॥
न पेयं च सुरामद्यमपि देवनिवेदितम् ॥ १५ ॥

અન્વયઃ-'' क्वचिद् यज्ञशिष्टमपि, मांसं,सर्वथा, न भक्ष्यम्, च देवनिवेदितमपि, सुरामद्यं, सर्वथा, न पेयम् ॥ १५॥

વ્યાખ્યાઃ-''क्वचित् આપત્તિવાળા સ્થળમાં, અશુભ સંગમાં । यज्ञशिष्टम्- સોમ આદિ યજ્ઞમાં તથા શ્રાદ્ધમાં, દેવ અને પિતૃઓની પૂજામાં નૈવેદ્ય ધરેલાનું શેષ પ્રસાદિરૂપ એવું પણ । मांसम् જે માંસ તે । न भक्ष्यम्,ન ખાવું । च- અને । देवनिवेदितामपि- સૌત્રામણિયાગમાં દેવતાને અર્પણ કરેલ તથા કાલી ભૈરવાદિ દેવોને અર્પણ કરેલ । सुरामद्यम्- ગોળ,મધ, લોટ, એ ત્રણથી થતી સુરા, તથા ફણસ, દ્રાક્ષ, મહુડો, ખજુર, તાડ,શેરડી,મધ, ઇંગોરૂં,અરીઠા, આમળી, ધાવકી ગોળનું પાણી, નાળીએર, એમનાથી થતું અગ્યાર પ્રકારનું મદ્ય એ સર્વ । सर्वथा-આપત્કાળમાં જાણે અજાણે પણ । न पेयम् ન પીવા. ॥ ૧૫ ॥

तात्पर्यार्थः-

'કોઈએ આપત્તિવાળા સ્થળમાં, અશુભ સંગમાં પણ, સોમ આદિ યજ્ઞમાં તથા શ્રાદ્ધમાં દેવ અને પિતૃઓની પૂજામાં અર્પણ પ્રસાદિરૂપ એવુ પણ જે માંસ તે ન ખાવું અને સૌત્રામણિ આદિ યાગમાં દેવતાને અર્પણ કરેલ, તથા અન્યત્ર કાલી ભૈરવાદિક દેવોને અર્પણ કરેલ જે-'ગોળ મધ અને લોટ' એ ત્રણથી થતી સુરા, તથા-'ફણસ,દ્રાક્ષ,મહુડો,ખજુર,તાડ,શેરડી,મધ,ઇંગોરૂ, અરીઠી, આમળી, ધાવકી, ગોળ એ ત્રણનું પાણી, અને નાળીએર,'- એમનાથી થતું અગ્યાર પ્રકારનું મદ્ય, તે સર્વે આપત્કાળમાં જાણે અજાણે પણ ન પીવા ॥ ૧૫ ॥

अकार्याचरणे क्वापि जाते स्वस्य परस्य वा ।
अङ्गच्छेदो न कर्तव्यः शस्त्राद्यैश्च क्रुधाऽपि वा ॥ १६ ॥

અન્વયઃ- 'अकार्याचरणे, क्वाऽपि, जाते सति, क्रुधाऽपि, शस्त्राद्यैश्च, स्वस्य परस्य वा, अङ्गच्छेदो, न कर्तव्यः ॥ १६ ॥

વ્યાખ્યાં-'अकार्याचरणे, कैरपि स्वतः परतो वा, अकार्यस्याऽधर्मस्य, આચરણે, કોઈએ પણ પોતા વડે અથવા બીજા વડે અધર્મનું આચરણ । क्वापि

प्रमादात् कदाचित् जाते सत्यपि, પ્રમાદથી ક્યારેક થયે સતે પણ । क्रुधाऽपि ક્રોધના વેગથી પણ । शस्त्राद्यैश्च शस्त्र खड्गादि, आद्यं येषान्तैः,તલવાર, છરી આદિ શસ્ત્ર, બાણ આદિ અસ્ત્ર, હાથ-પગ આદિ અંગ, મંત્ર આદિ અભિચાર, ઇત્યાદિ વડે । स्वस्य આત્મન આત્મસમ્બન્ધિનશ્ચ । परस्य स्वस्वसम्बन्धीतरस्य, शत्रोः શત્રુસમ્બન્ધિનો વા, પોતાના તથા પોતાના સંબંધીના તથા સંબંધી નહિ એવા અન્ય કોઈ મનુષ્યોના, તથા શત્રુ અને શત્રુના સંબંધીઓના । अङ्गच्छेदः અङ्गानां नासिकाकर्णशिश्नादिनां छेदः छेदनम् નાક, કાન, શિશ્ન આદિક અંગોનું છેદન તથા ગુપ્તાંગ, સ્તન, આંખ આદિનું ભેદન । न कर्तव्यः ન કરવું. ॥ ૧૬ ॥

तात्पर्यार्थः-

"કોઈએ પણ-પોતા વડે અથવા બીજા વડે અધર્મનું આચરણ પ્રમાદથી ક્યારેક થયે સતે, ક્રોધના વેગથી પણ તલવાર છરી આદિ શસ્ત્ર, બાણ આદિ અસ્ત્ર, લાત ઘુસ્તો ઠોંસો આદિ અંગ, મંત્ર આદિ અભિચાર, ઇત્યાદિ વડે પોતાના અને પોતાના સંબંધીના તથા સંબંધી નહિ એવા અન્ય કોઈનાં તથા શત્રુ અને શત્રુના સંબંધીઓના નાક, કાન, શિશ્ન, આંખ, સ્તન ગુપ્તાંગ આદિનું છેદન-ભેદન ન જ કરવું.॥ ૧૬ ॥

स्तेनकर्म न कर्तव्यं धर्मार्थमपि केनचित् ।
सस्वामि काष्ठपुष्पादि न ग्राह्यं तदनाज्ञया ॥ ૧૭ ॥

अन्वयः- 'केनचिद्, धर्मार्थमपि, स्तेनकर्म, न कर्तव्यम्, सस्वामि, काष्ठपुष्पादि, तदनाज्ञया, न ग्राह्यम् ॥ ૧૭ ॥

व्याख्या- 'केनचित् कैरपि केनचिन्निमितेन, કોઈએ પણ કોઈપણ નિમિત્તે । धर्मार्थमपि- धर्मयाऽपि ધર્મકાર્યને માટે પણ । स्तेनकर्म-स्तेनस्यकर्म ચોરનું કર્મ જે ચોરી કાર્ય તે । न कर्तव्यम् ન કરવું. । सस्वामिस्वाम्यधीनम् ધણિયાતુ । काष्ठपुष्पादि काष्ठं च पुष्पं च ते आदिनी-यस्य फलपत्रादेस्तदपि । કાષ્ઠ, પુષ્પ,ફળ, પત્ર આદિ । तदनाज्ञया ન આજ્ઞા અનજ્ઞા પ્રતિષેધઃ तस्य स्वामिनः, અનાજ્ઞા તયા તેના ધણીની આજ્ઞા વિના । न ग्राह्यम् स्वोपभोगाय धर्मार्थमपि वा नैवोपादेयम् પોતાના કાર્ય માટે અથવા દેવપૂજાદિ ધર્મ કાર્ય માટે પણ ન જ લેવું. ॥ ૧૭ ॥

तात्पर्यार्थः-

કોઈએ પણ અન્ય કોઈપણ નિમિત્તને માટે તેમજ ધર્મકાર્યને માટે પણ, ચોરી ન કરવી તથા ધણિયાતા એવા કાષ્ઠ,પુષ્પ, ફળ,પત્ર આદિક તેના ધણીની આજ્ઞા વિના સ્વકાર્ય માટે, અથવા દેવપુજા આદિ ધર્મકાર્ય માટે પણ,ન જ લેવા. ॥ ૧૭ ॥

व्यभिचारो न कर्तव्यः पुम्भिः स्त्रीभिश्च मां श्रितैः ।
द्यूतादिव्यसनं त्याज्यं नाऽद्यं भङ्गादि मादकम् ॥ १८ ॥

અન્વયઃ - 'पुम्भिः, स्त्रीभिश्च, मां श्रितेः, व्यभिचारो, न कर्तव्यः, द्यूतादिव्यसनं त्याज्यम्, मादकं भङ्गादि, न अद्यम् ॥ १८ ॥

વ્યાખ્યા- '(कैः)કોઈપણ । पुम्भिः-પુરુષોએ । स्त्रीभिश्च -તથા સ્ત્રીઓએ । माम्- પરબ્રહ્મ પરમાત્મા એવા જે અમે તે અમને । श्रितैः अधमोद्धारण दयालुः श्रीस्वामिनारायणः शरणागत्यैवाऽस्माकमुद्धारं करिष्यति न कामादिदोषान् गणयिष्यतीति मद्वलं श्रितैः श्रिताभिश्च, अवलम्ब्येति यावत्,- "અધમોદ્ધારણ દયાળુ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા શરણે જવા માત્રથી જ આપણો ઉદ્ધાર કરશે, આપણા કામાદિ દોષો સામું નહિ જુવે" એ પ્રકારે આશરીને અમારા બળને અવલંબીને પણ । व्यभिचारः पुरुषैः परदारागमनं स्त्रीभिश्च परपुरुषसङ्गः-પુરુષોએ પરસ્ત્રી ગમન અને સ્ત્રીઓએ પરપુરુષોનો અંગસંગ તથા विशेषेण-अभिचारः, मन्त्रविद्द्वारा मन्त्रादिना मोहनं मारणं वा, મંત્ર જાણનારાઓ દ્વારા મંત્રથી મોહ પમાડવા, મારી નાખવા, પાન ખવરાવીને મોહીત કરવા ઈત્યાદિ । न कर्तव्यः-કરવું તથા द्यूतादिव्यसनम् द्यूतम् आदि यस्य तत्, विशेषेण अस्यति च्यावयति श्रेयोमार्गात्, व्यस्यते परित्यज्यत इति वा व्यसनम्-જુગટું, અધિક સ્ત્રીસેવન, મૃગયા,મદ્ય,નૃત્ય,ગીત વૃથા રખડવું,વાદ્ય, નિંદા, વૃથા આલાપ, અન્યની દુકાને શેરીમાં બેસી રહેવું, કુલટા સંગ, તત્વજ્ઞાન- ભક્તિ -ધર્મહીન શૃંગાર રસમય શાસ્ત્ર શીલન, નાટક સેવન, આદિ જે શ્રેય માર્ગના પ્રતિબંધક વ્યસનો તે। त्याज्यम् अग्राह्यम्- ગ્રહણ ન કરવા અને દુષ્ટસંગથી વળગ્યા હોય તો તે તજવા.। मादकम् मादयति प्रमत्तं करोतीति मादकम्,- મદ અને વિક્ષિપ્તતાને ઉત્પન્ન કરનારા । भङ्गादि-भङ्गा विजया आदिर्यस्य गञ्जाऽहिफेन महाजिह्मादेस्तत्-ભાંગ્ય, મફર, માજમ, ગાંજો આદિ કેફી પદાર્થો । नाऽद्यम् न भक्षणीयं न वा पेयम्-ખાવા નહિ તેમ પીવા પણ નહિ.

કોઈપણ પુરુષ તથા સ્ત્રીઓએ, પરબ્રહ્મ પરમાત્મા જે અમે તે અમારા "અધમોદ્ધારણ દયાળુ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા શરણે જવા માત્રથી જ આપણો ઉદ્ધાર કરશે. આપણા કામાદિ દોષો સામું નહિ જુવે"- આ પ્રકારના આશ્રયના બળને અવલંબીને પણ પરસ્ત્રી ગમન,પરપુરુષ સંગમ રૂપી વ્યભિચાર, તથા મંત્રજ્ઞો દ્વારા મંત્રથી મોહીની નાખવી, મારી નાખવા, પાન ખવરાવીને મોહીત કરવા, ઈત્યાદિ દુરાચારો ન કરવા તથા જુગટુ, અધિક સ્ત્રીસેવન, પુરુષસેવન, મૃગયા, મદ્ય, નૃત્ય, ગીત, વૃથા રખડવું, વાદ્ય, નિંદા, વૃથા ભાષણ,

ગામને ચોતરે બેસી રહેવું, કુલટાં સ્ત્રી સમાગમ, દુષ્ટ પુરુષ સમાગમ, તત્વ-જ્ઞાનહીન ધર્મ ભક્તિહીન શૃંગાર રસમય શાસ્ત્રનું પરિશીલન, નાટકસેવન આદિક જે શ્રેયમાર્ગના પ્રતિબંધક વ્યસનો, તે ગ્રહણ ન કરવા. અને કુસંગથી વળગ્યા હોય તો તે તજવા તથા મદ અને ગાંડાપણાને ઉત્પન્ન કરનારા ભાંગ્ય, મફર, માજમ, ગાંજો આદિક જે કેફી પદાર્થો તે ન ખાવા તથા ન પીવા.॥ ૧૮ ॥

અથવા

' માં શ્રિતૈ: પુમ્ભિ:સ્ત્રીભિશ્ચ, વ્યભિચારો, ન કર્તવ્ય: દ્યૂતાઽદિવ્યસનં, ન ત્યાજ્યમ્, આદ્યમ્ અકમ્, ભઙ્ગાઽદિમાત્ ત્યાજ્યમિત્યન્વય: ॥ ૧૮ ॥

વ્યાખ્યા- 'માં શ્રિતૈ: પુમ્ભિ: સ્ત્રીભિશ્ચ અમારા આશ્રિત થઈ ને કોઈપણ પુરુષોએ તથા સ્ત્રીઓએ । વ્યભિચાર: નિયમભંગ:-આજ્ઞાવચન રુપી નિયમનો ભંગ । ન કર્તવ્ય:- ન કરવો તથા દ્યૂતાઽદિવ્યસનમ્ દ્યૂતં જે સભાસ્થાન 'સભા દ્યૂતં સભાગૃહમિ'તિ રુદ્ર: । આસમન્તાદ્ દિવ્યં યત્ સનં સદુપદેશદાનમ્ 'અને દિવ્ય એવું જે સદુપદેશ દાન, તે ન ત્યાજ્યમ્ । ન તજવા તથા આદ્યમ્ પ્રથમનું, અર્થાત્ જન્મનું જે અકમ્ દુ:ખ તે । ભઙ્ગાદિમાત્ ભઙ્ગ : મરણં, તસ્ય આદિમં યદ્ યૌવનં જીવનમિતિ યાવત્, તસ્માત્ મરણની પહેલા જ જીવનદશાના સમયથી જ । ધનદ્વારા સાધન કરીને । ત્યાજ્યમ્ નાશ કરવું. ફેર ન આવે મોક્ષશ્ચ ભવેત્ તથા મોક્ષ થાય તેવો પ્રયત્ન કરવો.॥ ૧૮ ॥

તાત્પર્યાર્થ:-

"અમારા આશ્રિત થઈને કોઈપણ પુરુષોએ તથા સ્ત્રીઓએ, અમારા આજ્ઞા વચન રૂપી નિયમનો ભંગ ન કરવો, તથા સમયોચિત સભા સ્થાન અને દિવ્ય બ્રહ્મવિદ્યા રૂપી સદુપદેશ દાન તે ન તજવા. તથા મરણના આવતા પહેલા પોતાની જીવનદશામાં જ સાધન દ્વારા ભાવી જન્મ મરણના દુ:ખો ન આવે તથા પરમ મોક્ષ થાય તેવો પ્રયત્ન કરવો.॥ ૧૮॥

અગ્રાહ્યાઽન્નેન પક્વં યદન્નં તદુદકં ચ ન ।
જગન્નાથપુરોઽન્યત્ર ગ્રાહ્યં કૃષ્ણપ્રસાદ્યપિ ॥ ૧૯ ॥

અન્વય:- 'અગ્રાહ્યાઽન્નેન પક્વં, યદ્ અન્નં, તદુદકં ચ, કૃષ્ણપ્રસાદિ, અપિ, જગન્નાથપુર: અન્યત્ર, ન ગ્રાહ્યમ્ ॥ ૧૯ ॥

વ્યાખ્યા-'અગ્રાહ્યાઽન્નેન- ગ્રહીતું અર્હમ્, તન્ન ભવતીત્યેતાદ્દશમ્, પક્વંમન્નં યસ્ય તેન,ભોજન કરવા યોગ્ય (ખપતુ) ન હોય રાંધેલુ અન્ન જેનું એવા મનુષ્યે । પક્વમ્, રન્ધિતમ્ રાંધેલું । યદ્ અન્નમ્- જે અન્ન તથા । તદુદકં ચ-તે મનુષ્યનું જે જળ તે કૃષ્ણપ્રસાદ્યપિ,- કર્ષતિ- અવતારાઽક્ષરબ્રહ્મમુક્તાદિન્ ય: સ

શ્રીહરિકૃષ્ણઃ, તસ્ય પ્રસાદિ અપિ,અવતારો, અક્ષરબ્રહ્મ અને મુક્તોને સ્વાધીન રાખનારા એવા શ્રીહરિકૃષ્ણ પરમાત્મા જે અમે તે અમારી પ્રસાદિ ચરણામૃત એવું હોય તો પણ । જગન્નાથપુરોઽન્યત્ર ઉત્કલદેશે પ્રસિદ્ધા યા જગન્નાથપુરી' તદતિરિક્તસ્થાને, ઉત્કલ દેશમાં પ્રસિદ્ધ જે 'જગન્નાથપુરી' તેથી અન્ય સ્થળમાં । ન ગ્રાહ્યમ્, ગ્રહણ ન કરવા.। જગન્નાથેઽપિ શરીરિતયા વસામ્યહમિતિ બુદ્ધયા, જગન્નાથ રૂપી અર્ચામાં શરીરી પરબ્રહ્મ એવા અમે રહેલા છીએ. આવી ભાવનાથી શાસ્ત્રીયતન્માહાત્મ્યશ્ચ અને શાસ્ત્ર નિરૂપિત તેના માહાત્મ્યના આધારથી, ગ્રાહ્યમ્, ગ્રહણ કરવા. ॥ ૧૯ ॥

તાત્પર્યાર્થઃ-

'જેના અન્ન અને જળ ખપતા ન હોય, તેવા મનુષ્યે રાંધેલ જે અન્ન તથા તેના પાત્રનું જળ તે, શ્રીહરિકૃષ્ણ પરમાત્મા જે અમે તે અમારી પ્રસાદિ તથા ચરણામૃત હોય, તો પણ જગન્નાથપુરી સિવાય અન્ય સ્થળમાં ગ્રહણ ન કરવા. અને જગન્નાથપુરીના માહાત્મ્યમાં શ્રી જગન્નાથજીનો પ્રસાદ લેવાય તે નિર્દોષ કહેલ છે, માટે એ શાસ્ત્રના આધારથી તથા જગન્નાથજી રૂપી મૂર્તિમાં શરીરી પરબ્રહ્મ એવા અમે રહેલા છીએ-આવી ભાવનાથી, ન ખપતુ એવું પ્રસાદિરૂપ અન્ન જળ પણ ગ્રહણ કરી શકાય છે. ॥ ૧૯॥

અથવા

'અગ્રાહ્યાઽન્નેન (સંસૃષ્ટં) યત્, પક્વમ્ અન્નમ્, ઉદકં ચ, તત્ કૃષ્ણપ્રસાદ્યપિ, જગન્નાથપુરઃ અન્યત્ર ચ, ન ગ્રાહ્યમિત્યન્વયઃ ॥ ૧૯ ॥

વ્યાખ્યા-'(કૈઃ)કોઈએ પણ । અગ્રાહ્યાન્નેન,અગ્રાહ્યં યદન્નં તેન,ન ખપતા એવા અન્ન સાથે । સંસૃષ્ટમ્ સ્પર્શ થએલું । યત્પક્વમન્નમુદકં ચ,જે રાંધેલ અન્ન તથા જળ । તત્ કૃષ્ણપ્રસાદિ અપિ,તે શ્રીહરિકૃષ્ણ પરબ્રહ્મ જે અમે તે અમારી પ્રસાદિ હોય તો પણ । જગન્નાથપુરઃ જગતાં નાથસ્ય પરમેશ્વરસ્ય મમ પુરઃ સમીપે અન્યત્ર ચ,જગન્નાથ એવા પરમેશ્વર જે અમે તે અમારી સમીપે તથા બીજા સ્થળોમાં પણ । ન ગ્રાહ્યમ્, ગ્રહણ ન કરવા. ॥ ૧૯॥

તાત્પર્યાર્થઃ-

કોઈએ પણ ન ખપતાં એવા અન્નને સ્પર્શ પામેલા જે અન્ન તથા જળ તે, શ્રી હરિકૃષ્ણ પરમાત્મા જે અમે તે અમારી પ્રસાદિ ચરણામૃત હોય તો પણ,જગતનાં નાથ એવા પરમેશ્વર જે અમે તે અમારી સમીપમાં તથા બીજા સ્થળોમાં પણ ગ્રહણ ન કરવાં.॥ ૧૯॥

મિથ્યાપવાદઃ કસ્મિંશ્ચિદપિ સ્વાર્થસ્ય સિદ્ધયે ।
નારોપ્યો નાઽપશબ્દાશ્ચ ભાષણિયાઃ કદાચન ॥ ૨૦ ॥

અન્વયઃ- 'स्वार्थस्य सिद्धये, कस्मिंश्चिदपि, मिथ्यापवादः, न, आरोप्यः, अपशब्दाश्च, कदाचन्, न, भाषणियाः ॥ २० ॥

વ્યાખ્યા-'(कैः) स्वार्थस्य, स्वस्य सुष्ठु वा अर्थः प्रयोजनं-तस्य કોઈએ પણ પોતાના ઈષ્ટપ્રયોજનની । सिद्धये, સિદ્ધને માટે પણ । कस्मिंश्चिदपि કોઈપણ સ્ત્રી અથવા પુરુષને વિષે । मिथ्यापवादः- मिथ्याभूतोऽपवादःખોટુ કલંક, । अपकृष्टो वादः अपवादः, गोपनीयस्य अश्लीलस्य कर्मणः कथनम्, ગોપનીય અશ્લીલ કર્મનું કથન । न आरोप्यः, ન આરોપવુ તથા ગાળો, અને કઠોર વચનો પણ । कदाचन કયારેય પણ । न भाषणियाः ન બોલવા.॥ ૨૦ ॥

तात्पर्यार्थः-

કોઈએ પણ પોતાના શ્રેષ્ઠ પ્રયોજનની સિદ્ધિને માટે પણ કોઈપણ સ્ત્રી અથવા પુરુષને વિષે ખોટું કલંક ન આરોપવું, તથા ગાળો અશ્લીલ બોલ અને કઠોર એવાં વચનો પણ ન બોલવા.॥ ૨૦ ॥

અથવા

'मिथ्या-प-वादः, ना, स्वार्थस्य सिद्धये, कस्मिंश्चिदपि, रोप्यः, आपशब्दाश्च, कदा, च, न, भाषणिया इति न, इत्यन्वयः॥ २० ॥

વ્યાખ્યાઃ- 'मिथ्या-प-वादः,- मिथ्यापे- अनित्यत्वस्वभावे संसारे, मिथ्यामतप्रतिपादके शास्त्रे, अज्ञाने वा, वादः आग्रहो यस्य सः,- અનિત્યએવા સંસારમાં, મિથ્યામત પ્રતિપાદક શાસ્ત્રમાં ,અને અજ્ઞાનમાં છે આગ્રહ જેને એવો જે । ना, મનુષ્યઃ મનુષ્ય તેને । स्वार्थस्य, सुष्ठु अर्थः परमपुरुषार्थो मोक्षस्तस्य,શ્રેષ્ઠ પુરુષાર્થ જે મોક્ષ તેની । सिद्धये,-પ્રાપ્તિને માટે । कस्मिंश्चिदपि-કોઈપણ સત્પુરુષમાં અથવા પરમાત્મા જે અમે તે અમારામાં । रोप्यः- संश्लेष्यः 'कालमायापाप कर्मयमदूतभयादहम्। स्वामिनारायणशरणमाप्नोऽस्मि स पातु माम,'કાળ, માયા, પાપ, કર્મ અને યમદુતના ભયથી મુક્ત થવા માટે હું શ્રી સ્વામિનારાયણ પરમાત્માના શરણમાં આવેલો છું. તે મારુ રક્ષણ કરો' આ શરણાગતિનો મંત્ર આપીને જોડવો તથા 'आप्लृव्याप्तौ,- (स्वा०प०अ०)घञ् (३-३-१८) आपः,व्यापकः परमात्मा, शब्द्यते गीयतेएभिस्स्तोत्रपाठैरिति आपशब्दाः,વ્યાપક અમે પરમાત્મા જેમાં ગાન કરાતા હોઈએ એવા સ્તોત્ર પાઠો તે -कदा च, चोऽप्यर्थः, कस्मिन्नपि योग्याऽयोग्याऽशुद्ध दशान्वित समयेऽपि,કોઈપણ યોગ્ય અયોગ્ય શુદ્ધ અશુદ્ધ અવસ્થામાં તથા તેવા સમયમાં પણ । न भाषणीयाः इति न, अपि तु सर्वसमयेषुं सर्वावस्थासु गेयाः,ન ગાવા એમ નહિ, કિંતુ સર્વ સમયમાં અને સર્વ અવસ્થામાં ગાવા.॥ ૨૦ ॥

તાત્પર્યાર્થઃ-

'અનિત્ય એવા સંસારમાં, મિથ્યામત પ્રતિપાદક શાસ્ત્રોમાં, અને અજ્ઞાનમાં-આગ્રહી એવા મનુષ્યને પણ, પરમ મોક્ષની પ્રાપ્તિને માટે,કોઈ પણ સત્પુરુષમાં અથવા પરમાત્મા જે અમે તે અમારામાં, શરણાગતિનો મંત્ર આપીને જોડવો તથા વ્યાપક એવા પરમાત્મા અમે જેમાં ગાન કરાતા હોઈએ એવા સ્તોત્ર પાઠ આદિ, યોગ્ય અયોગ્ય આદિ કોઈ પણ સમયમાં તથા કોઈ પણ અવસ્થાઓમાં ન ગાવા એમ નહિ, કિંતુ સર્વ સમયમાં અને સર્વ અવસ્થાઓમાં ગાવા. ॥ ૨૦॥

देवतातीर्थविप्राणां साध्वीनां च सतामपि ।
वेदानां च न कर्तव्या निन्दा श्रव्या न च क्वचित् ॥ २१ ॥

अन्वयः- 'देवतातीर्थविप्राणां, साध्वीनां, सतां, वेदानां, चाऽपि, निन्दा, क्वचित्, न च, कर्तव्या, न च श्रव्या ॥ २१ ॥

व्याख्यां- 'देवतातीर्थविप्राणाम्- देवताः सूर्याग्निशिवप्रभृतयः, तीर्थानि गङ्गायमुनोन्मत्तगङ्गादीनि, विप्राः - भूसुराः, विज्ञानिनश्च, तेषाम्

સૂર્ય, અગ્નિ, શિવ આદિ દેવતાઓ, ગંગા યમુના ઘેલો(ગઢપુરમા આવેલી નદી) આદિ તીર્થો, બ્રાહ્મણો તથા વિજ્ઞાની એવા જનો તેમની । साध्वीनाम्, - पतिव्रतानां साधुस्वभावानां स्त्रीणाम्,પતિવ્રતા તથા સાધુ સ્વભાવવાળી સ્ત્રીઓની । सताम् - साधूनां साधुस्वभावपुरुषाणां च, સાધુ તથા સાધુ સ્વભાવવાળા પુરુષોની । वेदानाम्, ऋग्वेद यजुर्वेद सामवेदाऽथर्ववेदानाम्,- आयुर्वेद धनुर्वेदगान्धर्व- वेदाऽर्थशास्त्रात्मकोप वेदानां च, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એ ચાર વેદોની તથા આયુર્વેદ, ધનુર્વેદ,ગાંધર્વવેદ અને અર્થશાસ્ત્ર એ ચાર ઉપવેદોની । चाऽपि,તેમજ શાસ્ત્ર પુરાણોની પણ । निन्दा, कुत्सा-तिरस्कारना શબ્દોથી હલકાઈ । क्वचिश्च, સારી નરસી કોઈપણ સ્થિતિમાં । न च कर्तव्या, नैव कर्तव्या कारयितव्या च, ન કરવી તેમ ન કરાવવી । न च श्रव्या, नैव श्रव्या, તથા સાંભળવી નહીં અને સંભળાવવી પણ નહિ.॥ ૨૧ ॥

તાત્પર્યાર્થઃ-

'કોઈએ પણ, સૂર્ય, અગ્નિ, શિવ આદિ દેવોની; ગંગા, યમુના, ઘેલો આદિ તીર્થોની; બ્રાહ્મણોની, વિજ્ઞાની મનુષ્યોની, પતિવ્રતા તથા સાધુ સ્વભાવવાળી સ્ત્રીઓની; સન્ત તથા સાધુ સ્વભાવવાળા પુરુષોની; ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ એ ચારવેદોની; તથા આયુર્વેદ, ધનુર્વેદ, ગાંધર્વવેદ, અર્થશાસ્ત્ર એ ચાર ઉપવેદોની; તથા શાસ્ત્ર પુરાણોની પણ તિરસ્કારના શબ્દોથી હલકાઈ રૂપી જે નિંદા તે, સુખી દુઃખી કોઈપણ સ્થિતિમાં ન કરવી અને ન કરાવવી તથા ન

સાંભળવી અને ન સંભળાવવી. ॥ ૨૧॥

અથવા

'देवतातीर्थविप्राणां, साध्वीनां, सतां वेदाना, च, श्रव्या कर्तव्या, निन्दा, च, न कर्तव्या, अश्रव्या च, क्वचिन्न कर्तव्या, इत्यन्वयः ॥ २१ ॥

तात्पर्यार्थः-

'દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સંત અને વેદો એમની શ્રવ્યા જે કીર્તિ, પ્રશંસા, મંડન તે કરવા; અને નિન્દા જે હલકાઈ તે ન કરવી, અને અશ્રવ્યા જે અપકીર્તિ,ખંડન, તે તો ક્યારેય પણ ન કરવા. ॥ ૨૧ ॥

देवतायै भवेद् यस्यै सुरामांसनिवेदनम् ।
यत्पुरोऽजादिहिंसा च न भक्ष्य तन्निवेदितम् ॥ २२ ॥

अन्वयः- 'यस्यै देवतायै, सुरामांसनिवेदनं भवेत्, यत्पुरः, अजादिहिंसा च, भवेत तन्निवेदितं, न भक्ष्यम् ॥ २२ ॥

व्याख्या- 'यस्यै देवतायै, रजस्तमःप्रधानाय भैरवादिदेवाय चण्डिकादिदेव्यै वा, જે રજોગુણ તમોગુણ પ્રધાન એવા ભૈરવાદિ દેવોને તથા ચંડિકા દુર્ગા આદિ દેવીઓને । सुरामांसनिवेदनम्, सुरा च मांसं च तयोर्निवेदनम्, - નૈવેદ્યાખ્ય ઉપહારો भवेत्,-ગોળ, મધ અને લોટની ત્રિવિધ સુરાનું તથા કોઈપણ પ્રકારના માંસનું-નૈવેધ થતું હોય,। यत्पुरः, येषां पुरतः-તથા જે દેવદેવીઓની આગળ । अजादिहिंसा च भवेत्, અજો મેષ આદિર્યેષાં મહિષાદીનાં, હિંસા મારણં च भवेत्, બકરા ઘેટા પાડા આદિક જીવોની હનન રૂપી હિંસા થતી હોય । तन्निवेदितम्, तेभ्यो निवेदितम्- તે દેવ દેવીઓને નૈવેદ્યરૂપે અર્પણ કરેલ જે અન્ન, જળ, ફળ આદિ પ્રસાદિ તે । न भक्ष्यम् ન ખાવા તથા ન પીવા.॥ ૨૨ ॥

तात्पर्यार्थः-

'કોઈએ પણ, જે રજોગુણ તમોગુણ પ્રધાન એવા ભૈરવાદિ દેવોને તથા ચંડિકા દુર્ગા આદિ દેવીઓને, ગોળ મધ અને લોટથી થતી ત્રણ પ્રકારની સુરા અને કોઈપણ પ્રકારના માંસનું નૈવેદ્ય થતું હોય, તથા જે દેવ દેવીઓની આગળ બકરા ઘેટા પાડા આદિક જીવોની હનનરૂપી હિંસા થતી તેવા દેવીદેવોની અર્પણ કરેલ જે પ્રસાદીરુપ અન્ન,જળ,ફળ આદિક તે ક્યારેય પણ ન ખાવા અને ન પીવા. ॥ ૨૨ ॥

અથવા

'यस्यै देवतायै, सुरामांसनिवेदनं, यत्पुरोऽजादिहिंसा च, न भवेत्, तन्निवेदितं, भक्ष्यमित्यन्वयः ॥ २२ ॥

तात्पर्यार्थः-

'જે હનુમાન આદિ દેવ તથા પાર્વતી આદિ દેવીઓને, સુરા, માંસ આદિક અપવિત્ર નૈવેદ્ય ન ધરાતું હોય, તથા જે દેવ દેવીઓની આગળ બકરા આદિકની હિંસા ન થતી હોય, તેવા દેવ દેવીઓને અર્પણ કરેલ નૈવેદ્યરૂપી પ્રસાદિ તે ખાવા પીવા યોગ્ય છે. જ્યોતિર્લિંગ સિવાય મહાદેવના બાણની પ્રસાદિતો સર્વથા ત્યાજય છે.॥ ૨૨ ॥

दृष्ट्वा शिवालयादीनि देवागाराणि वर्त्मनि ।
प्रणम्य तानि तद्देवदर्शनं कार्यमादरात् ॥ २३ ॥

અન્વયઃ- 'वर्त्मनि, शिवालयादीनि देवागाराणि दृष्ट्वा, तानि प्रणम्य आदरात्, तद्देवदर्शनं कार्यम् ॥ २३ ॥

વ્યાખ્યા-'वर्त्मनि क्वचिन्मार्गे गम्यमाने तत्पार्श्वादौ,ક્યારેક માર્ગમાં ચાલતે થકે સમીપે આજુબાજુમાં । शिवालयादीनि,- शिवस्य शंकरस्य सुखस्य वा आलयम् आदिर्येषान्तानि,શંકરનુ અથવા સુખનું સ્થાન છે આદિ જેમાં એવાં । देवागाराणि, देवानां शिवगणेशसूर्यादिनाम् अगाराणि मन्दिराणि तानि, શિવ ગણપતિ સૂર્ય આદિકના મંદિરોને । दृष्ट्वा,જોઈને । तानि, देवागाराणि તે મંદિરોને । प्रणभ्य,પ્રણામ કરીને । आदरात्, इमे देवा मदिष्टेन परमात्मना श्री स्वामिनारायणेन जगद्व्या- पारैकदेशनिर्वाहकतया नियमिताः, तेनाऽनुप्रविष्टाश्चेति प्रित्या, આ દેવો મારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ પરમાત્માએ સૃષ્ટિમાં એક એક કાર્યના નિર્વાહ માટે નિમેલા છે, અને તેમણે પ્રવેશ કરેલા શરીર રૂપે છે-એમ ઈષ્ટ દેવની ભાવના પૂર્વક પ્રીતિથી । तद्देवदर्शनम्, तेषु देवागारेषु ये देवास्तेषां दर्शनम्,તે મંદિરોમાં જે અર્ચારૂપે બિરાજતા દેવો તેમનું દર્શન । कार्यम्, કરવું.॥ ૨૩ ॥

तात्पर्यार्थः-

'સર્વ મનુષ્યોએ, ક્યારેક માર્ગમાં ચાલતે, સમીપે વા આજુબાજુ-એ આવતા શિવાલય, ગણેશમંદિર, સૂર્યમંદિર આદિક દેવસ્થળોને જોઈને, તત્કાળ તે મંદિરોને પ્રણામ કરીને-''આ દેવો મારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ પરમાત્માએ સૃષ્ટિમાં એક એક કાર્યના નિર્વાહ માટે નિમેલા છે અને તે પરમાત્માએ પ્રવેશ કરેલા શરીર રૂપે છે'' એમ પોતાના ઈષ્ટ દેવની ભાવના પૂર્વક પ્રીતિથી, તે મંદિરોમાં જે અર્ચારૂપે વિરાજતા દેવો, તેમના સાક્ષાત્ દર્શન નમસ્કાર આદિ કરવા ॥ ૨૩ ॥

अथवा

'वर्त्मनि, (निमित्ते सप्तमी), अशिवाऽऽलयादीनि, देवागाराणि, दृष्ट्वा, तानि प्रणम्य, तद्देवदर्शनम्, आदरात्, कार्यमित्यन्वय : ॥ २३॥

વ્યાખ્યા- 'वर्त्मनि, મનુષ્યૈર્મોક્ષમાર્ગનિમિત્તમ્ મનુષ્યોએ મોક્ષમાર્ગ ને માટે । अशिवालयादीनि,- अशिवस्य-આ समन्तात् लयः, આદિના नित्यसुखं च, अस्ति यत्र तानि, अशिव જે દુઃખ તેનો સર્વ રીતે લય છે જેમાં, તથા નિત્ય સુખ છે જેમાં, એવા देवागाराणि, स्वेष्टदेवस्यअगाराणि પોતાના ઈષ્ટદેવ જે શ્રી સ્વામિનારાયણ પરમાત્મા તેમના । मन्दिराणि મંદિરોને । दृष्ट्वा જોઈને । तानि प्रणम्य, તે મંદિરોને પ્રકર્ષપણે સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કરીને । तद्देवदर्शनम् તે મંદિરોમાં પ્રતિષ્ઠાપિત પ્રતિમા જે ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા અમે તે પ્રતિમારૂપ અમારું દર્શન । आदरात्,સર્વોત્કૃષ્ટ અક્ષર ધામસ્થ દિવ્ય મૂર્તિ જે અમે પર સ્વરૂપ, તે ભાવનાથી । कार्यम्-કરવું.॥ ૨૩ ॥

तात्पर्यार्थः-

મનુષ્યોએ મોક્ષને માટે, દુઃખોનો આત્યંતિકનાશ છે જેમાં,અને નિત્યસુખ છે જેમાં,-એવા પોતાના ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ પરમાત્માના મંદિરોને જોઈને, તે મંદિરોને દંડવત્ પ્રણામ કરીને, તે મંદિરોમાં વિરાજિત પ્રતિમા રૂપે જે ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા અને તે અમારુ દર્શન,'' સર્વોત્કૃષ્ટ અક્ષરધામસ્થ દિવ્યમૂર્તિ જે અમે પરસ્વરૂપ છીએ''આવી ભાવનાથી કરવું.॥૨૩ ॥

स्ववर्णाश्रमधर्मो यः स हातव्यो न केनचित् ।
परधर्मो न चाचर्यो न च पाषण्डकल्पितः ॥ २४ ॥

अन्वयः- 'यः, स्ववर्णाश्रम धर्मः, सः, केनचिन्नः, हातव्यः, परधर्मश्च, न, आचर्यः,पाष(ख)ण्डकल्पितश्च, न, आचर्यः ॥ २४ ॥

व्याख्या- '(कैरपि)यः- કોઈએ પણ જે । स्ववर्णाश्रमधर्मः- स्वस्य वर्णः ब्राह्मणक्षत्रियवैश्यशूद्रान्यतमात्मकः, आश्रमः- ब्रह्मचारिगृहस्थ वानप्रस्थ सन्यासान्यतमात्मकः,तयोर्धर्मः। પોતાનો બ્રાહ્મણ, ક્ષત્રિય, વેશ્ય અને શૂદ્ર એમાંથી કોઈ પણ વર્ણ; અને બ્રહ્મચારી,ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યાસ એમાંથી કોઈ પણ આશ્રમ, તેને યોગ્ય ઘટિત દૃઢ જે ધર્મ। सः તે । केनचित्- केनाऽपि प्राप्तभक्तिज्ञानबलादिना विपरीतदेशकालादिना वा निमित्तेन,ભક્તિ અથવા જ્ઞાનના બળથી અથવા વિપરીત દેશકાળાદિકના યોગથી પણ । न हातव्यः- ત્યાગ ન કરવો. । परधर्मश्च, परस्य धर्मः-બ્રાહ્મણે ક્ષત્રિયનો ધર્મ, ક્ષત્રિયે વૈશ્યનો ધર્મ, વૈશ્યે શૂદ્રનો ધર્મ, શૂદ્રે બ્રાહ્મણાદિનો ધર્મ,ગૃહસ્થે ત્યાગીનો ધર્મ, ત્યાગીએ ગૃહસ્થનો ધર્મ । न आचर्यः-આચરણરુપે ગ્રહણ ન કરવો.। पाष(ख)ण्डकल्पितश्च, पापं सनोतीति पाषण्डः यद्धा पान्तीति पाः धर्ममर्यादाः ताः खण्डयतीति पाखण्डः वेदविरुद्धः शाक्य- भिक्षुक- क्षपणकादीनां धर्मः, तेन सहितः कल्पितः ऐच्छिको धर्मः,પાપનો દેનાર અને ધર્મમર્યાદાત્મક

વેદત્રયીનું ખંડન કરનાર એવો બૌદ્ધ, જૈન, ચાર્વાકાદિકનો કલ્પિક ધર્મ તે । ન આચર્યઃ, આચરણ રૂપે ગ્રહણ ન કરવો.॥ ૨૪॥

तात्पर्यार्थः-

કોઈએ પણ, પોતાનો જે-બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચારમાંથી કોઈ પણ વર્ણ; અને બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યાસ એ ચારમાંનો કોઈ પણ આશ્રમ; તેનો જે ધર્મ, તે ભક્તિ તથા જ્ઞાનના બળથી અથવા વિપરીત દેશકાળાદિકના યોગથી પણ ત્યાગ ન કરવો તથા બ્રાહ્મણે ક્ષત્રિયાદિકનો ધર્મ, ક્ષત્રિયે વૈશ્યાદિકનો ધર્મ, વૈશ્યે શુદ્રાદિકનો ધર્મ, શૂદ્રે બ્રાહ્મણાદિકનો ધર્મ, ગૃહસ્થે ત્યાગીનો ધર્મ, ત્યાગીએ ગૃહસ્થનો ધર્મ,-એ પ્રમાણે જે પરધર્મ, તેનું આચરણ ન કરવું તથા પાપજનક,અને વૈદિક ધર્મ મર્યાદાનું ખંડન કરનારા એવા જે બૌદ્ધ, જૈન,ચાર્વાક આદિક તેમના જે કલ્પિત ધર્મો તેમનું આચરણ પણ ન જ કરવું.॥ ૨૪॥

અથવા

'स्व वर्णाऽऽश्रमधर्मः, न हातव्यः, केनचिद्, अखण्डकल्पितः, पा, न हातव्या,परधर्मश्च,न, आचर्यः, इत्यन्वयः ॥ २४ ॥

व्याख्या- 'केनचित्, स्वस्य वर्णाः- मातृभाषाक्षराणि, तेषु आ समन्तात्, श्रमः-अभ्यासः, स एव धर्मः-स च न हातव्यः, કોઈએ પણ પોતાની માતૃભાષાના જે અક્ષરો તેમાં જે પૂર્ણ અભ્યાસ તે ન તજવો । अखण्डः अप्रतिहता कल्पः - कल्पना शास्त्र वाऽस्याऽस्तीति अखण्डकल्पी, तस्मात्, पञ्चम्यास्तसिल्। 'कल्पो विकल्पे कल्पद्रौ संवते ब्रह्मवासरे । शास्त्रे न्याये विधौ न्याये विधौ' इति हैमः। અને અપ્રતિહત એવી કલ્પના વા શાસ્ત્રવેત્તાના અભિમાનપણાથી । पा-વૈદિક ધર્મ મર્યાદા । हात्व्या ન હણવી. । परधर्मः परस्य परमात्मनो धर्मः सर्वपूज्यत्वादि अहं भगवानित्यभिमानः, स न आचर्यः,પર જે પરમાત્મા એવા અમે તે અમારો ધર્મ સર્વ પૂજ્યતા સર્વનિયંતૃત્વ આદિ,-(હું ભગવાન છું એવું અભિમાન) તે કોઈએ પણ ન આચરણ કરવું.॥ ૨૪ ॥

तात्पर्यार्थः-

કોઈએ પણ પોતાની માતૃભાષા આદિક વિદ્યાનો અભ્યાસ ન તજવો, અને કોઈ અપ્રતિહત કલ્પના અથવા શાસ્ત્ર જાણવાપણાના અભિમાનથી વૈદિક ધર્મ મર્યાદા ન હણવી તથા પર જે પરમાત્મા એવા અમે તે અમારો ધર્મ સર્વ પૂજ્યપણું સર્વ નિયંતૃપણું આદિ, તે લઈને ભગવાનપણાનો આડંબર કોઈએ પણ ન આચરણ કરવો. ॥ ૨૪॥

कृष्णभक्ते : स्वधर्माद्धा पतनं यस्य वाक्यतः ।
स्यात् तन्मुखान्न वै श्रव्यां कथा वार्ताश्च वा प्रभोः ॥ २५ ॥

अन्वयः-'यस्य वाक्यतः, कृष्णभक्ते :, स्वधर्माद्वा, पतनं, स्यात्, तन्मुखात्, प्रभोः, कथा वार्ताश्च, वा न वै, श्रव्या ॥ २५ ॥

व्याख्या-'यस्य वाक्यतः જે પુરુષે કરેલી કથા અને વાર્તા દ્વારા । कृष्णभक्तैः श्रीहरिकृष्णभक्तैःश्री स्वामिनारायण परमात्मा એવા અમે તે અમારી ભક્તિથી । स्वधर्माद्वा અથવા પોતાના ધર્મથી । स्वस्य धर्मः, आचार्योपदिष्टं विशिष्टाद्वैतमतं वा, तस्मात् અથવા પોતાના આચાર્યોથી ઉપદિષ્ટ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતથી । पतनं स्यात्- પડવાપણું થાય । तन्मुखात् તેવા પુરુષના મુખ થકી । प्रभोः, परमात्मनो हरिकृष्णस्य मम,પરમાત્મા હરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ જે અમે તે અમારા સંબંધી એવી । कथाः,પુરાણાદિકની વ્યાખ્યાઓ । वार्ताश्च,તથા પરંપરાશ્રુત વાર્તાઓ । न, वै श्रव्याः, न જ સાંભળવી.॥ ૨૫ ॥

अथवा

'वा, यस्य वाक्यतः कृष्णभक्तें स्वधर्माद्वा, पतनं न स्यात्, तन्मुखात्, प्रभोः कथाः वार्ताश्च, वै श्रव्याः, इत्यन्वयः ॥ २५ ॥

तात्पर्यार्थः-

અથવા જેણે કહેલ કથા વાર્તાથી, પરમાત્મા અવતારી શ્રીહરિકૃષ્ણ જે અમે તે અમારી ભક્તિથી અને પોતાના વર્ણાશ્રમના ધર્મથી પડવાપણું ન થાય, તેના મુખ થકી સર્વેશનશીલ એવા જે અમે તે અમારી કથા અને વાર્તાઓ અવશ્ય સાંભળવી.॥ ૨૫ ॥

स्वपरद्रोहजननं, सत्यं भाष्यं न कर्हिचित्, ।
कृतघ्नसङ्गस्त्यक्तव्यो लुञ्चा ग्राह्या न कस्यचित् ॥ २६ ॥

अन्वयः -'स्वपरद्रोहजननं,सत्यं , कर्हिचितं, न भाष्यम्, कृतघ्नसङ्गः, त्यक्तव्यः, कस्यचित्, लुञ्चा, न ग्राह्या ॥ २६॥

व्याख्या- 'स्वपरद्रोहजननम्, - स्वस्य परस्य च द्रोहःअपकृष्टता हिंसाद्युपद्रवस्तस्य जननम् उत्पादकम्, જે સત્ય વચન બોલવા વડે પોતાનો અને બીજાનો દ્રોહ જે હલકાઈ અવનતિ કે હિંસા આદિ ઉપદ્રવ તે ઉત્પન્ન થાય તેવું । सत्यम् यथादृष्टार्थमपि वचः -સાક્ષાત્ જોએલ સત્ય વૃત્તાંત જણાવતું એવું પણ વચન તે । कर्हिचित् ક્યારેય પણ । न वाच्यम् ન બોલવું. 'જેમ સ્ત્રીને ન જોવાય, ન અડાય-એવા નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતવાળા ત્યાગીને, કદાચ ઘણા મનુષ્યોની સાધારણ ભીડ વાળા માર્ગમાં ચાલવાનો સમય બન્યો, તે ભીડમાં નાની ઉમ્મરની કોઈ સ્ત્રીઓએ મોજા સ્વેટર ચશ્મા આદિ પહેરેલા હોય છે. જેથી પુરુષની ભ્રાંતિ થાય, તે વખતે તે સ્ત્રી વર્ગને અડી ન જવાય તેવા અભિપ્રાયથી સ્ત્રી વ્યક્તિની ઓળખાણ વાસ્તે તેવી સ્ત્રી સામુ નૈષ્ઠિક ત્યાગીએ જોયું હોય, તે જોવું 'સત્ય' તો

છે, પણ તુરત જ તેને જુદાજ (કલંક)રૂપમાં કોઈ કહે જે-"એ નૈષ્ઠિક ત્યાગીએ માર્ગમાં અમુક પ્રકારના વેશવાળી સ્ત્રીને નિહાળી-" તો એ યદ્યપિ સત્ય વચન તો છે પણ તે વચન નૈષ્ઠિક ત્યાગીને દુઃખ ઉત્પન્ન કરનાર છે તથા બીજા સાંભળનારાઓને પણ ઘૃણા દૃષ્ટિરૂપી દુઃખ ઉત્પન્ન કરનાર છે, આવું દ્રોહજનક જે સત્ય વચન તે "સત્ય વૃત્તાંતને ભાવ દુષ્ટ કરીને રૂપાંતર ખડું કરાવીને દ્રોહ-જે હલકાઈ, અવનતિ કે હિંસા ઉત્પન્ન થાય તેવો સમય લાવી દે એવું સત્ય વચન' તે ન બોલવું' એવો અભિપ્રાય છે.। कृतघ्नसङ्गः, कृतम् उपकारं, हन्ति वाचा इति कृतघ्नस्तस्य सङ्गः, કરેલા ઉપકારને ન ગણતો અને અપકારને કરતો એવો જે કૃતઘ્ન જન તેનો સહકાર । त्यक्तव्यः-સદા તજવો, ન જ કરવો. । कस्यचित्, धार्मिकस्याऽधार्मिकस्य वा दोषोपहतस्य मनुष्यस्य,ધાર્મિક અથવા અધાર્મિક એવો, દોષમાં આવેલો કોઈપણ જે મનુષ્ય તેની પાસેથી । लुञ्छा, लुञ्छनम्, उत्कोचः, લાંચનું દ્રવ્ય । न ग्राह्या ગ્રહણ ન કરવું.॥ ૨૬॥

तात्पर्यार्थः-

જે સત્ય વચન બોલવાથી પોતાનો અથવા બીજાનો દ્રોહ જે હલકાઈ અવનતિ કે હિંસા આદિક ઉપદ્રવ તે ઉત્પન્ન થાય તેવું, સાક્ષાત્ જોએલ સત્ય વૃત્તાંતને પ્રકાશિત કરતું એવું વચન તે ક્યારેય પણ ન બોલવું. જેમ સ્ત્રીને ન અડી જવાય એવા અભિપ્રાયથી માર્ગમાં સ્ત્રી વ્યક્તિના ભાન વાસ્તે ત્યાગીએ કરેલ દૃષ્ટિપાતમાં-'આ ત્યાગીએ સ્ત્રી ને નિરખી' એવા કલંકનો આભાસ કરે એવું સત્ય તે ત્યાગીને અને બીજાને દુઃખકર થાય માટે તેવું સત્ય ન બોલવું તથા કરેલા ઉપકારને ન ગણે અને અપકાર કરે એવો જે કૃતઘ્ન મનુષ્ય તેનો સમાગમ સદા તજવો, ન જ કરવો અને દોષમાં આવેલા એવા કોઈપણ ધાર્મિક અથવા અધાર્મિક મનુષ્ય પાસેથી લાંચનું દ્રવ્ય ન લેવું ॥ ૨૬ ॥

અથવા

(यत) कर्हिचित्, स्वपरद्रोहजननं, न (भवति), तादृशं, सत्यं, भाष्यं, कृतघ्नसंगो, न, त्यक्तव्यः, कस्यचित्, लुच्छा, अग्राह्या, इत्यन्वयः ॥ ૨૬ ॥

व्याख्या-'कृतघ्नसङ्गः 'कृतं युगेऽलभर्थे स्वाद् विहिते हिंसिते त्रिषु इति मेदिनी, कृतं हिसितिं हन्तीति कृतघ्नः अहिंसकः, तस्य संगो न त्यक्तव्यः ॥ ૨૬॥

तात्पर्यार्थः-

' જે વચન કયારેય પણ પોતાનો તથા બીજાનો દ્રોહ ઉત્પન્ન કરે એવું ન હોય તેવું સત્ય વચન બોલવું અને હિંસાના કર્મનું ખંડન કરનારા મનુષ્યનો સંગ ન તજવો તથા કોઈનાથી પણ લાંચનું જે દ્રવ્ય તે ગ્રહણ ન કરવું.॥ ૨૬॥

चोरपापिव्यसनिनां सङ्गः पाषण्डिनां तथा ।
कामिनां च न कर्तव्यो जनवञ्चनकर्मणाम् ॥ २७ ॥

अन्वयः- 'चोरपापिव्यसनिनां, तथा पाषण्डिनां, कामिनां, जनवञ्चनकर्मणां, च, संगः, न, कर्तव्यः, ॥ २७ ॥

व्याख्या- 'चोरपापिव्यसनिनाम्, अदत्त એવા પરદ્રવ્યનું અપહરણ કરનારા ચોરોનો, પ્રાણી હિંસાદિક પાપકર્મશીલ એવા પાપીઓનો તથા' સ્ત્રી, પરપુરુષ, દ્યુત, મૃગયા, મદ્ય, નૃત્ય, વૃથા અટન(કારણ વગર રખડવું), નિંદા ઇત્યાદિક વ્યસનવાળાઓનો તથા ભાંગ્ય,માજમ,અફિણ,તમાકુ,ગાંજો આદિકના વ્યસનવાળાઓનો । તથા પાષણ્ડિનામ્,-તથા વેદ વિરુદ્ધ આચરણ કરનારા પાખંડિઓનો,। કામિનામ્- તથા પર સ્ત્રીના કામુક, પર પુરુષની કામુક એવા કામીજનોનો,તથા । જનવઞ્ચનકર્મણામ્,- જનાનાં વઞ્ચનં છલનં તદેવ કર્મ યેષાં તેષાં च, સ્વાર્થ માટે મનુષ્યોના છેતરનારાઓનો, તથા ઉદ્ધત, ઉન્મત્ત, અવિનીત, શીલહીન, અતિવ્યયી, અતિવૈરી, ક્રૂર, નિંદિત, અતિશંકી, એવાઓનો તથા અતિકોઢી, ચેપી રોગવાળા, એવાઓનો । सङ्गः સમાગમ કે સહવાસ । न कर्तव्यः- ન જ કરવો.॥ ૨૭ ॥

तात्पर्यार्थः-

'અદત્ત એવા પર દ્રવ્યનું અપહરણ કરનારા જે ચોરો, પ્રાણિહિંસાદિ પાપકર્મશીલ એવા પાપીઓ તથા' સ્ત્રી પરપુરુષ, દ્યુત,મૃગયા,મદ્ય,નૃત્ય વૃથા અટન,નિંદા,ભાંગ્ય,માજમ,ગાંજો, અફિણ, તમાકુ આદિના વ્યસનવાળાઓ, તથા પરસ્ત્રી કામુક-પરપુરષ કામુક એવા કામીજનો, તથા સ્વાર્થ માટે મનુષ્યોને છેતરનારાઓ;તથા ઉદ્ધત,ઉન્મત્ત,અવિનીત,શીલહીન, અતિવ્યયી, અતિવૈરી, ક્રૂર, નિંદિત, અતિશંકી, એવા જે મનુષ્યો તેમનો, તથા અતિકોઢી, ચેપી રોગ વાળા એવા જે રોગીઓ તેમનો સમાગમ કે સહવાસ તે ન કરવો. ॥ ૨૭ ॥

भक्तिं वा ज्ञानमालम्ब्य स्त्रीद्रव्यारसलोलुभाः ।
पापे प्रवर्तमानाः स्युं कार्यस्तेषां न सङ्गमः ॥ २८ ॥

अन्वयः- (ये), भक्तिं, वा ज्ञानम्, आलम्ब्य, स्त्रीद्रव्यरसलोलुभाः, पापे, प्रवर्तमानाः, स्युं, तेषां सङ्गमो, न कार्यः, ॥ २८ ॥

व्याख्या-'(ये)જે જનો । भक्तिम्, શ્રી સ્વામિનારાયણ પરમાત્મા એવા જે અમે તે અમારી ભક્તિને । वा,-અથવા । ज्ञानम्-આત્મજ્ઞાનના બળને । अवलम्ब्य -અવલંબીને । स्त्रीद्रव्यरसलोलुभाः પરસ્ત્રી, પરપુરુષ દ્રવ્ય, અને રસાસ્વાદમાં લોભાયા થકા । पापे, પરસ્ત્રીસંગ, પરપુરુષ સંગે, પર દ્રવ્ય મિષ્ટાન્નનો અતિ સ્વાદ, એ આદિકામાં । प्रवर्तमानाः स्युः, પ્રવર્તતા હોય । तेषाम् તેવા મનુષ્યોનો

। सङ्गम् સમાગમ કે સહવાસ । न कार्यः,ન કરવો॥ ૨૮॥

तात्पर्यार्थः-

'જે મનુષ્યો, શ્રી સ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારી ભક્તિના બળને અથવા આત્માજ્ઞાનના બળને અવલમ્બી જે, પરસ્ત્રી, પરપુરુષ, પરદ્રવ્ય તથા રસાસ્વાદ એ આદિકમાં લોલુપ થકા પ્રવર્તતા હોય, તેવા મનુષ્યોનો સમાગમ કે સહવાસ ન કરવો . ॥ ૨૮ ॥

अथवा

'ये स्त्री द्रव्यरसलोलुभाः, न स्युं, पापेऽप्रवर्तमानश्च, स्युं, तेषां संगमः, भक्तिं वा ज्ञानम्, अवलम्ब्य, कार्यः, इत्यन्वयः ॥ ૨૮ ॥

तात्पर्यार्थः-

'જેઓ' પરસ્ત્રી, પરપુરુષ, પરદ્રવ્ય, અને રસાસ્વાદમાં લોલુપ ન હોય તેમ પાપમાં પ્રવર્તતા ન હોય, તેવા મનુષ્યોનો સમાગમ પણ, જો તેઓ દ્વારા ' પરબ્રહ્મ જે અમે તે અમારી ભક્તિની અને અમારા માહાત્મ્યજ્ઞાનની પ્રાપ્તિ થાય એમ હોય તો, તેવું અવલંબન રાખીને કરવો.॥ ૨૮ ॥

कृष्ण-कृष्णावतारांणां खण्डनं यत्र युक्तिभिः ।
कृतं स्यात् तानि शास्त्राणि न मान्यानि कदाचन ॥ ૨૯ ॥

अन्वयः- 'यत्र, कृष्ण- कृष्णावतारांणां, युक्तिभिः, खण्डनं, कृतं, स्यात्, तानि शास्त्राणि, कदाचन, न , मान्यानि ॥ ૨૯॥

व्याख्या-'यत्र,જે શાસ્ત્રોમાં कृष्ण-कृष्णावतारांणाम्,कर्षति दुःखानिति कृष्णः, 'कृषिरुत्कृष्टवचनो नश्च निवृतिवाचकः। तयोरैक्यं परंब्रह्म कृष्ण-इत्यभिधीयते' इत्यौपनिषदाः, उत्कृष्टा निवृत्तिर्वा यस्यादिति व्युत्पत्तिः, દુઃખોના નાશ કરનારા, નિરતિશય સુખના આપનારા, પરબ્રહ્મ જે શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા, તથા कृष्णस्य- श्रीहरिकृष्णस्य-
(ટીપ્પણી : हरिकृष्णावतारांणामिति पाठः श्रेष्ठतम् ।) परब्रह्मणः शरीरात्मका य ईश्वरावतारा राम-कृष्ण-वराहादस्तेषाम्, શ્રીહરિકૃષ્ણ-શ્રી સ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારા શરીર રૂપ એવા ઈશ્વરાવતારો રામ, કૃષ્ણ,વરાહ, આદિક તેઓનું । युक्तिभिः- प्रतिज्ञाहेतूदाहरणोपनयनिगमनात्मकन्यायप्रयोगैः शास्त्रीयतत्त्वानुकूलकैश्च,-શાસ્ત્રીય એવા-પ્રતિજ્ઞા, હેતું, ઉદાહરણ, ઉપનય, નિગમ,એ પાંચ ન્યાય પ્રયોગ વડે,અને શાસ્ત્રાનુકૂળ તર્કો વડે । खण्डनम्,- ''સર્વેશ્વર પરમાત્મા કોઈ છે જ નહિ, અથવા સર્વેશ્વર કોઈ હશે પણ તે શ્રી સ્વામિનારાયણ નહિ,ભલે શ્રી સ્વામિનારાયણ ઈશ્વર હોય,પણ પરબ્રહ્મ પરમેશ્વર તો નહિ, પરબ્રહ્મ તો નિરાકાર નિર્ગુણ છે, તે સાકારરૂપે અવતરે જ

નહિ, જે વિષ્ણુરુપી ઈશ્વર રામકૃષ્ણાદિકરૂપે અવતરે છે તે તેમ નથી. કિંતુ તે દેવી જીવો છે ઈશ્વરાવતારો નથી, એ પ્રમાણે ખંડન । कृतं स्यात्,- કરેલ હોય । तानि शास्त्राणि, તેવા નાસ્તિક શાસ્ત્રો । कदाचन्-ક્યારેય પણ । न मान्यानि,- ન માનવા ॥

વ્યાસજીએ શ્રીકૃષ્ણ તથા રામચન્દ્ર આદિકને વિષ્ણુના અંશાવતારે કહ્યા છે.

'अनुग्रहार्थं लोकानां विष्णुर्लोकनमस्कृतः।
वसुदेवात्तु देवक्यां प्रादुर्भूतो महायशाः ॥ ९९॥

(મહાભારત, અંશાવતરણ પર્વ(આદિ પર્વ) અધ્યાય ૬૩. શ્લોક ૯૯)

લોકો પર અનુગ્રહ કરવા લોકનમસ્કૃત વિષ્ણુ મહાયશસ્વી વસુદેવ થકી દેવકીમાં પ્રાદુર્ભુત થયા.

नारायणमिमत्रघ्नं वैकुण्ठमुपचक्रमुः ॥ ५१ ॥
अंशेनावतरत्वेंव तथेत्याह च तं हरिः ॥ ५४ ॥

(મહાભારત, સંભવપર્વ,૫૧,આદિ પર્વ અધ્યાય ૬૪)

દેવો આદિકે વૈકુંઠમાં જઈને નારાયણને કહ્યું- હે પ્રભો ! આપ અંશ વડે પૃથિવી પર અવતરો, ત્યારે હરિએ કબુલ કર્યુ.

(વાયુપુરાણ, અધ્યાય, ૧ શ્લોક ૧૪૮)

'कंसस्य चापि दैरात्म्यमेकान्तेन समुद्भवः ।
वासुदेवस्य देवक्यां विष्णोर्जन्म प्रजापतेः ॥ १४८ ॥

કંસનું દુષ્ટપણુ અને વસુદેવ થકી દેવકીમાં પ્રજાના પતિ એવા વિષ્ણુનો જન્મ કહ્યો છે.

अष्टाविंशे पुनः प्राप्ते परिवर्ते क्रमागते
पराशरसुतः श्रीमान् विष्णुर्लोकपितामहः' ॥ २१७॥
यदा भविष्यति व्यासोनाम्ना द्वैपायनः प्रभुः ।
तदा षष्ठेन चांशेन कृष्णः पुरुषसत्तमः'
वसुदेवात् यदुश्रेष्ठो वासुदेवो भविष्यति॥ २१८ ॥

(વાયુપુરાણ અધ્યાય ૨૩, શ્લોક ૨૧૭,૨૧૮)

અઠ્ઠાવિશમા દ્વાપરમાં વિષ્ણુ સ્વયં પરાશરના પુત્ર એવા'દ્વૈપાયન' વ્યાસ થશે, ત્યારે પુરુષ શ્રેષ્ઠ એવા વિષ્ણુ છઠ્ઠે અંશે કરીને 'કૃષ્ણ'રૂપે વસુદેવ થકી પ્રગટ થશે અને વાસુદેવ કહેવાશે. ॥ ૨૧૭॥ ૨૧૮॥

अथ तस्यामवस्था यामायुष्मान् संबभूव ह ।
लोकनाथः पुनर्विष्णुः पूर्वकृष्णः प्रजापतिः'॥ १७४॥

(વાયુપુરાણ, અધ્યાય ૯૬, શ્લોક ૧૭૪)

કંસે દેવકીના છ પુત્રો માર્યા પછી લોકના સ્વામી પૂર્વ કૃષ્ણ નામના પ્રજાપતિ હતા એવા જે વિષ્ણુ તે પુનઃ કૃષ્ણરૂપે પ્રગટ થયા.

ઋષય ઊચુઃ- કિ એષ વસુદેવશ્ચદેવકી ચ યશસ્વિની ।
નન્દગોપસ્તુ કસ્ત્વેષ ચ મહાયશાઃ।
યો વિષ્ણું જનયામાસ યા ચૈનં ચાડભ્યવર્ધયત્' ॥ ૨૨૯॥

વસુદેવ દેવકી કોણ હતા, તથા નંદ અને યશોદા કોણ હતા ? જેમણે વિષ્ણુને જન્મઆપ્યો, તથા તે વિષ્ણુને મોટા કર્યા. ॥ ૨૨૯ ॥

તથૈવ નવમો વિષ્ણુરદિત્યાઃ કશ્યપાત્મજઃ ।
દેવક્યા વસુદેવાત્તુ બ્રહ્મગાર્ગ્યપુરઃસરઃ' ॥ ૯૪॥
અષ્ટાવિંશતિમે તદ્વદ્ દ્વાપરસ્યાંઽશસંક્ષયે ।
નષ્ટે ધર્મે તદા જજ્ઞે વિષ્ણુર્વૃષ્ણિકુલે પ્રભુઃ' ॥ ૯૭॥
(વાયુપુરાણ, અધ્યાય ૯૮, શ્લોક ૯૪,૯૭)

કશ્યપથી અદિતિમાં ઉત્પન્ન થએલા નવમા જન્મરૂપ વિષ્ણુએ વસુદેવ થકી દેવકીમાં જન્મ લીધો અને અઠ્ઠાવિશમા દ્વાપરનો અંશ સમાપ્ત થયે સતે ધર્મ નાશ પામ્યો ત્યારે વૃષ્ણિના કુળમાં વિષ્ણુ પ્રગટ થયા.

જગ્રહે પૌરુષં રૂપં ભગવાન મહદાદિભિઃ ।
સંભૂતં ષોડશકલમાદૌ લોકસિસૃક્ષયા'॥ ૯ ॥
યસ્યાંભસિ શયાનસ્ય યોગનિદ્રાં વિતન્વતઃ' ॥ ૨ ॥
વિંશતિમે વૃષ્ણિષુ પ્રાપ્ય જન્મની ।
રામકૃષ્ણાવિતિ ભુવો ભગવાનહરદ્ ભરમ્' ॥ ૨૩ ॥
(ભાગવત- ૧/૩/૧,૨)

ભગવાને મહત્તત્વાદિકને ગ્રહણ કરી પુરુષ રૂપ ધર્યું, જે લોક સર્જવા માટે સોળ કળા સંપૂર્ણ થયુ, તે જળમાં સુતા અને યોગનિદ્રામાં ગયા, તેવા વિરાટ નારાયણે વૃષ્ણિઓમાં વિશમે અવતાર કૃષ્ણ બળદેવ રૂપે લીધો, અને ભૂભાર ઉતાર્યો

એતે ચાંસકલાઃ પુંસઃ કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયમ્ ॥ ૨૮॥

માટે બીજા વિરાટ નારાયણના અંશ અને કળા અવતાર કહેવાય છે અને કૃષ્ણ તો સ્વયં નારાયણ ભગવાન છે' આ પ્રમાણે જલશાયિનારાયણનું રૂપ શ્રીકૃષ્ણ કહ્યા છે.

ભૂમેઃ સુરતરવરૂથવિમર્દિતાયાઃ ક્લેશવ્યયાય કલયા સિતકૃષ્ણકેશઃ।
જાતઃ કરિષ્યતિ જનાનુપલક્ષ્યમાઃ કર્માણિ ચાત્મમહિમોપનિબન્ધનાનિ ॥ ૨૬ ॥
(ભાગવત- ૨/૭/૨૬)

દૈત્યોએ દુઃખિત કરેલી પૃથ્વીના કલેશ નાશ માટે કલાથી ભૂમા પુરુષના ધોળા અને કાળા એવા બે મુવાળારૂપ પ્રગટ થએલા એવા બળરામ અને શ્રીકૃષ્ણ બન્ને પોતાના મહિમાથી અલૌકિક ચમત્કારો જનોને બતાવશે. છતા જનો ઓળખી નહીં શકે.

આ સ્થળે ભક્તરઞ્જનીટીકા મા શંકા સમાધાન રૂપે કહેલ છે જે-"વિષ્ણુ પુરાણ અને, મહાભારતમાં બળરામ તથા શ્રીકૃષ્ણને ભૂમા પુરુષના ધોળા અને કાળા મુવાળા રૂપે પ્રાદુર્ભાવ કહેલ છે તેનું કેમ ? ", ભુમાપુરુષનો જવાબ-' જે મારા બે કેશ પણ એવા દૈત્યનાશ કરવા રૂપી કાર્યો કરી શકે છે તો પછી હું પોતે હોઉં તો શું ન કરૂ " ઇત્યાદિ- ૨૬માં ૪૮ નો શ્લોકમાં 'गूढंपरंब्रह्म मनुष्यलिंगम्'જે કહેલ છે, ત્યાં ગૂઢ શબ્દનો પ્રયોગ કરેલ છે. માટે વિષ્ણુરૂપી કૃષ્ણમાં પરબ્રહ્મ તો ગુઢ રહેલા જ છે. જેથી પરબ્રહ્મ કહેવા વડે મહિમા વર્ણવેલ છે, પછીથી ૬૧ ના શ્લોકમાં 'तदायं भगवान् विष्णुस्तत्रोपायमकल्पयत्'એ વાક્યથી શ્રીકૃષ્ણ ભગવાનને વિષ્ણુ કહેલા છે.(ભાગવત- ૧૦/૧/૨,૬૫)

यदोश्च धर्मशीलस्य नितरां मुनिसत्तम।
तत्रांशेनाऽवतीर्णस्य विष्णोर्वीर्याणि शंस नः॥ २ ॥

પરીક્ષીત, શુકજીને કહે છે, ધર્મશીલ યદુવંશમાં અંશ વડે અવતીર્ણ થએલા વિષ્ણુના પરાક્રમ મને કહો.

देवक्या गर्भसंभूतं विष्णुं च स्ववधं प्रति' ॥ ६५॥

(ભાગવત- ૧૦/૮/૩૫)

કંસે દેવકીના ગર્ભથી થયેલા વિષ્ણુ મારો વધ કરનાર છે એમ જાણ્યુ.

'अवतीर्णोंशभागेन साम्प्रतं पतिराशिषाम्'॥ ३५ ॥

(ભાગવત- ૧૦/૩૩/૨૭)

તે ભગવાન અંશ ભાગથી હાલમાં અવતરેલા છે.

संस्थापनाय धर्मस्य प्रशमायेतरस्य च ।
अवतीर्णो हि भगवानंशेन जगदीश्वरः'॥ २७ ॥

(ભાગવત- ૧૦/૩૮/૩૨-૩૩)

ધર્મ સ્થાપન માટે અધર્મ શમાવા માટે જગદીશ્વર ભગવાન અંશથી ઉત્પન્ન થયા.

प्रधानपुरुषावाद्यौ जगद्धेतू जगत्पती।
अवतीर्णौ जगत्यर्थे स्वांशेसन बलकेशवौ' ॥ ३२ ॥

આદિ પ્રધાન પુરુષ પોતે જગતનો ભાર ઉતારવા પોતાના અંશથી ઉત્પન્ન થએલા આ બળદેવજી અને કેશવ શ્રીકૃષ્ણ છે.

एतो भागवतः साक्षाद्धरेर्नारायणस्य हि ।
अवतीर्णाविहांशेन वसुदेवस्य वेश्मनि'॥ २३॥
(ભાગવત- ૧૦/૪૬/૨૩)

આ બન્ને બળરામ અને કૃષ્ણ તે વસુદેવને ઘેર સાક્ષાત્ નારાયણના અંશથી અવતરેલા છે.

मन्ये कृष्णं च रामं च प्राप्तावहिसुरोत्तमौ।
सुराणां महदर्ताय गर्गस्य वचनं यथा' ॥ २३ ।
(ભાગવત- ૧૦/૨/૫,૯,૧૬)

નંદ કહે છે, 'કૃષ્ણ અને રામ દેવોના કાર્ય માટે ગર્ગના વચન પ્રમાણે સુરોત્તમ આંહી અવતરેલા છે.॥ ૨૩ ॥

सप्तमं वैष्णवं धाम यमनन्तं प्रचक्षते ।
गर्भो बभूव देवक्या हर्षशोकविवर्धनः' ॥ ५ ॥
अथाऽहमंशभागेन देवक्यां पुत्रतां शुभे प्राप्स्यामि॥ ९॥
भगवानपि विश्वात्मा भक्तानामभयंकरः ।
आविवेशांशभागेन मन आनकदुन्दुभेः॥ १६॥

વિષ્ણુ રૂપી અનંત(શેષ) નામક તેજ તે દેવકીના સાતમા ગર્ભ રૂપે થયું વિષ્ણ કહે છે- અને હું અંશ રૂપે દેવકીનો સાતમો ગર્ભ થઈશ.વિશ્વાત્મા અભયકર ભગવાને અંશ ભાગ વડે કરીને વસુદેવમાં પ્રવેશ કર્યો.

दिष्ट्याम्ब ! ते कुक्षिगतः परःपुमांशेन साक्षाद्भगवान् भवायनः॥ ४१॥

હે માતા ! ભાગ્યથી જ પરમ પુરુષ અંશ વડે કરીને તમારા ઉદરમાં આવ્યા છે.

युवां प्रधानपुरुषौ जगद्धेतू जगन्मयौ'॥ १८ ॥

તમો બન્ને જગતના હેતુ જગત્મય પ્રધાનપુરુષ છો.

स त्वं प्रमोऽद्य वसुदेवगृहेऽवतीर्णः
स्वांशेन भारमपनेतुमिहासि भूमेः" ॥ २४ ॥
(ભાગવત- ૧૦/૪૮/૧૮,૨૪)

હે પ્રભો તે તમો પૃથ્વીનો ભાર ઉતારવા વસુદેવને ઘરે અંશ માત્ર વડે કરીને અવતીર્ણ થયા છો.

लोके भवान् जगदिनः कलयाऽवतीर्णः ॥ २७ ॥
(ભાગવત- ૧૦/૭૦/૨૭)

આ લોકમાં તમો જગત ના રક્ષણાર્થે કલા વડે કરીને અવતીર્ણ થયા છો.

ववंद आत्मानमनन्तमच्युतो विष्णुश्च तद्दर्शनजातसाध्वसः ।

तावाह भूमा परमेष्ठिनां प्रभुर्बद्धांजली सस्मितमूर्चया गिरा॥ ५८ ॥
द्विजात्मजा मे युवयोर्धिदृक्षुणा मयोपनीता भुवि धर्मगुप्तये ।
कलावतीर्णावनेर्भरासुरान्हत्वेह भूय स्त्वरयेतमन्ति मे ॥ ५९ ॥
पूर्णकामावपि युवां नरनारायणावृषी।
धर्ममाचरतां स्थित्यै ऋषभौ लोकसंग्रहम् ॥ ६० ।
इत्यादिष्टौ भगवता तौ कृष्णौ परमेष्ठिना ॥
औमित्यानम्य भूमानमादाय द्विजदारकान् ॥ ६१ ॥
न्यवर्ततां स्वकं धाम संप्रह्रष्टौ यथागतम् ।
विप्राय ददतुः पुत्रान् यथारुपं यथा वयः । ६२॥
निशम्य वैष्णवं धाम पार्थः परमविस्मितः' ॥ ६३ ॥

(ભાગવત- ૧૦/૮૯/૫૮-૬૩)

ભૂમા પુરુષના દર્શન વડે પ્રસન્ન થએલા અર્જુન અને કૃષ્ણ તેમની સ્તુતિ કરવા લાગ્યા. પછી શેષશાયી તે પ્રભુ ભૂમા પુરુષે અર્જુન અને કૃષ્ણને કહ્યું.“હે કૃષ્ણ ! હે અર્જુન! બ્રાહ્મણના બાળકો આ રહ્યા,લઈ જાઓ, પણ તમો બન્ને ધર્મ રક્ષણાર્થ મારી કલાથી અવતરેલા છો.માટે ભૂભાર ઉતારીને જલદી મારી પાસે ચાલ્યા આવો. તમો સાક્ષાત્ નર નારાયણ ઋષી પૂર્ણકામ છો. છતાં લોક સંગ્રહાર્થ ધર્મ આચરો છો. એ સાંભળીને કૃષ્ણ અને અર્જુને તે ભૂમા પુરુષની આજ્ઞા સ્વીકારીને નમસ્કાર કરીને બ્રાહ્મણના બાળકો લઈને પોતાનું ધામ જે દ્વારિકા ત્યાં આવીને બ્રાહ્મણને તેના બાળકો સોપ્યા. અર્જુન આ વિષ્ણુનુ ધામ જોઈને વિસ્મય પામીને પુરુષનું જે કાંઇ સામર્થ્ય તે શ્રીકૃષ્ણની કૃપાથી જ પ્રાપ્ત છે એમ માનતા હતા.

मया निष्पादितं ह्यत्र देवकार्यमशेषतः।
यदर्थमवतीर्णोऽहमंशेन ब्रह्मणार्थितः' ॥ २ ॥

(ભાગવત- ૧૧/૭/૨

બ્રહ્માની પ્રાર્થનાથી જે કાર્ય કરવા હું અંશ વડે અવતર્યો હતો. તે પૂર્ણ થયું છે. કોઇ અંશનો બળદેવ એવો અર્થ કરે છે.॥ ૨ ॥

व्यास उवाच-

तैरेव सार्ध तु ततः स देवो जगाम नारायणमप्रमेयम्।
अनन्तमव्यक्तमजं पुराणं सनातनं विश्वमनन्तरूपम् ॥ ३१॥
स चापि तद्वयदधात्सर्वमेव ततः सर्वे संबभूवुर्धरण्याम्।
स चापि केशौ हरिरुद्धबर्ह शुक्लमेकमपरं चापि कृष्णम् ॥ ३२ ॥ तौ चापि केशौ निविशेतां यदूनां कुले स्त्रियौ देवकीं रोहिणीं च ।

तयोरेको बलदेवो बभूव योऽसौ श्वेतस्तस्य देवस्य केशः।
कृष्णो द्वितीयः केशवः संबभूव केशौ योऽसौ वर्णतः कृष्ण उक्तः ॥ ३३॥

(महाभारत, आदिपर्व,अध्याय १९७, श्लोक ७१थी७७)

વ્યાસ કહે છે- વિશ્વભુગ્ આદિકને સાથે લઈને તે મહાદેવજી અપ્રમેય, અનંત, અવ્યક્ત, અજ, પુરાણ, સનાતન, અનંતરૂપ એવા ભૂમાનારાયણ પાસે ગયા.તે નારાયણે પણ તે સર્વેને પૃથ્વીમાં જન્મ લેવા આજ્ઞા આપી, ત્યારબાદ સર્વેએ પૃથ્વીમાં જન્મ લીધા, અને નારાયણે પોતાના બે કેશો ઉખેડીને યદુકુળની દેવકી અને રોહિણી નામની બે સ્ત્રીઓમાં નાખ્યા, તેમાંથી એક બળદેવ થયા કે જે ભૂમાપુરુષનો ધોળો કેશ હતો, બીજો કેશ જે વર્ણથી કાળો હતો તે કૃષ્ણ થયા. આ પ્રમાણે વ્યાસજીએ કહેલ છે

चतुर्विंशे युगे रामो वशिष्ठेन पुरोधसा
सप्तमो रावणस्यार्थे जज्ञे दशरथात्मजः'॥ १२ ॥

(वायुपुराण, अध्याय ९८,श्लोक ९२)

વિષ્ણુ ચોવિશમા ત્રેતા યુગમાં દશરથના પુત્ર રામ રૂપે થયા અને રાવણનો નાશ કરતા હતા.

तस्यापि भगवानेष साक्षादब्रह्मयो हरिः।
अंशांशेन चतुर्धाऽगात्पुत्रत्वं प्रार्थितः सुरैः' । २ ।
रामलक्ष्मणभरतशत्रुघ्न इतिसंज्ञया' ॥ ३ ॥

(ભાગવત-૯/૧૦/૨,૩)

ભગવાન્ સાક્ષાત્ બ્રહ્મમય હરિ, અંશના અંશ એમ ચાર રૂપે થયા, તે રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન કહેવાયા.

તાત્પર્યાર્થઃ-

'જે શાસ્ત્રોમાં, દુ :ખોના નાશ કરનાર અને નિરતિશય સુખના આપનારા પરબ્રહ્મ શ્રીહરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારુ તથા અમારા શરીરરુપ એવા ઈશ્વરાવતારો જે શ્રીકૃષ્ણ,રામ, વરાહ આદિક તેઓનું, શાસ્ત્રીય'પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય, નિગમન, એ પાંચ ન્યાય પ્રયોગ વડે, તથા શાસ્ત્રના અનુકૂળ તર્કો વડે "સર્વેશ્વર પરમાત્મા કોઈ છે જ નહિ,- સર્વેશ્વર હશે પણ તે શ્રી સ્વામિનારાયણ તો નહીં જ, ભલે શ્રીસ્વામિનારાયણ ઈશ્વર હોય, પણ પરબ્રહ્મ પરમેશ્વર નહિ, જે અવતરે છે તેઓ દૈવી જીવો છે. ઈશ્વરાવતારો નથી" એ પ્રમાણે ખંડન કરેલુ હોય તેવા નાસ્તિકશાસ્ત્રોને ક્યારેય પણ ન માનવા.॥ ૨૯ ॥

અથવા

'कृष्ण-कृष्णावताराणां, युक्तिभिः, खण्डनं, यत्र, कदाचन्, न, कृतं, स्यात, तानि, शास्त्राणि, मान्यानि,- इत्यन्वयः ॥ २९ ॥

तात्पर्यार्थः-

'પરબ્રહ્મ શ્રીહરિ જે અમે તે અમારુ, તથા ઈશ્વરાવતાર એવા જે રામ કૃષ્ણાદિક તેમનું યુક્તિથી કાંઈપણ ખંડન જે શાસ્ત્રોમાં ન કર્યુ હોય તેવા શાસ્ત્રો માનવા.॥ ૨૯ ॥

अगालितं न पातव्यं पानीयं च पयस्तथा ।
स्नानादि नैव कर्तव्यं सूक्ष्मजन्तुमयाऽम्भसा ॥ ३० ॥

अन्वयः- 'अगालितं, पानीयं, न पातव्यम्, तथा च, पयः, न पातव्यम्, सूक्ष्मजन्तुमयाऽम्भसा, स्नानादि, नैव कर्तव्यम् ॥ ३० ॥

व्याख्या - 'अगालितम्- गालितं वस्त्रपूतं, तद्भिन्नम्,વસ્ત્રથી ગાળેલ ન હોય તેવું । पानीयम्-જળ તે । न पातव्यम्-, न પીવું. तथा, ગાળેલ ન હોય તેવું । पयः-, દુધ તે પણ । न पातव्यम्-, ન પીવું. । सूक्ष्मजन्तु मयाऽम्भसा, सूक्ष्मशरीरा जन्तवः प्रचुरा यत्र ताद्दशेन जलेन, सूक्ष्म शरीरવાળા જંતુઓ ઘણાં જેમાં હોય તેવા જળ વડે । स्नानादि, સ્નાન, તર્પણ, હાથ પગ વસ્ત્ર ધોવા, વાસણ, માંજવા આદિક ક્રિયાઓ । नैव कर्तव्यम्-ન કરવી. ॥ ૩૦ ॥

तात्पर्यार्थः-

'વસ્ત્રથી ગાળેલ ન હોય તેવું જળ, તથા ગાળેલ ન હોય તેવું દુધ, તે પણ ક્યારેય ન પીવા, અને સુક્ષ્મ શરીરવાળા, જંતુઓ ઘણાં જેમાં હોય તેવા જળ વડે સ્નાન,તર્પણ, હાથ પગ ધોવા, વાસણ માંજવા,- આદિક ક્રિયાઓ ન કરવી ॥ ૩૦॥

यदौषधं च सुरया संपृक्तं पललेन वा ।
अज्ञातवृतवैद्यैन दत्तं चाद्यं न तत् क्वचित् ॥ ३१ ॥

अन्वयः- 'यत्,च औषधं सुरया पललेन वा, सम्पृकं, अज्ञात वृत्तवैद्यैन च, दतं(स्यात्), तत्, क्वचित्, न अद्यम् ॥ ३१॥

व्याख्या- 'यश्च औषधम्-, અને જે ઔષધ । सुरया-,મદિરાથી । पललेन वा-, અથવા માંસથી । सम्पृक्तं भवेत्, મિશ્રિત હોય તથા જે ઔષધ । अज्ञातवृतवैद्येन च, न ज्ञातं वृत्तम् आचारो यस्य, ताद्दशेन वैद्येन, જેનો ધાર્મિક આચાર જ્ઞાત ન હોય તેવા વૈદ્યે । दतं स्यात्-,આપેલું હોય । तत् क्वचित्- તેવું ઔષધ આપત્કાળમાં પણ । न अद्यम्- ન ખાવું. ॥ ૩૧ ॥

तात्पर्यार्थः-

અને જે ઔષધ, મદિરા અથવા માંસથી મિશ્રિત હોય, તથા અજ્ઞાત છે

ધાર્મિક આચાર જેનો એવા વૈદ્યે જે ઔષધ આપેલું હોય,તે ઔષધ આપત્કાળમાં પણ ન ખાવું તથા ન પીવું.॥ ૩૧ ॥

स्थानेषु लोकशास्त्राभ्यां निषिद्धेषु कदाचन ।
मलमूत्रोत्सर्जनं च न कार्यं ष्ठिवनं तथा ॥ ३२ ॥

અન્વયઃ- 'लोकशास्त्राभ्यां, निषिद्धेषु, स्थानेषु, मलमूत्रोत्सर्जनं तथा ष्ठिवनं, च, कदाचन, न कार्यम् ॥ ३२ ॥

વ્યાખ્યા - 'लोकशास्त्राभ्याम्-, लोकश्च शास्त्र च ताभ्यां निषिद्धेषु, લોક અને શાસ્ત્ર તેમણે નિષેધ કરેલા એવા, સ્થાનેષુ, ગૌશાળા, રાફડો, જળ, રાખ, ઝીણાં જંતુવાળા ખાડા, માર્ગ; ગાય, બ્રાહ્મણો સૂર્ય,ચંદ્ર,અગ્નિ, ગુરુ, સ્ત્રી, દેવ - એમની સન્મુખ,ખેડેલી પૃથ્વી,વાવેલ ખેતર,જળનો કિનારો તથા આરા, જીર્ણ દેવાલય, શેરી, વૃક્ષાદિકની છાયા, ફુલવાડી,બગીચા, ઈત્યાદિ સ્થાનોમાં ॥ मलमूत्रोत्सर्जनम्, मलं च मूत्रं च तयोरुत्सर्जनं त्यागः-મળ અને મુત્રનો ત્યાગ; તથા થૂંકવું, નાક, ખંખેરવું એ આદિક । कदाचन न कार्यम्- કયારેય પણ ન કરવું. ॥ ૩૨ ॥

तात्पर्यार्थः-

'લોક અને શાસ્ત્રે નિષેધ કરેલા જે-'ગૌશાળા,રાફડો,જળ રાખ, જંતુવાળા ખાડા,માર્ગ,ગાય,બ્રાહ્મણ,સંત,સૂર્ય, અગ્નિ, ચંદ્ર,ગુરુ, સ્ત્રી, દેવ એમની સન્મુખ, તથા ખેડેલી પૃથ્વી, વાવેલ ખેતર, જળનો કિનારો, નદી તળાવના આરા, જીર્ણ દેવાલય, શેરી,વૃક્ષની છાયા,ફુલવાડી, બગીચા, આદિક સ્થાનોમાં મળ અને મુત્રનો ત્યાગ તથા થૂંકવું નાક છીકવું આદિક ક્રિયાઓ ક્યારેય ન કરવી ॥ ૩૨ ॥

અથવા

लोकशास्त्राभ्यां, कदाचन, न निषिद्धेषु, स्थानेषु, मलमूत्रोत्सर्जनं तथा ष्ठिवनं च, कार्यमित्यन्वयः ॥ ३२ ॥

तात्पर्यार्थः-

લોક અને શાસ્ત્રે ક્યારેય પણ નિષેધ ન કરેલા હોય તેવા સ્થાનોમાં મળમુત્ર ત્યાગ કરવા તથા નાક ખંખેરવું આદિક ક્રિયાઓ કરવી.॥ ૩૨ ॥

अद्वारेण न निर्गम्यं प्रवेष्टव्यं न तेन च ।
स्थाने सस्वामिके वासः कार्योऽपृष्ट्वा न तत्पतिम् ॥ ३३ ॥

અન્વયઃ- 'अद्वारेण, न निर्गम्यम्, तेन च, न प्रवेष्टव्यम्, सस्वामिके स्थाने तत्पतिम्, अपृष्टवा, वासो न कार्यः॥ ३३ ॥

વ્યાખ્યા- 'अद्वारेण ' अ स्वल्पार्थेऽप्यभावेऽपी' ति हैमः अल्पं द्वारम् अद्वारं तेन, કયારેય આપત્કાળમાં ગુપ્ત નિકળવા પેસવા માટે ઘર આદિકમાં

રાખેલ જે સ્વલ્પ દ્વાર તેણે કરીને અથવા ન દ્વારમ્ અદ્ધારં તેન, દ્વારશૂન્ય એવા વાડ્ય વંડી આદિકને ઉલ્લંઘીને । ન નિર્ગમ્યમ્ નિકળવું નહિ । તેન ચ ન પ્રવેષ્ટવ્યમ્- તથા તેવા અલ્પદ્વારેથી તથા તેવા વાડ્ય વંડી આદિકથી અંદર પ્રવેશ પણ ન કરવો.। સસ્વાભિકે સ્વામિનારક્ષકેન સહિતે, રક્ષક જેનો વિદ્યમાન હોય એવા । સ્થાને,-ધર્મશાળા, વાડી આદિક સ્થાનોમાં । તત્પતિમ્, તેષાં પતિમ્, તે સ્થાનોના રક્ષકને । અપૃષ્ટવા, પૂછ્યા વિના । વાસઃ, વા અથવા, આસઃ- આસનમ્ અથવા આસન પણ । ન કાર્યઃ,ન કરવું. ॥ ૩૩ ॥

તાત્પર્યાર્થઃ-

'ક્યારેય આપત્કાળમાં ગુપ્ત નિકળવા પેસવા માટે ઘર આદિકમાં રાખેલ દ્વારે કરીને તથા દ્વારશૂન્ય એવા વાડ્ય વંડી આદિકને ઉલ્લંઘીને નિકળવું નહિ તેમ જ પેસવું પણ નહિ, તથા ધણિયાતા એવા ધર્મશાળા વાડી આદિક સ્થાનોમાં તેના રક્ષકને પૂછ્યા વિના ઉતારો તથા આસન તે ન કરવા. ॥ ૩૩ ॥

જ્ઞાનવાર્તાશ્રુતિર્નાર્યા મુખાત્ કાર્યા ન પુરુષૈઃ।
ન વિવાદઃ સ્ત્રિયા કાર્યો ન રાજ્ઞા ન ચ તજ્જનૈઃ ॥ ૩૪ ॥

અન્વયઃ-'પુરુષૈઃ, નાર્યાઃ, મુખાત્, જ્ઞાનવાર્તાશ્રુતિઃ, ન, કાર્યા, સ્ત્રિયા, વિવાદઃ,ન કાર્યઃ,રાજ્ઞા,વિવાદઃ,ન કાર્યઃ,તજ્જનૈશ્ચ, વિવાદઃ,ન કાર્યઃ ॥ ૩૪ ॥

વ્યાખ્યા- 'પુરુષૈઃ,પુરુષોએ । નાર્યા મુખાત્- સ્ત્રીના મુખથી । જ્ઞાનવાર્તાશ્રુતિઃ જ્ઞાનં ચ વાર્તાશ્ચ તાસાં શ્રુતિઃ શ્રવણમ્,આત્મા પરમાત્મા સ્વરૂપ નિરૂપણરૂપી જ્ઞાન,તથા ભગવાન્ના સંબંધવાળા આખ્યાનરૂપી વાર્તાઓ, તેમનુ શ્રવણ । ન કાર્યા ન કરવું. । સ્ત્રીયાઃ, સ્ત્રીઓ સાથે। વિવાદઃ, વરુદ્ધો વાદઃ,વિરૂદ્ધ જે વાદ તે । ન કાર્યઃ, ન કરવો. રાજ્ઞા વિવાદો ન કાર્યઃ, રાજાના માણસો સાથે પણ વિવાદ ન કરવો । એવં રાજ્ઞા તજ્જનૈશ્ચ, પૂરુષૈઃ સ્ત્રિયા ચ પરસ્પરં વિવાદો ન કાર્યઃ, તથા રાજા અને તેમના માણસોએ પરસ્પર વિવાદ ન કરવો તથા દંપતી એવા સ્ત્રી પુરુષોએ પરસ્પર વિવાદ ન કરવો ॥ ૩૪ ॥

તાત્પર્યાર્થઃ-

'પુરુષોએ, સ્ત્રીના મુખથી આત્મા પરમાત્માના સ્વરૂપ નિરૂપણ રૂપી જ્ઞાનનું, તથા પરમાત્મા સંબંધી આખ્યાનમય પારંપરિક વાર્તાઓનું શ્રવણ ન કરવું, તથા સ્ત્રીઓ સાથે વિવાદ ન કરવો, તથા રાજા સાથે વિવાદ ન કરવો, તથા રાજાના માણસો સાથે વિવાદ ન કરવો, તથા રાજા અને તેમના માણસોએ પરસ્પર વિવાદ ન કરવો, તથા દંપતી એવા સ્ત્રી પુરુષોએ પરસ્પર વિવાદ ન કરવો. ॥ ૩૪ ॥

અપમાનો ન કર્તવ્યો ગુરુણાં ચ વરીયસામ્ ।

लोके प्रतिष्ठितानां च विदुषां शस्त्रधारिणाम् ॥ ३५ ॥

अन्वयः- 'गुरुणां, च वरियसाम्, लोके प्रतिष्ठितानां, विदुषाम्, शस्त्रधारिणां च, अपमानः, न कर्तव्यः ॥ ३५ ॥

व्याख्या- 'गुरुणाम्,-आचार्य, माता पिता, જયેષ્ઠ ભ્રાતા, રાજા, મામા, શ્વશુર, માતાના પિતા, પિતાના પિતા, તથા પરમાત્માનું અને વ્યવહારનું જ્ઞાન આપનારા,- એવા સર્વે ગુરુઓનું તથા वरियसाम्-, अतिशयेन वरास्तेषाम्,सद्गुणोથી શ્રેષ્ઠ એવા મહાન પુરુષોનું लोके प्रतिष्ठितानाम्, જનસમુદાયમાં પ્રતિષ્ઠાવાળા, રાજા, રાજકીય અધિકારીઓ, ઉત્કૃષ્ટજાતિ કુળ આચારવાળા,ધનવાળા, એ સર્વેનું તથા । विदुषाम्-વિદ્વાનોનું તથા । शस्त्रधारिणां च,હથિયારવાળા મનુષ્યોનું अपमानः-मान भङ्गः हेलनं च, अपमान તથા અવગણના તે । न कर्तव्यः,-ન કરવા.॥ ૩૫ ॥

तात्पर्यार्थः-

આચાર્ય, માતા પિતા, જયેષ્ઠ ભ્રાતા, મામા, શ્વશુર, રક્ષક,માતૃપિતા, પિતૃપિતા, પરમાત્મા તથા વ્યવહારના જ્ઞાનપ્રદ આદિક જે ગુરુઓ;તથા સદ્ગુણોથી શ્રેષ્ઠ એવા મહાન પુરુષો તથા જનસમુદાયમાં પ્રતિષ્ઠાવાળા એવા રાજા તથા રાજકીય અધિકારીઓ; ઉત્કૃષ્ટ, કુળ, જાતિ અને આચરવાળાઓ ધનવાનો; તથા વિદ્વાનો; તથા હથિયારવાળા મનુષ્યો, એમનું અપમાન અને અનાદર તે ન કરવા.॥ ૩૫ ॥

कार्यं न सहसा किञ्चित कार्यो धर्मस्तु सत्वरम् ।
पाठनीयाऽधीतविद्या कार्यः सङ्गोऽन्वहं सताम् ॥ ३६ ॥

अन्वयः- 'किञ्चित् सहसा न कार्यम्, धर्मस्तु सत्वरं कार्य अधीतविद्या पाठनीया, सतां सङ्ग, अन्वहं कार्यः ॥ ३६ ॥

व्याख्या- 'किञ्चिदपि, किमपि कर्म,કોઈપણ વ્યાવહારિક કામ સહસા અવિચાર્ય,વિચાર્યા વિના તત્કાળ । न कार्यम्-,ન કરવું. धर्मस्तु-,યાગ દાનાદિક ધર્મ તો । सत्वरम् શીઘ્ર । कार्यः-કરવો । अधीतविद्या, અધીતા યા વિદ્યા સા, ભણેલી જે વેદ શાસ્ત્ર કળા વિજ્ઞાન આદિક વિદ્યાઓ તે । पाठनीया, યોગ્ય પાત્ર શિષ્યને ભણાવવી.सताम् સાધુજનોના સઙ્ગઃ, દર્શન, વંદન, પૂજન ઉપદેશ ગ્રહણ આદિ રૂપ સમાગમ । अन्वहं कार्यः, પ્રતિદિન કરવો ॥ ૩૬ ॥

तात्पर्यार्थः-

'કોઈપણ વ્યાવહારિક ક્રિયા વિચાર્યા વિના તત્કાળ કરવી, અને યાગ, દાન આદિ ધર્મ કાર્ય તો તત્કાળ કરવું, અને વેદ શાસ્ત્ર કળા વિજ્ઞાન આદિક ભણેલી જે વિદ્યાઓ તે યોગ્ય પાત્ર એવા શિષ્યને ભણાવવી; તથા સંતજનોના

'દર્શન, વંદન, પૂજન, ઉપદેશ, ગ્રહણ ઇત્યાદિરૂપ જે સમાગમ તે રોજ રોજ કરવો. ॥ ૩૬ ॥

गुरुदेवनृपेक्षार्थे न गम्यं रिक्तपाणिभिः ।
विश्वासघातो नो कार्यः स्वश्लाघा स्वमुखेन न ॥ ३७ ॥

અન્વયઃ- 'गुरुदेवनृपेक्षार्थे, रिक्तपाणिभिः, न गम्यम्, विश्वासघातो, नो कार्यः, स्वमुखेन, स्वश्लाघा च, न कर्तव्या ॥ ३७ ॥

વ્યાખ્યા-'गुरुदेवनृपेक्षार्थम्, गुरुः- स्वेष्टदेवमन्त्रोपदेष्ट्रादिः' देवः स्वेष्टदेवता, नृपः- राजा, तेषाम ईक्षार्थम्,પોતાના ઇષ્ટદેવના મંત્રના ઉપદેષ્ટા, વિદ્યાદાતા ગુરુ, તથા પોતાના ઇષ્ટદેવ, તથા અન્યદેવ, તથા રાજા, એ સર્વના દર્શન માટે । रिक्तपाणिभिः- रिक्तः- उपहाररहितः पाणिर्येषान्तैः,ભેટ અશુન્ય ખાલી હાથે । न गम्यम्,ન જવું. ॥ विश्वासघातः, विश्वासस्य घातः,તમારુ કાર્ય તથા રક્ષણ અવશ્ય કરીશું'- એવા આપેલા વિશ્વાસનુ પછીથી પાલન ન કરવારુપી જે ઘાત તે । नो कार्यः,ન કરવો. અને । स्वमुखेन પોતાના મુખથી । स्वश्लाघा,પોતાના વખાણ । न कर्तव्या,ન કરવા. ॥ ૩૭ ॥

तात्पर्यार्थः-

'પોતાના ઇષ્ટદેવના મંત્રના ઉપદેષ્ટા, વિદ્યાદાતા આદિક ગુરુ, તથા પોતાના ઇષ્ટદેવ, તથા અન્ય દેવ, તથા રાજા, એમના દર્શન માટે, ભેટ લીધા વિના ખાલી હાથે ન જવું, તથા "તમારુ કાર્ય અને રક્ષણ અમો કરીશુ; તમોને ભગવાન ભજાવીશુ,"આવો વિશ્વાસ આપી ને, પછીથી તે ન પાલન કરાય અને અવળે રસ્તે ચડાવાય- ઇત્યાદિક રૂપી જે વિશ્વાસઘાત તે ક્યારેય પણ ન કરવો, તથા પોતાના મુખથી પોતાના વખાણ ન કરવા.॥ ૩૭ ॥

यस्मिन् परिहितेऽपि स्युर्दृश्यान्यङ्गानि चात्मनः ।
तद् दूष्यं वसनं नैव परिधार्य मदाऽऽश्रितैः ॥ ३८॥

અન્વયઃ 'यस्मिन् परिहितेऽपि, आत्मनः, अङ्गानि, दृश्यानि, स्युः, तद्, दूष्यम्, वसनं, मदाश्रितैः, च, नैव, धार्यम् ॥ ३८ ॥

વ્યાખ્યા-' यस्मिन् परिहितेऽपि,જે વસ્ત્ર ધારણ કર્યે સતે । आत्मनः પોતાના । अङ्गानि,ગોપ્ય એવા અંગો । दृश्यानि स्युः-દેખવામાં આવે । तद् दूष्यम्,તેવું દુષણ ભરેલું । वसनम् વસ્ત્ર તે । मदाश्रितैः- मदस्य लक्ष्मीगर्वस्य राज्यगर्वस्य वा आश्रितास्तैः,લક્ષ્મી અથવા રાજયના મદને આશરેલા એવા મનુષ્યોએ । च अपि પણ । नैव परिधार्यम्,ન જ ધારણ કરવું.॥ ૩૮ ॥

तात्पर्यार्थः-

'જે વસ્ત્ર ધારણ કર્યે સતે, પોતાના ગોપ્ય એવા અંગો દેખાય તેવું દુષણ

ભરેલું વસ્ત્ર,લક્ષ્મી વા રાજ્યના મદવાળા મનુષ્યોએ પણ ધારણ ન કરવું.॥ ૩૮॥

અથવા

'यस्मिन परिहिते, आत्मनः, अङ्गानि, दृश्यानि, न च, स्यु तद्, वसनं, मदाश्रितैः, दूष्यम्, अपि, परिधार्यम्, एव-, इत्यन्वयः ॥ ३८ ॥

तात्पर्यार्थः-

'જે વસ્ત્ર ના ધારણ કરવા વડે પોતાના અંગો ન દેખાય તેવું ઘાટું અથવા જાડુ વસ્ત્ર, તે લક્ષ્મી અને રાજ્યના મદવાળા - જેના દ્વારા ઘૃણા દષ્ટિથી જોવાતુ હોય તો પણ તે અવશ્ય ધારણ કરવું. ॥ ૩૮॥

धर्मेण रहिता कृष्णभक्तिं कार्या न सर्वथा ।
अज्ञनिन्दाभयान्नैव त्याज्यं श्रीकष्णसेवनम् ॥ ३९ ॥

અન્વયઃ-'धर्मेण, रहिता, सर्वथा, कृष्णभक्तिः, न कार्या, अज्ञनिन्दाभयात, श्रीकृष्णसेवनं, न त्याजम् ॥ ३९॥

વ્યાખ્યા- 'धर्मेण, યજ્ઞ, દાન તથા ઈન્દ્રિયનિગ્રહ આદિ જે સ્વધર્મ તેણે । रहिता, રહિત એવી । सर्वथा, સર્વ પ્રકારની, શ્રવણ, કીર્તન, સ્મરણ, ચરણસેવન, અર્ચન,વંદન,દાસ્ય,સખ્ય,આત્મનિવેદન,એ નવધા । कृष्णभक्तिः- 'कर्षति दुःखानीति कृष्णः,'कृषिरुत्कृष्ट वचनो नश्च निर्वृतिवाचकः। त्योरैक्यं परंब्रह्म कृष्ण- इत्यभिधीयत' इत्यौपनिषदाः, उत्कृष्टा निर्वृत्तिर्यस्माद्वेति व्युत्पतिः,દુઃખના હરનારા, નિરતિશય સુખના આપનારા પરબ્રહ્મ જે શ્રીહરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા અમે તે અમારી ભક્તિ । न कार्या न કરવી। अज्ञनिन्दाभयात्, अज्ञाः भगवद्भक्ति तत्फलाद्यनभिज्ञास्तेषां निन्दाया भयात्,ભગવાનની ભક્તિ તથા તેના ફળને નહિ જાણતા એવા અજ્ઞાની જનોએ કરેલ જે નિંદા અથવા તાડન તેના ભયથી । श्रीकृष्णसेवनम्-, 'श्रीर्वेषरचना शोभा भारतीसरलद्रषु । लक्ष्म्यां त्रिवर्गसम्पतौ वेषोपकरणे मतावि'ति विश्वमेदिन्यौ। श्रिया युक्तः। कर्षति दुःखानि, उत्कृष्टा निवृतिः सुखं यस्माद्वेति, तस्य सेवनम्, દિવ્ય શોભા તથા ધર્માદિક ત્રિવર્ગની સંપત્તિયુકત અને દુઃખહર્તા નિત્યસુખદાતા એવા શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારી સેવાપૂજા આદિક । नैव त्याज्यम्, ત્યાગ ન જ કરવા ॥ ૩૯॥

तात्पर्यार्थः-

યજ્ઞ, દાન, તપ, ઈન્દ્રિયનિગ્રહ આદિક જે પોતાના વર્ણ તથા આશ્રમનો ધર્મ તેણે રહિત એવી,'દુઃખોના હરનારા નિરતિશયસુખના આપનારા પરબ્રહ્મ જે શ્રીહરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા અમે તે' અમારી નવધા ભક્તિ તે, ન કરવી તથા પરમાત્મા જે અમે તે અમારી ભક્તિ અને તેના ફળને નહિ

જાણતા એવા અજ્ઞાની જનોએ કરેલ જે નિંદા તાડન આદિક, તેના ભયથી, દિવ્ય શોભા તથા ધર્માદિત્રિવર્ગની સંપત્તિયુક્ત અને દુઃખહર્તા નિત્યસુખદાતા એવા શ્રીકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા જે અમે, તે અમારી સેવા પૂજા આદિક ત્યાગ ન કરવા॥ ૩૯॥

उत्सवाहेषु नित्यं च कृष्णमन्दिरमागतैः ।
पुम्भिः स्पृश्या न वनितास्तत्र ताभिश्च पुरुषाः ॥ ४० ॥

अन्वयः- 'नित्यम्, उत्सवाहेषु च, कृष्णमन्दिरम्, आगतैः, पुम्भिः, वनिताः, न स्पृश्याः, तत्र, ताभिश्च, पूरुषाः न स्पृश्याः, ॥ ४० ॥

व्याख्या- 'नित्यम्,प्रतिदिन । उत्सवाहेषु च, उत्सवानाम् अहानि तेषु,- श्री हरिजयंती,जन्माष्टमी,आदि उत्सवना दिवसोमां । कृष्णमन्दिरम्- श्रीहरिकृष्णस्य मम मन्दिरम्- परब्रह्म जे श्री हरिकृष्ण श्री स्वामिनारायण परमात्मा अमे ते अमारा मंदिर प्रति । आगतैः-आवेला एवा । पुम्भिः- पुरुषोએ । वनिताः, स्त्रीओनो । न स्पृश्याः,स्पर्श न करवो अने ते अमारा मंदिरोमां ताभिश्च ते स्त्रीओ तेमणे । पुरुषा न स्पृश्याः,पुरुषोनो स्पर्श न करवो.॥ ४० ॥

तात्पर्यार्थः-

'प्रतिदिन अथवा श्रीहरिजयंती, जन्माष्टमी आदि उत्सवना दिवसोमां, परब्रह्म श्रीहरिकृष्ण श्री स्वामिनारायण परमात्मा जे अमे ते अमारा मंदिरोमां तथा बीजा देवमंदिरोमां आवेला એવા પુરુષોએ સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો, અને તે મંદિરોમાં સ્ત્રીઓએ પુરુષોનો સ્પર્શ ન કરવો.॥ ૪૦ ॥

कृष्णादीक्षां गुरोः प्राप्तैस्तुलसीमालिके गले।
धार्ये नित्यं चोर्ध्वपुण्ड्रं ललाटादौ द्विजातिभिः ॥ ४१ ॥

अन्वयः- 'गुरोः, गुरुपदस्थधर्मवंश्याचार्यात्, गुरुपदमां स्थापन करेला धर्मवंशी आचार्य थकी । कृष्णदिक्षाम्, श्री हरिकृष्णस्य श्री स्वामिनारायणस्य दिक्षाम्, श्रीहरिकृष्ण -श्रीस्वामिनारायण परमात्मा जे अमे ते अमारो ज्ञानप्रद अने पापक्षय करनार जे मंत्र तेने । प्राप्तैः,ग्रहण करनारा एवा । द्विजातिभिः, द्वे'जाती जन्मनी येषां, 'मातुरग्रेऽधिजननं द्वितीयं मौञ्जीबन्धनात्'इतिमनुः, तैः,એક જન્મ માતાથી અને બીજો જન્મ જનોઈ લેવાથી છે જેમનો એવા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તેમણે । गले, કંઠમાં । तुलसीमालिके, तुलसीકાષ્ઠની બે માળાઓ । नित्यम् કાયમ । धार्ये ધારવી. । ललाटादौ च, ललाटं भालम् आदिर्यस्य हृदयादेस्तस्मिन्-, ललाट હૃદય તથા બે ભુજાઓમાં । ऊर्ध्वपुण्डम् ऊर्ध्व दण्डाकारं च पुण्ड्रं तिलकम्-,દંડાકાર એવું ઊભું તિલક । नित्यम्કાયમ ।

ધાર્યમ્-,ધારણ કરવું. ॥ ૪૧ ॥

તાત્પર્યાર્થઃ-

'ગુરુપદમાં સ્થાપન કરેલા એવા ધર્મવંશી આચાર્ય થકી, શ્રીહરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારા 'જ્ઞાનપ્રદ અને પાપક્ષયકારક જે મંત્ર તે દ્વિજાતિઓ, તેમણે કંઠમાં તુલસીની બેવડી કંઠી કાયમ ધારવી, લલાટ હૃદય અને બે ભુજાઓમાં દંડાકાર ઊભુ તિલક કાયમ ધારણ કરવું.॥ ૪૧ ॥

તત્તુ ગોપીચન્દનેન ચન્દનેનાઽથવા હરેઃ ।
કાર્યં પૂજાવશિષ્ટેન કેસરાદિયુતેન ચ ॥ ૪૨ ॥

અન્વયઃ- 'તત્તુ, હરેઃ, પૂજાઽવશિષ્ટેન, કેસરાદિયુતેન, ચન્દનેન, અથવા, ગોપીચન્દનેન ચ કાર્યમ્ ॥ ૪૨ ॥

વ્યાખ્યા- 'તત્ તુ, તે ઉર્ધ્વપુંડ્ર તિલક તો । હરેઃ, શ્રીહરિકૃષ્ણસ્ય શ્રીસ્વામિનારાયણપરમાત્મનો મમ,શ્રીહરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારી । પૂજાઽવશિષ્ટેન,-પૂજાયા અર્ચનાસ્યઽવશિષ્ટં તેન,પૂજા કરાતા બાકી રહેલ પ્રસાદિરુપ એવા । કેસરાદિયુતેન, કેસરમ્ આદિર્યસ્ય કુંકુમાદેસ્તદ્યુતેન,કેસર અથવા કુંકુમ મિશ્રિત એવા । ચન્દનેન, શ્રીખંડ જે ચંદન તે વડે । કાર્યમ્-કરવું । અથવા ગોપીચન્દનેન, ગોપાયતીતિ ગોપી, પચાદ્યચિ 'ષિદૌરાદિભ્યશ્છે'તિડીષ્, ગૌરાદેરપ્યાકૃતિગણત્વાત્, પરમાત્મનો મમ સમ્બન્ધાત્ સંસારાત્ રક્ષતિ યા પઞ્ચાલાખ્યગ્રામનિકટાકમૃતિકા, તદાત્મકં યચ્ચન્દનમ્, ચન્દયતિ આહલાદયતિ તદ્ આહ્લાદકમ્-પરમાત્મા જે અમે તે અમારા સંબંધ વડે સંસારથી રક્ષણ કરનારી પંચાળાના તળાવની જે મૃત્તિકા(માટી) તે રૂપી આનંદપ્રદ દ્રવ્ય વડે કરીને । કાર્યમ્,-તે ઊર્ધ્વપૂંડ્રતિલક કરવું. ॥ ૪૨ ॥

તાત્પર્યાર્થઃ-

'તે ઊર્ધ્વપુંડ્ર તિલક તો શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારી પૂજા કરતા બાકી બચેલ પ્રસાદિરુપ એવા, તથા કેસર કુંકુમ આદિથી મિશ્રિત એવા ચંદન વડે કરીને કરવું અથવા પરમાત્મા જે અમે તે અમારા સંબંધમાત્ર વડે સંસારથી રક્ષણ કરનારી એવી પંચાળાના તળાવની જે પીળી મૃત્તિકા તે રૂપી આનંદપ્રદ ચંદન વડે કરીને તે તિલક કરવું.॥ ૪૨॥

તન્મધ્ય એવ કર્તવ્યઃ પુણ્ડ્રદ્રવ્યેણ ચન્દ્રકઃ ।
કુંકુમેનાઽથવા વૃત્તો રાધાલક્ષ્મીપ્રસાદિના ॥ ૪૩ ॥

અન્વયઃ- 'તન્મધ્યે, એવ, પુણ્ડ્રદ્રવ્યેણ, વૃતઃ, ચન્દ્રકઃ, કર્તવ્યઃ,અથવા રાધાલક્ષ્મીપ્રસાદિના કુઙ્કુમેન કર્તવ્યઃ ॥ ૪૩ ॥

વ્યાખ્યા-'તન્મધ્યે, એવ, તસ્યોર્ધ્વપુણ્ડ્રસ્ય મધ્ય એવ, તે ઊર્ધ્વપુંડ્રના

મધ્ય ભાગમાં જ । પુણ્ડ્રદ્રવ્યેણ, ઊર્ધ્વપુણ્ડ્રાર્થે યત્ પ્રસાદિરૂપં શ્રીખણ્ડચન્દનં શ્રીગોપીચન્દનં વા તેન,ઉર્ધ્વપુંડ્રને માટે જ પ્રસાદિરુપ એવું શ્રીખંડ ચંદન અથવા પંચાળાના તળાવની પ્રસાદિરૂપ મૃત્તિકા જે ગોપીચંદન તેણે કરીને । વૃતઃ-, વર્તુલઃ,ગોળાકાર ચન્દ્રકઃ- બિન્દું,ચાંદલો । કર્તવ્યઃ,કરવો, અથવા । રાધાલક્ષ્મીપ્રસાદિના રાધ્નોતિ ભક્તકાર્યં મોક્ષોઽનયેચ્છયા, રાધયતિ વા રાધા મોક્ષપ્રદવિલક્ષણેચ્છાશક્તિઃ,સૈવ લક્ષ્મ-લક્ષણં સંસારેઽવતરણાઽસાધારણ નિમિતં "ચિન્હં લક્ષમ ચ લક્ષમામિ" ત્યમરઃ, તદસ્યાઽસ્તીતિ રાધાલક્ષ્મી- પરમાત્મા શ્રીહરિઃ, રાધાલક્ષ્મીણઃ- ઈઃ- મા-માતા ભક્તિમાતા, તસ્યાં પ્રસાદિના । ભક્તોનું કાર્ય જે પરમમોક્ષ તેની દેનારી વિલક્ષણ ઈચ્છા શક્તિ તે રૂપી મુખ્ય લક્ષણ જે - સંસારમાં પ્રગટ થવાનું અસાધારણ નિમત્ત, તે વાળા એવા । યદ્વા- રાતીતિ રાઃ ઉત્પત્તિદાનમ્, વિચ્, આ સમન્તાદ્ દધાતીતિઆધમ્- પોષણમ્, આ સમન્તાલ્લીયત ઇતિ- આલમ્- લયઃ, તાનિ રાડ્ડધાડ્ડલાનિ તેષાં ક્ષમઃ સહનમ્ અસ્યાઽસ્તીતિ રાડ્ડધાડ્ડલક્ષ્મી, જગતના જન્મ,રક્ષણ,નાશ કતૃત્વવાળા પરમાત્મા શ્રી સ્વામિનારાયણ । તસ્ય રાડ્ડધાડ્ડલક્ષ્મીણઃ ઈઃ- મા- માતા ભક્તિમાતા, "ઈ માતરિ લક્ષ્મ્યાં ચ ગતાવીશે વિડમ્બને" ઇતિ કૈરવાકરઃ, તસ્યાઃ પ્રસાદિના,જગતના જન્મ રક્ષણ નાશ કર્તુત્વવાળા એવા પરમાત્મા શ્રીહરિના માતા જે ભક્તિ માતા તેમનું પ્રસાદિરુપ એવા । કુઙ્કુમેન, કુંકમ વડે કરીને તે ચાદંલા કરવો. ॥ ૪૩ ॥

તાત્પર્યાર્થઃ-

'ઊર્ધ્વપુંડ્રતિલકના મધ્ય ભાગમાં જ, ઊર્ધ્વપુંડ્રને માટે જે પ્રસાદિ એવું શ્રીખંડ ચંદન અથવા પંચાળાના તળાવની પ્રસાદિરૂપ મૃત્તિકા જે ગોપીચંદન, તેણે કરીને ગોળ એવો ચાદંલો કરવો અથવા ભક્તોનું કાર્ય જે પરમમોક્ષ, તેની દેનારી જે વિલક્ષણ ઈચ્છાશક્તિ તે રૂપી મુખ્ય લક્ષણ જે સંસારમાં પ્રગટ થવાનું અસાધારણ નિમિત્ત;-તે વાળા અથવા જગતના જન્મ રક્ષણ નાશ કતૃત્વ ધર્મવાળા,એવા પરમાત્મા શ્રી સ્વામિનારાયણ,જે અમે તે અમારા માતા જે ભક્તિ માતા,તેમના પ્રસાદિરુપ એવા કુંકુમ વડે કરીને તે ચાદંલો કરવો॥ ૪૩ ॥

सच्छूद्राः कृष्णभक्ता ये तैस्तु मालोर्ध्वपुण्डके ।
द्विजातिवद्धारणीये निजधर्मेषु संस्थितैः ॥ ४४ ॥

અન્વયઃ- 'ये सच्छूद्राः कृष्णभक्तां, स्युः, निजधर्मेषु संस्थितैः, तैः, तु,मालोर्ध्वपुण्ड्के,द्विजातिवत्, धारणिये ॥ ૪૪ ॥

વ્યાખ્યા - 'ये જેઓ । सच्छुद्राः-"विशुद्धान्वयसञ्ज्ञातो निवृतो मद्यमांसतः। द्विजभक्तो वणिग्वृतिः सच्छूद्रः स प्रकीर्त्यते" इतिवृद्धपाराशरः। શુદ્ધ નિર્દોષ

વંશમાં જન્મ પામેલ, મદ્ય માંસથી નિવૃત્ત, દ્વિજવર્ણનો ભક્ત, વણિકની વૃત્તિથી જીવનાર, સત્ શૂદ્ર કહેવાય છે, એમ વૃદ્ધપારાશર સ્મૃતિમાં કહેલા જે गोपनापितकुम्भकारादयः, જેના હાથનું જળ ખપે એવા આહીર, કુંભાર, વાળંદ આદિ સત્શુદ્રો । कृष्णभक्तः कर्षति दुःखानि, उत्कृष्टा निर्वृत्तिर्यस्माद्वा,तस्य હરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારા भक्ताःशरणागतिની દીક્ષાને પામેલા ભક્ત જનો । स्युः,જે હોય, । निजधर्मेषु,-પોતાના ધર્મમાં । संस्थितैः,રહેલા । तैः,तु,તે સત્શુદ્રોએ તો । मालोर्ध्वपुण्ड्रके,- माला च ऊर्ध्वपूण्ड्रं च,કંઠી તથા તિલક તે । द्विजातिवत्, द्वेजाति जन्मनी येषान्ते तद्वत्," मातुरग्रेऽधिजननं द्वितीयं मौञ्जीबन्धनादि" ति मनुः। બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય જે દ્વિજાતિ તેમની માફક । धारणिये,-ધારણ કરવા. ॥ ૪૪ ॥

तात्पर्यार्थः-

'જેઓ "નિર્દોષ શુદ્ધ વંશમાં જન્મેલા, મદ્યમાંસથી નિવૃત્ત, દ્વિજવર્ણના ભક્તો, વણિકની વૃત્તિથી જીવનારા,"- એ વૃદ્ધપરાશર સ્મૃતિમાં કહેલા લક્ષણો પ્રમાણે જેના હાથનુ જળ ખપે એવા આહીર, કુંભાર, વાળંદ આદિ સત્શુદ્રો, હોય અને તે 'હરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારા,-શરણાગતિની દિક્ષાને પામેલા ભક્તજનો હોય તથા પોતાના ધર્મમાં વર્તનારા હોય , તે સત્શુદ્રોએ પણ બ્રાહ્મણ, ક્ષત્રિય, વેશ્યની પેઠે કંઠમા તુલસીની બેવડી માળા પહેરવી અને લલાટ, હૃદય તથા બે ભુજાઓ એ ચાર સ્થળમાં ઊર્ધ્વપુડ્રં તિલક અને તેના મધ્યે ચાદંલો તે કરવા.(૪૪)

भक्तैस्तदितरैर्भाले चन्दनादीन्धनोद्भवेः ।
धार्ये कण्ठे ललाटेऽथ कार्यः केवलचन्दकः ॥ ૪૫ ॥

અન્વયઃ- 'तदितरैः भक्तैः, कण्ठे, चन्दनादीन्धनोद्भवे, माले, धार्ये, अथ ललाटे, केवलचन्द्रकः, कार्यः ॥ ૪૫॥

વ્યાખ્યા- 'तदितरैः सच्छूद्रेभ्य इतरेयेऽसच्छूद्रा-यवन-श्वप चादयस्तैः, સત્શુદ્ર ભિન્ન જે અસત્શુદ્રો તથા યવન શ્વપચ આદિ મનુષ્યો । भक्तैः, અસ્મદ્ભક્તૈઃ, । कण्ठे, પોતાના કંઠમાં। चन्दनादीन्धनोद्भवे, चन्दनम् आदिर्यस्य धात्र्यादि वृक्षस्य, तस्येन्धनं सूक्ष्मकाष्ठम्, तस्मादद्भवो ययोस्ते,પોતાના કંઠમાં ચંદન તથા આમળી તથા પવિત્ર કાષ્ઠની બનાવેલી । माले, બેવડી માળા । धार्ये,પહેરવી. । अथ,-અને ललाटे,-લલાટના મધ્યમાં । केवलचन्द्रकः-केवलः पुण्ड्ररहितश्चासौ चन्द्रकः,ઉર્ધ્વપુડ્રં તિલક રહિત એવો ચાંદલો માત્ર कार्यः-કરવો.॥ ૪૫ ॥

तात्पर्यार्थः-

'તે સત્શુદ્રથી અન્ય જે અસત્શુદ્રો તથા યવન, શ્વપચ આદિ અમારી ભક્તિ કરનારા મનુષ્યો તેમણે પોતાના કંઠમાં ચંદન, આમળી તથા પવિત્ર કાષ્ઠની બનાવેલી બેવડી માળા પહેરવી અને લલાટના મધ્યમાં ઉર્ધ્વપુંડ્ર તિલક રહિત કેવલ ચાદંલો જ કરવો.॥ ૪૫ ॥

त्रिपुण्ड्ररुद्राक्षधृतिर्येषां स्यात स्वकुलागता ।
तैस्तु विप्रादिभिः क्वापि न त्याज्या सा मदाश्रितेः ॥ ४६ ॥

अन्वयः- 'येषां त्रिपुण्ड्ररुद्राक्षधृतिः स्वकुलागता, स्यात् तैस्तु, विप्रादिभिः, मदाश्रितैः, सा, क्वापि, न, त्याज्या ॥ ४६ ॥

व्याख्या- 'येषाम्-, જે બ્રાહ્મણાદિકોને । त्रिपुण्ड्ररुद्राक्षदृतिः, ત્રિરેખં પુણ્ડ્રં, રુદ્રાક્ષાશ્ચ, तेषां धृतिः- ધારણમ્ ત્રણ રેખાવાળું આડુ તિલક તથા રુદ્રાક્ષની માળા આદિ શૈવ ચિન્હોનું ધારણ કરવું. તે । स्वकुला गता स्यात् स्वस्य कुलाद् आगता भवेत्,પોતાના કુળની પરંપરાથી ચાલ્યુ આવતુ હોય । तैस्तु विप्रादिभिः,તેવા બ્રાહ્મણાદિકોએ । मदाश्रितैः, मम परब्रह्मण आश्रितैः,અમોને પરબ્રહ્મને આશરીને વૈષ્ણવી દીક્ષાને પામેલા હોય તો પણ તેમણે અથવા મદસ્ય- 'परब्रह्म श्रीस्वामिनारायणो भजनीयः स्वयं मिलितः किमद्य शैवचिन्हैरितिमदस्य परब्रह्मप्रार्प्तिमूलकगर्वस्याऽऽश्रितास्तैः,પરબ્રહ્મ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા જે ભજવા યોગ્ય છે તે સ્વયમ્ આપણને મળ્યા છે. હવે શૈવ ચિન્હોને શું કરવા છે !' એવા પરબ્રહ્મ પ્રાપ્તિ મૂલક મદથી પણ । सा क्वापि न त्याज्या ત્રિપુંડ્ર તથા રૂદ્રાક્ષનું ધારણ કરવું. તે કોઈપણ સમયે ત્યાગ ન કરવું.॥ ૪૬ ॥

तात्पर्यार्थः-

'જે બ્રાહ્મણાદિકોને ત્રણ રેખાવાળું આડુ તિલક તથા રૂદ્રાક્ષની માળા આદિ શૈવ ચિન્હોનું ધારણ કરવું એ પોતાના કુળની પરંપરાથી ચાલ્યું આવતું હોય તેવા બ્રાહ્મણાદિકોએ, અમોને પરબ્રહ્મને આશરીને વૈષ્ણવી દીક્ષાને પામેલા હોય તો પણ "પરબ્રહ્મ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા જે ભજવા યોગ્ય છે તે સ્વયં આપણને મળ્યા છે. હવે શૈવ ચિન્હોને શું કરવા છે એવા મદના વેગથી પણ તે ત્રિપુંડ્ર તથા રૂદ્રાક્ષનુ ધારણ કરવું આદિકને કોઈપણ સમયે ન તજવા. ॥ ૪૬॥

અથવા

येषां, त्रिपुण्ड्ररुद्राक्षधृतिः,स्वकुलागता, क्वापि न स्यात्,तैस्तु, विप्रादिभिः, मदाश्रितैः, सा त्याज्या, किन्तु वैष्णवचिन्हानि ग्राह्याणि इत्यन्वयः ॥ ४६ ॥

तात्पर्यार्थः-

જે બ્રાહ્મણાદિકોને ત્રિપુડ્ર અને રુદ્રાક્ષનું ધારણ કરવું એ ક્યારેય પણ પોતાની કુળપરંપરાથી ન આવેલા હોય, તો તે બ્રાહ્મણાદિક અમારા આશ્રિતોએ,

ત્રિપુડ્ર તથા રુદ્રાક્ષ ધારણની રીતિ ત્યાગ જ રાખવી.ગ્રહણ ન કરવી. કિન્તુ વૈષ્ણવ ચિન્હો ધારવા।। ૪૬ ।।

ऐकात्म्यमेव विज्ञेयं नारायणामहेशयोः ।
उभयोर्ब्रह्मरुपेण वेदेषु प्रतिपादनात् ।। ४७ ।।

અન્વયઃ- 'नारायण महेशयोः ऐकात्म्यमेव विज्ञेयम्, वेदेषु, उभयोः, ब्रह्मरुपेण, प्रतिपादनात् ।। ४७ ।।

વ્યાખ્યા-'नारायणमहेशयोः, नराद् विराजात् जाता नारा आपः, अयनं यस्य सः "विष्णुर्नारायण" इत्यमरः,'अथ नारायणो विष्णुरुर्ध्वकर्मा नरायणः" इति शब्दार्णवः, નર જે વિરાજ પુરુષ તેથી ઉત્પન્ન થએલ જળ છે સ્થાન જેનું એવા વિષ્ણુ । महाँश्चासावीशश्च महेशः,महान् એવા સંહારના ઐશ્વર્યવાળા જે શિવજી । तयोः, मम शरीरात्मकदेवयोः, તે બન્ને અમારા શરીરરૂપી જે ચેતન દેવો તેમનું । एकात्म्यम्, एकः परब्रह्म परमात्माऽहं श्रीस्वामिनारायण एवात्मा शरीरी ययोस्तावेकाऽऽत्मानौ तयोर्भावः,એક પરમાત્મા અમે શ્રી સ્વામિનારાયણ જ છીએ આત્મા-શરીરી અન્તઃપ્રવિષ્ટ શાસ્તા જેમના એવા પણું । विज्ञेयम् જાણવું કારણ કે वेदेषु- શ્રુતિષુ "यस्य पृथिवी शरीरम्.... आप.... अग्नि..... अन्तरीक्षम्:...., वायुः,... आदित्यः,... दिशः,... चन्द्रतारम्:,...आकाशः,...तमः,...तेजः,... शरीरम्, यः सर्वेषु भूतेषु तिष्ठन्.. यस्य सर्वाणि भूतानि शरीरं यः सर्वाणि भूतान्यन्तरो यमयत्येष त आत्मा अन्तर्याम्यमृतः'(बृ. अ.३. ब्रा. ७)" જે પરમાત્માનું પૃથ્વી શરીર છે, જળ, અગ્નિ અંતરીક્ષ,વાયુ, સ્વર્ગ,સૂર્ય,દિશા, ચન્દ્રમાં, તારા, આકાશ,અંધકાર,તેજ તે બધા શરીર છે. જે સર્વભૂતપ્રાણીમાત્રમાં રહેલા છે, જેના સર્વ ભુત પ્રાણિમાત્ર જડ ચેતન શરીર છે, જે સર્વભૂત પ્રાણીમાત્રની અંદર રહીને નિયમન કરે છે. તે સર્વના આત્મા જે અમૃત પરમાત્મા તે અંતર્યામી છે" એ આદિક શ્રુતિઓમાં । उभयोः स्वतरसमस्त जडचेतनयोः स्वशरीरतया प्रतिपादनात्,- પરબ્રહ્મથી ભિન્ન એવા સર્વે જડ અને ચેતનને પરબ્રહ્મ જે અમે તે અમારા શરીરપણે પ્રતિપાદન કરેલા હોવાથી । यद्वा-'उभयोः, चेतनतत्वान्त र्गतयोविर्ष्णुशंकरयोरपि,ચેતન તત્વાન્તર્ગત એવા વિષ્ણુ અને શંકર તે બન્નેને પણ । 'स एषः ड्रह प्रविष्टः'..' तच्छेयोरूपमत्यसृजत.. 'इन्द्रो वरुणः सोमोरुद्रः पर्जन्यो यमो मृत्युरीशानः,"તે પરમાત્મા એમાં પ્રવેશ કરીને રહેલા છે, તે પરમાત્માએ શ્રેયઃરૂપોને સૃજ્યા,...ઈન્દ્ર, વરૂણ, સોમ,રુદ્ર, પર્જન્ય, યમ, મૃત્યુ, ઈશાન આદિક" ઈત્યાદિ શ્રુતિઓના આધારથી । ब्रह्मरूपेण ब्रह्म मूलाक्षरं ब्रह्म, रूपं शरीरं यस्य परब्रह्मणस्तत् परंब्रह्म तेन, तृतीयार्थो वैशिष्ट्यम्,મૂળ અક્ષર બ્રહ્મ છે શરીર જેમનું એવા જે પરબ્રહ્મ તેનાથી વિશિષ્ટ એવા શરીર

ભાવથી । यद्वा-' नारायण एक एवासीत् नारायणात्प्राणो जायते..... नारायण एवेदं सर्वम्' ' देवा ह वै.... रुद्रमपृच्छन्... को भवानिति, सोऽब्रवीद् अहमेकः प्रथममासं वर्तामि च भविष्यामि च' નારાયણ જે વિષ્ણુ તે એકજ પ્રથમ હતા. વિષ્ણુથી પ્રાણ, મન,પૃથ્વી..., બ્રહ્મા,રૂદ્ર,ઈન્દ્ર, પ્રજાપતિ, આદિત્ય આદિ ઉત્પન્ન થયા', 'દેવતાઓએ સ્વર્ગમાં જઈને રુદ્રને પૂછયુ-તમે કોઈ છો ? રૂદ્ર બોલ્યા - હું એકજ પ્રથમ હતો, છું, અને હઈશ;-ઈત્યાદિ શ્રુતિઓ દ્વારા । ब्रह्मरुपेण-ब्रह्मणः परब्रह्मणो मम यद् रूपं जगज्जन्मादिकर्तृत्वं तद्वत्तया प्रतिपादनात्-, પરબ્રહ્મ પરમાત્મા જે અમે તે અમારો જે જગતના જન્મ, સ્થિતિ, લય, કર્તૃત્વરૂપી અસાધારણ ધર્મ તેણે યુક્તપણે પ્રતિદન કરેલા છે, માટે અમારા શરીરરૂપે તેઓ જગતના જન્માદિના કારણ છે, એવીરીતે અમારા શરીર હોવાથી વૈષ્ણવોએ શિવ પ્રતિ અને શૈવોએ વિષ્ણુ પ્રતિ ન્યૂનભાવમય અવધારણા ન જ કરવી.।। ૪૭।।

तात्पर्यार्थः-

'વિરાજ પુરુષથી ઉત્પન્ન એવા વિષ્ણુ અને શંકર એ અમારા શરીરરૂપી ચેતનદેવોને વિષે એક પરમાત્મા અને શરીરી એવા તેમના આત્માપણે રહેલા છીએ એમ જાણવું, કારણ કે શ્રુતિઓમાં જડ અને ચેતન, બન્નેને, મૂળઅક્ષર બ્રહ્મના શરીરી જે અમે તે અમારા શરીરરૂપે પ્રતિપાદન કર્યા છે. અને ચેતન એવા વિષ્ણુ તથા શંકરને પણ શ્રુતિઓમાં અમારા શરીરરૂપે પ્રતિપાદન કર્યા છે, તથા "જગતના જન્મ સ્થિતિ લય કરવા"-એ અમારુ અસાધારણ લક્ષણ તે પણ, -અમે-'વિષ્ણુ અને શંકરમાં શરીરી-આત્મારૂપે રહેલા હોવાથી' તે બન્નેમાં શ્રુતિઓએ વર્ણવેલ છે, માટે તે બન્નેમાં અમારી ભાવના રાખવી, પણ ન્યુનાધિક ભાવના ન લાવવી.।। ૪૭ ।।

शास्त्रोक्त आपद्धर्मो यः स त्वल्पत्यदि कर्हिचित् ।
मदाश्रितैर्मुख्यतया ग्रहितव्यो न मानवैः ।। ४८ ।।

अन्वयः- ' मानवैः मदाश्रितैः (सद्भिः), शास्त्रोक्तः, यः, आपद्धर्मः, स तु, अल्पापदि, कर्हिचित्, न ग्रहीतव्यः ।। ४८ ।।

व्याख्या- 'मानवैः, 'મનુષ્યોએ । मदाश्रितैः सद्भिः, परब्रह्म प्राप्तिनिमित्तकस्य मदस्य गर्वस्य हर्षस्य वा, आश्रितास्तैः, પરબ્રહ્મ એવા અમોને પ્રાપ્ત કર્યાનો ગર્વ અથવા હર્ષને આશરીને પણ । शास्त्रोक्तः, स्मृतिषूक्तः, "अजीवंस्तु यथोक्तेन ब्राह्मणः स्वेन कर्मणा । जीवेत् क्षत्रीयधर्मेण स ह्यस्य प्रत्यनन्तरः"ब्राह्मणने પોતાના કર્મથી જીવિકા ન ચાલતી હોય તો તે ક્ષત્રિય ધર્મથી જીવે-ઈત્યાદિ મનુસ્મૃતિ આદિકમાં કહેલ । यः- । आपद्धर्मः, अकस्माद्

આપઘત ઇત્યાપત્, આપદિ, ધર્મઃ,આપત્કાળમાં વિહિત ધર્મ । સ તુ,તે તો । અલ્પાપદિ, અલ્પાયામ્ આપદિ, પ્રાણનાશના પ્રસંગ વિના સાધારણ આપત્ જેવામાં । કર્હિચિત્, ક્યારેય પણ । ન ગ્રહીતવ્યઃ, ગ્રહણ ન કરવો. ॥ ૪૮ ॥

તાત્પર્યાર્થઃ-

'મનુષ્યોએ, અમોને પામ્યાના ગર્વ અથવા હર્ષને આશરીને પણ મનુસ્મૃતિ આદિ શાસ્ત્રોમાં "બ્રાહ્મણ પોતાની વૃત્તિથી જીવિકા ન ચલાવી શકે તો ક્ષત્રિયની વૃત્તિથી જીવિકા ચલાવે,ઇત્યાદિ કહેલ જે આપત્કાળમાં વિહિત ધર્મ તેતો પ્રાણનાશના પ્રસંગ વિના સાધારણ આપત્ જેવામાં ક્યારેય પણ ગ્રહણ ન કરવા ॥ ૪૮ ॥

પ્રત્યહં તુ પ્રબોદ્ધવ્યં પૂર્વમેવોદયાદ્ રવેઃ ।
વિધાય કૃષ્ણસ્મરણં કાર્યઃ શૌચવિધિસ્તતઃ ॥ ૪૯ ॥

અન્વયઃ- 'પ્રત્યહં, તુ, રવેઃ, ઉદયાત્, પૂર્વમેવ, પ્રબોદ્ધવ્યમ્, તતઃ, કૃષ્ણસ્મરણં, વિધાય, શૌચવિધિઃ, કાર્યઃ ॥ ૪૯॥

વ્યાખ્યા- 'પ્રત્યહં તુ, અહરહઃ પ્રતિ, પ્રતિદિન । રવેઃ,સૂર્યના । ઉદયાત્- ઉદયથી । પ્રાગેવ,- પહેલા અને ચાર વાગ્યા પછીના સમય રૂપી જે બ્રાહ્મમૂહુર્ત તેમાં । પ્રબોદ્ધવ્યમ્-,જાગવું. । તતઃ,જાગ્યા પછી । કૃષ્ણસ્મરણમ્, કર્ષતિ દુઃખાનિ, ઉત્કૃષ્ટા નિવૃત્તિર્યસ્માદ્વા, તસ્ય,-દુઃખ હરનારા અને અખંડ સુખ આપનારા એવા શ્રીહરિકૃષ્ણ પરબ્રહ્મ જે અમે તે અમારુ । સ્મરણમ્-, સ્વામિનારાયણ સ્વામિનારાયણ એ પ્રમાણે નામ સંકીર્તન તથા ધ્યાન । વિધાય કરીને પછી । શૌચવિધિઃ કાર્યઃ, શૌચસ્યોત્સર્ગશુદ્ધેર્વિધિઃ કર્તવ્યઃ,મળ મૂત્ર ત્યાગ કરવા રૂપી શૌચ ક્રિયા કરવા જવું. ॥ ૪૯ ॥

તાત્પર્યાર્થઃ-

'મનુષ્યોએ, પ્રતિદિન સૂર્યના ઉદયથી પહેલા અને ચાર વાગ્યા પછીના સમયરૂપી જે બ્રાહ્મમુહુર્ત તેમાં જાગવું, જાગ્યા પછી દુઃખહર્તા અને અખંડ સુખદાતા એવા શ્રીહરિકૃષ્ણ પરબ્રહ્મ જે અમે તે અમારુ સ્વામિનારાયણ સ્વામિનારાયણ એ પ્રકારે સ્મરણ નામસંકીર્તન અને ધ્યાન કરીને પછી મળમુત્ર ત્યાગ કરવા રૂપી શૌચ વિધિ કરવા જવું.॥ ૪૯ ॥

ઉપવિશ્યૈવ ચૈકત્ર કર્તવ્યં દન્તધાવનમ્ ।
સ્નાત્વા શુચ્યમ્બુના ધૌતે પરિધાર્યે ચ વાસસી ॥ ૫૦ ॥

અન્વયઃ- 'એકત્ર ચ, ઉપવિશ્ય, દન્તધાવનં, કર્તવ્યમ્, શુચ્યમ્બુના સ્નાત્વા, ચ, ધૌતે વાસસી પરિધાર્યે ॥ ૫૦ ॥

વ્યાખ્યા- 'એકત્ર ચ, અને એક સ્થળમાં । ઉપવિશ્ય,- બેસીને ।

दन्तधावनम्,दन्तानां धावनं शोधनं, कर्तव्यम्-,દાંતોને દાતણ આદિકથી શુદ્ધ કરવા । शुच्यम्बुना च, પછી શુદ્ધ જળ વડે । स्नात्वा- સ્નાન કરીને । धौते, ધોએલા શુદ્ધ એવા વાસસી,- परिधानीयमुत्तरीयञ्च'- ધોતિયું તથા ખેસ એ બે વસ્ત્રો । परिधार्ये,-ધારણ કરવા. ॥ ૫૦ ।

तात्पर्यार्थः-

'અને એક સ્થળમાં બેસીને જ દાંતોને દાતણ આદિ વડે શુદ્ધ કરવા, પછી નદી તળાવ આદિકના શુદ્ધ જળ વડે સ્નાન કરીને ધોયેલુ શુદ્ધ એક વસ્ત્ર પહેરવું અને એક વસ્ત્ર ઓઢવું.॥ ૫૦ ॥

उपविश्य ततः शुद्ध आसने शुचिभूतले ।
असङ्कीर्ण उपस्पृश्यं प्राङ्मुखं वोत्तरामुखम् ॥ ૫૧ ॥

अन्वयः- 'ततः, शूचिभूतले, असङ्कीर्णे, शुद्धे, आसने, प्राङ् मुखं, वा, उत्तरामुखम्, उपविश्य, उपस्पृश्यम् ॥ ૫૧ ॥

व्याख्या- 'ततः,વસ્ત્રો ધારણ કર્યા પછી । शूचिभूतले, निक्षिप्त इति शेषः। ગોમયથી લીપેલા ભુભાગમાં,અથવા દેવમંદિરાદિ પવિત્ર સ્થળમાં, અથવા સાવરણીથી વાળીને જળ છાંટેલા સ્થાનમાં પાથરેલા એવા । असङ्कीर्णे, ઈષ્ટદેવની પૂજાના આસનને તથા બીજા કોઈ આસનને અડેલ ન હોય તેવા । शुद्धे,- અશુદ્ધ વસ્તુના સ્પર્શ રહિત એવા આસને आस्यतेऽस्मिन् तस्मिन् સારીરીતે બેસાય જેમાં એવા કામળી,મૃગચર્મ,વ્યાઘ્રચર્મ,કુશાશન આદિ આસનમાં प्राङ्मुखम्,- प्राङ्प्राच्यां मुखं यस्यां क्रियायां यथा तथा, वा, અથવા उत्तरामुखम्, उत्तरस्यां मुखं यस्यां क्रियायां यथा तथा,પૂર્વદિશા અથવા ઉત્તરદિશાની સન્મુખ उपविश्य,-બેસીને । उपस्पृश्यम्-,આચમન કરવું॥ ૫૧ ॥

तात्पर्यार्थः-

'અને વસ્ત્રો ધારણ કર્યા પછી ગોમયથી લીપેલ ભુમિમાં, અથવા દેવ મંદિરમાં, અથવા સાવરણીથી વાળીને જળ છાંટેલા સ્થાનમાં, બીછાવેલ એવું, તથા ઈષ્ટદેવની પૂજાના આસનને તથા બીજા કોઈ આસનને ન અડેલ હોય એવું, તથા અશુદ્ધ વસ્તુના સ્પર્શ રહિત એવું, અને જે ઉપર સારી રીતે બેસાય એવું, જે કમ્બલ, મૃગચર્મ, વ્યાઘ્રચર્મ, કુશ આદિ કોઈપણ આસન તે ઉપર પૂર્વદિશા સન્મુખ અથવા ઉત્તરદિશા સન્મુખ બેસીને, શુદ્ધજળ વડે આચમન કરવું.॥ ૫૧ ॥

कर्तव्यमूर्ध्वपूण्ड्रं च पुम्भिरेव सचन्द्रकम् ।
कार्यः सघवनारीभिर्भाले कुङ्कुमचन्द्रकः ॥ ૫૨ ॥

अन्वयः- 'पुम्भिरेव, सचन्द्रकम्, ऊर्ध्वपूड्रम्, कर्तव्यम्, च, सघवनारीभिः, भाले, कुङ्कुमचन्द्रकः कार्यः ॥ ૫૨ ॥

વ્યાખ્યા- 'પુમ્ભિરેવ,પુરુષોએ તો । સચન્દ્રકમ્,ચાંદલે સહિત । ઉર્ધ્વપુણ્ડ્રં, કર્તવ્યમ્,ચાર સ્થળે ઉર્ધ્વપુણ્ડ્રતિલક કરવા તથા આચમન કરવું. ્ચ અને । સધવનારીભિ:-ધવેન સહિતાભિ: સ્ત્રીભિ:,પતિવાળી સ્ત્રીઓએ ભાલે, પોતાના લલાટમાં કુઙ્કુમચન્દ્રક:,કુંકુમનો ચાંદલો માત્ર કાર્ય: કરવો.॥ ૫૨ ॥

તાત્પર્યાર્થ:-

'અને પછી પુરુષોએ ચાંદલે સહિત ચાર ઊર્ધ્વપુંડ્ર તિલક કરવા, તથા આચમન કરવું, અને સુવાસિની એવી સ્ત્રીઓએ પોતાના લલાટમાં ગોળ એવો કુંકુમનો ચાદલો કરવો, પણ તિલક ન કરવું.॥ ૫૨ ॥

પુણ્ડ્રં વા ચન્દકો ભાલે ન કાર્યો મૃતનાથયા ।
મનસા પૂજનં કાર્ય તત: કૃષ્ણસ્ય ચાઽખિલૈ: ॥ ૫૩ ॥

અન્વય:- 'મૃતનાથયા, ભાલે, પુણ્ડ્રં, વા, ચન્દ્રકો, ન કાર્ય:, તતશ્ચ, અખિલૈ:,કૃષ્ણસ્ય, મનસા, પૂજનં, કાર્યમ્ ॥ ૫૩ ॥

વ્યાખ્યા-' મૃતનાથયા, મૃતો નાથો યસ્યાસ્તયા । મૃત છે પતિ જેમનો એવી સ્ત્રીઓએ । ભાલે,-પોતાના લલાટમાં । પુણ્ડ્રમ્ ઊર્ધ્વપુંડ્ર તિલક વા ચન્દ્રક:,અથવા ચાંદલો । ન કાર્ય:, ન કરવા. ॥ તત:,એ પ્રમાણે તિલક આદિ ધારણ કર્યા પછી । અખિલૈ:,સર્વે સ્ત્રીઓએ તથા પુરુષોએ । કૃષ્ણસ્ય, કર્ષતિ દુ:ખાનિ, ઉત્કૃષ્ટા નિર્વૃત્તિર્યસ્માદ્વા, તસ્ય, ધ્યાનં કૃત્વા, દુ:ખહર્તા અને અખંડ સુખદાતા એવા શ્રીહરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારુ ધ્યાન કરીને । મનસા પૂજનં કાર્યમ્,- મન વડે કલ્પેલી પુષ્પ ચંદનાદિ વિવિધ સર્વ સામગ્રીઓ દ્વારા માનસી પુજા કરવી. ॥ ૫૩ ॥

તાત્પર્યાર્થ:-

'અને વિધવા સ્ત્રીઓએ પોતાના લલાટમાં ઊર્ધ્વપુડ્ર આદિ તિલક અથવા ચાંદલો ન કરવા. એ પ્રમાણે તિલક આદિક ધારણ કર્યા પછી પુરુષ તથા સ્ત્રી સર્વ ભક્તજનોએ દુ:ખહર્તા અને અખંડ સુખદાતા એવા હરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારુ ધ્યાન કરીને પછી મન વડે કલ્પેલી એવી પુષ્પ ચંદનાદિ વિવિધ સામગ્રીઓ દ્વારા અમારી માનસીપૂજા કરવી॥ ૫૩ ॥

પ્રણમ્ય રાધાઽઽકૃષ્ણસ્ય લેખ્યાર્ચા તત આદરાત્ ।
શક્ત્યા, જપિત્વા તન્મન્ત્રં કર્તવ્યં વ્યાવહારિકમ્ ॥ ૫૪ ॥

અન્વય:- 'તત:, રાધાકૃષ્ણસ્ય, લેખાર્ચામ્, આદરાત્, પ્રણમ્ય, તન્મન્ત્રં, શક્ત્યા, જપિત્વા, વ્યાવહારિકં, કર્તવ્યમ્ ॥ ૫૪ ॥

વ્યાખ્યા- 'તત:, માનસી પૂજા કર્યા પછી । રાધાઽઽકૃષ્ણસ્ય, રાતીતિ રા:- જગતાં જન્મદાનમ્, આ સમન્તાદ્ દધાતીત્યાધં પોષણમ્, અ: નિષેધો

लयः, ते सन्ति यस्मात् तादृशः कृष्णः श्रीहरिकृष्णास्तस्य, જગતના જન્મ, પોષણ અને નાશ જેનાથી થાય છે એવા શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા । यद्वा राध्नोति मोक्षोऽन्येच्छया राधयति वा राधा, तयाऽऽकर्षति दुःखानि यस्तस्य परमेश्वरस्य मम । જીવોને મોક્ષદેવાની ઇચ્છા દ્વારા દુઃખોના દુર કરનારા એવા પરમેશ્વર શ્રીસ્વામિનારાયણ જે અમે તે અમારી । लेखाऽर्चाम् लेख्या चित्रमयी याऽर्चा प्रतिमा ताम्, સ્વગુરુએ આપેલી એવી ચિત્રપ્રતિમાને । आदरात्प्रणम्य,આદરપૂર્વક પ્રણામ કરીને । तन्मन्त्रम्, तस्य परमात्मनो मम मन्त्रं नाम, ते परब्रह्म परमात्मा જે અમે તે અમારા શ્રી સ્વામિનારાયણ નામ રૂપી મંત્ર તેનો, । शक्त्या जपित्वा, अवकाश અને સામાર્થ્ય પ્રમાણે જપ કરીને । व्यावहारिकम्, व्यवहारेण निवृतं, कार्य कर्तव्यम्, પછી પોતાનું વ્યાવહારિક કામકાજ કરવું. ॥ ૫૪ ॥

तात्पर्यार्थः-

'તે માનસી પૂજા કર્યા પછી જગતના જન્મ,સ્થિતિ,નાશ જેમનાથી થાય છે. એવા અથવા જીવોને મોક્ષ દેવાની ઇચ્છાથી દુઃખોના હરનારા એવા શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારી સ્વગુરુ દ્વારા પ્રાપ્ત એવી ચિત્ર પ્રતિમાને આદરપૂર્વક પ્રણામ કરીને, પરબ્રહ્મ પરમાત્મા જે અમે તે અમારા શ્રી સ્વામિનારાયણ નામરુપી મંત્રનો અવકાશ અને સામર્થ્ય પ્રમાણે જપ કરીને પોતાનુ વ્યાવહારિક કામકાજ કરવું.॥ ૫૪ ॥

ये त्वम्बरीषवद्भक्ताः स्युरिहात्मनिवेदिनः ।
तैश्च मानसपूजाऽन्तं कार्यमुक्तक्रमेण वै ॥ ५५ ॥

अन्वयः- 'इह, ये, तु, अम्बरीषवत्, आत्मनिवेदिनः, भक्ताः, स्युः, तैश्च, मानसपूजाऽन्तम्, उक्तक्रमेण, वै, कार्यम् ॥ ૫૫ ॥

व्याख्या-'इह-'આ લોકમાં ભકતજનોના મધ્યે । ये तु-, જેઓ । अम्बरीषवत्,-સૂર્યવંશી અંબરીષરાજાની માફક । यद्वा- अम्ब्यते शब्द्यते गीयते श्रीहरिर्यत्र भक्ते सर्वदा स अम्बरीषः, परमभागवत उत्तमराजा तद्वत् અથવા પરમાત્મા શ્રીહરિ જે ભકતમાં કાયમ ભજન કરતા હોય એવા ભકત જે ગઢપુરના ઉત્તમરાજા તેની માફક ('अम्बरीषं रणे भ्राष्ट्रे क्लीबं पुंसि नृपान्तरे । नरकस्य प्रभेदे च किशोरे भास्करेऽपि चे'ति मेदिनी) आत्मनिवेदिनः,- आत्मानं निवेदयन्तीति ते,તન, મન, અને ધન તો અર્પણ કરેલા જ હોય, પણ શેષભુત એવો આત્મા પણ જેમણે ભગવાનને અર્પણ કર્યો હોય એવા । भक्ताः स्युः,- ભકતજનો હોય । तैश्च,તેમણે પણ । मानसपूजान्तम्,- मानसेन पूजाः, यद्वा मनसा निवृत्ता मानसी, सा चासौ पूजा च, साऽन्ते यस्य तत्-,માનસી પૂજા છે

અંતે જેને એવું નિત્ય કર્મ । उक्तक्रमेण,- 'प्रत्यहमि'૪૯ ઇત્યાદિ શ્લોકથી લઈને ક્રમ પ્રમાણે જે કહેલ છે । वै, कार्यम्,-નિશ્ચય કરવું.॥ ૫૫ ॥

तत्पर्यार्थः-

'અને આ લોકમાં ભક્તજનો મધ્યે જેઓએ, સૂર્યવંશી અંબરીષ રાજાની પેઠે તથા ગઢપુરના પરમ ભાગવત રાજર્ષિ ઉત્તમ રાજાની પેઠે, તન,મન,ધન તથા શેષભૂત એવા આત્મા પણ પરમાત્મા એવા અમોને અર્પણ કરેલ હોય, એવા જે આત્મનિવેદી ભક્તજનો તેમણે પણ નિદ્રાત્યાગથી આરંભીને માનસીપૂજા પર્યન્ત સર્વ નિત્ય ક્રિયાઓ તે ૪૯ના શ્લોકથી લઈને કહેલા ક્રમ પ્રમાણે અવશ્ય કરવી.॥ ૫૫॥

शैली वा धातुजा मूर्ति शालग्रामोऽर्च्य एव तैः ।
द्रव्यैर्यथाप्तैः कृष्णस्य जप्योऽथाऽष्टाक्षरो मनुः ॥ ૫૬ ॥

अन्वयः- 'तैः, यथाप्तैः, द्रव्यैः, शैली, वा धातुजा, मूर्ति, वा शालग्राम एव, अर्च्यः, अथ कृष्णस्य, अष्टाक्षरो मनुः जप्यः ॥ ૫૬ ॥

व्याख्या- 'तैः,તે આત્મનિવેદી ભક્તજનોએ। यथाऽऽप्तैः,- यथामिलितैः, દેશ કાળ અને સામર્થ્યને અનુસારે પ્રાપ્ત થયા જે । द्रव्यैः,ચંદન પુષ્પ આદિ ઉપચારો તેણે કરીને । शैली,-शिलाया विकारः,પાષાણની । वा અથવા । धातुजा, धातुभ्यो जाता સુવર્ણ આદિ ધાતુની-
(ટીપ્પણી : પાષાણની,કાષ્ઠની,લીંપેલી,ધાતુની,ચિત્રેલી,રેતીની,મનોમયી, મણીની એ આઠ પ્રકારની મૂર્તિઓ જાણવી.) मूर्तिः प्रतिमा । वा અથવા । शालग्राम एव, શાળગ્રામ જ । पूज्यः,ષોડશોપચારોથી પૂજવા । अथ,અને પછી । कृष्णस्य,- 'कर्षति दुःखानि, 'कृषिरुत्कृष्टवचनो नश्च निर्वृतिवाचकः । तयोरैक्यं परंब्रह्म कृष्ण- ईत्यभिधीयत'- इत्यौपनिषदाः। 'कृष्णः काके पिके वर्णे हरौ व्यासेऽर्जुनो कलौ' इति हैमः। उत्कृष्टा निर्वृतिर्यस्मादिति वा व्युत्पत्तिः। દુઃખોના ટાળનારા તથા નિત્ય અવિનાશિ સુખના આપનારા એવા શ્રીહરિકૃષ્ણ પરબ્રહ્મ જે અમે તે અમારો જે । अष्टाऽक्षरो मनुः,'अक्षरं तु मोक्षेऽपी'त्यरः,'मोक्षेऽपवर्गेऊँ ब्रह्मण्यच्युतेऽक्षरमि'त्यनेकार्थकोषः,''एष ह्यात्मा अपहतपाप्मा विजरो विमृत्युर्विशोको विजिघत्सोऽपिपासः सत्यकामः सत्यसङ्कल्पः''એ શ્રુતિ પ્રતિપાદ્ય અપહતપાપમત્વ, જરારહિતત્વ, મરણરહિતતત્વ,શોકરહિતત્વ, ક્ષુધારહિતત્વ,સત્યકામત્વ, સત્યસંકલ્પત્વ એ અષ્ટગુણ વિશિષ્ટ એવી અક્ષર જે મોક્ષ સ્થિતિ તે છે જેનાથી એવો ઊઁ શ્રીસ્વામિનારાયણ એ મંત્ર, અથવા એ અષ્ટ ગુણ વિશિષ્ટ અક્ષર-જે પરમાત્મા તે છે વાચ્ય જેમાં એવો ઊઁ શ્રીસ્વામિનારાયણ મંત્ર,અથવા''अष्ट अक्षराणि यत्र

તાદૃશો મનુર્મન્ત્રઃ,- "आद्ये श्रीश्च ततः कृष्णः त्वं ततश्च गतिस्ततः। अन्ते ममेति शब्दैः मन्त्रोऽष्टाक्षर ईरितः"। आद्ये ब्रह्म ततश्चाहं कृष्णदासस्ततः परम्। अन्तेऽस्मीतिपदब्राते मन्त्रोष्टाऽक्षर ईरितः"એ પ્રમાણે 'શ્રી' આદિક તથા 'બ્ર' આદિક આઠ અક્ષરોનો જે મંત્ર યથાધિકારં જપ્યઃ-તે અધિકાર પ્રમાણે જપવો ॥ ૫૬ ॥

તાત્પર્યાર્થઃ-

'તે આત્મનિવેદી ભક્તજનોએ, દેશકાળ અને સામર્થ્યને અનુસારે પ્રાપ્ત થયા જે ચંદન પુષ્પાદિ ઉપચારો તેણે કરીને, પરમાત્મા જે અમે તે અમારી પાષાણની અથવા ધાતુની પ્રતિમાની પૂજા કરવી. અથવા શાલગ્રામની પૂજા કરવી અને પછી દુઃખહર્તા તથા નિત્યસુખદાતા પરબ્રહ્મ શ્રીહરિકૃષ્ણ

(ટિપ્પણી-સોળ ઉપચાર-'૧. આસન ૨. પાદ્ય અર્ઘ્ય આચમન માટે જળ ૩. પંચામૃત સ્નાન તથા શુદ્ધ જળ સ્નાન ૪. વસ્ત્રાલંકાર ૫. જનોઈ ૬.અક્ષત ૭. ચંદન ૮. પુષ્પ, તુલસીપત્ર ૯. અબીલ ગુલાલ ૧૦ ધુપ ૧૧ દીપ , ૧૨ નૈવેદ્ય ૧૩ તાંબુલ ૧૪ ફળ ૧૫ દક્ષિણા ૧૬ આરતિ દંડવત પ્રણામ)

જે અમે તે અમારો જે,"અપહતપાપમત્વ, જરારહિત્વ, મરણરહિત્વ, શોકરહિત્વ, ક્ષુધારહિત્વ, તૃષારહિત્વ, સત્યકામત્વ, સત્ય સંકલ્પત્વ, એ આઠ ગુણ વાળી મોક્ષસ્થિતિનો આપનાર ૐ શ્રીસ્વામિનારાયણ મંત્ર," અથવા-" એ આઠ ગુણ વિશિષ્ટ અમો પરમાત્મા છીએ વાચ્ય જેમાં એવો ૐ શ્રીસ્વામિનારાયણ એ મંત્ર," અથવા'શ્રી' આદિક અને' બ્ર ' આદિક અષ્ટ અક્ષર વાળો જે મંત્ર, તેનો જપ અધિકાર પ્રમાણે કરવો. ॥ ૫૬ ॥

स्तोत्रादेरथ कृष्णस्य पाठः कार्यः स्वशक्तितः ।
तथाऽनधीतगीर्वाणैः कार्य तन्नामकीर्तनम् ॥ ५७ ॥

અન્વયઃ- 'अथ, कृष्णस्य, स्तोत्रादेः, पाठः, स्वशक्तितः कार्यः, अनधीतगीर्वाणैः, तथा, तन्नामकीर्तनं, कार्यम् ॥ ४७ ॥

વ્યાખ્યા- 'अथ જપ કર્યા પછી । कृष्णस्य,- श्रीहरिकृष्णस्य, દુઃખહર્તા, સુખદાતા એવા શ્રીહરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારા । स्तोत्रादेः, स्तूयतेऽनेनेति स्तोत्रं तदादिर्यस्य, સ્તુતિ કરનારા જનમંગળ, સર્વમંગળ આદિ સ્તોત્ર તથા નારાયણવર્મ, એ આદિકનો । पाठः,પાઠ । स्वशक्तितः,પોતાની શક્તિ પ્રમાણે । कार्यः,કરવો. । अनधीतगीर्वाणैः, न- आधीता गीर्वाणाः संस्कृतग्रन्था यैस्तैः । સંસ્કૃત ગ્રંથોને ન ભણ્યા હોય એવા મનુષ્યોએ તો સ્તોત્રપાઠની માફક નિયમથી । तन्नामकिर्तनम्, तस्य श्रीहरिकृष्णस्य परमात्मनो मम नाम्नां कीर्तनम्-,તે શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારા નામોનું કીર્તન । कार्यम्-,કરવું.॥ ૫૭ ॥

તાત્પર્યાર્થઃ-

'જપ કર્યા પછી દુઃખહર્તા,સુખદાતા એવા શ્રીહરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા જે અમે, તે અમારી સ્તુતિ કરનારા ' જનમંગળ', સર્વમંગળ આદિ સ્તોત્ર તથા નારાયણ કવચ એ આદિકનો પાઠ કરવો. અને સંસ્કૃત ભાષા ન ભણ્યા હોય તેવા મનુષ્યોએ તો સ્તોત્રના તુલ્ય નિયમથી જ શ્રીહરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા એવા જે અમે તે અમારા નામોનું કીર્તન કરવું.॥ ૫૭ ॥

हरेर्विधाय नैवेद्यं भोज्यं प्रासादिकं ततः ।
कृष्णसेवापरैः प्रीत्या भवितव्यं च तैः सदा ॥ ५८ ॥

अन्वयः- 'ततः, हरेः, नैवेद्यं, विधाय, प्रासादिकं, भोज्यम्, च तैः सदा, प्रीत्या, कृष्णसेवापरैः, भवितव्यम् ॥ ५८ ॥

व्याख्या- 'ततः स्तोत्रपाठ कीर्तन कर्या पछी । हरेः, श्रीहरिकृष्णस्य मम' श्रीहरिकृष्ण श्रीस्वामिनारायण परमात्मा जे अमे ते अमोने । नैवेद्यम्,- निवेद्यते यदन्नं तत्,- नैवेद्यनो पूर्ण थाळ । विधाय,- अर्पयित्वा अर्पण करीने । प्रासादिकम्, प्रसादो भवदीक्षणाद्यनुग्रहोऽस्याऽस्तीति तदेव, परमात्मा श्रीहरिनो दृष्टिपात आदिक अनुग्रहवाळुं प्रसादि एवुं अन्न ते । भोज्यम्,- जमवुं.। च, । तैः, ते आत्मनिवेदी भक्तजनोओ । सदा, रात्री दिवस सर्वकाळमां । प्रीत्या,मोटा हर्षथी अनन्य भावपूर्वक । कृष्णसेवापरैः-, कृष्णस्य श्रीहरिकृष्णस्य मम सेवा परं प्रधानं येषान्तैः श्रीहरिकृष्ण एवा जे अमे ते अमारी सेवा ज छे मुख्य जेमने एवा भवितव्यम्,थवुं.॥ ५८ ॥

तात्पर्यार्थः-

अने स्तोत्र पाठादिक कर्या पछी श्रीहरिकृष्ण श्रीस्वामिनारायण परमात्मा जे अमे ते अमोने नैवेद्य अर्पण करीने पछी अमोओ भोजनरूपे स्वीकारेल अनुग्रहात्मक प्रसादवाळु जे अन्न ते जमवुं अने ते आत्मनिवेदी भक्तजनोओ सर्वकाळने विषे महान हर्षथी अनन्यभावपूर्वक श्रीहरिकृष्ण श्रीस्वामिनारायण परमात्मा जे अमे ते अमारी सेवा परायण थवुं.॥ ५८ ॥

प्रोक्तास्ते निर्गुणा भक्ता निर्गुणस्य हरेर्यतः।
सम्बन्धात् तत्क्रियाः सर्वा भवन्त्येव हि निर्गुणाः ॥ ५९ ॥

अन्वयः-(यतः)सर्वा (अपि,)तत्क्रियाः, निर्गुणस्य, हरेः, सम्बन्धात्, निर्गुणाः, भवन्ति हि, (अतः), ते भक्ताः, निर्गुणाः, प्रोक्ताः ॥ ५९ ॥

व्याख्या- 'यतः, यस्मान्निर्गुणश्रीहरिसम्बन्धसत्वाद्धेतो, 'सत्व, रज अने तम એ માયાના ત્રણ ગુણોનું બંધન જેમને નથી એવા, અને દિવ્યગુણ સહિત

એવા પરમાત્મા જે અમે તે અમારો સબંધ છે એ હેતુ માટે । सर्वाः, સકળ જે । तत्क्रियाः, तेषां भक्तानां क्रियाः सकलेन्द्रियव्यापाराः,તે ભક્તોની સકળ ઇન્દ્રિયોની ક્રિયાઓ તે । निर्गुणस्य, गुण्यन्ते बध्यन्ते लोका यत्रेति गुणाः, निर्गता गुणाः, यस्मात् तस्य,બંધન કરનારા એવા માયિકા ત્રણ ગુણો જેનામાં નથી અને અનંત કલ્યાણકારી દિવ્યગુણ સહિત એવા । हरेः, हरति कालमायायमभयानि, तस्य, श्रीहरिकृष्णस्य,કાળ માયા યમના ભયના હરનારા શ્રીહરિકૃષ્ણ પરમાત્મા જે અમે તે અમારા । सम्बन्धात्, मत्स्यर्पणात् - मत्स्यत्वसंसर्गात्,અમોને સર્વસ્વ અર્પણ કરે છે. માટે અમારો સ્વત્વ સંબંધ હોવાથી । निर्गुणाः,- ગુણ કૃત ફળ જે બંધનાદિ, તેથી શૂન્ય એવા ગુણાતીત । भवन्ति हि, છે. । अतस्ते भक्ताः, માટે તે ભક્તજનો । निर्गुणाः,-ત્રિગુણકૃત બંધનાદિ શૂન્ય નિર્લેપ એવા મુક્તજનો । प्रोक्ताः કહેલા છે. ॥ ૫૯ ॥

तात्पर्यार्थः-

'બંધન કરનારા માયાના સત્ત્વ, રજ, તમ એ ત્રણ ગુણરહિત અને અનંત કલ્યાણકારી દિવ્યગુણ સહિત એવા શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમોને તે ભક્તજનોએ સર્વસ્વ અર્પણ કરેલ છે.માટે અમારો સ્વત્વ સંબંધ હોવાથી તે ભક્તોના બધી ઇન્દ્રિયોની ક્રિયાઓ તે બંધન ન કરે તેવી ગુણાતીત જ છે, માટે તે ભક્તજનોને માયિક ગુણકૃત બંધન રહિત એવા નિર્ગુણ મુક્ત જ કહેલા છે. ॥ ૫૯ ॥

भक्तैरेतैस्तु कृष्णायाऽनर्पितं वार्यपि क्वचित् ।
न पेयं नैव भक्ष्यं च पत्रकन्दफलाद्यपि ॥ ६० ॥

अन्वयः- ' एतैः, भक्तैस्तु, कृष्णाय, अनर्पितं, वारि, अपि, क्वचित्, न पेयम्, पत्रकन्दफलाद्यपि, च नैव, भक्ष्यम् ॥ ६० ॥

व्याख्या :- एतैर्भक्तैस्तु,'એ આત્માનિવેદી ભક્તજનોએ તો । कृष्णाय, श्रीहरिकृष्णाय मह्यम्,-શ્રીહરિકૃષ્ણ પરમાત્મા જે અમે તે અમોને । अनर्पितम्, અર્પણ ન કરેલું એવું । वारि, अपि,-જળપણ । क्वचिद् अपि न पेयम्, ક્યારેય પણ ન પીવું,તથા અમોને અર્પણ કર્યા વિના । पत्रकन्दफलादि, अपि,पत्रं च कन्दश्च फलानि च,आदिना मूलबीजादिकम्,- પત્ર,કંદ,ફળ,મૂળ,બીજ આદિ કોઇપણ વસ્તુ नैव भक्ष्यम्,-ન જ ખાવી.॥ ૬૦ ॥

तात्पर्यार्थः-

'એ આત્મનિવેદી ભક્તજનોએ તો, શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા એવા અમોને અર્પણ ન કરેલ હોય એવું જળ પણ ક્યારેય ન પીવું, તથા અમોને અર્પણ કર્યા વિનાનું પત્ર, કંદ, ફળ, મૂળ, બીજ આદિ કાંઇ પણ ન

ખાવું, કારણ કે અમોને અર્પણ ન કરેલ જે અન્ન જળાદિક તે આત્મનિવેદી ભક્તોને ન ખાવા યોગ્ય તથા ન પીવા યોગ્ય છે.॥ ૬૦ ॥

सर्वैरशक्तौ वार्धक्याद् गरीयस्याऽऽपदाऽथवा ।
भक्ताय कृष्णमन्यस्मै दत्वा वृत्यं यथाबलम् ॥ ६० ॥

અન્વયઃ- 'वार्धक्यात् अथवा गरीयस्या आपदा अशक्तौ, सर्वैः, अन्यस्मै भक्ताय, कृष्णं दत्वा यथाबलं, वृत्त्यम् ॥ ६१ ॥

વ્યાખ્યાં-'वार्धक्याद्- વૃદ્ધભાવાત્, 'વૃદ્ધપણાથી । અથવા गरीयस्या,- अतिशयेन् गुर्व्या-, અતિ મોટી । आपदा,-મહારોગ, દેશભંગ, આદિક આપત્તિઓએ કરીને । अशक्तौ, પૂજનાદિસામર્થ્યાઽભાવે સતિ,-પૂજા કરવાની શક્તિ ન રહ્યે સતે । सर्वैः,આત્મનિવેદી તથા બીજા એવા સર્વ ભક્તજનોએ । अन्यस्मै भक्ताय, પૂજાની શક્તિવાળા અનુકુળ ભકતજનોને । कृष्णम्, શ્રી હરિકૃષ્ણસ્ય મમ સ્વરૂપં શાલગ્રામઞ્ચ,-શ્રીહરિકૃષ્ણ પરમાત્મા જે અમે તે અમારુ સ્વરૂપ તથા શાલીગ્રામ,-તે । दत्वा,- સવિનય આપીને । यथाबलम्,- પોતે દેશકાળ અવસ્થા સ્થિતિ આદિકને અનુસારે । वृत्यम्,- વર્તવું. ॥ ૬૧ ॥

તાત્પર્યાર્થઃ-

'વૃદ્ધપણાથી અથવા મહારોગ, દેશવિપ્લવ આદિ મોટી આપત્તિથી, પોતાના ઈષ્ટદેવની પૂજા કરવાની શક્તિ ન રહ્યે સતે, આત્મનિવેદી તથા બીજા એવા સર્વ ભક્તજનોએ પૂજાની શક્તિ તથા અનુકુળતાવાળા ભક્તજનને, શ્રીહરિકૃષ્ણ પરમાત્મા જે અમે તે અમારુ સ્વરૂપ તથા શાલીગ્રામ આદિક, પ્રાર્થનાપૂર્વક આપીને, પોતે દેશ કાળ અવસ્થા સ્થિતિ આદિકને અનુસારે વર્તવું ॥ ૬૧ ॥

आचार्येणैव दत्तं यद् यच्च तेन प्रतिष्ठितम् ।
कृष्णस्वरूपं तत्सेव्यं वन्द्यमेवेतरत्तु यत् ॥ ६२ ॥

અન્વયઃ- 'आचार्येणैव, यद्, दत्तं, तेन च, यत्, प्रतिष्ठितं, तत्, कृष्णस्वरूपं, सेव्यम्, इतरत्, यत्, तत्तु, वन्द्यमेव ॥ ६२ ॥

વ્યાખ્યા-'आचार्येण, एव' स्वयमाचरते यस्मादाचारे स्थापयत्यपि। आचिनोति च शास्त्रार्थानाचार्यस्तेन चोच्यते' (लिङ्गपुराण.)'પોતે ધર્મ પાળે,બીજાને પળાવે તથા શાસ્ત્રના અર્થોને ધાર્યા વિચાર્યા કરે તેવા જે ભક્તિમાર્ગના ઉપદેષ્ટા આચાર્ય ગુરુ, તેમણે જ । यद् दत्तम्,-જે ભગવાનનું પ્રતિમા સ્વરૂપ પોતાને અનુમત કરી આપ્યું હોય । तेन च, તથા તે આચાર્ય તેમણે । यत् प्रतिष्ठितम्, દેવપ્રતિષ્ઠા વિધિથી સ્થાપન કરેલ હોય । तत् कृष्णस्वरूपम्, श्रीहरिकृष्णस्य मम स्वरूपम्,તેવું, શ્રીહરિકૃષ્ણ પરમાત્મા જે

અમે તે અમારુ સ્વરૂપ । સેવ્યમ્,- પ્રતિદિન સેવવું । ઇતરત્ યત, । તત્ તુ, તે તો વન્દ્યમ્, એવ,ભગવાનની ભાવનાથી વંદનમાત્ર કરવા યોગ્ય છે.॥ ૬૨ ॥

તાત્પર્યાર્થઃ-

'પોતે ધર્મ પાળે અને બીજાને પળાવે તથા શાસ્ત્રોના અર્થોને ધાર્યા વિચાર્યા કરે એવા જે અમારા ભક્તિ માર્ગના ઉપદેષ્ટા આચાર્ય તેમણે જ જે, પરમાત્મા એવા જે અમે તે અમારુ પ્રતિમાસ્વરૂપ,પોતાને અનુમત કરી આપ્યું હોય, તથા તે આચાર્ય તેમણે જે સ્વરૂપ દેવપ્રતિષ્ઠા વિધિથી સ્થાપન કરેલ હોય, તેવું જે, શ્રીહરિકૃષ્ણ પરમાત્મા જે અમે તે અમારુ સ્વરૂપ, તેને પ્રતિદિન સેવવું. તે વિના બીજા જે સ્વરૂપો તેતો ભગવાનની ભાવનાથી વંદનમાત્ર કરવા યોગ્ય છે॥ ૬૨ ॥

भगवन्मन्दिरं सर्वैः सायं गन्तव्यमन्वहम्।
नामसंकीर्तनं कार्यं तत्रोच्चै राधिकापतेः ॥ ६३॥

અન્વયઃ- सर्वैः, अन्वहम्, सायं, भगवन्मन्दिरं, गन्तव्यम्, तत्र च राधिकापतेः, नामसङ्कीर्तनम्, उच्चैः, कार्यम् ॥ ૬૩ ॥

વ્યાખ્યા- 'सर्वैः,'સર્વ મનુષ્યોએ । अन्वहम्,- અહરહરનું, પ્રતિદિન । सायम्,- સાયંકાળે । भगवन्मन्दिरम्, भगवतः श्रीहरिकृष्णस्य मम मन्दिरम्, પરમાત્મા શ્રીહરિકૃષ્ણ જે અમે તે અમારા મંદિર પ્રતિ गन्तव्यम्, દર્શનાર્થે જવું. । तत्र च, તે મંદિરોમાં । राधिकापतेः, रा मोक्षदानं तेनाऽधिकम् आपातीतिराऽधिकाऽऽपतिस्तस्य, अथवा राध्नोति मोक्षोऽनेनेति राधम् ऐश्वर्यम्, तदस्याऽस्तीति राधी, कं नित्यसुखं । समन्तात् पातीति काऽऽपतिः, राधी चासौ काऽऽपतिश्च तस्य, મોક્ષદાન વડે કરીને અધિકપણે સર્વથા રક્ષણ કરનારા એવા પરમાત્મા,અથવા મોક્ષદેવાના ઐશ્વર્યવાળા અને નિત્ય સુખવાળા એવા પરમાત્મા જે અમે તે અમારા । नामसङ्कीर्तनम्, नाम्नां कीर्तनम्,નામોનું સંકીર્તન । उच्चैः कार्यम्, ઉચ્ચસ્વરે કરીને કરવું. ॥ ૬૩ ॥

તાત્પર્યાર્થઃ-

'સર્વ મનુષ્યોએ પ્રતિદિન સાયંકાળે, પરમાત્મા શ્રીહરિકૃષ્ણ એવા જે અમે તે અમારા મંદિરો પ્રતિ દર્શનાર્થે જવું, અને તે મંદિરોમાં,મોક્ષદાન વડે કરીને અધિકપણે સર્વથા રક્ષણ કરનારા તથા મોક્ષદેવાના ઐશ્વર્યવાળા, અને નિત્યસુખવાળા પરમાત્મા જે અમે, તે અમારા શ્રી સ્વામિનારાયણ આદિક નામોનું સંકીર્તન ઉચ્ચસ્વરે કરીને કરવું.॥ ૬૩॥

कार्यास्तस्य कथावार्ताः श्रव्याश्च परमादरात् ।
वादित्रसहितं कार्यं कृष्णकीर्तनमुत्सवे ॥ ६४ ॥

અન્વયઃ- 'तस्य, कथावार्ताः, परमादरात्, कार्याः, श्रव्याश्च, उत्सवे,

कृष्णकीर्तनम्, वादित्रसहितं, कार्यम् ॥ ६४ ॥

व्याख्या- 'तस्य, परब्रह्मणः श्रीस्वामिनारायणस्य मम- પરબ્રહ્મ એવા શ્રીસ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારી । कथा वार्ताः, सत्सङ्गि जीवनादिग्रन्थकथाः परम्पराऽवगतमौखिक्यो वार्ताश्च,-સત્સંગિજીવન આદિક ગ્રંથોની કથાઓ તથા સદ્‌ગુરુઓની પરંપરાઓમાં આવેલી એવી વાર્તાઓ । परमादरात्-ઘણા આદરપૂર્વક । कार्याः,કરવી શ્રવ્યાશ્ચ, અને સાંભળવી । उत्सवे- અને શ્રીહરિજયંતી, એકાદશી આદિ ઉત્સવોના સમયમાં । कृष्णकीर्तनम्, श्री हरिकृष्णस्य मम कीर्तनम्,શ્રીહરિકૃષ્ણ પરમાત્મા જે અમે તે અમારુ કીર્તન वादित्रसहितम्, વાજીંત્ર સહિત कार्यम् કરવું.॥ ६४ ॥

तात्पर्यार्थः-

'પરબ્રહ્મ એવા શ્રીસ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારી 'સત્સંગિજીવન' આદિ ગ્રંથોની કથા તથા સદ્‌ગુરુઓની પરંપરાઓમાં આવેલી એવી વાર્તાઓ, તે ઘણા આદરપૂર્વક કરવી અને સાંભળવી અને શ્રીહરિજયંતી આદિ ઉત્સવોને દિવસે શ્રીહરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા એવા જે અમે તે અમારુ કીર્તન વાજીંત્ર વગાડીને કરવું. ॥ ६४ ॥

प्रत्यहं कार्यमित्थं हि सर्वैरपि मदाश्रितैः ।
संस्कृतप्राकृतग्रन्थाभ्यासाश्चाऽपि यथामति ॥ ६५ ॥

अन्वयः- 'इत्यर्थ हि, सर्वैः, अपि, मदाश्रितैः, प्रत्यहं, कार्यम्, तथा, संस्कृतप्राकृतग्रन्थाऽभ्यासश्च, यथामति कार्यः ॥ ६५ ॥

व्याख्या- 'इत्थं हि 'प्रत्यहन्तु'-એ ४९ ના શ્લોકથી આરંભીને અહીં સુધી કહેલા ધર્મો પ્રમાણે । सर्वैः, अपि, सर्व એવા પણ । मदाश्रितैः, मम परमात्मन आश्रितास्तैः પરબ્રહ્મ પરમાત્મા જે અમે તે અમારા આશ્રય કરનારા મનુષ્યોએ । प्रत्यहं कार्यम्,प्रतिदिन वर्तवु.। तथा,- તે પ્રમાણે । संस्कृतप्राकृतग्रन्थाभ्यासश्च, संस्कृता देवभाषारचिताः, प्राकृता लौकिकभाषारचिताश्च ग्रन्थास्तेषाम् अभ्यासः પઠનમ્, સંસ્કૃતભાષાના તથા લૌકિકભાષાના જે ગ્રંથો તેમનો અભ્યાસ પણ । यथामति,તેમની બુદ્ધિને અનુસારે । कार्यः, કરવો. ॥ ६५ ॥

तात्पर्यार्थः-

"પ્રતિદિન પ્રાતઃકાળમાં ઉઠવું" એ ४९ શ્લોકમાં કહેલા ધર્મથી આરંભીને અહીં સુધી કહેલા ધર્મો પ્રમાણે, પરબ્રહ્મ પરમાત્મા જે અમે તે અમારો આશ્રય કરનારા સર્વ મનુષ્યોએ પ્રતિદિન વર્તવું અને સંસ્કૃત તથા પ્રાકૃત ભાષાના ગ્રંથોનો અભ્યાસ પોતાની બુદ્ધિને અનુસારે કરવો. ॥ ६५ ॥

याद्दशैर्यो गुणैर्युक्तस्ताद्दशे स तु कर्मणि ।
योजनीयो विचार्यैव नाऽन्यथा तु कदाचन ॥ ६६ ॥

અન્વયઃ- ' यः, याद्दशैः, गुणैः, युक्तः, स तु, विचार्य, एव, ताद्दशे, कर्मणि, योजनीयः, अन्यथा तु कदाचन, न योजनीयः ॥ ६६ ॥

વ્યાખ્યા- 'यः,-જે મનુષ્ય । याद्दशैः,-જેવા । गुणैः, युक्तः,વિદ્યા, કળા, વ્યાખ્યાન, સેવા આદિ ગુણ યુક્ત હોય । स तु, તે મનુષ્યને । विचार्य, एव, તેના ગુણ અને પ્રતિષ્ઠાની યોગ્યતાને વિચારીને જ । ताद्दशे कर्मणि,તેને શોભાસ્પદ હોય તેવા યોગ્ય કાર્યમાં । योजनीयः,નિયુક્ત કરવો । अन्यथा तु,-પણ તેને અયોગ્ય એવી ક્રિયામાં । कदाचन,-ક્યારેય પણ । न योजनीयः,-ન નિયુક્ત કરવો ॥ ૬૬ ॥

तात्पर्यार्थः-

'જે મનુષ્ય જે વિદ્યા, કળા, વ્યાખ્યાન, સેવા આદિ ગુણ યુક્ત હોય, તે મનુષ્યને તેના ગુણ અને પ્રતિષ્ઠાની યોગ્યતાને વિચારીને જ તેને શોભાસ્પદ હોય તેવા યોગ્ય કાર્યમાં નિયુક્ત કરવો, પણ તેથી વિપરીત રીત્યે તેને અયોગ્ય એવી ક્રિયામાં ક્યારેય પણ ન નિયુક્ત કરવો. ॥ ૬૬ ॥

अन्नवस्त्रादिभिः सर्वे स्वकीयाः परिचारकाः ।
सम्भावनीयाः सततं यथायोग्यं यथाधनम् ।. ६७ ॥

અન્વયઃ- 'स्वकियाः, सर्वे परिचारकाः, यथाधनम्, अन्नवस्त्रादिभिः, यथायोग्यं, सततं , सम्भावनीयाः ॥ ६७ ॥

વ્યાખ્યા- 'स्वकियाः, स्वस्येमे, પોતાના । सर्वे,-બધા । परिचारकाः, परिचर्याकर्तारः, કામકાજ સેવા કરનારા પોષ્યવર્ગના મનુષ્યોને । यथाधनम्,-પોતાના ધનને અનુસારે । अन्नवस्त्रादिभिः,अन्नं वस्त्राणि च, आदिना उपकरणौषधादिकम्, અન્ન વસ્ત્ર તથા બીજી સામગ્રી ઔષધ આદિક વડે કરીને । यथायोग्यम्,- જેવી જેની યોગ્યતા હોય તે પ્રમાણે । सततम्,પ્રતિદિન। सम्भावनीयाः, સંભાવના કરીને સંતોષ પમાડવા. ॥ ૬૭ ॥

तात्पर्यार्थः-

'પોતાના જે સર્વે કામકાજ કરનારા પોષ્ય વર્ગના મનુષ્યો તેમને, પોતાના ધનને અનુસારે અન્ન,વસ્ત્ર,વાહન,બીજી સામગ્રીઓ,ઔષધ આદિ વડે કરીને, જેવી જેની યોગ્યતા હોય તે પ્રમાણે, પ્રતિદિન સંભાવના કરીને સંતોષ પમાડવા॥ ૬૭ ॥

याद्दग्गुणो यः पुरुषस्ताद्दशा वचनेन सः।
देशकालानुसारेण भाषणियो न चाऽन्यथा ॥ ६८ ॥

અન્વયઃ- 'यः पुरुषः, यादृग्गुणः, सः, देशकालानुसारेण, तादृशा,

વચનેન ભાષણિયઃ, ન ચ, અન્યથા, ભાષણીયઃ ॥ ૬૮ ॥

વ્યાખ્યા- 'યઃ પુરુષઃ, પુરિ શરીરે શેત ઇતિ પુરુષઃ- શરીરવાન્ આત્મા- સ્ત્રી વા પુમાન્ વા, મનુષ્ય ઇતિ યાવત્,- શરીરમાં શયન નિવાસ કરે તે આત્માને પુરુષ કહેવાય છે,માટે કોઈપણ આત્મા જે સ્ત્રી વા પુરુષ એવા કોઈપણ મનુષ્ય યાદૃગ્ગુણઃ,- યાદૃશો ગુણો યસ્ય સઃ જેવા જાતિ, કુળ, વિદ્યા, તપ, યોગ, ઐશ્વર્ય, પ્રતાપ, પ્રતિષ્ઠા, અવસ્થા આદિ ગુણયુક્ત હોય । સઃ- તે સ્ત્રી અથવા પુરુષને । દેશકાલાનુસારેણ, દેશશ્ચ કાલશ્ચ તયોરનુસરણં યસ્ય તેન,દેશ જે સભા આદિ સ્થાન તથા કાળ જે શુભ અશુભ સમય, તેને અનુસરતા એવા । તાદૃશા વચનેન,-તેવા જાતિ, કુળ, વિદ્યા, તપ, યોગ, ઐશ્વર્ય, પ્રતાપ, પ્રતિષ્ઠા,અવસ્થા આદિ સદ્ગુણ દ્યોતક એવા વચને કરીને જ । ભાષણિયાઃ, બોલાવવા । ન ચાઽન્યથા ભાષણિયઃ,પણ તેથી વિપરીત અયોગ્યરીતે ન બોલાવવા ॥ ૬૮ ॥

તાત્પર્યાર્થઃ-

'શરીરધારી એવા જે મનુષ્યો,વિદ્યા,તપ,યોગ,ઐશ્વર્ય,પ્રતાપ, પ્રતિષ્ઠા, અવસ્થા આદિ ગુણયુક્ત હોય, તે મનુષ્યોને,દેશ જે સભા આદિ સ્થાન, તથા કાળ જે શુભ અશુભ સમય, તેને અનુસરતા એવા વિદ્યા, તપ,યોગ,ઐશ્વર્ય, પ્રતાપ, પ્રતિષ્ઠા, અવસ્થા આદિ ગુણ દ્યોતક એવા વચને કરીને જ બોલવવા, પણ તેથી વિપરીત અયોગ્ય રીતે ન બોલવવા.॥ ૬૮॥

ગુરુભૂપાલવર્ષિષ્ઠત્યાગિવિદ્વત્તપસ્વિનામ્ ।
અભ્યુત્થાનાદિના કાર્યઃ સન્માનો વિનયાઽન્વિતૈઃ॥ ૬૯ ॥

અન્વયઃ- 'વિનયાઽન્વિતૈઃ, ગુરુભૂપાલવર્ષિષ્ઠત્યાગિવિદ્વત્તપસ્વિનામ્, સન્માનઃ, અભ્યુત્થાનાદિના, કાર્યઃ ॥ ૬૯॥

વ્યાખ્યા-'વિનયાઽન્વિતૈઃ- સર્વૈવિનયોપેતૈઃ સદ્ભિઃ સર્વ મનુષ્યોએ વિનયયુક્ત એવા થકા । ગુરુભૂપાલવર્ષિષ્ઠત્યાગિવિદ્વત્તપસ્વિનામ્,- ગુરુઃ મંત્રોપદેષ્ટા; વિદ્યાધ્યાપક; માતાપિતા;ભૂપાલઃ રાજા; । વર્ષિષ્ઠઃ-વયોવૃદ્ધ; । ત્યાગી-સર્વસ્વ ત્યાગ કરનારા સંતજન;વિદ્વાન્-વેદ, શાસ્ત્ર, પુરાણાદિના ભણેલા; તપસ્વી-કૃચ્છ ચાંદ્રાયણાદિ તપ કરનારા; તેષામ્ એ સર્વનો । સન્માનઃ-આદર સત્કાર- અભ્યુત્થાનાદિના,-સામે ઉભુ થવું,પ્રણામ કરવો, આસન દેવું આદિ વડે કરીને । કાર્યઃ,કરવો. ॥ ૬૯ ॥

તાત્પર્યાર્થઃ-

સર્વ મનુષ્યોએ વિનયયુક્ત એવા થકા મંત્રોપદેષ્ટા,ગુરુ,વિદ્યાગુરુ, માબાપ,રાજા,વયોવૃદ્ધ,ત્યાગી,સંતજન,વેદશાસ્ત્રપુરાણાદિકના વિદ્વાન, તપસ્વી

એ આદિકનો આદરસત્કાર- સામે ઊભુ થવું,પ્રણામ કરવા,આસન આપવું આદિ વડે કરીને કરવો.॥ ૬૯ ॥

नौरौ कृत्वा पादमेकं गुरुदेवनृपान्तिके ।
उपवेश्यं सभायां च जानू बुद्धवा न वाससा ॥ ७० ॥

अन्वयः-'सभायां, गुरुदेवनृपान्तिके च, ऊरौ, एकं, पादं, कृत्वा, न, उपवेश्यम्, वाससा, जानू, बद्धवा च, न, उपवेश्यम् ॥ ७० ॥

व्याख्याः- 'सभायाम् सभामां । गुरुदेवनृपाऽन्तिके च, गुरुश्च देवश्च नृपश्च तेषाम् अन्तिकं समीपं तस्मिन्,तथा गुरु,देव,राजा, वयोवृद्ध,विद्वान, त्यागी,तपस्वी आदिकनी समीपे, । ऊरौ- सक्थिन,साथळ के पग ઉપર एकं पादम् कृत्वा,પગ ચડાવીને । न, उपवेश्यम्,न બેસવું, तथा । वाससा- વસ્ત્ર વડે । जानू बद्धवा,એક અથવા બન્ને ગોઠણને બાંધીને । न वोपवेश्यम्-ન બેસવું.॥ ૭૦ ॥

तात्पर्यार्थः-

સભામાં તથા ગુરુ,દેવ,રાજા,વયોવૃદ્ધ,વિદ્વાન,ત્યાગી,તપસ્વી આદિકની સમીપે સાથળ કે પગ ઉપર પગ ચઢાવીને ન બેસવું. તથા વસ્ત્ર વડે ગોઠણને બાંધીને કે ઊભડક પગે ન બેસવું. ॥ ૭૦ ॥

विवादो नैव कर्तव्यः स्वाचार्येण सह क्वचित् ।
पूज्योऽन्नधनवस्त्राद्यैर्यथाशक्ति स चाऽखिलैः ॥ ७१ ॥

अन्वयः- 'अखिलैः, स्वाचार्येण सह, क्वचिद्, विवादो नैव कर्तव्यः, स च, अन्नधनवस्त्राद्यैः, यथाशक्ति, पूज्यः ॥ ७१ ॥

व्याख्या-'अखिलैः-,'सर्वमनुष्योએ । स्वाचार्येण सह, स्वेषां सुष्ठु वा आचार्यस्तेन, પોતાના શ્રેષ્ઠ એવા ગુરુ આચાર્ય સાથે । क्वन्चित् ક્યારેય પણ । विवादः-કલહ । नैव कर्तव्यः-ન જ કરવો.। स च,-અને તે આચાર્ય । अन्नधनवस्त्राद्यैः अन्नानि धनानि वस्त्राणि वाहनाऽऽभूषणादिनी तैः, અન્ન,ધન,વસ્ત્ર,વાહન,આભુષણ આદિ વડે કરીને । यथाशक्तिः સામર્થ્ય પ્રમાણે पूज्यः,-પૂજવા યોગ્ય છે.॥ ૭૧ ॥

तात्पर्यार्थः-

तमायान्तं निशम्याऽऽसु प्रत्युद्गन्तव्यमादरात् ।
तस्मिन्यात्यनुगम्यं च ग्रामान्ताऽवधि मच्छ्रितैः ॥ ७२ ॥

अन्वयः- 'मच्छ्रितैः,-तम्, आयान्तं, निशम्य,आदरात्, आशु, प्रत्युद्गन्तव्यम्, तस्मिन्, याति च, ग्रामान्तावधि, अनुगम्यम् ॥ ७२ ॥

व्याख्या- 'मच्छ्रितैः,- मां परमात्मानं भक्त्या श्रितैः,પરમાત્મા જે અમે

તે અમારો ભક્તિ વડે કરીને આશ્રય કરનારા મનુષ્યોએ । तम्, તે । आयान्तं निशम्य,પોતાના ગામ પ્રતિ આવતા સાંભળીને । आदरात्, प्रीत्या सवादित्रम्,- અતિ પ્રીતિથી વાજંત્ર સહિત । आशु,- તત્કાળ । प्रत्युद्गन्तव्यम् સમીપે જવું । तस्मिन् याति च,-તે આચાર્ય પોતાના ગામથી અન્ય ગામ પ્રતિ પધારે ત્યારે । ग्रामान्ताऽवधि,- ग्रामस्याऽन्त उपशल्यं सोऽवधिर्यस्मिन् कर्मणि यथा તથા,ગામની ભાગોળ સુધી । अनुगम्यम्,- વળાવવા જવું. ॥ ૭૨ ॥

तात्पर्यार्थः-

'પરમાત્મા જે અમે તે અમારો ભક્તિ વડે આશ્રય કરનારા મનુષ્યોએ, તે આચાર્યને પોતાના ગામ પ્રતિ આવતા સાંભળીને અતિપ્રીતિથી વાજંત્રસહિત તત્કાળ સમીપે જવું, અને જ્યારે પોતાના ગામથી અન્ય ગામ પ્રતિ પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું ॥ ૭૨ ॥

अपि भूरिफलं कर्म धर्माऽपेतं भवेद् यदि ।
आचर्यं तर्हि तन्नैव धर्मः सर्वार्थदोऽस्ति हि ॥ ७३ ॥

अन्वयः-'भूरिफलम्,अपि, कर्म, यदि धर्माऽपेतं, भवेत्, तर्हि, तत्, नैव, आचर्यम्, हि, धर्मः, सर्वार्थदः अस्ति ॥ ७४ ॥

व्याख्या-'भूरिफलम्, अपि, भूरि प्रचुरं फलं धनलाभादि यस्य तत्, ઘણું છે ધન લાભાદિક ફળ જેનું એવી । कर्म ક્રિયા, કોઈપણ ક્રિયા । यदि धर्माऽपेतं भवेत्,અગર ધર્મરહિત હોય । तर्हि,તો तन्न आचर्यम्,-તે ક્રિયાન જ કરવી । हि यतः,-કારણ કે धर्मः,પોતાના વર્ણાશ્રમનો ધર્મ । सर्वार्थदः,- सर्वान् ददाति,-સર્વ અર્થ કામ મોક્ષ એ પુરુષાર્થોનો આપનારો अस्ति છે ॥ ૭૩॥

तात्पर्यार्थः-

ઘણુંક છે ધનલાભાદિક ફળ જેનું એવી કોઈપણ ક્રિયા, અગર વર્ણા શ્રમના ધર્મરહિત હોય તો તે ક્રિયા ન કરવી, કારણ કે પોતાના વર્ણાશ્રમનો ધર્મ તે સર્વ અર્થ, કામ અને મોક્ષ એ પુરુષાર્થોનો આપનારો છે.॥ ૭૩॥

अथवा

अपि,भूरि, फलं, कर्म, धर्माऽपेतं, यदि, नैव, भवेत्, तर्हि, तत्, आचर्य, धर्मो, हि, सर्वार्थदः, अस्ति,- इत्यन्वयः ॥ ७३ ॥

व्याख्या - 'अपि,- किमपि, કોઈપણ । भूरि फलम्, भूरि स्यात्प्रचुरे स्वर्णे'- इति हैमः, 'भूरिर्ना वासुदेवे च हरे च परमेष्ठिनि। नपुंसकं सुवर्णे च प्राज्ये स्याद् वाच्यलिङ्गकः, इति मेदिनी, ઘણું સોનું અથવા પરમાત્મા છે ફળ જેનું, અથવા, भुवः पृथिव्या रं दानम् अस्याऽस्तीति भूरि, एतादृशं फलम् कर्म च, एवकारः समुच्चयार्थः,પૃથિવીના દાનવાળુ, ફળ અથવા તેવી ક્રિયા ।

ધર્માઽપેતં યદિ નૈવ ભવેત,ધર્મશુન્ય યદિ ન હોય । તર્હિ તદ્ આચર્યમ્, તો તે કરવી । ધર્મો હિ, ધરતિ વિશ્વમ્, ધ્રિયતે વા જનૈરિતિ ધર્મઃ - પરમાત્મા । વિશ્વના ધારણ કરનારા અને જનોએ સદા ધારેલા એવા પરમાત્મા । સર્વાર્થદા-, અસ્તિ, સર્વાન્ પુરુષાર્થાન્ દદાતિ, ધર્મ, અર્થ,કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થોના આપનારા । અસ્તિ છે. ॥ ૩૬ ॥

તાત્પર્યાર્થઃ-

કોઈપણ, ઘણુંક સોનું છે ફળ જેનું, અથવા પૃથિવીના દાનનો છે લાભ જેમાં, એવી ક્રિયા, ધર્મ જે પરમાત્મા તેણે રહિત જો ન હોય તો તે કરવી અથવા પ્રાપ્ય પરમાત્મા છે ફળ જેનું એવી પણ ભક્તિઆદિ ક્રિયા,તે વર્ણાશ્રમના ધર્મ રહિત ન હોય તો તે કરવી કારણ કે વર્ણાશ્રમનો ધર્મ અને પરમાત્મા તે ભાગવત ધર્મ અર્થ કામ અને મોક્ષ એ રૂપી સર્વ પુરુષોર્થોના આપનારા છે. ॥ ૭૩ ॥

પૂર્વૈર્મહદ્ભિરપિ યદધર્માચરણં ક્વચિત્ ।
કૃતં સ્યાત્, તત્તુ ન ગ્રાહ્યં ગ્રાહ્યો ધર્મસ્તુ તત્કૃતઃ ॥ ૭૪ ॥

અન્વયઃ,-' પૂર્વૈઃ મહદ્ભિઃ,અપિ, ક્વચિત્, યદ્, અધર્માઽઽચરણં, કૃતં, સ્યાત્, તત્, તુ, ન, ગ્રાહ્યમ્, તુ, તત્કૃતઃ, ધર્મ, ગ્રાહ્યઃ ॥ ૭૪ ॥

વ્યાખ્યા- 'પૂર્વૈઃ પૂર્વ સમયમાં થએલા । મહદ્ભિઃ, અપિ, તપોયોગવિદ્યાપ્રતાપૈશ્વર્યાદિગુણપ્રથિતૈઃ- તપ, યોગ, વિદ્યા, પ્રતાપ, ઐશ્વર્ય આદિગુણોવાળા મોટા પુરુષોએ પણ । ક્વચિત્,- દેશકાળની વિષમતાથી વા આપત્તિવશથી । યદ્ અધર્માચરણમ્,-જે અભક્ષ્યનું ભક્ષણ,અપેયનું પાન આદિ અધર્મનું આચરણ । કૃતં સ્યાત્, કરેલ હોય । તત્ તુ-તે અધર્માચરણ તો । ન ગ્રાહ્યમ્,-કોઈએ પણ ગ્રહણ ન કરવું । તુ-કિન્તું તત્કૃતઃ તૈર્મહદ્ભિ કૃતઃ,તે મોટા પુરુષોએ આચરેલ । ધર્મઃ,ધર્મ । ગ્રાહ્યઃ, ગ્રહણ કરવો. ॥ ૭૪ ॥

તાત્પર્યાર્થઃ-

પૂર્વ સમયમાં થએલા જે તપ, યોગ, વિદ્યા,પ્રતાપ,ઐશ્વર્ય આદિગુણયુક્ત મહાન્ પુરુષો, તેમણે પણ દેશકાળની વિષમતાને અંગે આપત્તિવશ થઈને કરેલ જે અભક્ષ્યનું ભક્ષણ અપેયનું પાન આદિ અધર્માચરણ, તે તો કોઈએ પણ ગ્રહણ ન કરવું.કિન્તુ તે મહાન્ પુરુષોએ આચરણ કરેલ જે ધર્મ તેનું જ ગ્રહણ કરવું. ॥ ૭૪ ॥

અથવા

પૂર્વૈઃ, મહદ્ભિઃ,ક્વચિદપિ, અધર્માચરણં, કૃતં સ્યાત્, તદ્ ગ્રાહ્યમ્, તત્કૃતઃ, અધર્મસ્તુ, ન ગ્રાહ્યઃ, ઇત્યન્વયઃ ॥ ૭૪ ॥

વ્યાખ્યાઃ- 'પૂર્વૈઃ મહદ્ભિઃ, ક્વચિદપિ,'અગ્રગણ્ય મોટા પુરુષોએ ક્યારેય

પણ । અધર્માચરણમ્, 'અઃ- સ્વલ્પાર્થેઽપ્યભાવેઽપી'તિ હૈમઃ। અઃ સ્વલ્પો ધર્મસ્તસ્યાચરણમ્, વા- અઃ પરમાત્મા તદર્થે અધર્માચરણમ્,સ્વલ્પ ધર્મનું આચરણ કર્યુ હોય, અથવા પરમાત્માને માટે ધર્માચરણ । કૃતં સ્યાત્,-કાંઈપણ કર્યુ હોય,। તદ્ ગ્રાહ્યમ્,- તે ગ્રહણ કરવું, । તત્કૃતઃ અધર્મસ્તુ, ન ગ્રાહ્યઃ,પણ તેઓએ કરેલ અધર્મ તો ક્યારેય ગ્રહણ ન કરવો ॥ ૭૪ ॥

તાત્પર્યાર્થઃ-

અગ્રગણ્ય મોટા પુરુષોએ ક્યારેય પણ સ્વલ્પ એવા ધર્મનું આચરણ અથવા પરમાત્માને માટે ધર્મનું આચરણ જે કાંઈપણ કરેલ હોય તેગ્રહણ કરવું તેઓએ કરેલ અધર્મ તો ન જ ગ્રહણ કરવો ॥ ૭૪ ॥

ગુહ્યવાર્તા તુ કસ્યાઽપિ પ્રકાશ્યા નૈવ કુત્રચિત્ ।
સમદૃષ્ટ્યા ન કાર્યશ્ચ યથાર્હાર્ચાવ્યતિક્રમઃ ॥ ૭૫ ॥

અન્વયઃ- 'કસ્ય, અપિ ગૃહ્યવાર્તા તુ, કુત્રચિત્, નૈવ, પ્રકાશ્યા, સમદૃષ્ટ્યા, ચ, યથાર્હાર્ચાવ્યતિક્રમઃ, ન કાર્યઃ ॥ ૭૫ ॥

વ્યાખ્યા- 'કસ્ય અપિ, કોઈપણ મનુષ્યની ગુહ્યવાર્તા તુ, ગુહિતું સંવરિતું યોગ્યા વાર્તા,ગુપ્ત રાખવા યોગ્ય વાતો (વૃત્તાન્ત) તે કુત્રચિત્,- કોઈપણ સ્થળે કોઈપણ સમયમાં કોઈની પણ સમીપે ।- નૈવ પ્રકાશ્યા, । સમદૃષ્ટ્યા ચ, સમ- સમાના સર્વત્રૈકમૈવ બ્રહ્માઽસ્તીતિ દૃષ્ટિસ્તયા, સર્વેમાં પરમાત્મા એકજ છે એવી સમાન દૃષ્ટિથી । યથાર્હાર્ચાવ્યતિક્રમઃ,- યથાર્હમ્ અર્ચા પૂજા સત્કારઃ તસ્ય વ્યતિક્રમઃ,જેવો માન સત્કાર કરવા યોગ્ય જે મનુષ્ય હોય તેના માન સત્કારનું ઉલ્લઘન । ન કાર્યઃ,ન કરવું. ॥ ૭૫ ॥

તાત્પર્યાર્થઃ-

'કોઈપણ મનુષ્યના ગુપ્ત રાખવા યોગ્ય વૃત્તાન્તનું કોઈપણ સ્થળે કોઈપણ સમયમાં કોઈની પણ સમીપે પ્રકાશન ન કરવું, અને સર્વમાં પરમાત્મા એકજ રહેલા છે એવી સમાનદૃષ્ટિથી, જેવા માન સત્કારને યોગ્ય જે મનુષ્ય હોય તેના માનસત્કારની મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિં ॥ ૭૫ ॥

વિશેષનિયમો ધાર્યશ્ચાતુર્માસ્યેઽખિલૈરપિ ।
એકસ્મિઞ્છ્રાવણે માસિ ચ ત્વશક્તૈસ્તુ માનવૈઃ ॥ ૭૬ ॥

અન્વયઃ- 'ચાતુર્માસ્યે, અખિલૈઃ, માનવૈઃ, અપિ, વિશેષનિયમો, ધાર્યઃ, અશક્તૈઃ, તુ સ તુ, એકસ્મિન્, શ્રાવણે માસિ, ધાર્યઃ ॥ ૭૬ ॥

વ્યાખ્યા- 'ચાતુર્માસ્યે, ચત્વારો માસા એવ ચાતુર્માસ્યં તસ્મિ ન, અષાઢ શુકલ એકાદશીથી કાર્તિકશુકલ દ્વાદશી પર્યંત ચાર માસના સમયમાં । અખિલૈઃ, માનવૈરપિ, સર્વમનુષ્યોએ પણ । વિશેષનિયમઃ,-આગળ કહેવાશે એવા

વિશેષનિયમો । ધાર્યઃ,-ધારણ કરવા । અશક્તૈ : ચારમાસ વિશેષ નિયમ ધારવામાં અશકત મનુષ્યોએ તો । સ તુ, તે વિશેષ નિયમોને । એકસ્મિન્, શ્રાવણે માસિ, એક શ્રાવણ માસમાં જ । ધાર્યઃ, ધારણ કરવા ॥ ૭૬ ॥

તાત્પર્યાર્થઃ-

સર્વ મનુષ્યોએ,આષાઢ શુકલ એકાદશીથી કાર્તિક શુકલ દ્વાદશી પર્યન્તના ચારમાસમાં, આગળ કહેવાશે એવા શ્રીહરિની કથા આદિક વિશેષ નિયમો તે ધારણ કરવા અને ચારમાસ પર્યન્ત વિશેષ નિયમ ધારવામાં અશકત એવા મનુષ્યોએ તો તે વિશેષ નિયમો એક શ્રાવણ માસમાંજ ધારણ કરવા ॥ ૭૬॥

વિષ્ણોઃ કથાયાઃ શ્રવણં વાચનં ગુણકીર્તનમ્ ।
મહાપૂજા મન્ત્રજપઃ સ્તોત્રપાઠઃ પ્રદક્ષિણાઃ ॥ ૭૭ ॥
સાઽષ્ટાઙ્ગપ્રણતિશ્ચેતિ નિયમા ઉતમા મતાઃ ।
એતેષ્વેકતમો ભક્તયા ધારણીયો વિશેષતઃ ॥ ૭૮ ॥

અન્વયઃ-'વિષ્ણોઃ કથાયાઃ શ્રવણમ્, વાચનમ્, ગુણકીર્તનમ્, મહાપૂજા, મન્ત્રજપઃ, સ્તોત્રપાઠઃ, પ્રદક્ષિણાઃ, સાઽષ્ટાઙ્ગપ્રણતિશ્ચ, ઇતિ નિયમાઃ ઉતમા મતાઃ એતેષુ, એકતમઃ, ભક્ત્યા, વિશેષતઃ, ધારણીયઃ ॥ ૭૭॥ ૭૮ ॥

વ્યાખ્યા- 'વિષ્ણોઃ, વેવેષ્ટિ વ્યાપ્નોતીતિ વિષ્ણુર્વ્યાપકઃ પરમાત્મા તસ્ય, મમ્, વ્યાપક એવા પરબ્રહ્મ પરમાત્મા જે અમે તે અમારી સત્સંગિજીવન આદિ ગ્રંથોની જે કથા તેનું । શ્રવણમ્ સાંભળવું । વાચનમ્, વાંચવું । ગુણકીર્તનમ્ કલ્યાણકારક ગુણોનું કીર્તન કરવું । મહાપૂજા,- મહાન્ એવા સોળ ઉપચારો વડે કરીને મહાપૂજા કરવી । મન્ત્રજપઃ,-મોક્ષપ્રદ ૐશ્રીસ્વામિનારાયણ એવા સ્વેષ્ટદેવના નામનો જપ તથા, "આદૌ શ્રીશ્ચ તતઃ કૃષ્ણઃ ત્વં તતશ્ચ ગતિસ્તતઃ। અન્તે મમેતિ શબ્દૈઃ સ મન્ત્રોઽષ્ટાક્ષર ઈરિતઃ"। "આદૌ બ્રહ્મ તતશ્ચાઽહં કૃષ્ણદાસસ્તતઃ પરમ્। અન્તેઽસ્મીતિ પદવ્રાતે મન્ત્રોઽષ્ટાક્ષર ઈરિતઃ" એ પ્રમાણે અષ્ટાક્ષરમંત્ર જપ કરવો । સ્તોત્રપાઠઃ, સ્તોત્રોનો પાઠ કરવો । પ્રદક્ષિણાઃ,- પ્રદક્ષિણાઓ કરવી । સાઽષ્ટાંગપ્રણતિશ્ચ,-પુરુષોએ પગ, હાથ, ગોઠણ, છાતી, મસ્તક,નેત્ર,મન અને વચન એ આઠ અંગ સહિત દંડવત્ પ્રણામ કરવા, અને સ્ત્રીઓએ હાથ, મસ્તક, દૃષ્ટિ, મન, અને વચન, એ । ઇતિ નિયમાઃ, । ઉત્તમામતાઃ, અમોએ ઉત્તમ માન્યા છે । એતેષુ,- માટે એ નિયમોમાંથી । એકતમઃ, કોઇ એક નિયમ । ભક્ત્યા, ભક્તિવડે કરીને । વિશેષતઃ,-વિશેષરૂપે । ધારણીયઃ ધારણ કરવો. ॥ ૭૭ ॥૭૮ ॥

તાત્પર્યાર્થઃ-

'વ્યાપક એવા પરબ્રહ્મ પરમાત્મા જે અમે તે અમારા સત્સંગિજીવન આદિ

ગ્રંથોની કથાનું શ્રવણ કરવું, તે ગ્રંથોને વાંચવા, અમારા ગુણોનું કીર્તન કરવું,મહાન્ એવા સોળ ઉપચારે કરીને મહાપૂજા કરવા, ૐશ્રીસ્વામિ નારાયણ એવું મોક્ષપ્રદ નામ તથા 'શ્રી' અક્ષરથી અને 'બ્ર'અક્ષરથી શરૂ થતા એવા અષ્ટાક્ષર મંત્રનો જપ કરવો, જનમંગળ આદિ સ્તોત્રનો પાઠ કરવો તથા પ્રદક્ષિણાઓ કરવી ॥ ૭૭ ॥

તથા પુરુષોએ પગ, હાથ, ગોઠણ, છાતી ,મસ્તક, નેત્ર,મન, વચન, એ આઠ અંગ સહિત દંડવત્ પ્રણામ કરવા. સ્ત્રીઓએ હાથ, મસ્તક, દૃષ્ટિ, મન, વચન, એ પાંચ અંગ સહિત પ્રણામ કરવા, એ આઠ નિયમો તે અમોએ અમારી નિરવધિ પ્રસન્નતા રૂપ-ઉત્તમ ફલદાયક માન્યા છે, માટે એ નિયમોમાંથી કોઈએક નિયમ ભક્તિએ કરીને વિશેષરૂપે ધારણ કરવો ॥ ૭૮ ॥

एकादशीनां सर्वासां कर्तव्यं व्रतमादरात् ।
कृष्णजन्मदिनानां च शिवरात्रेश्च सोत्सवम् ॥ ७९ ॥

અન્વયઃ-'सर्वासाम्, एकादशीनां, कृष्णजन्मदिनानां, शिवरात्रेश्च, व्रतम्, आदरात्, सोत्सवं, कर्तव्यम् ॥ ७९॥

વ્યાખ્યા-'सर्वासाम्,શુકલ અને કૃષ્ણ પક્ષની । एकादशीनाम्,સર્વ એકાદશીઓનું તથા । कृष्णजन्मदिनानाम्, कृष्णस्य श्रीहरिकृष्णस्य परब्रह्मणो मम, 'कर्षति दुःखानि,'उत्कृष्टा निर्वृत्तिर्वा यस्मात्। શ્રીહરિકૃષ્ણ એવા શ્રીસ્વામિનારાયણ પરબ્રહ્મ પરમાત્મા જે અમે તે અમારા । जन्मनि-जडचेतनात्मकशरीरभूतजगति विविधाऽवस्तान्तरयोगाः,"अजः शरीरग्रहणात् स जात इति कीर्त्यते'(६९) शरीरग्रहणमात्रेण जात इत्युच्यते, अवस्थान्तरयोगितया- उत्पत्तेः, इति याज्ञवल्क्य मिताक्षरा प्रायश्चिताध्यायः। "मातुरग्रेऽधिजननं द्वितीयं मौञ्जिबन्धनात्(मनुः-२-१६१)।"मातुर्यदग्रे जायन्ते द्वितीयं मौञ्जबन्धनादि" ति (३१) याज्ञवल्क्याऽऽचाराध्यायः । 'मातुः सकाशात्प्रथमं जायन्ते मोञ्जीबन्धनाद् द्वितीयं जन्म'इति मिताक्षरा,-જડચેતનાત્મક શરીરભૂત આ જગતમાં ભિન્નઅવસ્થાઓના યોગરૂપી જન્મ, કારણ કે "આત્મા પરમાત્મા નિત્ય છે તેમની ઉત્પત્તિ નથી માટે અજ એવા તેમને શરીરનાગ્રહણથી જાત થયા એમ કહેવાય છે"(૬૯)'શરીર ગ્રહણમાત્રથી જ જાત એમ કહેવાય છે, બીજી બીજી અવસ્થાઓનો યોગ થવાથી ઉત્પત્તિ કહેવાય છે, એ યાજ્ઞવલ્કયસ્મૃતિમાં તથા મિતાક્ષરામાં પ્રાયશ્ચિતાધ્યાયમાં કહેલ છે તથા "માતાના ઉદરથી જન્મથી દ્વિજ કહેવાય છે તથા યજ્ઞોપવીત સંસ્કારથી બીજો જન્મ " એમ બે જન્મથી દ્વિજ કહેવાય છે એમ મનુ તથા યાજ્ઞવલ્કય બન્ને વર્ણવે છે. મિતાક્ષરામાં પણ "પ્રથમ માતાથી જન્મ અને બીજો જન્મ મૌંજીબંધન

જે યજ્ઞોપવીત સંસ્કાર છે એમ કહ્યું છે વળી 'तृतीयं दीक्षया प्रोक्तं जन्मत्रयमितीरितम्' ત્રીજો જન્મ તે ત્યાગાશ્રમની દીક્ષાથી કહેલ છે. એ પ્રમાણે ત્રણ જન્મ એકજ વિશેષ શરીરમાં થાય છે વળી 'मद्रुपमिति मद्वाणी' (૨૦૯) એ શ્રીમુખ કથનથી શિક્ષાપત્રી રૂપ જે પોતાનો સ્વરૂપનો જન્મ,મૂર્તિ પ્રતિષ્ઠાઓ ઇત્યાદિ જે જન્મ । तद्दिनानाम् તેના દિવસોનું અથવા । कृष्णाज् जन्मानि प्रादुर्भावा येषान्तेषां दिनानि तेषाम्, पञ्चम्यर्थः प्रयोज्यत्वम्,પરમાત્માના પ્રયોજ્ય એવા જે ઇશ્વરાવતારોના પ્રાદુર્ભાવના દિવસો, કૃષ્ણ જન્માષ્ટમી શ્રી રામનવમી, વામનદ્વાદશી, નૃસિંહ, ચતુર્દશી આદિકનું તથા શિવરાત્રેશ્ચ,-'शिवो मोक्षे महादेवे किलक ग्रहयोगयोः। बालके गुग्गुलौ वेदे पुण्डरीकद्रूमेऽपि च ॥ सुखे क्षेमे जले क्लीबमि'ति मेदिनी। शिवस्य- मोक्षस्य- स्वधामव्रयाणस्य रात्रिः, तस्याश्च,શ્રીહરિને સ્વધામ પધારવાની રાત્રિ તથા બાળગ્રહાદિકૃત ઉપદ્રવથીપણ ક્ષેમકુશળ રહેવાની રાત્રિ આદિકનું અથવા शिवस्य महादेवस्य रात्रिस्तस्या :વૈષ્ણરાજ એવા શિવજીની જે રાત્રિ તેનું । व्रतम्,-ઉપવાસ, પૂજા, જાગરણ આદિક યોથાયોગ્ય વ્રત । आदरात्- પ્રીતિપૂર્વક, પરબ્રહ્મ જે અમે તે અમોને પ્રસન્ન કરવાની ભાવનાથી । सोत्सवम्,- ઉત્સવ જે નાનાવિધ ગીત, વાજીંત્રનાદ, ભગવન્મહાપૂજન, સાધુસમર્ચન, શ્રીહરિકથા કીર્તન, આદિ ઉત્સાહ સહિત, સેવાત્મક ક્રિયાઓ, તેણે સહિત । कर्तव्यम्,- કરવું. ॥ ૭૯ ॥

तात्पर्यार्थः-

સર્વ એવી શુકલ તથા કૃષ્ણ પક્ષની એકાદશીઓનું વ્રત, તથા શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારા જન્મ દિવસો જે 'માતાથી જન્મ લેવાનો દિવસ, યજ્ઞોપવીત લેવા નિમિત્તે જે દ્વિજપણાનો બીજો જન્મ દિવસ, રામાનંદસ્વામિ દ્વારા ત્યાગી-દિક્ષા લેવા નિમિતે જે ત્યાગિપણાનો ત્રીજો જન્મદિવસ, અમારા સ્વરૂપરૂપી શિક્ષાપત્રીના પ્રકટ થવા નિમિત્તે ચોથો જન્મ દિવસ, અમારી મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે જે ઘણા જન્મ દિવસો, તેમનુ વ્રત, અથવા પરબ્રહ્મ જે અમે તે અમારા પ્રેરવાથી થએલા એવા ઇશ્વરાવતારોના પ્રાદુર્ભાવના દિવસો-કૃષ્ણજન્માષ્ટમી, રામવનમી, વામનદ્વાદશી, નૃસિહચતુર્દશી આદિક, તેનું વ્રત, તથા શ્રીહરિ જે અમે તે અમારે (શિવ-જે-મોક્ષ) સ્વધામ પધારવાની રાત્રી, તથા (શિવજે ગ્રહયોગ) બાળ ગ્રહાદિકૃત ઉપદ્રવથી પણ ક્ષેમ કુશળ રહેવાની રાત્રી, અમોએ આપેલા (શિવ જે સુખ) તે સુખની રાત્રીઓ, તેમનું, વ્રત,અથવા શિવજી જે મહાદેવજી તેમની રાત્રીનું વ્રત ઉપવાસાદિ, તે પ્રીતિપૂર્વક, પરબ્રહ્મ જે અમે તે અમોને પ્રસન્ન કરવાની ભાવનાથી, ઉત્સવ જે નાનાવિધ ગીત વાજીંત્રનાદ, ભગવન્મહાપૂજા, સાધુસંતોનુ પૂજન અર્ચન, શ્રીહરિકથા

કીર્તન, આદિક ઉત્સાહ સહિત સેવાત્મક ક્રિયાઓએ સહિત કરવા ॥ ૭૯ ॥

उपवासदिने त्याज्याऽदिवानिद्रा प्रयत्नतः।
उपवासस्तया नश्येन्मैथुनेनेव यन्नृणाम् ॥ ८० ॥

અન્વયઃ- 'उपवासदिने, अदिवा, निद्रा, प्रयत्नतः, त्याज्या, यत्, तया, नृणाम्, मैथुनेन, इव, उपवासः, नश्येत् ॥ ८० ॥

વ્યાખ્યા-' उपवासदिने, उपोषणस्य दिवसे,-ઉપવાસના દિવસે । निद्रा, निद्रा तथा । अदिवा-રાત્રીના ઉત્સવોમાં રાત્રીની । निद्रा निद्रा ते । प्रयत्नतः,સર્વ પ્રકારે સાવધાનપણે કરી । त्याज्या-ત્યાગ કરવી । यत् यस्मद् हेतोः કારણકે तया- दिवसनिद्रया रात्रिनिद्रया वा क्वचित् स्वप्नदोषवशात्,-તે દિવસની-વા-રાત્રિની નિદ્રામાં સ્વપ્નદોષનો સંભવ । नृणाम- । मैथुनेन, इव જેમ ઉપવાસનો નાશ થાય છે તેમ નિદ્રા લેવામાં સ્વપ્નદોષ થઈ જાય તો उपवासः, ઉપવાસ । नश्येत्,-નાશ પામે છે ॥ ૮૦ ॥

तात्पर्यार्थः-

વ્રત ઉપવાસને દિવસે તથા વ્રત ઉત્સવોવાળી રાત્રિએ નિદ્રા સર્વ પ્રકારે સાવધાનપણે કરીને ત્યાગ કરવી,કારણ કે તેવી નિદ્રા વડે કરીને સ્વપ્ન દોષાદિનો સંભવ હોવાથી જો સ્વપ્નદોષ થઈ જાય તો મનુષ્યોના ઉપવાસનો કામસંભોગ વડે કરીને જેમ ઉપવાસનો નાશ થાય છે તેમ નાશ થાય છે ॥ ૮૦॥

सर्ववैष्णवराजश्रीवल्लभाचार्यनन्दनः ।
श्रीविठ्ठलेशः कृतवान् यं व्रतोत्सवनिर्णयम् ॥ ८१ ॥
कार्यास्तमनुसृत्यैव सर्व एव व्रतोत्सवाः
सेवारितीश्च कृष्णस्य ग्राह्या तुदुदितैव हि ॥ ८२ ॥

અન્વયઃ- 'सर्ववैष्णवराजश्रीवल्लभाचार्यनन्दनः, श्रीविठ्ठलेशः, यं व्रतोत्सवनिर्णयं,कृतवान्,तम्, अनुसृत्य, एव, सर्वे, एव व्रतोत्सवाः, कार्याः, कृष्णस्य, सेवारीतिश्च, तदुदिता, एव हि, ग्राह्या ॥ ८१-८२ ॥

વ્યાખ્યા-'सर्वेषां वैष्णवानां- व्यापकपरमात्मनो ममाऽऽश्रितानां राजा हृदयप्रकाशको यः श्रीवल्लभःश्रीः धर्मादिसम्पतिः वल्लभा प्रिया यस्यै तादृशोऽहं परमात्मा श्रीस्वामिनारायणस्तस्य मम सम्प्रदाय स्याऽऽचार्य योर्द्वयोर्नन्दनः-सद्विद्ययाऽऽनन्दकरः व्यापक પરમાત્મા એવા અમારા, સર્વ આશ્રિતોના હૃદયના પ્રકાશદાતા, અને ધર્માદિક સંપત્તિ છે પ્રિય જેમને એવા, શ્રી સ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારા સંપ્રદાયના બન્ને આચાર્યોને સદ્વિદ્યા દ્વારા આનંદ પમાડનારા એવા જે । श्रीविठ्ठलेशः,-श्रिया दिव्यसम्पत्त्या युक्तो विठ्ठलः-सर्ववित्तिसंलक्ष्यः परब्रह्माऽहमीशो यस्य सः शतानन्दः, सः सत्संगीजीवनादौ

यं व्रतोत्सवनिर्णयं कृतवान्, तमनुसृत्यैव सर्वव्रतोत्सवाः, मम सेवादयश्चग्राह्याः- દિવ્યસંપત્તિયુક્ત સર્વજ્ઞાનોના સંલક્ષ્ય પરબ્રહ્મ અમે છીએ ઈષ્ટદેવ જેમના એવા શતાનંદમુનિએ 'સત્સંગિજીવન' આદિકમાં જે વ્રતોત્સવના નિર્ણયો કર્યા છે તેને અનુસરીનેજ સર્વ વ્રત ઉત્સવો તથા અમારી સેવા આદિક ગ્રહણ કરવા ॥૮૧-૮૨॥

तात्पर्यार्थः-

व्यापक,सर्व आश्रितोना हृदयमां प्रकाशदाता,धर्मादिक संपत्ति छे प्रिय जेमने एवा, श्री स्वामिनारायण परमात्मा जे अमे,ते अमारा संप्रदायना बन्ने आचार्योने सद्विद्या द्वारा आनंद पमाडनारा, तथा दिव्य संपत्तियुक्त अने सर्वविध विद्याओना संलक्ष्य परब्रह्म अमे छीए ईष्टदेव जेमना एवा, जे शतानंदमुनि तेमणे, सत्संगिजीवन आदिकमां जे व्रतोत्सव निर्णयों कर्या छे, तेमने अनुसरीनेज सर्व व्रत उत्सवो तथा सेवारीतिओ ग्रहण करवा ॥ ८१-८२ ॥

अथवा

व्याख्या- 'सर्वेषां शुद्धाद्वैतमतयानुयायिनां वैष्णवानां राजेव राजा आज्ञापको यः श्रीवल्लभाचार्यस्तस्य नन्दनः पुत्रः सर्व शुद्धाद्वैत मतावलम्बि वैष्णवोना आज्ञापक आचार्य जे श्रीवल्लभाचार्य तेमना पुत्र । श्रीविट्ठलेशः श्रीविठ्ठलजीએ । यं व्रतोत्सवनिर्णयम्,- व्रतानामुत्सवानां च निर्णयम्, એકાદશી આદિ વ્રતોના અને અન્નકુટાદિ ઉત્સવોના જે નિર્ણયો કરેલ છે । तम्, अनुसृत्य, एव,- તે નિર્ણયોને અનુસરીને જ । सर्व एव सर्व એવા । व्रतोत्सवाः, વ્રત અને ઉત્સવો । कार्याः,કરવા । कृष्णस्य श्रीहरिकृष्णपरमात्मनो मम,શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારી । सेवारीतिश्च,-પૂજાની રીતે પણ । तदुदितैव, તે વિઠ્ઠલનાથજીએ કહ્યા પ્રમાણે । ग्राह्या दि,અવશ્ય ગ્રહણ કરવી. ॥ ૮૧-૮૨ ॥

तात्पर्यार्थः-

सर्व शुद्धाद्वैत मतानुयायि वैष्णवोना आज्ञापक आचार्य जे श्रीवल्लभाचार्य, तेमना पुत्र जे विठ्ठलनाथजी, तेमणे करेल व्रत अने उत्सवोना निर्णयने अनुसरीनेज, सर्व એકાદશી આદિ વ્રત, અને અન્નકુટાદિક ઉત્સવો કરવા, તથા શ્રીહરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારી સેવાની રીતિ, છ ઋતુઓમાં ભિન્ન ભિન્નપણે, તે વિઠ્ઠલનાથજીએ કહ્યા પ્રમાણે કરવી.॥ ૮૧ ॥ ૮૨ ॥

कर्तव्या द्वारिकामुख्यतीर्थयात्रा यथाविधि ।
सर्वैरपि यथाशक्ति भाव्यं दिनेषु वत्सलैः ॥ ८३॥

અન્વયઃ- 'सर्वैः, अपि, द्वारिकामुख्यतीर्थयात्राः, यथाविधि, कर्तव्या :, दिनेषु, वत्सलैः, यथाशक्ति, भाव्यम् ॥ ૮૩ ॥

વ્યાખ્યા- 'सर्वैरपि सर्वे મનુષ્યોએ। द्वारिकामुख्यतीर्थयात्राः,- પ્રશસ્તાનિ મોક્ષદાનિ વા દ્વારાણિ દ્વારભૂતાનિ મન્દિરાણિ સાધવશ્ચસન્ત્યસ્યામિતિ દ્વારિકા, મોક્ષના દ્વારભૂત મંદિરો અને સંતો છે જેમાં એવા વડતાલ આદિ, અથવા સુશોભિતદ્વારવાળી દ્વારિકા નગરી,સા મુખ્યા યેષાં તેષુ તીર્થેષુ યાત્રાં- ગમનાનિ,- તે છે મુખ્ય જેમાં એવા તીર્થોમાં જવું અથવા તરન્તિ ભવાબ્ધિમ્ એભિરિતિ તીર્થાનિ તેષુ,મોક્ષપ્રદ પવિત્ર ક્ષેત્રોમાં । યાત્રાઃ-ભગવત્પૂજા સાધુસન્તર્પણ આદિક ઉત્સવો । યથાવિધિ,- શાસ્ત્રવિધિ પ્રમાણે । कर्तव्याः, કરવા । दिनेषु,- દુર્બલ એવા પ્રાણિઓમાં । वत्सलैः,સ્નેહ અને દયાવાળા । यथाशक्ति,શક્તિ પ્રમાણે । भाव्यम्-,થવું, તેમની સંભાવના કરવી ॥ ૮૩ ॥

तात्पर्यार्थः-

'સર્વ મનુષ્યોએ, મોક્ષના દ્વારભૂત છે મંદિરો તથા સંતજનો જેમાં એવા વડતાલ આદિક, અથવા સુશોભિત દ્વારવાળી દ્વારિકા નગરી આદિ સંસારતારક એવા તીર્થોની, વિધિ પ્રમાણે યાત્રાઓ કરવી; તથા તે તીર્થોમાં ભગવત્પૂજન કરવું, તથા સાધુઓને ભોજન દાન આદિક આપવાં, તથા દીન દુર્બલ એવા પ્રાણિઓને ભોજન દાન આદિક આપવાં, તથા દીન દુર્બલ એવા પ્રાણિઓને વિષે દયાવાળા થઈને શક્તિ પ્રમાણે અન્ન જળ આદિ વડે તેમની સંભાવના કરવી. ॥ ૮૩ ॥

विष्णुः शिवो गणपतिः पार्वती च दिवाकरः ।
एताः पूज्यतया मान्या देवताः पञ्च मामकैः ॥ ૮૪ ॥

અન્વયઃ- 'मामकैः, विष्णुः, शिवः, गणपतिः, पार्वती, दिवाकरश्च, एताः, पञ्च, देवताः, पूज्यतया, मान्याः ॥ ૮૪ ॥

વ્યાખ્યા-'मामकैः, ममेमे मामकास्तैः, પરબ્રહ્મ પરમાત્મા જે અમે તે અમારા આશ્રયના કરનારા સર્વ મનુષ્યોએ । विष्णुः,લક્ષ્મીપતિ સૃષ્ટિસંરક્ષક વિષ્ણુ । शिवः, વૈષ્ણવાગ્રગણ્ય પાર્વતીપતિ શંકર । गणपतिः,- गणानां पतिः, શ્રીકૃષ્ણના અંશાવતાર એવા ગણપતિ પાર્વતી,- શંકર અર્ધાંગના પાર્વતી । सूर्यः,- ગાયત્રી મન્ત્રાધિષ્ઠાતા સવિતા । एताः पञ्च देवताः,એ પાંચ પંચાયતન દેવો । पूज्यतया, मच्छरीरत्वान्मद्विशिष्टभावनया,-પરબ્રહ્મ એવા જે અમે તે અમારુ શરીર હોવાથી તેમાં અમો રહેલાં છીએ એ ભાવનાપૂર્વક પૂજ્યપણે । मान्याः,માનવા. ॥ ૮૪ ॥

तात्पर्यार्थः-

'પરબ્રહ્મ પરમાત્મા જે અમે તે અમારો આશ્રય કરનારા સર્વ મનુષ્યોએ, લક્ષ્મીપતિ સૃષ્ટિરક્ષક વિષ્ણુ,પાર્વતીપતિ વૈષ્ણવાગ્રગણ્ય શંકર, શ્રીકૃષ્ણાંશા વતાર ગણપતિ,શંકરના અર્ધાંગના પાર્વતી, તથા ગાયત્રી મંત્રના અધિષ્ઠાતા સૂર્ય, એ પંચાયતન દેવોને, તે દેવો પરબ્રહ્મ એવા જે અમે તે અમારા શરીર હોવાથી, તેમાં અમો રહેલા છીએ એ ભાવનાપૂર્વક પૂજયપણે માનવા ॥ ૮૪ ॥

भूताद्युपद्रवे क्वाऽपि वर्म नारायणात्मकम् ।
जप्यं च हनुमन्मन्त्रो जप्यो न क्षुद्रदैवतः ॥ ૮૫ ॥

अन्वयः-क्वापि,भूताद्युपद्रवे,नारायणात्मकं, वर्म,जप्यम्,हनुमन्मंत्रश्च, जप्यः,क्षुद्रदेवतः,न जप्यः ॥ ૮૫ ॥

व्याख्या - क्वाऽपि, ક્યારેક અશુદ્ધતાદિ દોષોના યોગમાં भूताद्युपद्रवे,- भूतं भूतो वाऽऽदिर्येषां तेषामुपद्रवे जाते सति,-ભૂતપ્રેતપિશાચાદિકનો ઉપદ્રવ થયે સતે नारायणात्मकम्, नारायणः परमात्मा, आत्मा, स्वरूपं देवता वा यस्य तत्, । वर्म કવચ जप्यम् જપવું हनुमन्मन्त्रश्च, હનુમાનજીનો મંત્ર जप्यः, જપવો क्षुद्रदैवतः क्षुद्रो दैवतो यस्य,क्षूद्रदेव કાલીભૈરવાદિ છે દેવ જેના એવો મંત્ર । न जप्यः,- ન જપવો ॥ ૮૫ ॥

तात्पर्यार्थः-

ક્યારેક અશુદ્ધિના યોગે ભૂતપ્રેતપિશાચ આદિકમાં વળગાડ આદિક ઉપદ્ર થયે સતે પરબ્રહ્મ પરમાત્મા એવા અમે છીએ આત્મા દેવતા જેના એવું જે 'નારાયણકવચ' તેનો પાઠ કરવો. 'નીતિપ્રવીણ'હનુમાનજીનો સ્તોત્ર મંત્ર તેનો પાઠ કરવો.પણ કાલીભૈરવાદિક ક્ષુદ્ર છે દેવ જેના એવા મંત્રો ન જપવા ॥ ૮૫ ॥

रवेरिन्दोश्चोपरागे जायमानेऽपराः क्रियाः ।
हित्वाऽऽशु शुचिभिः सर्वैः कार्यः कृष्णमनोर्जपः ॥ ૮૬ ॥

अन्वयः- 'रवेः, ईन्दोश्च, उपरागे, जायमाने, अपराः, क्रियाः, आशु, हित्वा, सर्वैः,शुचिभिः, कृष्णमनोः, जपः, कार्यः ॥ ૮૬ ॥

व्याख्या-'रवेः સુર્યનું અને । इन्दोश्च, ચંદ્રનું । उपरागे जायमाने રાહુ દ્વારા ગ્રહણ થયે સતે । अपराः क्रियाः- અન્ય સર્વ ક્રિયાઓ । आशुहित्वा,- તત્કાળ તજીને । सर्वैःसર્વ મનુષ્યોએ । शुचिभिः-જળસ્નાનથી શુદ્ધ એવા થકા । कृष्णमनोः श्रीहरिकृष्णस्य श्रीस्वामिनारायणपरमात्मानो मम मनोः- नाममन्त्रस्याऽष्टाक्षरमन्त्रस्य च,- શ્રીહરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારા ૐસ્વામિનારાયણ ઇત્યાદિ નામ મંત્ર તથા "आदौ श्रीश्च ततः कृष्णः, त्वं ततश्च गतिस्ततः। अन्ते ममेति शब्दैः स मन्त्रौऽष्टाक्षर ईरितः"

"आदौ ब्रह्म ततश्चाहं कृष्णदासस्ततः परम्। अन्तेऽस्मीति पदव्राते मन्त्रोऽष्टाक्षर ईरितः"॥ એ પ્રમાણે 'શ્રી' આદિક તથઆ 'બ્ર'આદિક અષ્ટાક્ષરાત્મક મંત્રનો જપઃ कार्यः- જપ કરવો. ॥ ૮૬ ॥

तात्पर्यार्थः-

'રાહુ દ્વારા સૂર્ય અને ચન્દ્રનું ગ્રહણ થયે સતે, બીજી સર્વ ક્રિયાઓનો તત્કાળ ત્યાગ કરીને, સર્વ મનુષ્યોએ, જળ સ્નાનથી શુદ્ધ થઈને શ્રી હરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારા, ૐસ્વામિનારાયણ એવા નામ મંત્રનો, તથા 'શ્રી' આદિક અથવા 'બ્ર' આદિક અષ્ટાક્ષરાત્મક મંત્રનો,અધિકાર પ્રમાણે જપ કરવો ॥ ૮૬ ॥

जातायामथ तन्मुक्तौ कृत्वा स्नानं सचेलकम् ।
देयं दानं गृहिजनैः शक्त्याऽन्यैस्त्वचर्य ईश्वरः ॥ ૮૭ ॥

અન્વયઃ- 'अथ, तन्मुक्तौ जातायाम्, सचेलकं स्नानं कृत्वा, गृहिजनैः, दानं देयम, अन्यैस्तु, शक्त्या, ईश्वरः, अर्च्यः ॥ ૮૭ ॥

વ્યાખ્યા-'अथ જપ કર્યા પછી । तन्मुक्तौ जातायाम्, तस्माद्राहूप रागान्मुक्तौ,-રાહુકૃત ગ્રહણની મુક્તિ થયે સતે । सचेलकम्,- ચેલકેન વસ્ત્રેણ સહિતમ્,- પહેરેલાં વસ્ત્રોએ સહિત । स्नानं कृत्वा,સ્નાન કરીને। गृहिजनैः, गृहा द्वाराः सन्त्येषान्ते च ते जनाश्च तैः, સ્ત્રીઓ છે જેમને એવા અર્થાત્ ગૃહસ્થાશ્રમી મનુષ્યોએ વિવિધ પ્રકારના દાન દેવા અન્યેસ્તુ,ત્યાગી એવા બ્રહ્મચારી સંત પાર્ષદ આદિક જનોએ તો शक्त्या,- યથાસમય, સામર્થ્ય પ્રમાણે પત્ર પુષ્પાદિ વડે ईश्वरः, स्वेष्टदेवः,પોતાના ઈષ્ટદેવને । पूज्यः,પુજવા ॥ ૮૭ ॥

तात्पर्यार्थः-

'જપ કર્યા પછી રાહુકૃત ગ્રહણની યુક્તિ થયે સતે, પહેરેલાં વસ્ત્રોએ સહિત સ્નાન કરીને, ગૃહસ્થાશ્રમી મનુષ્યોએ વિવિધ પ્રકારના દાન દેવા, અને ત્યાગી બ્રહ્મચારી સંત પાર્ષદ આદિક એવા જનોએ તો સમય પ્રમાણે સામર્થ્યને અનુસારે પત્ર પુષ્પાદિ વડે પોતાના ઈષ્ટદેવની પૂજા કરવી ॥ ૮૭ ॥

जन्माशौचं मृताशौचं स्वसम्बन्धानुसारतः
पालनीयं यथाशास्त्र चातुर्वर्ण्यजनैर्मम ॥ ૮૮ ॥

અન્વયઃ-'मम चातुर्वर्ण्यजनैः, जन्माशौचं मृताशौचं स्वसम्बन्धा नुसारतः यथाशास्त्रम्, पालनीयम् ॥ ૮૮ ॥

વ્યાખ્યા- 'मम,- પરબ્રહ્મ પરમાત્મા જે અમે તે અમારા વ્યવસ્થાપિત । चातुर्वर्ण्यजनैः,- चत्वारो वर्णा एव चातुर्वर्ण्य तच्च ते जनाश्च तै,બ્રાહ્મણ, ક્ષત્રિય,વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણના મનુષ્યોએ जन्मशौचम्, जन्म प्रसवस्त

स्याऽशौचम्-,જન્મ સંબંધિ સૂતક તથા મૃતાશોચમ્, મૃતસ્યાઽ શૌચમ્,મરણનું સૂતક તે । स्वसम्बन्धानुसारतः- स्वस्य सम्बन्धस्याऽनुसरणं यत्र तस्मात्-,પોત પોતાના સપિંડના સંબંધને અનુસારે यथाशास्त्रम्, शास्त्रम् अनतिक्रम्य,-ધર્મ શાસ્ત્રની મર્યાદાને નહિ ઉલ્લંઘીને पालनीयम्,પાળવું ॥ ૮૮ ॥

तात्पर्यार्थः-

પરબ્રહ્મ પરમાત્મા જે અમે, તે અમારા વ્યસ્થાપિત એવા-બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણના મનુષ્યો તેમણે, જન્મસંબંધિ સૂતક તથા મરણ સંબંધિ સૂતક, તે પોતપોતાના સપિંડના સંબંધને અનુસરીને ધર્મશાસ્ત્રની મર્યાદા પ્રમાણે પાળવા ॥ ૮૮ ॥

भाव्यं शमदमक्षान्तिसन्तोषादिगुणान्वितैः ।
ब्राह्मणैः शौर्यधैर्यादिगुणोपेतैश्च बाहुजैः ॥ ૮૯ ॥

अन्वयः- 'ब्राह्मणैः, शमदमक्षान्तिसन्तोषादिगुणाऽन्वितैः, भाव्यम्, बाहुजैः, शौर्यधैर्यादिगुणोपेतैश्च भाव्यम् ॥ ૮૯ ॥

व्याख्या- 'ब्राह्मणैः,ब्रह्मणोऽपत्यानि, ब्रह्माऽधीयते, ब्रह्म जानन्ति वा ब्राह्मणास्तैः- બ્રહ્માના પુત્ર બ્રાહ્મણો અથવા બ્રહ્મનો અભ્યાસ કરનારા, અથવા બ્રહ્મને જાણનારા એવા સત્પુરુષો તેમણે । शमदमक्षान्ति सन्तोषादि गुणान्वितैः, शमः-મનોનિગ્રહ दमः-ઈન્દ્રિયનિગ્રહ क्षान्तिःपरकृत अपराध સહિષ્ણુતા, सन्तोषः- અનાયાસ પ્રાપ્ત અન્નજળાદિકમાં અલંબુદ્ધિ एते आदिर्येषान्ते च ते गुणास्तैरन्वितैः,-એ આદિક છે જેમાં એવા ગુણોએ યુક્ત । भाव्यम् થવું । बाहुजैः, વૈરાજપુરુષબાહૂત્પન્નૈઃ क्षत्रियैः,વૈરાજ પુરુષના બાહુઓથી ઉત્પન્ન થએલા એવા ક્ષત્રિય વર્ણાએ । शौर्यधैर्यादिगुणोपेतैश्च, शौर्य च धैर्य च त आदी येषान्तैगुणै रुपेतैर्भाव्यम्-શૂરવીરતા ધીરજ ઉદારતા આદિ ગુણોએ યુક્ત થવું ॥ ૮૯ ॥

तात्पर्यार्थः-

બ્રહ્માના પુત્ર જે બ્રાહ્મણો, અથવા પરબ્રહ્મનો અભ્યાસ કરનારા અને પરબ્રહ્મને જાણનારા એવા સત્પુરુષો, તેમણે, શમ-મનોનિગ્રહ, દમ-ઈન્દ્રિયનિગ્રહ, ક્ષાન્તિ- સહનશીલતા, સન્તોષ- અનાયાસ લબ્ધ અન્ન જળમાં તૃપ્તિ એ આદિક ગુણે યુક્ત થવું.અને વૈરાજ પુરુષના બાહુથી ઉત્પન્ન થએલા એવા ક્ષત્રિઓએ, શૂરવીરતા,ધીરજ,ઉદારતા,આદિ ગુણોએ યુક્ત થવું ॥ ૮૯ ॥

वैश्यैश्च कृषिवाणिज्यकुसीदमुखवृतिभिः ।
भवितव्यं तथा शूद्रैर्द्विजसेवादिवृत्तिभिः ॥ ૯૦ ॥

अन्वयः- 'वैश्यैश्च, कृषिवाणिज्यकुसीदमुखवृतिभिः, भवितव्यम तथा शुद्रैः द्विजसेवादिवृतिभिः, भवितव्यम् ॥ ૯૦ ॥

વ્યાખ્યા-'વૈશ્યૈશ્ચ અને વૈશ્ય વર્ણના મનુષ્યોએ । કૃષિવાણિજ્ય કુસીદમુખવૃતિભિઃ, કૃષિઃ- ખેતી કાર્ય વાણિજ્યમ્,વસ્તુઓનો ક્રય વિક્રય, કુસીદમ્- વ્યાજને માટે દ્રવ્ય પ્રયોગ તાનિ મુખાનિ યત્રૈતાદૃશ્યો વૃત્તયો યેષાન્તૈઃ,તે છે મુખ્ય જેમાં એવી વૃત્તિઓ છે જેમની એવા ભવિતવ્યમ્- થવું । તથા શુદ્રૈઃ તથા ચોથા વર્ણના મનુષ્યોએ દ્વિજસેવાદિ વૃત્તિભિઃ, દ્વિજા બ્રાહ્મણક્ષત્રિયવૈશ્યાઃ સસંસ્કારાસ્તેષાં સેવાઽઽદિર્યત્રૈતાદૃશ્યો વૃત્તયો યેષાન્તૈઃ, સસંસ્કાર એવા બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્યની સેવા છે આદિ જેમાં એવી વૃત્તિવાળા । ભવિતવ્યમ્- થવું ॥ ૯૦ ॥

તાત્પર્યાર્થઃ-

અને વૈશ્ય વર્ણના મનુષ્યોએ, ખેતી કાર્ય, વસ્તુઓનો ક્રય વિક્રય રૂપી વણિક વ્યાપાર, તથા વ્યાજ વટો, આદિ જીવન વૃત્તિએ કરીને વર્તવું તથા શૂદ્રવર્ણના મનુષ્યોએ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય એવા દ્વિજવર્ણની સેવા ચાકરી કરવી,- એ આદિ વૃત્તિએ કરીને વર્તવું. ॥ ૯૦ ॥

संस्काराश्चाऽऽह्निकं श्राद्धं यथाकालं यथाधनम् ।
स्वस्वगृह्यानुसारेण कर्तव्यं च द्विजन्मभिः ॥ ૯૧ ॥

અન્વયઃ- 'द्विजन्मभिः, संस्काराः, आह्निकम्, श्राद्धं, च स्वस्वगृह्यानुसारेण, यथाकालं, यथाधनं, कर्तव्यम् ॥ ૯૧ ॥

વ્યાખ્યા - 'द्विजन्मभिः,- द्वे जन्मनी येषान्तैः,'मातुरग्रेऽधिजननं द्वितीयं मोञ्जिबन्धनादि'ति मनुः માતાથી એક જન્મ, અને યજ્ઞોપવીત સંસ્કારથી બીજો છે જન્મ જેમનો એવા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય એ ત્રણ વર્ણના મનુષ્યોએ । संस्काराः संस्क्रियते पुमानेभिरिति,૧. ગર્ભાધાન ૨. પુંસવન ૩.સીમન્ત ૪. જાતકર્મ ૫. નામકરણ, ૬. નિષ્ક્રમણ ૭. અન્નપ્રાશન્ ૮. કેશવપન, ૯. કર્ણવેધ ૧૦ વ્રતાદેશ ૧૧ વેદારંભ ૧૨. કેશાન્ત ૧૩. સ્નાન ૧૪. વિવાહ ૧૫. અગ્નિપરિગ્રહ ૧૬. ત્રણ અગ્નિ સંગ્રહણ એ સોળ સંસ્કારો તથા । आह्निकम्- आह्नि भवम्, अह्नि निवृतं वा,- દિવસે કરવા યોગ્ય, સ્નાન, સંધ્યાવંદન, જપ હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણ, દેવતાપૂજન, એ છ નિત્યકર્મ તથા । श्राद्धं च, श्रद्धाऽस्त्यस्मिन्निति तत्, પ્રેત અને પિતૃઓને ઉદ્દેશીને શ્રદ્ધાથી જે ભોજ્ય વસ્તુ દેવાય તે શ્રાદ્ધ કર્મ । स्वस्वगृह्यानुसारेण, स्वस्य स्वस्य गृह्य कल्पसूत्रं तस्याऽनुसारेण, જન્મેલા તથા જન્મ લેશે એવા પુત્ર કન્યા પત્ની આદિકને ગૃહ્ય કહેવાય છે, તેઓના સંસ્કાર કરાવવા તથા શાન્તિકર્મ આદિ ક્રિયાઓ માટે આશ્વલાયન, કાત્યાયન, લાટ્યાયન આદિ ઋષિઓએ રચેલા 'કલ્પસૂત્ર' નામના ગ્રંથો, પોતપોતાના વેદની શાખાઓને અનુસારે તે ગ્રંથોને અનુસરીને । यथाकालम् પૂર્વાન્હ દેવોનો,મધ્યાહ્ન મનુષ્યોનો, અપરાન્હ પિતૃઓનો, સમય

કહેલ છે, તેને અનુસારે । યથાધનમ્, પોતાની ધન સમ્પતિને અનુસારે વિત્તશાઠ્ય (લોભ)ન કરીને । કર્તવ્યમ્ કરવું.॥ ૯૧ ॥

तात्पर्यार्थः-

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય એવા દ્વિજ વર્ણના મનુષ્યોએ, ગર્ભાધાન, પૂંસવન,સીમન્ત, જાતકર્મ, નામકરણ, બહિર્નિષ્ક્રમણ, અન્નપ્રાશન, કેશવપન, કર્ણવેધ,વ્રતાદેશ,વેદારંભ,કેશાન્ત,સ્નાન,વિવાહ,અગ્નિપરિગ્રહ,ત્રણ (ગાર્હપત્ય, આવસથ્ય, આહવનીય એ ત્રણ) અગ્નિ ગ્રહણ, એ સોળ સંસ્કારો, તથા સ્નાન, સંધ્યા,જપ, હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણ, દેવપૂજન એ છ નિત્યકર્મ તથા પ્રેત અને પિતૃઓને ઉદ્દેશીને શ્રદ્ધાથી ભોજય દેવું એ શ્રાદ્ધ કર્મ, તે સર્વ, પોતપોતાના વેદને અનુસારે, પોતાના પુત્ર કન્યા પત્ની આદિક જે ગૃહ્યો, તેના સંસ્કાર, શાન્તિકર્મ, આદિ ક્રિયાઓ માટે, આશ્વલાયન, કાત્યાયન, લાટ્યાયન આદિ મહર્ષિઓએ રચેલા જે 'કલ્પસૂત્ર' નામના ગ્રંથો, તેને અનુસારે, સમય સમયમાં, ધનસંપતિ પ્રમાણે કરવા ॥ ૯૧ ॥

अज्ञानाज् ज्ञानतो वाऽपि गुरु वा लघु पातकम् ।
क्वाऽपि स्यात् तर्हि तत्प्रायश्चितं कार्य स्वशक्तितः ॥ ૯૨ ॥

અન્વયઃ- 'क्वापि अज्ञानात्, वा ज्ञानतः, अपि, गुरु वा लघु, पातकं, स्यात्, तर्हि स्वशक्तितः, तत्प्रायश्चित्तं, कार्यम् ॥ ૯૨ ॥

વ્યાખ્યા- 'क्वाऽपि, કોઈપણ સમયે । अज्ञानात्,- અજ્ઞાનપૂર્વક । वा, અથવા । ज्ञानतः,- જ્ઞાનપૂર્વક । अपि,- પણ । गुरु,- મહત્ । वा,- અથવા । लघु,-અલ્પ પણ । पातकं,-महापापऽतिपापाऽनुपा- पप्रकिर्णक पापोपपा पानीति पापानां पञ्चविधत्वम्, ब्रह्महत्यासुरापान ब्रह्मस्वहरणगुरु स्त्रीगमन तत्पापकर्तृप्रसंगाः महापापानि, मातृभगिनी- पुत्रवधूगमना दीन्यतिपातकानि, गुर्वधिक्षेपवेदनिन्दाभित्रवधाऽदीतवि- स्मरणाऽभक्ष्य भक्षण गुरुसन्निधिकृत कपटरजस्वलामुखाऽऽस्वादशिष्यभार्या – कुमारी सगोत्रागमनादीन्यनुपातकानि, दिवाकृतस्त्रीगमननग्नस्नानखरारोहणादीनि प्रकीर्णकपापानि, गोवधपरदारासंग स्त्रीहत्यास्त्रीपुत्रविक्रय- गृहानुयोगिक मातृपितृनिष्कानमृगयाद्यूतादीन्युपपानि, अशुद्धदशाकृत-देवस्पर्श मातृपितृपतितिरस्काराऽसत्यकथन परस्त्रीपुरुष दर्शनजन्यमनोभव-चाञ्चल्यखाद्यतृष्णाकृतशील व्रतभङ्गमिथ्याकलंक शिष्य प्रतारणादीनि मध्याल्यपापान्युक्तानीति। આ પ્રમાણે મહાપાપ, અતિપાપ, અનુપાપ, પ્રકીર્ણકપાપ અને ઉપપાપ એમ પાપોના પાંચ ભેદો કહ્યા છે, તેમાંથી કોઈપણ પાપ । स्यात्,- થઈ જાય । तर्हि- તો । स्वशक्तितः,- શરીર તથા દ્રવ્યની શક્તિ પ્રમાણે । तत्प्रायश्चितम्,- तस्य प्रायश्चितम्, તે પાપનું પ્રાયશ્ચિત।

कार्यम्- કરવું.॥ ૧૨ ॥

तात्पर्यार्थः-

મહાપાપ,અતિપાપ,અનુપાપ,પ્રકીર્ણકપાપ, તથા ઉપપાપ, એમ પાપના પાંચ ભેદ છે. બ્રહ્મહત્યા, દારુપાન, બ્રાહ્મણનું સોનું ચોરવું, ગુરુસ્ત્રીનો સંગ, અને એ ચાર પાપ કરનાર પાપીનો સંગ કરવો, એ પાંચ 'મહાપાપ' કહ્યા છે. માતૃગમન, ભગિનીગમન, પુત્રવધૂગમન, એ આદિ 'અતિપાતક' કહ્યા છે. ગુરુનો તિરસ્કાર, વેદનિંદા, મિત્રવધ, ભણેલું ભૂલવું, અભક્ષ્યભક્ષણ, ગુરુ પાસે કપટ,રજસ્વળામુખ ચુંબન,મિત્રભાર્યાગમન,શિષ્યભાર્યાગમન, કુમારીગમન,સગોત્રાગમન, એ બધા 'અનુપાતક' કહેલા છે. દિવસે સ્વસ્ત્રીગમન, નગ્નસ્નાન, ખર ઉપર ચઢવું એ પ્રકીર્ણક પાતક કહ્યા છે. ગોવધ, પરદારાસંગ, સ્ત્રીહત્યા, સ્ત્રી- પુત્ર- વિક્રય, માબાપને ઘરમાંથી કાઢી મેલવા, મૃગયા, દ્યૂત એ આદિ 'ઉપપાપ'કહ્યા છે. અશુદ્ધિ દશામાં પ્રાતકાળમાં દેવસ્પર્શ, માબાપ તથા પતિનો તિરસ્કાર, અસત્ય બોલવું, પરપુરુષ વા પરસ્ત્રીને દેખી મન ચળાયમાન થવું, ખાવાની તૃષ્ણાથી શીળવ્રતનો ભંગ કરવો, ખોટુ કલંક દેવું, શિષ્યોને છેતરવા, એ આદિક મધ્ય નાના પાપો કહ્યા છે. મનુષ્યોએ કોઈપણ સમયે અજ્ઞાનપૂર્વક અથવા જ્ઞાનપૂર્વક એ કહ્યા એવા પાપોમાંનું મહત્ અથવા નાનુ પાપ થઈ ગયે સતે, શરીર અને દ્રવ્યની શક્તિ પ્રમાણે દેશકાળને અનુસરીને, તે પાપનું પ્રાયશ્ચિત કરવું.॥ ૧૨ ॥

वेदाश्च व्याससूत्राणि श्रीमद्भागवताभिधम् ।
पुराणं भारते तु श्रीविष्णोर्नामसहस्त्रकम् ॥ ૧૩ ॥
तथा श्रीभगवद्गीता नीतिश्च विदुरोदिता ।
श्रीवासुदेवमाहात्म्यं स्कान्दवैष्णवखण्डगम् ॥ ૧૪ ॥
धर्मशास्त्रान्तर्गता च याज्ञवल्क्य ऋषेः स्मृतिः ।
एतान्यष्ट ममेष्टानि सच्छास्त्राणि भवन्ति हि ॥ ૧૫ ॥

अन्वयः-'भारते, वेदाः, व्याससूत्राणि, पुराणं श्रीमद्भागवताभिधम् श्रीविष्णोः, तु, नामसहस्त्रकम्, तथा श्रीभगवद्गीता, विदुरोदिता नीतिः, स्कान्दवैष्णवखण्डगम् श्री वासुदेवमहात्म्यम्, धर्मशास्त्रान्तर्गता याज्ञवल्क्यृषेः स्मृतिः, एतानि, अष्ट, सच्छास्त्राणि, मम्, इष्टानि, भवन्ति हि ॥ ૧૩-૧૫॥

व्याख्या- 'भारते, 'लाकोऽयं भारतं वर्षमि'त्यमरः, अस्मिन्लोके, આ લોકને વિશે,। वेदाः,- विदन्त्येभिर्धर्मज्ञानवैराग्यभक्तिमोक्षानिति वेदा વચનામૃતાનિ, જેણે કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, મોક્ષ એ સર્વે જાણી શકાય, એવા વેદો જે વચનામૃતો । व्याससूत्राणि 'स च शब्दस्य विस्तर'इत्यमरः,

स च- व्यासः, व्यासस्य- एकविंशतिस्मृत्यादि- धर्मशास्त्रात्मकशब्दविस्तरस्य, सूत्राणि- अल्पाक्षरबहुसारवद्वाक्यानि,- शिक्षापत्री श्लोकः,- એકવિસ સ્મૃતિ આદિ ધર્મશાસ્ત્રાત્મક શબ્દ વિસ્તરનો બહુસાર અલ્પાક્ષરોમાં દર્શાવનારા વાક્યરૂપ જે શિક્ષાપત્રીના શ્લોકો । पुराणं- पुरा भवं वृत्तम्, पूर्व થયેલા વૃત્તાન્તોવાળું श्री मद्भागवताऽभिधम्, श्रीमतां मोक्षददिव्यसम्पत्तिमतां भागवतानां मुक्तजनानाम्अभिधा नामकीर्तनादीनि परमेश्वरेच्छाशक्त्यात्म कैश्वर्याणि च यत्र तत्-મોક્ષની આપનારી દિવ્ય સંપત્તિઓવાળા મુક્તજનોના નામ કીર્તન આદિ, તથા પરમાત્મા જે અમે તે અમારી ઈચ્છા શક્તિરૂપી એશ્વર્યો છે જેમાં એવું શાસ્ત્ર નિત્ય બુદ્ધિસ્થ જે શ્રી હરિલીલાકલ્પતરુ । श्री विष्णोस्तु, श्रिया दिव्यवेशसम्पत्त्या युक्तो यः, वेवेष्टिति विष्णुर्व्यापकः परमात्मा, तस्य, દિવ્ય સાકાર થકા પણ વ્યાપક એવા પરમાત્મા જે અમે તે અમારું । नाम सहस्त्रकम्-, नाम्नां सहस्त्रकम्-, હજાર નામોનું સ્તોત્ર જે સર્વમઙ્ગલસ્તોત્ર। તથા श्रीभगवद्गीता, श्रिया दिव्यसम्पत्तया युक्तस्य भगवतः परमात्मनो गीता, દિવ્યસંપતિયુક્ત પરમાત્મા જે અમે તે અમારી ગીતા જે, श्रीहरिगीता वा नारायणगीता, विदुरोदिता,- "ज्ञाता तु विरुरो विदुरि"त्यमरः, ज्ञानशीलेन नित्यानन्दमुनिनाऽन्येन च, उदिता कथिता, नीतिः-नीयते परमात्मानम्,- જ્ઞાનશીલ એવા નિત્યાનંદસ્વામીએ તથા ગુણાતીતાનંદ સ્વામીએ તથા ગોપાળાનંદ સ્વામીએ કહેલ, અને પરમાત્મા જે અમે તે અમારી પ્રાપ્તિ કરાવનારી કથા જે श्रीहरिदिग्वजय, ज्ञानविलास, भाष्य, वार्ताओ आदिक । स्कान्दवैष्णव खण्डम्,- स्कदन्ति श्रवणार्थं गच्छन्तीति स्कन्दास्त एव स्कान्दाः, एतादशा ये वैष्णवास्तेषां खण्डं 'खण्डोऽस्त्री शकले चेक्षुविकारमणि दोषयोरि'ति हैमः, खण्डवन्मधुरतां गमयतीति तत्,- શ્રવણને માટે જતા એવા ભક્તજનોને મધુર રસપાન કરાવતું એવું । श्रीवासुदेवमाहात्म्यम्, श्री वासुदेवेन वासुदेवानन्दमुनिना कथितं यन्माहात्म्यम्,-શ્રી વાસુદેવાનંદ સ્વામીએકહેલું જે અમારું મહાત્મ્ય. लीलाचरित्र वर्णन- सत्संगिभूषण। धर्मशास्त्रान्तर्गता,- धर्माय शास्त्राणि तेष्वन्तर्गता, ધર્મને માટે રચાયેલા જે શસ્ત્રો, તેમાં અંતર્ગત જે । याज्ञवल्क्यऋषेः स्मृतिः,- 'यज्ञः स्यादात्मनि मखे नारायणहुताशयोरि'ति हैमः यज्ञम् आत्मानं परमात्मानं मखं च वल्कयति परिभाषयतीति यज्ञवल्कः स एव याज्ञवल्क्यः स चासौ ऋषिः 'ऋषयः सत्यवचस'इत्यमरः ऋषति जानाति सर्वमिति, तस्य,- ऋत्यकः'इति प्रकृतिभावः। યજ્ઞ જે આત્મા પરમાત્મા અને ધાર્મિક વ્રત યજ્ઞ, તેમના વર્ણન કરનારા એવા સત્યવચન સર્વજ્ઞાતા જે શતાનંદ મુનિ તેમણે રચેલ । स्मृतिः,- स्मर्यते परमात्मा वैदिको धर्माश्चाऽनयेति, પરમાત્મા તથા વૈદિક

ધર્મોનું સ્મરણ કરાવનાર સત્સઙ્ગિજીવન । एतानि,- એ । अष्ट, આઠ પ્રકારના । सच्छास्त्राणि सन्ति च तानि शास्त्राणि પરમાત્મા, આત્મા મોક્ષ ધર્મ આદિકના માનનારા તથા પરમાત્માની પ્રાપ્તિ કરાવનારા એવા સત્ શાસ્ત્રો તે । मम,- અમોને । इष्टानि, અતિ વ્હાલા । भवन्ति हि, છે, એમ નિશ્ચય જાણવું. ॥ ૯૩-૯૫॥ (ટીપ્પણીઃ- વાલ્મિકિમુનિએ રામચન્દ્રજીના જન્મ પહેલા જ સંસ્કૃત વાલ્મિકિ રામાયણ, ભવિષ્યમાં થનારા રામ રાવણ વૃતાંતને યોગબળથી જ્ઞાત કરીને રચેલુ હતું, તેમ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા ભૂત ભવિષ્ય અને વર્તમાનમાં થયા થશે અને છે એવા મનુષ્યો તથા વૃત્તાંતોને લઈને શિક્ષાપત્રી રૂપી આજ્ઞાઓ કરેલી છે માટે શ્રીહરિના સમયમાં, દિવ્યશબ્દાત્મક જે હરિલીલાઓ તે પછી રેખારૂપે રચાણી, તે રૂપી, 'હરિલીલાકલ્પતરુ' લેવામાં કાંઈ બાધ નથી)

तात्पर्यार्थः-

'આ લોકને વિષે, જેણે કરીને ધર્મ,જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, મોક્ષ એ સર્વેને જાણી શકાય એવા વેદ- જે વચનામૃતો ૧. એકવિશ સ્મૃતિ આદિ ધર્મશાસ્ત્રાત્મક શબ્દના વિસ્તારનો બહુસાર અલ્પાક્ષરોમાં દર્શાવનારા વાક્યસૂત્ર જે શિક્ષાપત્રીના શ્લોકો ૨. તથા પુરાણ જે- પૂર્વે થયેલા વૃતાંતોવાળું, અને મોક્ષની આપનારી દિવ્ય સમ્પન્તિઓવાળા પરમ ભાગવતમુક્તજનોના અભિધાન નામકીર્તન આદિકનુ તથા પરમાત્મા જે અમે તે અમારી ઇચ્છારુપ ઐશ્વર્યોનું પ્રતિપાદન કરનારું દિવ્ય બુદ્ધિસ્થ શાસ્ત્ર શ્રીહરિલીલાકલ્પતરુ, ૩. તથા દિવ્ય સાકાર થકા પણ વ્યાપક એવા પરમાત્મા જે અમે તે અમારા સહસ્ત્ર નામનું સ્તોત્ર જે સર્વમંગલસ્તોત્ર ૪.તથા દિવ્યસંપત્તિયુક્ત પરમાત્મા જે અમે તે અમારી કહેલી ગીતા જે હરિગીતા તથા નારાયણગીતા ૫. તથા જ્ઞાનશીલ એવા નિત્યાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામીએ આદિ સંતજનોએ કહેલ, અને પરમાત્મા જે અમે તે અમારી પ્રાપ્તિ કરાવનારી નીતિ કથા જે શ્રીહરિદિગ્વિજય, જ્ઞાનવિલાસ, ભાષ્ય, તથા વાર્તાઓ ૬. તથા શ્રવણ કરનારા ભક્તજનોને મધુર રસપાન કરાવતું અને શ્રીવાસુદેવાનંદ સ્વામીએ રચેલું જે અમારું માહાત્મ્ય લીલાચરિત્ર વર્ણનરૂપ સત્સંગિભૂષણ ૭. તથા ધર્મને માટે રચાયેલા જે શાસ્ત્રો તેમાં અંતર્ગત જે યજ્ઞ આત્મા પરમાત્મા અને ધાર્મિકવ્રતોનું વર્ણન કરનારા સત્યવક્તા જે શતાનંદઋષિ તેમણે રચેલ જે પરમાત્મા તથા વૈદિક ધર્મોનું સ્મરણ કરાવનાર સત્સંગીજીવનરૂપી સ્મૃતિ એ આઠ પ્રકારના જે આત્મા પરમાત્મા મોક્ષધર્મ આદિકના સત્યપણાનું પ્રતિપાદન કરનારા સત્શાસ્ત્ર, તે અમોને અતિપ્રિય છે એમ જાણવું.॥૯૩-૯૫॥

अथवा

વેદાઃ, વ્યાસસૂત્રાણિ ચ, શ્રીમદ્ભાગવતાઽભિધં પુરાણમ્, ભાગવતે તુ શ્રીવિષ્ણોર્નામસહસ્રકમ્,તથા શ્રીભગવદ્ગીતા, વિદુરોદિતા નીતિશ્ચ, સ્કાન્દવૈષ્ણવખંડગં શ્રીવાસુદેવમાહાત્મ્યં, ધર્મશાસ્ત્રાન્તર્ગતા યાજ્ઞવલ્ક્ય ઋષેઃ સ્મૃતિશ્ચ,એતાનિ,અષ્ટ હિ મમ,ઇષ્ટાનિ,સચ્છાસ્ત્રાણિ ભવન્તી ત્યન્વયઃ॥૯૩-૯૫ ॥

તાત્પર્યાર્થઃ-

૧. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ એ ચારવેદ ૨. તથા 'અથાતો બ્રહ્મજીજ્ઞાસા'એ આદિ વ્યાસકૃત વેદાંતસૂત્ર ૩. તથા શ્રીમદ્ભાગવત પુરાણ ૪. તથા મહાભારતમાં રહેલ શ્રીવિષ્ણુસહસ્રનામ ૫. તથા શ્રીમદ્ભગવદ્ગીતા ૬. તથા મહાભારતમાં વિદુરજીએ કહેલી નીતિ ૭. તથા સ્કંદપુરાણના વૈષ્ણવ ખંડમાં રહેલું શ્રીવાસુદેવમાહાત્મ્ય ૮. તથા ધર્મશાસ્ત્રોમાં રહેલી, દેવરાતબ્રહ્મર્ષિના પુત્ર યાજ્ઞવલ્ક્યઋષિએ કરેલી સ્મૃતિ એ આઠ શાસ્ત્રો જીવોનું હિતકરનારા છે, માટે પરબ્રહ્મ એવા અમોને અતિપ્રિય છે, અને ધર્મ,જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, પરમાત્મા આદિકનું પ્રતિપાદન કરનારા સત્શાસ્ત્રો છે. ॥ ૯૩ ॥ ૯૪ ॥ ૯૫ ॥

સ્વહિતેચ્છુભિરેતાનિ મચ્છિષ્યૈઃ સકલૈરપિ ।
શ્રોતવ્યાન્યથ પાઠ્યનિ કથનીયાનિ ચ દ્વિજૈઃ ॥ ૯૬ ॥

અન્વયઃ- 'સ્વહિતેચ્છુભિઃ, સકલૈઃ, અપિ, મચ્છિષ્યૈઃ (સદ્ભિઃ), એતાનિ, શ્રોતવ્યાનિ, અથ દ્વિજૈઃ, પાઠ્યનિ, કથનીયાનિ ચ ॥ ૯૬ ॥

વ્યાખ્યા- 'સ્વહિતેચ્છુભિઃ,- સ્વસ્ય હિતમિચ્છદ્ભિઃ પોતાના હિતને ઈચ્છનારા એવા । સકલૈરપિ, કં સુખં લાન્તીતિ કલાનિ,- ધનાદિસુખસાધનાનિ, તૈઃ સહિતાસ્તૈઃ। ધન આદિક સુખના સાધનવાળા એવા સર્વ જનોએ પણ । મચ્છિષ્યૈઃ, મમ પરમાત્મનઃ શિષ્યૈઃ સદ્ભિઃ- પરમાત્મા જે અમે તે અમારી ભક્તિ વડે વિશેષપણે શિષ્ય થયે સતે । એતાનિ,- એ કહ્યા જે આઠ સત્શાસ્ત્ર, તે શ્રોતવ્યાનિ,- સાંભળવા । અથ અને । દ્વિજૈઃ, દ્વિવારં દ્વાભ્યાં વા જાયન્તે દ્વિજાસ્તૈઃ માતાથી એક જન્મ, અને યજ્ઞોપવીત સંસ્કારથી દ્વિતીય જન્મને પામેલા એવા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય જે દ્વિજો તેમણે । પાઠ્યનિ, ભણવાં અને ભણાવવાં । કથનીયાનિ ચ, તથા તેમની કથા કહેવી.॥ ૯૬ ॥

તાત્પર્યાર્થઃ-

'પોતાના કલ્યાણને ઈચ્છતા અને ધન આદિક સુખના સાધનવાળા એવા સર્વજનોએ, પરમાત્મા જે અમે તે અમારી ભક્તિ વડે વિશેષરૂપે અમારા શિષ્ય થયે સતે,એ કહ્યા જે આઠ સત્શાસ્ત્ર તે સાંભળવા, અને બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય એ ત્રણ વર્ણના જે આશ્રિતજનો તેમણે તો તે આઠ સત્શાસ્ત્રો ભણવા ભણાવવા તથા તેમની કથા કહેવી ॥ ૯૬ ॥

तत्राऽऽचारव्यवहृतिनिष्कृतानां च निर्णये ।
ग्राह्या मिताऽक्षरोपेता याज्ञवल्क्यस्य तु स्मृति ॥ ९७ ॥

અન્વયઃ- 'तत्र,आचारव्यवहृतिनिष्कृतानां च, निर्णये, तु,
मिताक्षरोपेता, याज्ञवल्क्यस्य स्मृतिः, ग्राह्या ॥ ९७ ॥

વ્યાખ્યા- 'तत्र, તે સત્શાસ્ત્રોના મધ્યે । आचारव्यवहृतिनिष्कृतानां च, आचारः,- नित्यनैमित्तिक सदाचार, । व्यवहृतिः, કરજ કરવું દેવું આદિ વ્યવહાર, निष्कृतम्-, જ્ઞાનથી तेषां च, તેઓના । निर्णये तु નિર્ણય કરવો હોય ત્યારે मिताक्षरा- मितानि सुत्ररूपेणाऽक्षराणि श्लोका यत्रेति मिताक्षरा- संक्षेपेण धर्मबोधिका शिक्षापत्री तयोपेता,- પરિમિત સૂત્રરૂપે છે શ્લોકો જેમાં એવી, સંક્ષેપથી ધર્મબોધ કરનારી જે શિક્ષાપત્રી તેણે સહિત याज्ञवल्क्यस्य स्मृतिः, यज्ञं परमात्मान् आत्मानं च वल्कयति परिभाषयति यः स एव तस्य, યજ્ઞ પરમાત્મા તથા આત્માનું વર્ણન કરનારા એવા શતાનંદઋષિએ રચેલ જે,પરમાત્મા અને વૈદિક ધર્મોનું સ્મરણ કરાવનાર સ્મૃતિરૂપ સત્સંગીજીવન પંચમપ્રકરણ ग्राह्या ગૃહણ કરવું।। ૯૭ ॥

तात्पर्यार्थः-

'તે સત્શાસ્ત્રોના મધ્યે, નિત્ય નૈમિત્તિક સદાચાર, દ્રવ્ય લેવું દેવું આદિ વ્યવહાર, અને નાના મોટા પાપોના પ્રાયશ્ચિત, એ સર્વના નિર્ણય માટે, પરિમિત અક્ષરાત્મક શ્લોકોવાળી શિક્ષાપત્રી સહિત, યજ્ઞ પરમાત્મા તથા આત્માનું વર્ણન કરતા એવા શ્રીશતાનંદઋષિએ રચેલ જે, પરમાત્મા અને વૈદિકધર્મોનું સ્મરણ કરાવનાર સત્સંગિજીવનનું પાંચમું પ્રકરણ, તે ગ્રહણ કરવું.॥ ૯૭ ॥

અથવા

"तत्र, आचारव्यवहृतिनिष्कृतानां च निर्णये तु मिताक्षराख्यटीकयोपेता याज्ञवल्क्याख्यस्य ऋषेः स्मृतिः ग्राह्येत्यर्थः ॥ ९७ ॥

तात्पर्यार्थः-

'તે ધર્મશાસ્ત્રોના મધ્યે આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્તના નિર્ણય માટે મિતાક્ષરા નામની ટીકાયે યુક્ત યાજ્ઞવલ્કય નામના ઋષિ વિરચિત સ્મૃતિનું ગ્રહણ કરવું ॥ ૯૭ ॥

श्रीमद्भागवतस्यैषु स्कन्धौ दशमपञ्चमौ ।
सर्वाधिकतया ज्ञेयौ कृष्णमाहात्म्यबुद्धये ॥ ९८ ॥

અન્વયઃ- 'एषु, श्रीमद्भागवतस्य, दशमपञ्चमौ, स्कन्धौ, कृष्ण माहात्म्यबुद्धये, सर्वाधिकतया, ज्ञेयौ ॥ ९८ ॥

વ્યાખ્યા- ' एषु, એ સત્શાસ્ત્રોના મધ્યે। श्रीमद्भागवतस्य, श्रीमतः-

दिव्यसम्पत्तियुक्तस्य भगवतः- परब्रह्मण इदं तस्य, दिव्य साकार એવા પરબ્રહ્મ જે અમે તે અમારું વૃત કહેનાર જે શ્રીહરિલીલાકલ્પતરુ તેના दशमपञ्चमौ, दशमः-षष्ठाद् दशमपर्यन्तः, पञ्चमः- पञ्चमपर्यन्तश्च, तौ,- છઠ્ઠાથી દશમ પર્યન્ત, અને પ્રથમથી પંચમપર્યન્ત એવા । स्कन्धौ- भागौ, कृष्णमाहात्म्यबुद्धये,- ભાગો તે ,कृष्णस्य श्रीहरिकृष्णस्य परब्रह्मणो मम माहात्म्यस्य बुद्धिज्ञानं तस्यै, શ્રી હરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારા માહાત્મ્યજ્ઞાનને માટે । सर्वाऽधिकतया,- सर्वेभ्योऽधिकता तया, બધા ગ્રંથોથી અધિકપણે । ज्ञेयौ,- જાણવા ॥ ૯૮ ॥

तात्पर्यार्थः-

'એ સત્શાસ્ત્રોના મધ્યે, દિવ્ય સાકાર એવા પરબ્રહ્મ જે અમે તે અમારું વૃત કહેનાર જે શ્રીહરિલીલાકલ્પતરુ, તેના ષષ્ઠથી દશમ પર્યન્ત, અને પ્રથમથી પંચમપર્યન્ત એવા ભાગો, તે શ્રીહરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારા માહાત્મ્યજ્ઞાનને માટે, બધા ગ્રંથોથી અધિકપણે જાણવા. ॥ ૯૮॥

अथवा

'व्याख्या- 'एषु श्रीमद्भागवताख्यपुराणस्य दशमस्कन्धः पञ्चमस्कान्धश्च श्रीकृष्णमाहात्म्यज्ञानार्थं सर्वश्रेष्ठतया ज्ञेयौ ॥ ९८॥

तात्पर्यार्थः-

'એ સર્વે સત્શાસ્ત્રોના મધ્યે શ્રીમદ્ભાગવત પુરાણ તેના દશમ અને પંચમ એવા જે બે સ્કન્ધ તે શ્રીકૃષ્ણભગવાનનું માહાત્મ્ય જાણવાને માટે સર્વથી અધિકપણે ગ્રહણ કરવા.॥ ૯૮॥

दशमः पञ्चमः स्कन्धो याज्ञवल्क्यस्य च स्मृतिः।
भक्तिशास्त्रं योगशास्त्रं धर्मशास्त्रं क्रमेण मे ॥ ९९ ॥

अन्वयः- 'दशमः, पञ्चमः, स्कन्धः, च, याज्ञवल्क्यस्य, स्मृतिः, क्रमेण, मे, भक्तिशास्त्रं, योगशास्त्रं, धर्मशास्त्रं, च, ॥ ९९ ॥

व्याख्या- 'दशमः,-दशमस्कन्धपर्यन्तम्, તે હરિલીલાકલ્પતરુ દશમ સ્કન્ધપર્યન્ત તથા, पञ्चमः स्कन्धः, पञ्चमस्कन्धपर्यन्तम्- પંચમ સ્કન્ધ પર્યન્ત । च અને । याज्ञवल्क्यस्य,-યજ્ઞ,પરમાત્મા, અને આત્માનું નિરૂપણ કરનારા જે શતાનંદઋષિ તેમની રચેલ । स्मृतिः- પૂર્વાર્થસ્મારિકા પૂર્વના અર્થોનું સ્મારક સત્સંગિજીવન તે જેતે । क्रमेण,-ક્રમથી । मे અમારા । भक्तिशास्त्रम् ભક્તિનું પ્રતિપાદક શાસ્ત્ર, તથા योगशास्त्रम्- પરબ્રહ્મ જે અમે તે અમારા યોગનું પ્રતિપાદક શાસ્ત્ર, તથા धर्मशास्त्रम् વર્ણાશ્રમાદિકધર્મોનું પ્રતિપાદક શાસ્ત્ર છે. ॥ ૯૯ ॥

तात्पर्यार्थः-

'તે હરિલીલાકલ્પતરુ, દશમસ્કન્ધપર્યન્ત અમારી ભક્તિનું પ્રતિપાદક શાસ્ત્ર છે, અને તે હરિલીલાકલ્પતરુ, પંચમસ્કન્ધપર્યન્ત અમારા યોગનું પ્રતિપાદક શાસ્ત્ર છે, તથા શતાનંદઋષિકૃત સત્સંગિજીવન ગ્રંથ તે અમારા ધર્મોનું પ્રતિપાદક શાસ્ત્ર છે એમ જાણવું.॥ ૯૯ ॥

अथवा

'व्याख्या- 'श्रीमद्भागवतपुराणस्य दशमस्कन्धो 'भक्तिशास्त्र, पञ्चम स्कन्धो योगशास्त्र,याज्ञवल्क्यऋषिकृतस्मृतिर्धर्मशास्त्रमस्तीति विज्ञेयम् ॥ ९९ ॥

तात्पर्यार्थः-

'તે શ્રીમદ્ભાગવતપુરાણનો જે દશમસ્કંધ તેને અમે ભક્તિ શાસ્ત્ર માનેલું છે, અને તેના પંચમસ્કંધને અમે યોગશાસ્ત્ર માનેલું છે, અને યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિને અમે ધર્મશાસ્ત્ર માનેલું છે. ॥ ૯૯ ॥

शारीरकाणां भगवद्गीतायाश्चाऽवगम्यताम् ।
रामानुजाचार्यकृतं भाष्यमाध्यात्मिकं मम ॥ १०० ॥

અન્વયઃ- ''च, भगवद्गीतायाः, शारीरकाणां, रामानुजाचार्यकृतं, भाष्यं, मम, आध्यात्मिकम्, अवगम्यताम् ॥ १००॥

વ્યાખ્યા- 'च, અને । भगवद्गीतायाः,- ભગવતા પરમાત્મના મયા ગીતા કથિતા તસ્યાઃ, પરમાત્મા શ્રીસ્વામિનારાયણ એવા અમોએ સ્વયં કહેલી જે શિક્ષાપત્રી તેના । शारीरकाणाम्, शरीरे भवः शारीरः परमात्मा, तस्य कं सुखं येभ्यस्तेषाम्- આત્મપરમાત્માદિપ્રતિપાદકશ્લોકાનામ્,- પરબ્રહ્મ પરમાત્મા જે અમે તે અમારું સુખ પ્રાપ્ત થાય છે જે આજ્ઞા વચનોથી, તેવા જે આત્મા પરમાત્માના પ્રતિપાદક શ્લોકો તેમનું रामानुजाचार्यकृतम्, રમન્તે યોગિનો મુક્તજનાશ્ચ યત્ર, रामः- પરમાત્મા, तस्माद् अनु हीनः कनिष्टभ्राता,- 'ईच्छारामः' 'अनु हीने सहार्थे च पश्चात्मसादृश्ययोरपी'ति विश्वः। तस्माज्जातः 'रघुवीरः'- आचार्यस्तेन कृतम्,-જેને વિષે યોગીજનો તથા મહામુક્ત પુરુષો આનંદથી રમે છે એવા પરબ્રહ્મ જે શ્રી સ્વામિનારાયણ પરમાત્મા, તેમના કનિષ્ટ એવા ઈચ્છારામભાઈ, તેમનાથી જન્મ પામેલા એવા શ્રી રઘુવીરજી આચાર્ય મહારાજ, તેમણે રચેલું જે भाष्यम्- ભાષ્ય તે જે તે । मम- અમારું । आध्यात्मिकम्,- आत्मनीत्यध्यात्मम्, अध्यात्मम् भवम् आध्यात्मिकम्-, આત્માને તથા પરમાત્માને અધિકૃત કરીને પ્રવર્તેલું શાસ્ત્ર આધ્યાત્મિક શાસ્ત્ર છે, इत्यवगम्यताम्- એમ જાણો.॥ ૧૦૦ ॥

तात्पर्यार्थः-

'અને પરમાત્મા શ્રીસ્વામિનારાયણ એવા એમોએ સ્વયં કહેલી જે

શિક્ષાપત્રી તેમના, પરબ્રહ્મ પરમાત્મા જે અમે તે અમારું સુખ પ્રાપ્ત થાય છે જે આજ્ઞાવચનોથી, તેવા જે આત્મા પરમાત્મા આદિકના પ્રતિપાદક શ્લોકો તેમનું, જેમને વિષે યોગીજનો તથા મહામુક્તજનો આનંદથી રમે એવાં પરમાત્મા જે અમે તે અમારા કનિષ્ઠભ્રાતા જે ઈચ્છારામજી તેમના થશે એવા પુત્ર જે રઘુવીરાચાર્ય તેમણે રચેલું જે ભાષ્ય, તે આત્મા પરમાત્માને અધિકૃત કરીને પ્રવર્તેલું એવું આધ્યાત્મિક શાસ્ત્ર છે એમ જાણવું.॥ ૧૦૦ ॥

अथवा

व्याख्या-'व्यासकृतवेदान्तसूत्राणां भगवद्गीतायाश्च श्रीरामानुजाचार्य कृतं भाष्यं मम आध्यात्मिकं शास्त्रमित्यवगन्तव्यम् ॥ १०० ॥

तात्पर्यार्थः-

व्यासજીકૃત 'शारीरक' જે વેદાંતસૂત્રો તથા 'શ્રીમદ્ભગવદ્ગીતા' તેમનું શ્રી રામાનુજાચાર્યે કરેલું ભાષ્ય, તે અમારું આધ્યાત્મિક શાસ્ત્ર છે એમ જાણવું. ॥ ૧૦૦ ॥

एतेषु यानि वाक्यानि श्रीकृष्णस्य वृषस्य च ।
अत्युत्कर्षपराणि स्युस्तथा भक्तिविरागयोः ॥ १०१ ॥
मन्तव्यानि प्रधानानि तान्येवतरवाक्यतः ।
धर्मेण सहिता कृष्णभक्तिः कार्येति तद्रहः ॥ १०२ ॥

अन्वयः- 'एतेषु, यानि वाक्यानि, श्रीकृष्णस्य च वृषस्य, तथा भक्तिविरागयोः, अत्युत्कर्षराणि स्युः तानि, इतरवाक्यतः, प्रधानानि, एव, मन्तव्यानि तद्रहः, कृष्णभक्तिः, धर्मेण सहिता कार्या, इति, १०१, १०२

व्याख्या- 'एतेषु, એ કહ્યાં એવા જે સત્શાસ્ત્રો તેમાં । यानि वाक्यानि, જે વચનો । श्रीकृष्णस्य- दिव्यसम्पत्तिमच्छ्रीस्वामिनारायणस्य श्रीहरिकृष्णस्य मम, દિવ્ય ધર્માદિસંપત્તિયુક્ત શ્રીહરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારા । च, અને । वृषस्य, ધર્મના । तथा भक्तिविरागयोः, भक्ति-भगवति मयि भूरि स्नेहः, विरागो रागाभावः, तयोः,- પરમાત્મા એવા અમારામાં ઘણો સ્નેહ જે ભક્તિ, તથા અમારા વિના અન્યમાં સુખાનુપાતી રાગનો જે અભાવ તે રૂપી વૈરાગ્ય તેના । अत्युत्कर्षपराणि, स्युः अति-अन्तव्यम् उत्कर्षः श्रेष्ठता परः तात्पर्यविषयो येषान्तानि, અતિશ્રેષ્ઠપણાના તાત્પર્યવાળા હોય । तानि,- તે વચનોને इतरवाक्यतः,- इतराणि वाक्यानि तेभ्यः, અસુરોને મોહ પમાડવાના પ્રકરણવશાત્ 'પરમાત્મા હાર્યા ભાગ્યા' ઈત્યાદિ અપકૃષ્ટપણાના આભાસ કરાવનારા વચનો કરતા । प्रधानानि મુખ્ય સૈદ્ધાન્તિક અર્થોના કહેનારા । एव मन्तव्यानि, અવશ્ય માનવા तद्रहः,- तेषां सच्छास्त्राणां रहस्यम्,- તે સર્વ સત્ શાસ્ત્રોનું જે રહસ્ય તે । कृष्णभक्तिः,श्रीहरिकृष्णस्य श्रीस्वामिनारायणस्य मम

ભક્તિ,- શ્રીહરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારી ભક્તિ । ધર્મેણ સહિતા,- અધિકાર પ્રમાણે પોતપોતાના ધર્મે સહિત જ કાર્યા, ઇતિ, કરવી એ પ્રમાણે છે. ॥ ૧૦૧ -૧૦૨ ॥

तात्पर्यार्थः-

'એ કહ્યા જે સત્શાસ્ત્રો, તેમાં જે વચનો, દિવ્ય ધર્માદિક સંપતિયુક્ત સાકારમૂર્તિ શ્રીહરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારા તથા વર્ણાશ્રમાદિ ધર્મના, તથા પરમાત્મા જે અમે તે અમારી પ્રેમલક્ષણા ભક્તિના અને અમારા વિના અન્ય પદાર્થોમાં વૈરાગ્યના, અતિ શ્રેષ્ઠપણાના બતાવનારા હોય,તે વચનોને,"અસુરોને મોહ પમાડવાના પ્રકરણવશાત્ 'પરમાત્મા હાર્યા ભાગ્યા ડર્યા" ઈત્યાદિ અપકૃષ્ટપણાના આભાસ કરાવનારા વચનો કરતા, મુખ્ય સિદ્ધાંતના કહેનારા છે એમ પ્રધાનપણે માનવા અને કહ્યા જે એ સત્શાસ્ત્રો તે સર્વેનું રહસ્ય તો શ્રીહરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારી ભક્તિ, અધિકાર પ્રમાણે પોતપોતાના ધર્મે સહિત જ કરવી એ પ્રમાણે છે. ॥ ૧૦૧ ॥ ૧૦૨॥

धर्मो ज्ञेयः सदाचारः श्रुतिस्मृत्युपपादितः ।
माहात्म्यज्ञानयुग्भूरिस्नेहो भक्तिश्च माधवे ॥ १०३ ॥
वैराग्यं ज्ञेयमप्रीतिः श्रीकृष्णेतरवस्तुषु ।
ज्ञानं च जीवमायेशरूपाणां सुष्ठु वेदनम् ॥ १०४ ॥

अन्वयः-' श्रुतिस्मृत्युपपादितः, सदाचारः, धर्मो ज्ञेयः, माधवे, माहात्म्यज्ञानयुग्भूरिस्नेहश्च, भक्तिर्ज्ञेया,श्रीकृष्णेतरवस्तुषु, अप्रीतिः, वैराग्यं ज्ञेयम्, जीवमायेशरूपाणां सुष्ठु वेदनं, च ज्ञानं ज्ञेयम्, ॥ १०३ ॥ १०४ ॥

व्याख्या-' श्रुतिस्मृत्युपपादितः,- श्रूयन्त इति श्रुयतो वेदाः वचनामृतानि, स्मर्यन्त इति स्मृतयः-सत्सङ्गिजीवनादिधर्मशास्त्राणि, तैरुपपादितः, गुरुमुखथी श्रवण थाय એવી જે શ્રુતિઓ વચનામૃતો, અને તેમના અર્થો સ્મરણ કરાવે એવી જે સ્મૃતિઓ સત્સંગિજીવન આદિ, તેમણે પ્રતિપાદન કરેલો જે સદાચારः, सन् आचारः, सतां वाऽऽचारः, सत् એવો આચાર અથવા સત્પુરુષોનો આચાર તેને ધર્મોજ્ઞેયः- ધર્મ જાણવો. । माधवे,- मा नास्ति धवो नियामको यस्येति माधवस्तस्मिन्, જેનો કોઈ નિયામક નથી એવા પરબ્રહ્મ પરમાત્મા જે અમે તે અમારામાં माहात्म्यज्ञान युग्भूरिस्नेहः,- महाश्चासावात्मा महात्मा, तस्य भावो माहात्म्यम्, महात्म्यस्य श्रीहरिप्रतापस्य ज्ञानेन युज्यते तथोक्तः,- પોતાના મહાનપણાનો જે ભાવ નિરવધિક અતિશય જે પ્રતાપ, તેના જ્ઞાને યુક્ત એવો । भक्तिः, भूरिस्नेहः, સર્વાધિક જે સ્નેહ તેને । भक्तिः, ज्ञेया ભક્તિ જાણવી ।

શ્રીકૃષ્ણેતરવસ્તુષુ, શ્રીહરિકૃષ્ણાદિ તરવસ્તુષુ, શ્રીહરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા વિના જે બીજા પદાર્થો તેમાં જે । અપ્રીતિઃ, અરુચિ તેને । વૈરાગ્યં જ્ઞેયમ્,-વિગતો રાગઃ સ એવ, રાગાભાવરૂપ વૈરાગ્ય જાણવો । જીવમાયેશ રૂપાણામ્, જીવઃ- ચેતનં શરીરં જીવેશ્વરમુક્તબ્રહ્માત્મકમ્, માયા પ્રકૃતિઃ, ઈશઃ- સર્વેશનશીલઃ પરમાત્માઽહમ્, તેષાં રુપાણામ્- ધર્મલક્ષણાઽવસ્થા દિતતત્પદાર્થાન્વિતાનામ્,જીવ,ઈશ્વર, મુક્ત, અક્ષરબ્રહ્મ તથા માયા, તથા પરમાત્મા જે અમે એ સર્વના ધર્મો લક્ષણો અવસ્થાઓ આદિથી અન્વિત રૂપોનું યથાર્થપણે જે । વેદનમ્, જાણવું તેને । જ્ઞાનં જ્ઞેયમ્, જ્ઞાન સમજવું. । ૧૦૩-૧૦૪ ॥

તાત્પર્યાર્થઃ-

'ગુરુમુખથી શ્રવણ થાય એવી શ્રુતિઓ જે વચનામૃતરૂપી વેદો, તથા તેને સ્મરણ કરાવે એવા સત્સંગિજીવન આદિક જે સ્મૃતિશાસ્ત્રો, તેમણે પ્રતિપાદન કરેલો જે સત્ય એવો સત્પુરુષોનો આચાર, તેને ધર્મ જાણવો. તથા જેનો કોઈ નિયામક નથી એવા પરબ્રહ્મ પરમાત્મા જે અમે તે અમારામાં માહાત્મ્ય જે અમારી મહત્તાદર્શક એવો નિરવધિક અતિશય ઐશ્વર્ય પ્રતાપ, તેના જ્ઞાને સહિત અમારામાં જે ઘણો સ્નેહ, તેને ભક્તિ જાણવી તથા શ્રી હરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા વિના બીજા પદાર્થોમાં અરુચિ તેને વૈરાગ્ય જાણવો તથા જીવ, ઈશ્વર, માયા, મુક્ત, બ્રહ્મ અને પરબ્રહ્મ જે અમે, એ સર્વેના રૂપોનું યથાર્થ પણે જે જાણવું તેને જ્ઞાન સમજવું.॥ ૧૦૩-૧૦૪ ॥

હૃત્સ્થોઽણુસૂક્ષ્મશ્ચિદ્રૂપો જ્ઞાતા વ્યાપ્યાઽખિલાં તનુમ્ ।
જ્ઞાનશક્તયા સ્થિતો જીવો જ્ઞેયોચ્છેદ્યાદિલક્ષણઃ ॥ ૧૦૫ ॥

અન્વયઃ- 'હૃત્સ્થઃ, અણુસૂક્ષ્મઃ, ચિદ્રૂપઃ, જ્ઞાતા, જ્ઞાનશક્ત્યા, અખિલાં, તનું, વ્યાપ્ય, સ્થિતઃ, અચ્છેદ્યાદિલક્ષણઃ, જીવઃ, જ્ઞેયઃ ॥ ૧૦૫ ॥

વ્યાખ્યા- 'હૃત્સ્થઃ હૃદિ તિષ્ઠતીતિ, હૃદયકમળમાં રહેનારો । અણુસૂક્ષ્મઃ, અણુશ્ચાસૌ, સૂક્ષ્મશ્ચ, ઘરમાં પડતાં સૂર્યકિરણમાં દેખાતું ઝીણામાં ઝીણું રજ જે ત્રસરેણું તેનો છઠ્ઠો ભાગ જે પરમાણું તેના પરિમાણ સમાન પરિમાણવાળો, તથા વ્યાપ્ય વસ્તુઓમાં પ્રવેશ કરતા પ્રતિરોધ ન પામે તેવો સૂક્ષ્મ । ચિદ્રૂપઃ,- ચિત્-ચૈતન્યં જ્ઞાનં સ્વરૂપં યસ્ય સઃ ચૈતન્ય જે જ્ઞાન તે છે સ્વરૂપ જેનું એવો, સ્વયં પ્રકાશમાન । જ્ઞાતા,-જાનાતીતિ, જાણનારો, જ્ઞાનનો આશ્રય પણ । જ્ઞાનશક્ત્યા, જ્ઞાનમેવ શક્તિસ્તયા,- જ્ઞાનરૂપી જે પોતાની પ્રભા તેણે કરીને । અખિલામ્, પગના તળાથી મસ્તક સુધી સમગ્ર । તનુમ્-પોતાના શરીરને । વ્યાપ્ય,-અભિવ્યાપીને। સ્થિતઃ- રહેલો છે.તથા । અચ્છેદ્યાદિલક્ષણઃ,- છેત્તું શક્યઃ છેદ્યઃ, ન છેદ્યોઽચ્છેદ્યઃ, અચ્છેદ્ય આદિર્યેષાન્તાનિ, તાદ્દશાનિ લક્ષણાનિ

यस्य सः,-શસ્ત્રથી ન કપાવાપણું, અગ્નિથી ન બળવાપણું ઈત્યાદિ છે અસાધારણ ધર્મો જેના એવો । जीवः,જીવાત્મા । ज्ञेयं, જાણવો. ॥ ૧૦૫ ॥

तात्पर्यार्थः-

હૃદયકમળમાં રહેનારો, તથા પરમાણુના પરિમાણ સમાન પરિમાણવાળો,તથા સમવ્યાપ્ય વસ્તુઓમાં પ્રવેશ કરતાં પ્રતિરોધ ન પામે એવો, તથા જ્ઞાનસ્વરૂપ અને સ્વયં પ્રકાશમાન, તથા જાણનારો માટે જ્ઞાનનો આશ્રય, તથા જ્ઞાનશક્તિરૂપ પોતાની પ્રભા વડે પગના તળાથી મસ્તક સુધી સમગ્ર શરીરને અભિવ્યાપીને રહેલો, તથા શસ્ત્રોથી ન કપાવાપણું, અગ્નિથી ન બળવાપણું ઈત્યાદિ અસાધારણધર્મોવાળો, એવો જીવાત્માને જાણવો ॥ ૧૦૫ ॥

ईश्वरलक्षणम्

'देहत्रये विराडादौ व्याप्योत्पत्तिस्थितिक्षयान् ।
करोति जगतां यस्तु सर्वज्ञो ज्ञेय ईश्वरः ॥

तात्पर्यार्थः-

વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃત એ ત્રણ શરીરોમાં વ્યાપીને જગતના ઉત્પત્તિ સ્થિતિ લયના કરનારા, અને સર્વજ્ઞઃ- બહુજ્ઞ, એવા ઈશ્વરને જાણવા.।

(सत्संगीजीवनम्)।

त्रिगुणात्मा तमः कृष्णशक्तिर्देहतदीययोः।
जीवस्य चाऽहंममताहेतुर्मायाऽवगम्यताम् ॥ ૧૦૬ ॥

અન્વયઃ- 'त्रिगुणात्मा, तमः, कृष्णशक्तिः, जीवस्य देहतदीययोः, अहंममताहेतुश्च, माया, अवगम्यताम् ॥ ૧૦૬ ॥

વ્યાખ્યા- 'त्रिगुणात्मा, त्रयो गुणा आत्मा स्वभावो यस्याः सा, સત્વ રજ અને તમ એ ત્રણ ગુણો છે સ્વભાવ- સ્વરૂપ નિરૂપક ધર્મો જેના । तमः,-આત્યન્તિક પ્રલયમાં માયામાં લીન એવા જીવોના વિજ્ઞાનના પ્રસારનો પ્રતિરોધ કરતી થકી ચિતસમાન વ્યવસ્થાને પમાડનારી હોવાથી અંધકારમય । कृष्णशक्तिः,श्रीहरिकृष्णस्य परमात्मनो मम शक्तिः जगदुत्पत्तिसाधनम्,-શ્રીહરિકૃષ્ણ પરમાત્મા જે અમે તે અમારી સૃષ્ટિરૂપ સર્વ પ્રપંચમાં સાધનરૂપ શક્તિ વિશેષ,। जीवस्य, જીવાત્માને । देहतदीययोः, દેહ જે શરીર, તથા દેહના સંબંધી જે સ્ત્રી પુત્ર ધનાદિ પદાર્થ તેમાં। अहंममताहेतुं, અહંમમયો ર્ભાવસ્તદ્ધેતુઃ,અહન્તા અને મમતા બુદ્ધિની કારણરૂપ છે, એમ માયા, अवगम्यताम्, માયાને જાણવી. ॥ ૧૦૬ ॥

तात्पर्यार्थः-

સત્વ રજ અને તમ એ ત્રણ ગુણો છે સ્વભાવ, સ્વરૂપ, ઓળખાવનારા

ધર્મો જેના, તથા આત્યંતિક પ્રલયમાં માયામાં લીન એવા જીવોના વિજ્ઞાનના પ્રસારનો પ્રતિરોધ કરતી થકી અચિત્સમાન અવસ્થાને પમાડનારી હોવાથી અંધકારમય, તથા પરબ્રહ્મ જે અમે તે અમારી જગત્સૃષ્ટિમાં સાધનરૂપિ શક્તિ વિશેષ એવી, તથા જીવાત્માને શરીર અને શરીરના સંબંધી સ્ત્રી પુત્ર ધનાદિકમાં હુંપણું અને મારાપણું ઉત્પન્ન કરાવનારી છે, એમ માયાને જાણવી.॥ ૧૦૬ ॥

अक्षरब्रह्मलक्षणम्-

'सत्यं ज्ञानमनन्तं च पूर्णं चाऽखण्ड्मक्षरम् ।
धाम यद्वासुदेवस्य मूर्तं चाऽभूर्तमुच्यते ॥
सुद्धं नित्यं चाऽविकारि मायादीनां प्रकाशकम् ।
तद्ब्रह्मेति विजानीहि सर्वाधारतया मतम् ॥

तात्पर्यार्थः-

સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ અનન્ત અપરિચ્છિન્ન પૂર્ણ-વ્યાપક અખણ્ડ-અવિનાશી, અક્ષર ક્ષરણ સહિત, એવું જે પરમાત્માનું નિવાસ સ્થાનરૂપ ધામ, તે મૂર્ત સાકાર, અમૂર્ત- નિરાકાર, એ બે સ્વરૂપે કહેવાય છે તથા સુદ્ધ માયિક દોષ રહિત, નિત્ય સર્વદા સ્થાયી, અવિકારી,માયા,ઈશ્વર જીવ આદિકને પ્રકાશ કરનારું સર્વનું આધારપણે જે ધામ,તેને બ્રહ્મ જાણવું. (सत्संगिजीवनम्)

हृदये जीववज्जीवे योऽन्तर्यामितया स्थितः ।
ज्ञेयः स्वतन्त्र ईशोऽसौ सर्वकर्मफलप्रदः ॥ १०७ ॥

અન્વયઃ- 'हृदये, जीववत्, यः जीवे, अन्तर्यामितया, स्थितः, स्वतन्त्रः, सर्वकर्मफलप्रदः, असौ, ईशः, ज्ञेयः ॥ १०७ ॥

વ્યાખ્યા- 'हृदये,-હૃદય કમળમાં । जीववत् જીવાત્મા જેમ રહેલ છે તેમ । यः,- જે પરમાત્મા । जीवे, જીવાત્મામાં । अन्तर्यामितया,- अन्तः स्थित्वा यमयति नियमयतीति, तस्य भावस्तया, અંદર રહીને નિયમન કરનારા આત્માપણે। स्थितः,- રહેલા છે, તે આ પ્રમાણે વિસ્તારથી જાણવું યથાહિ 'अथ परमेश्वरेच्छया महामायाजन्यो महासर्गस्तल्लयस्ततो महासर्गस्ततो लयस्ततो महासर्ग इत्येवं भवति सर्गप्रलयप्रवाहोऽनादिः तत्र वेधसो दिवसावसाने नित्यप्रलयः,वेधसोऽवसाने नैमित्तिकप्रलयः, जीवेश्वरा न्वितप्रकृतितिरोधाने प्राकृतिकप्रलयः, ज्ञानभक्त्यादिसाधनेभ्यो मुक्त्याऽऽत्यन्तिकप्रलयः। પરબ્રહ્મ શ્રીસ્વામિનારાયણ પરમાત્માની ઈચ્છાથી મહામાયાજન્ય મહાસૃષ્ટિ તથા તેનો લય વળી મહાસૃષ્ટી વળી તેનો લય વળી મહાસૃષ્ટિ એ પ્રમાણે સૃષ્ટિ અને લયનો પ્રવાહ અનાદિ ચાલુ છે, તેમાં બ્રહ્માના દિવસને અંતે નિત્યપ્રલય થાય છે, બ્રહ્માનું આયુષ્ય સમાપ્ત થયે નૈમિત્તિકપ્રલય થાય, જીવો અને ઈશ્વરોથી અન્વિત એવી

મહામાયાનો લીનભાવ અક્ષરધામના એક પ્રદેશમાં થયે સતે પ્રાકૃતિક પ્રલય થાય છે, ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિરૂપ સાધનો દ્વારા મુક્તિ પ્રાપ્તિરૂપ આત્યંતિક પ્રલય થાય છે.॥ તદાનીં સર્ગાપેક્ષનામરૂપવિભાગઽનિરૂપ્યં પરબ્રહ્મૈકમાસીત, 'સદેવ સૌમ્યેદમગ્ર આસીદેકમેવાઽદ્વિતીયં બ્રહ્મો'તિશ્રુતેઃ, તચ્ચ સ્વશરીરેઽક્ષરબ્રહ્માણિ વિરાજમાનમનન્તદિવ્યમુક્તૈઃ પરિચર્યમાણમાસીત્, 'ઋચો અક્ષરે પરમે વ્યોમન્ યસ્મિન દેવા અધિવિશ્વે નિષેદુરિ'તિશ્રુતેઃ, પ્રાકૃતિકપ્રલયમાં સર્ગ સાપેક્ષ નામરુપ દ્વારા નિરૂપણ ન કરી શકાય, પરંતુ દિવ્ય નામરુપ દ્વારા નિરૂપણ કરી શકાય એવા પરબ્રહ્મ પરમાત્મા એક હતા, તેઓ સ્વશરીરરૂપ અક્ષરબ્રહ્મમાં વિરાજમાન અને અનંત દિવ્ય મુક્તો દ્વારા પરિચર્યા કરાયેલા હતા. શ્રુતિઓ પણ તેમ કહે છે । તચ્ચાઽક્ષરે સ્થિતમપિ પુનર્યથાપૂર્વસૃષ્ટ્યર્થે પ્રબોધનાત્મકં પ્રવેશં નિત્ય વિજ્ઞાનેચ્છાકૃતિષુ વ્યાપારતયા વિષયીકૃત્યાક્ષરં પ્રબોધયતિ। તે પરમાત્મા અક્ષરબ્રહ્મમાં રહ્યા જ છે છતાં ફરી પૂર્વના જેવી સૃષ્ટિ માટે પ્રબોધનરૂપી પ્રવેશને પોતાના નિત્યજ્ઞાન ઈચ્છા પ્રયત્નમાં વ્યાપાર તરીકે ગોચર કરીને અક્ષરબ્રહ્મના પ્રબોધનરૂપી સન્મુખ જુએ છે. । અથાઽસ્યાઽન્વયાત્ તદપિ તત્તન્નામભિરુચ્યતે । અક્ષરાતીત પરબ્રહ્મ પરમાત્મા પરમેશ્વર પુરુષોત્તમ નામક વ્યાપક એવા શ્રીહરિના પ્રવેશથી અક્ષરબ્રહ્મમાં શ્રીહરિનું અન્વયપણું લઈએ ત્યારે અક્ષરબ્રહ્મ પણ અક્ષરાતીત પરબ્રહ્મ પરમાત્મા પરમેશ્વર પુરુષોત્તમ ઈત્યાદિ નામો વડે વર્ણન કરાયેલા હોય છે,પણ પુરુષોત્તમ પરબ્રહ્મને મેલીને નહિ. । અથાઽક્ષરબ્રહ્મ સ્વસ્વામિનઃ પરબ્રહ્મણોઽનુપ્રવેશં મહાસર્ગસંકલ્પં ચ નિત્યવિષય વિષયિ ભાવાપન્નમપિ નિત્યજ્ઞાતમપિ ચ વિશેષતઃ સામયિક-વિષયિતોપ બૃંહિતમનુસન્ધાય,અનન્તમુક્તેષ્વવસ્થિતં વિવિધસેવા મુક્ત્યન્ત ર્ગત સૃષ્ટિસેવામભિલષન્તં પ્રબુદ્ધમપિ કશ્ચિદનાદિમુક્તં સંકલ્પવિશેષેણ વિશેષતો મહાસર્ગાભિમુખતયા પ્રાબોધયત્ । તે અક્ષરબ્રહ્મ પોતાના સ્વામી એવા પરબ્રહ્મનો નિત્યગોચર નિત્યજ્ઞાત એવા મહાસર્ગના સંકલ્પને તથા અનુપ્રવેશને વિશેષપણે સમયાનુસાર અનુસંધાનમાં લઈને, અનંતમુક્તોમાં રહેલા વિવિધસેવારૂપી મુક્તિમાં સમાવેશવાળી સર્ગસેવારૂપી સેવાને ઈચ્છતા એવા નિત્યપ્રત્યક્ષ જ્ઞાનવાળા કોઈ અનાદિમુક્તને સંકલ્પથી વિશેષપણે મહાસૃષ્ટિ કરવા તરફ પ્રબોધન કરાવતા હતા। અયં પરબ્રહ્મણોઽન્વયાત્ પરબ્રહ્મ પરમાત્માદિ નામભિર્વક્તુમર્હઃ, નાન્યથા, અક્ષરબ્રહ્માન્વયાત્ અક્ષર બ્રહ્માદિનામ્ના વક્તુર્મહઃ, ત્રિગુણાત્મકમાયયા સહ યોગાત્ સગુણબ્રહ્મેતિ, પ્રકૃતેઃ પતિત્વાત્પ્રકૃતિપુરુષ ઇતિ, મહામાયા સ્તયાવજ્જીવેશ્વરાણાં પિતૃતયા મહત્વાત્ મહાપુરુષ ઇતિ, માયાશબલિતત્વાત્ શબલબ્રહ્મેતિ, પ્રકૃતૌ વાસકર્તૃત્વાત્ વાસુદેવ ઇતિ,

पुनःप्राकृतिके लये महासर्गस्य कवलकर्तृत्वात् महाकाल इति, अनादिमुक्तत्वात् मुक्त इति, प्रकृतौ कूटवत्स्थितत्वाद् व्यापकत्वाच्च कूटस्थब्रह्मेति च वक्तुमर्हः। આ મુક્ત પુરુષને પરબ્રહ્મના અન્વયપણાથી પરબ્રહ્મ પરમાત્મા આદિરૂપે શાસ્ત્રે વર્ણન કરેલ હોય છે, અક્ષરબ્રહ્મના અન્વયપણે અક્ષરબ્રહ્મ કહેવાય છે, ત્રિગુણાત્મકમાયા સાથે જોડાયેલ હોવાથી સગુણબ્રહ્મ કહેવાય છે, પ્રકૃતિનો પતિ થવાથી પ્રકૃતિપુરુષ કહેવાય છે, મહામાયાસ્થ સર્વજીવ ઈશ્વરોનો મહાપિતા હોવાથી મહાપુરુષ કહેવાય છે માયાશબલિત હોવાથી શબળબ્રહ્મ કહેવાય છે, પ્રકૃતિમાં વસવાથી વાસુદેવ કહેવાય છે, પ્રાકૃત પ્રલયમાં સૃષ્ટિનો કોળીયો કરી જાય છે માટે મહાકાલ કહેવાય છે, અનાદિ મુક્ત છે માટે મુક્ત કહેવાય છે, પ્રકૃતિમાં એરણનીપેઠે રહેવાથી અને પ્રકૃતિનો વ્યાપક હોવાથી કૂટસ્થબ્રહ્મ કહેવાય છે. । स चायं परब्रह्मसंकल्पान्वितब्रह्मसंकल्पान्वितस्वसंकल्पेन लीनाऽनन्त जडचेतनगर्भां सूक्ष्मरुपाणां त्रिगुणसाम्यावस्थात्मिकां महामायां त्रिगुण विषमावस्थस्थूलतया प्रबोध्य तत्रानुप्रविश्य च सर्गाभिमुख्यानुगुणं रमणमकरोत्, तदुत्पन्ने स्वेदात्मकेनाराख्ये शयनकर्तृत्वात् स नारायण इत्युच्यते,जडाऽपि माया चेतनपुरुषानुप्रवेशात् जडचिदात्मिकोच्यते, सृष्टेर्मूलत्वात् प्रकर्षेण सृष्टिकर्तृ-त्वाश्च मूलप्रकृतिरित्युच्यते, प्रधानाख्यमाया मातृत्वात् महत्वाश्च महामायेत्युच्यते, संसारोपादानशक्तित्वात् परब्रह्मणः शक्तिरुच्यते, नारायणस्य स्त्रीत्वात् नारायणीत्युच्यते। તે આ પુરુષ પરબ્રહ્મના સંકલ્પયુક્ત અક્ષર બ્રહ્મના સંકલ્પ સહિત પોતાના સંકલ્પ વડે લીન અનંત જડ ચેતનના ગર્ભવાળી સૂક્ષ્મ ત્રિગુણસામ્યાવસ્થાત્મક મહામાયાને ત્રિગુણવિષમાવસ્થાત્મક સ્થૂળભાવ પમાડીને તેમાં પ્રવેશ કરીને સર્ગના વિકાસને અનુકુળ એવું રમણ કરતા હતા, તેથી ઉત્પન્ન જે પરસેવારુપી જળ તેમાં શયન કરવાથી નારાયણ કહેવાય છે.જડ એવી માયા તે ચેતન પુરુષના પ્રવેશથી જડચિદાત્મિકા કહેવાય છે, સૃષ્ટિનું મૂળ હોવાથી અને સારી રીતે સૃષ્ટિ કરવાથી મૂલપ્રકૃતિ કહેવાય છે, પ્રધાનનામક માયાની માતા હોવાથી મહામાયા કહેવાય છે, સંસારની ઉપાદાન શક્તિ હોવાથી પરબ્રહ્મની શક્તિ કહેવાય છે, નારાયણની સ્ત્રી હોવાથી નારાયણી કહેવાય છે । सा परब्रह्माद्यनुप्रवेशात्तत्तन्नामभिर्निरूप्यते, તે માયામાં પરબ્રહ્મનું અન્વયપણું લઈને તેને પરબ્રહ્માત્મિકા કહેવાય, અક્ષર બ્રહ્મનું અન્વયપણું લઈને અક્ષર કહેવાય તથા બ્રહ્મસ્વરૂપિણી કહેવાય, મુક્તનું અન્વયપણું લઈને મુક્તિરૂપિણી કહેવાય । रमणाश्च महामायायां लीनाऽननन्तेश्वराश्च कार्यरूपप्रधानाख्याऽनन्तमायाश्च प्रधानपुरुषात्मक समष्टिरूपं गर्भात्मकस्थूलभावं प्रापुः, सा तं गर्भंचिरं धृत्वा कालेन नामरूपैर्विभक्ताननन्तकोटिप्रधानसहितपुरुषान् सुषुवे, प्रधानाख्या ईश्वरीयः

पत्न्यस्त्रिगुणाः, पुरुषाख्याईश्वराः पतयो जडचेतनात्मकद्वन्द्वा विशेषाः शरीरशरीरिरूपा भवन्ति । રમણથી મહામાયામાં લીન એવા અનંત ઈશ્વરો તથા કાર્યરૂપ અનંત પ્રધાનનામની માયાઓ તે ગર્ભને ધારીને સમયાનુસાર નામરૂપવાળા અનંત કોટિ પ્રધાન સહિત પુરુષો ઉત્પન્ન કર્યા, તે પ્રધાનનામની ઈશ્વરિણીઓ પત્નીઓ ત્રિગુણમયી થયી, અને પુરુષ એવા ઈશ્વરો પતિઓ થયા, તે બન્ને જડચેતનાત્મક જોડલા શરીર શરીરિભાવે રહેલા હોય છે. । तत् प्रत्येकं प्रधान पुरुषद्वन्द्वं स्वस्वसर्गकारणं भवति, अतोऽक्षरधाम्नि समकालीनाऽन्तसर्गाः द्वयणुकवत् जायन्ते सन्ति लियन्ते च, स्वस्वसर्ग प्रति कार्यात्मकमायायाः प्रधानत्वात् प्रधानसंज्ञा, प्रकृतिपुरुषस्य कार्यत्वात् प्रकृतिपुरुषस्य शक्तिरुच्यते, महदादिसर्गस्य मातृत्वात् मा उच्यते । તે પ્રત્યેક પ્રધાન પુરુષનું જોડલું પોતપોતાના સર્ગનું કારણ થાય છે, તેવી અનંત સૃષ્ટિઓ દ્વયણુકની માફક અક્ષરધામમાં થાય છે રહે છે અને લય પામે છે. તે સૃષ્ટિવાળા ભાગને સંસાર કહેવાય છે, પોતાની મહત્તત્વાદિક સૃષ્ટિમાં કાર્યાત્મકમાયાનું પ્રધાન કારણપણું છે માટે પ્રધાન નામવાળી કહેવાય છે, પ્રકૃતિપુરુષનું કાર્ય હોવાથી પ્રકૃત્તિ પુરુષની શક્તિ કહેવાય છે, મહાદાદિ સર્ગની મા કહેવાય છે. । प्रधानस्य पतिः पुरुषोतमप्रवेशात् अन्वयेन पुरुषोतम उच्यते, अक्षरब्रह्मणः प्रवेशात् ब्रह्म उच्यते, प्रकृतिपुरुषप्रवेशात् प्रकृतिपुरुष उच्यते, प्रधानमपि तत्तदन्वयात् तत्तन्नाम्नोच्यते। પ્રધાનનો પતિ પુરુષ પુરુષોત્તમના પ્રવેશથી અન્વયપણે પુરુષોત્તમ કહેવાય છે, અક્ષરબ્રહ્મના પ્રવેશથી અક્ષરબ્રહ્મ પણ કહેવાય છે, પ્રકૃતિપુરુષના પ્રવેશથી પ્રકૃતિપુરુષ પણ કહેવાય છે, અને પ્રધાન પણ પુરુષોત્તમનો પ્રવેશ હોય ત્યારે પુરુષોત્તમ કહેવાય છે, અક્ષરબ્રહ્મનો પ્રવેશ હોય ત્યારે અક્ષર કહેવાય, બ્રહ્મ કહેવાય, મુક્તરૂપ પ્રકૃતિપુરુષનો પ્રવેશ હોય ત્યારે મુક્ત કહેવાય, અને સ્વપતિ પુરુષના પ્રવેશદ્વારે ચેતન પણ કહેવાય.। अयं प्रधानपुरुषो वासुदेवेच्छया वासुदेवसकाशात् प्रथमतः प्रधानाख्यगुणानां क्षोभहेतुभूतां स्वभावशक्तिं हिरण्मयकोशात्मक महत्तत्वजननहेतु भूतां कर्म शक्तिं परिणामहेतुभूतां स्वभावशक्तिं च प्राप्नोति । આ પ્રધાનપુરુષ પોતાના પિતા જે પ્રકૃતિપુરુષરૂપી વાસુદેવ તેની ઈચ્છાએ તે થકી પ્રથમ પ્રધાનનામક માયાના ગુણોનો ક્ષોભ કરનાર કાળરૂપી શક્તિને તથા હિરણમય કોશરૂપ મહત્તત્વની જનક ક્રિયારૂપી શક્તિને પરિણામ કરનાર સ્વભાવરૂપી શક્તિને પામે છે.। शक्तित्रयसमन्वितो महापुरुषाऽऽपूरितश्च प्रधानाधिष्ठाता पुरुषः प्रधानमायायां समीक्षणरूपं वीर्यमाधत्ते, तदानीं महत्तत्वात्मकं हिरण्यवर्ण तत्त्वगर्भो भवति, स चोल्बात्मककोसवेष्टि तत्वात् हिरण्यसमतेजस्विताञ्च

'हिरण्मयकोश' इत्युच्यते,तत्र कस्य चिदीश्वर चेतनस्य प्रवेशात् 'हिरण्मयपुरुष' इत्युच्यते, अहंकारादितत्वानां महत्कारणात्वात् 'महत्तत्व' मुच्चयते, विराजादीश्वरशरीरेषु व्यापकत्वात् 'महाविष्णु'रुच्यते, सृष्टेरंकुरत्वात् 'जगदंकुर' मुच्यते सत्त्वप्रधानत्वात् शान्तं 'बुद्धितत्वमु'च्यते, हिरण्यवर्णे गर्भे स्थितत्वात् 'हिरण्यगर्भ'इत्युच्यते। ત્રણ શક્તિ યુક્ત અને મહાપુરુષ વડે પ્રવેશ કરાયેલો પ્રધાનનો અધિષ્ઠાતા પુરુષ પ્રધાનમાયામાં દૃષ્ટિરૂપી બળ ધારણ કરાવે છે,ત્યારે મહત્તત્વનામક હિરણ્યવર્ણનો ગર્ભ રહે છે, તે પડથી વીંટાયેલો હોવાથી સુવર્ણ સમાન તેજસ્વી હોવાથી 'હિરણ્મયકોશ' કહેવાય છે, તેમાં કોઈ એકાદ 'ઈશ્વરચેતન'નો પ્રવેશ થાય છે, તેથી 'હિરણ્મય પુરુષ' કહેવાય છે, અહંકારાદિતત્ત્વોનું મહત્ કારણ હોવાથી 'મહતત્ત્વ' કહેવાય છે, વિરાજાદિક ઈશ્વર શરીરોમાં વ્યાપક હોવાથી 'મહાવિષ્ણુ' કહેવાય છે, વિરાટાદિક સૃષ્ટિનો અંકુર હોવાથી 'જગદંકુર' કહેવાય છે, સત્વપ્રધાન હોવાથી શાંત એવું 'બુદ્ધિતત્વ' કહેવાય છે,હિરણ્યવર્ણ એવો કોશરૂપી ગર્ભમાં રહેવાથી હિરણ્ય ગર્ભ કહેવાય છે. । प्रतिप्रधानपुरुषात् एकैक एव महाविष्णुर्महालक्ष्मी सहित आविर्भिवति, महालक्ष्मीरीश्वरिणी महाविष्णुश्चेश्वर इति, अयमेय 'सहस्त्रशीर्षा' पुरुषः पुरुषसुक्तोक्तो वेदितव्यः, अत्र परब्रह्माऽक्षरादिप्रवेशात् तदन्वयेन तद्रुपेण स शास्त्रैर्वर्ण्यते। એક એક પ્રધાન પુરુષથી એક એક મહાલક્ષ્મી સહિત મહાવિષ્ણુ પ્રગટે છે, મહાલક્ષ્મી ઈશ્વરિણી છે, અને મહાવિષ્ણુ ઈશ્વર છે, એ મહાવિષ્ણુને 'સહસ્ત્રશીર્ષા'રૂપે પુરુષસુક્તમાં વર્ણવ્યા છે, તેમાં જ્યારે પરબ્રહ્મનો પ્રવેશ લીધેલ હોય ત્યારે પરબ્રહ્મરૂપે વર્ણવેલ હોય, અક્ષરબ્રહ્મનો પ્રવેશ લીધેલ હોય તો પ્રકૃતિ પુરુષરૂપે મહાપુરુષરૂપે વાસુદેવરૂપે વર્ણવેલ હોય, પ્રધાનપુરૂષનો પ્રવેશ હોય ત્યારે તે રૂપે વર્ણવેલ હોય, એ પ્રમાણે તે તે નામે મહિમા કહેલો હોય છે. । तस्य महाकारणाऽव्याकृतसूत्रात्मविराडाख्यानि चत्वारि शरीराणि, स चाऽनेकेश्वरेषु पूर्णतयांऽशेन कलयाऽऽवेशेन विभूतिरूपेण वा प्रविशति, त एत ईश्वरा महाविष्णोः प्रवेशं प्राप्य ब्रह्मांडेष्ववतारा भवन्ति। તે મહાવિષ્ણુના મહાકારણ અવ્યાકૃત, સૂત્રાત્મ, વિરાટ, એવા ચાર શરીરો છે, તેમાં અનેક ઈશ્વરો રહે છે, તે ઈશ્વરોમાં મહાવિષ્ણુ પૂર્ણપણે, અંશપણે, કલારૂપે, આવેશપણે અથવા વિભૂતિરૂપે વિશેષ પ્રવેશ કરે છે, અને પ્રવેશ કરાયેલા ઈશ્વરો બ્રહ્માંડમાં અવતારોરૂપે કહેવાય છે, માટે અવતારોમાં બે ચેતન હોય છે. परब्रह्माद्यन्वित भावेन तत्तद्रुपतया वर्ण्यन्ते, પરબ્રહ્મના અન્વયપણે અવતારોનું પરબ્રહ્મરૂપે વર્ણન કરેલ હોય છે, અક્ષરબ્રહ્મના અન્વયપણે અક્ષરબ્રહ્મરૂપે વર્ણન કરેલ હોય છે, મહાપુરુષના અન્વયપણે પ્રકૃત્તિપુરુષ વાસુદેવ મહાપુરુષ ઈત્યાદિક રૂપે

વર્ણન કરેલ હોય છે, પ્રધાનપુરુષના અન્વયપણે તે રૂપે વર્ણવેલ હોય છે, મહાવિષ્ણુરૂપે વર્ણવેલ હોય છે, પોતે સ્વયં ચેતનો તો ઈશ્વર ચેતનો જ હોય છે, તેમાં જેનો વિશેષ પ્રવેશ વિશેષ કાર્યો વડે નિર્ણીત થાય તેનો તે અવતાર કહેવાય છે.। स्वयमपि परब्रह्माद्या-वेशविशिष्ट ईश्वरः स्वं परब्रह्मान्विततया परब्रह्मत्वेन वर्णयति यथा भूतावेशवान् भूतात्मकत्वेन स्वं वर्णयतीति, एवं महालक्ष्मीरूपेश्वरिणी-प्रवेशात् लक्ष्म्यादीश्वरिण्यो भवन्ति । સ્વયં અવતાર પણ ઈશ્વર હોવા છતાં પરબ્રહ્મઆદિકના આવેશથી પોતાને પરબ્રહ્માદિક રૂપે વર્ણવે છે, જેવી રીતે ભૂતાદિકના આવેશાદિકથી મનુષ્ય પોતાને ભૂતરૂપે જ વર્ણવે છે તેમ અને લક્ષ્મી આદિક શક્તિઓ પણ મહાલક્ષ્મીના પ્રવેશથી ઈશ્વરિણીઓ કહેવાય છે, મહાભારતમાં "આદિપર્વ" અ-૧૯૭,માં દ્રોપદીને શ્રીનો અવતાર કહેલ છે.શ્રીકૃષ્ણ રામચંદ્રાદિક અવતારો પણ આ શિક્ષાપત્રીના ૨૯માં શ્લોકની ટીકામાં વ્યાસોક્ત પ્રમાણો વડે મહાવિષ્ણુના અંશ કલા આદિ દર્શાવ્યા છે ત્યાંથી સમજવું. વળી વિષ્ણુપુરાણ અ.૪, શ્લોક ૧૭માં કહ્યું છે કે,

भवतो यत्परं तत्वं तन्न जानाति कश्चन ।
अवतारेषु यद्रुपं तदर्चन्ति दिवौकसः ॥ १७ ॥

પૃથ્વી કહે છે હે નાથ ! તમારું જે પરતત્ત્વ છે તેને કોઈ જાણતું નથી, તમારા અવતારોમાં જે રૂપ કહેલ છે તેને દેવો પૂજે છે ॥ ૧૭ ॥

આંહી વિષ્ણુનારાયણના અવતારોમાં પરબ્રહ્મનું રહેવાપણું પરરૂપ તરીકે પૃથ્વીએ સ્પષ્ટ કહ્યું છે માટે અવતારોમાં બે ચેતન છે. વિષ્ણુપુરાણ, અંશ ૫, અધ્યાય ૧, શ્લોક ૩૧,૩૨

तदागच्छत गच्छाम् क्षीराब्धेस्तटमुत्तमम्। ३१।
सत्त्वांशेनाऽवतीर्योर्व्या धर्मस्य कुरुते स्थितिम् । ३२ ।

બ્રહ્મા બોલ્યા- હે દેવો ! ચાલો, આપણે ક્ષીરસાગરને કિનારે જઈએ, અને નારાયણને નિવેદન કરીએ, તે ભૂમાનારાયણ સત્ત્વાંશથી અવતાર લઈ ધર્મનું રક્ષણ કરશે. ॥ ૩૧-૩૨ ॥

एवं संस्तूयमानमस्तु भगवान्परमेश्वरः।
उज्जहाराऽऽत्मनः कैशौ सितकृष्णौ महामुने ! ५९,
उवाच च सुरानेतौ मत्केशौ वसुधातले।
अवतीर्य भुवो भारक्लेशहा निं करिष्यतः। ६ ।
वसुदेवस्य या पत्नी देवकी देवतोपमा।
तत्राऽयमष्टमो गर्भो मत्केशो भविता सुराः । ६३ ।
हृतेषु तेषु कंसेन शेषाख्योशस्ततो मम।

अंशांशेनोदरे तस्यास्सप्तमः सम्भविष्यति ॥ ७२ ॥

પરાશરે કહ્યું- 'એ પ્રકારે દેવોએ સ્તુતિ કરેલા ભગવાન નારાયણે પોતાના ધોળો અને કાળો એવા બે કેશ ઉખાડ્યા અને દેવોને કહ્યું- 'આ મારા બે કેશ પૃથ્વીમાં અવતરીને ભૂભાર ઉતારશે. દેવતા સમાન વસુદેવની પત્ની દેવકીમાં આ મારો કેશ આઠમો ગર્ભ થશે. કંસદ્વારા બીજા બાળકોનો નાશ થયા પછી શેષનામક મારો અંશ પોતાના અંશાંશ વડે કરીને દેવકીનો સાતમો ગર્ભ થશે આ પ્રમાણે ભૂમાનારાયણના બે કેશ બળરામ અને શ્રીકૃષ્ણને પણ કહ્યા છે. વિષ્ણુધર્મોત્તરે કાશીખંડે-૪-ઉ। સ. અ. ૬૧। પૃષ્ઠ ૨૬૨માં-

नारायणाः शतं पञ्चशतं च जलशायिनः।
त्रिंशत्कमठरूपाणि मत्स्यरूपाणि विंशतिः॥ ७ ॥
गोपालाश्च शतं साऽष्टं बुद्धां सन्ति सहस्त्रशः।
त्रिशत्परशुरामाश्च रामा एकोत्तरं शतं ॥ ८ ॥
विष्णुरुपोऽस्मयहमेको मुक्तिमंडलमध्यमः ॥

વિષ્ણુ કહે છે નારાયણરૂપે મારા સો અવતારો થયા, જળમાં શયન કરનારા શેષનારાયણરૂપે મારા પાંચસો અવતારો થયા, કાચબારૂપે મારા ત્રીસ અવતારો થયા, મત્સ્યરૂપે મારા વિશ અવતારો થયા, ગાયોના પાળનારા શ્રીકૃષ્ણરૂપે મારા એકસો આઠ અવતારો થયા, બુદ્ધરૂપે મારા હજારો અવતારો થયા, પરશુરામરૂપે મારા ત્રીસ અવતારો થયા, રામરૂપે મારા એકસો એક અવતારો થયા, અને હું વિષ્ણુ પોતે મુક્ત મંડળના મધ્યમાં રહેલો તે અવતારો લેનારો કાયમ એકનો એક જ છુ. આ પ્રમાણે વિષ્ણુએ પોતાના અવતારો કહ્યા છે, તે આ મહાવિષ્ણુના જાણવા. । श्रीकृष्णादयः स्वस्य परब्रह्मान्विततया परब्रह्मत्वेन वर्णनं कुर्वन्ति, શ્રીકૃષ્ણાદિ અવતારો પણ પરબ્રહ્મના અન્વયભાવ વડે કરીને જ પોતાને પરબ્રહ્મ તરીકે વર્ણવે છે, ભગવદ્ગીતામાં પણ પરબ્રહ્મના અન્વયપણાથી જ શ્રીકૃષ્ણ ભગવાને પોતાને સર્વાત્મક પુરુષોત્તમ પરબ્રહ્મ સર્વકર્તા વર્ણવ્યા છે. । उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः' એ સ્થળે પોતાથી અન્યપુરુષોત્તમ પરમાત્મા બતાવ્યા છે.। अथ महत्तत्वान्महाविष्णुरुपादहंकारो विष्णुरुपः समुत्पद्यते, इदं महाविष्णोरव्याकृतशरीरमपि भवति, अत्रापि महाविष्णवादीनां प्रवेशः, महालक्ष्मीतो लक्ष्मीर्जायते, तत्र महालक्ष्मयाः प्रवेशोऽपि भवति। અને મહત્તત્વરૂપી મહાવિષ્ણુથી અહંકાર કે જેમાં વિષ્ણુરૂપ નિવસિત છે તે ઉત્પન્ન થાય છે, વિષ્ણુ ચાર છે '૧. મહાવિષ્ણુ, ૨. વૈકુંઠવાસી વિષ્ણુ, ૩. ત્રણ દેવ માંહેલા પોષણ કર્તા વિષ્ણુ, અને ચોથા બાર આદિત્ય માંહેલા વિષ્ણુ. અહંકારરૂપી શરીરમાં જે એક ઈશ્વરચેતને પ્રવેશ કર્યો તે વૈકુંઠવાસી વિષ્ણુ છે,

તે અહંકારાત્મક તનુને મહાવિષ્ણુનું અવ્યાકૃત શરીર કહેવાય છે. આ વિષ્ણુમાં જ્યારે મહાવિષ્ણુનો પ્રવેશ હોય ત્યારે અન્વયપણે મહાવિષ્ણુરૂપે તેને વર્ણવેલા હોય છે. પ્રધાન પુરુષનો પ્રવેશ હોય ત્યારે અન્વયપણે પ્રધાનપુરુષે વર્ણવેલા હોય છે, જ્યારે પ્રકૃતિપુરુષનો પ્રવેશ હોય ત્યારે વાસુદેવ આદિરુપે વર્ણવેલ હોય છે, જ્યારે અક્ષરબ્રહ્મનો પ્રવેશ હોય ત્યારે અન્વયપણે અક્ષર તથા બ્રહ્મ તરીકે વર્ણવેલ હોય છે. જ્યારે પરબ્રહ્મનો પ્રવેશ હોય ત્યારે અન્વયપણે પરબ્રહ્મ તરીકે વર્ણવેલ હોય છે, અને મહાલક્ષ્મીથી ઉપજ્યાં જે તેની પત્ની લક્ષ્મીજી તેમાં મહાલક્ષ્મીનો પ્રવેશ હોય છે, તેનું અન્વયપણે મહાલક્ષ્મીજી રૂપે વર્ણન હોય છે. । અથ તદ્દ્વારા સૂત્રાત્મશરીરં શ્રોત્રત્વક્ચક્ષૂ રસનાઘ્રાણ વાક્પાણિપાદપાયૂપસ્થમનઃ શબ્દસ્પર્શરૂપરસગન્ધપ્રાણેતિ સમુદાયાત્મકમા વિર્ભવતિ,તત્રેક ઈશ્વરશ્ચેતનઃ પ્રવિશતિ,તેન રુદ્રાત્મકૈક સૂત્રેણ ચેતનેન સૂત્રણાત્ સૂત્રાત્મોચ્યતે, અત્રાપિ વિષ્ણુ મહાવિષ્ણ વાદીનાં પ્રવેશો ભવતિ । અને તે અવ્યાકૃત શરીર દ્વારા સૂત્રાત્મકનામક શરીર થાય છે, તે શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના, ઘ્રાણ, વાણી, હાથ, પગ, ગુદા, ઉપસ્ત, મન, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, પ્રાણ એ તત્વોના સમુદાયરૂપે પ્રગટે છે, તેમાં એક ઈશ્વરચેતનનો પ્રવેશ થાય છે, તે રુદ્રાત્મક એક ચેતનથી નિયમિત થવાથી સૂત્રાત્મા કહેવાય છે, આ શરીરમાં રહેનાર જે રુદ્રાત્મક સૂત્રાત્મેશ્વરચેતન તેમાં પણ વિષ્ણુ, મહાવિષ્ણુ, પ્રધાનપુરુષ, પ્રકૃત્તિપુરુષ, અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મનો પ્રવેશ હોય છે, તે તેના અન્વયપણે કરીને એ રુદ્રને વર્ણવેલ હોય ત્યારે તે રુદ્રને વિષ્ણુ, મહાવિષ્ણુ, પ્રધાનપુરુષ, વાસુદેવ, અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ પણ કહેવાય છે.। તન્માત્રાત્મકસૂત્રાત્મદ્વારા પૃથિવ્યપ્તેજોવાયવ્યાકાશાત્મકં વિરાડાખ્યશરીરમુત્પદ્યતે, તત્રેશ્વરચેતનો વૈરાજપુરુષઃ પ્રવિશતિ, ઇન્દ્રિયાદિતત્ત્વાનામપિ તત્ર પ્રવેશઃ, તાદ્દશ જડતત્ત્વાનામધિષ્ઠાતારશ્ચેતના ઈશ્વરા એવ કારણાત્મકા બોધ્યાઃ, તાદ્દશેશ્વરા ન્વિતકારણાત્મકતત્ત્વેભ્યઃ કાર્યાત્મકતત્ત્વાનિ દિગ્વાતાદીનિ ચાસ્મદનુભવનીયાનિ જાયન્તે તત્ર તેષામીશ્વરચેતનાનાં પ્રવેશાત્ તદવતારતયા દિગ્વાતાર્કપ્રચેતાઽશ્વિ વહ્ની પેન્દ્રમિત્રકચન્દ્રબ્રહ્મવાસુદેવરુદ્રાત્મનામભિર્વ્યહ્વિયન્તે, તાદ્દશ સમુદાયાત્મક વિરાડાખ્યશરીરસ્થે વૈરાજાખ્યેશ્વરે રુદ્રવિષ્ણુ મહાવિષ્ણુપ્રધાનપુરુષ વાસુદેવાઽક્ષરબ્રહ્મ-પરબ્રહ્મણાં પ્રવેશોઽન્વયભાવશ્ચેતિ તત્તદન્વિતભાવેન વૈરાજસ્ય શાસ્ત્રૈષુ ક્વચિદ્ રુદ્રત્વં વિષ્ણુત્વં મહાવિષ્ણુત્વં પ્રધાનપુરુષત્વં વાસુદેવત્વમ્ અક્ષરત્વં બ્રહ્મત્વં પરબ્રહ્મત્વં ચ વર્ણ્યતે । તન્માત્રાત્મક સૂક્ષ્મ શરીર દ્વારા પૃથ્વી,જલ,તેજ,વાયુ,આકાશ એ પાંચ ભૂતાત્મક વિરાટ દેહ ઉપજે છે, તેમાં એક ઈશ્વરચેતના પ્રવેશ કરે છે તે વૈરાજ નારાયણ કહેવાય છે. સૂત્રાત્મામાં જે

ઈન્દ્રીય અંતઃકરણ અને પ્રાણરૂપી તત્વોનો સમુદાય રહેલ છે તે પણ વિરાટ શરીરમાં પ્રવેશ કરે છે, અને તે ઈન્દ્રિયાદિ જડતત્વોના અધિષ્ઠાતા એવા ઈશ્વરો કારણરૂપ તે તત્વોમાં રહેલા છે, તેવા ઈશ્વરોથી અન્વિત કારણાત્મક તત્વોથી આપણા બધાં તત્વો કાર્યાત્મક થાય છે, અને તેના નામો પણ દિક્,પવન, સૂર્ય, પ્રચેતા,અશ્વિનીકુમાર, અગ્નિ, ઈન્દ્ર, ઉપેન્દ્ર, મિત્ર, ચંદ્ર, બ્રહ્મા, વાસુદેવ, રુદ્ર, આત્મા એ પ્રમાણે પ્રસિદ્ધ છે, તેઓ કેટલાંક આપણા અનુભવમાં આવે છે, તેમાં તે ઈશ્વરચેતનોનો પ્રવેશ થાય છે.માટે ઈશ્વરચેતનોના એ બધાં અવતારો કહયા છે અને બ્રહ્માંડોની વ્યવસ્થા માટે ગોઠવાયેલા છે, તે બધાનું મૂળ કારણ જે વિરાટ દેહ તેમાં સ્થિત વૈરાજપુરુષ રૂપી ઈશ્વરમાં અન્વયપણે રુદ્ર, વિષ્ણુ, મહાવિષ્ણુ, પ્રધાનપુરુષ, પ્રકૃત્તિપુરુષ, અક્ષરબ્રહ્મ, પરબ્રહ્માદિ રહેલા છે, તેમાંથી જેનું અન્વયપણું લીધેલ હોય તે રૂપે શાસ્ત્રોએ તે વૈરાજનારાયણનું પ્રતિપાદન કરેલ હોય છે,માટે વૈરાજને ક્યારેક રુદ્ર વિષ્ણુ, મહાવિષ્ણુ, પ્રધાનપુરુષ, વાસુદેવ, અક્ષરબ્રહ્મ, પરબ્રહ્મ એ પ્રમાણે વર્ણન કરેલા હોય છે. એ જલમાં વસે છે માટે જળશાયિનારાયણ કહેવાય છે, શેષ પર શયન કરે છે ત્યારે શેષનાયિનારાયણ કહેવાય, મહાલક્ષ્મીરૂપે માયા ઈશ્વરિણી તેમની સેવામાં હોય છે ત્યારે તેને લક્ષ્મીનારાયણના અન્વયપણાથી વર્ણવેલ હોય છે.। तस्मात् वैराजात् स्वशक्तिभिरीश्वरीभिर्लक्ष्मीसावित्रीपार्वतीभिः सहिता विष्णुब्रह्ममहेशाः स्वस्वब्रह्मांडाऽवनजननसंहारकर्तृतया जायन्ते,तत्र शरीरेषु ईश्वरचेतना ईश्वरीण्यश्च प्रविशन्ति,तेषु वैराजनारायणस्य प्रवेशः, तत्र रुद्रस्य विष्णोर्महाविष्णोः प्रधानपुरुषस्य वासुदेवस्य अक्षरब्रह्मणः परब्रह्मणश्च प्रवेशाद् अन्वयभावेन तत्तद्रूपतया ब्रह्मविष्णुमहेशानां शास्त्रेषु प्रतिपादनं वर्णनं च क्रियते । એ વિરાજ શરીરથી બ્રહ્મા, વિષ્ણુ મહેશ, શરીરો થયાં તે સાથે સાવિત્રી, લક્ષ્મી,પાર્વતી એવા શરીરરૂપી શક્તિઓ થઈ, જેઓ આ બ્રહ્માંડની ઉત્પત્તિ સ્થિતિ લય કરે છે, તે શરીરોમાં ઈશ્વરચેતનો અને ઈશ્વરિણીયોએ પ્રવેશ કર્યો, તેથી તેઓ ઈશ્વરો કહેવાય છે, તેમાં તેના પિતા વૈરાજનારાયણે પ્રવેશ કર્યો તથા તે જ પ્રમાણે રુદ્રનો વિષ્ણુનો મહાવિષ્ણુનો પ્રધાનપુરુષનો વાસુદેવનો અક્ષરબ્રહ્મનો અને પુરુષોત્તમનો પ્રવેશ પણ થાય છે, તેમાંથી જ્યારે જેનો અન્વયભાવ લઈને બ્રહ્માનું વિષ્ણુનું કે શંકરનું પ્રતિપાદન વર્ણન શાસ્ત્રમાં કરેલ હોય ત્યારે તેને રુદ્ર, વિષ્ણુ, મહાવિષ્ણુ, પ્રધાનપુરુષ, વાસુદેવ, અક્ષરબ્રહ્મ કે પરબ્રહ્મ તરીકે વર્ણવ્યા હોય છે, માટે વિષ્ણુ અને શંકરને પરબ્રહ્મ સાથે એકતા કરીને કહેલ હોય છે.। अथात्र ब्रह्मांडे पितृषिदेवमानवतिर्यक्स्थावरादिशरीरेषु जायमानेषु तत्र जीवचेतनानां प्रवेशो भवति, जीवचेतने, च ब्रह्मविष्णुमहेशानां वैराजनारायणस्य रुद्रस्य

विष्णो महाविष्णोः प्रधानपुरुषस्य वासुदेवस्याक्षरब्रह्मणः परब्रह्मणश्च प्रवेशा भवन्ति, तत्तदन्वयभावेन पितृणाम ऋषीणां देवानां मानवयतिसाधूनां च देवत्वेन ऋषित्वेन पितृत्वेन त्रिदेवत्वेन नारायणात्वेन रुद्रत्वेन विष्णुत्वेन महाविष्णुत्वेन प्रधानपुरुषत्वेन वासुदेवत्वेनाक्षरब्रह्मत्वेन परब्रह्मत्वेन च वर्णनं भवति, तत्तदावेशेन तत्तदवतारतया चाऽभिमानो भवति, च एते भूतावतारवत् देवावतारा ऋष्यवतारा: पित्रवतारा ब्रह्मविष्णुमहेशावतारा वैराजनारायणावतारा रुद्रावतारा महाविष्णवतारा: प्रधानपुरुषावतारा वासुदेवावतारा मुक्तावतारा अक्षरावतारा परब्रह्मावताराश्च उच्यन्ते, तत्र सर्वत्र चेतनद्वयन्त्ववश्यमेव, एकस्तु शरीरसम्पदकाऽद्दष्टावान्, द्वितीयो यस्य प्रवेशः सः। આ બ્રહ્માંડમાં પિતૃઓ, ઋષિઓ, દેવો, મનુષ્યો, પશુપક્ષીઓ, વનસ્પતિ, તૃણ આદિ પાંચ ભૌતિક શરીરોમાં જીવચેતનોનો પ્રવેશ થાય છે, જીવાત્મામાં બ્રહ્મા વિષ્ણુ મહેશાદિ દેવોનો પ્રવેશ થાય છે, તેવી જ રીતે વૈરાજનારાયણ, રુદ્ર, વિષ્ણુ,મહાવિષ્ણુ, પ્રધાન પુરુષ, વાસુદેવ, અક્ષરબ્રહ્મ, પરબ્રહ્મ એમનો પ્રવેશ થાય છે, શાસ્ત્રો પણ મનુષ્ય શરીર તથા ગોશરીરમાં તેત્રીસ કરોડ દેવોનો નિવાસ કહે છે, માટે તેમાં જે શરીરના જીવમાં જે જે દેવનો જ્યારે અન્વયભાવ લીધેલ હોય ત્યારે તે તે પિતૃ, ઋષિ,દેવ,માનવ, સાધુ આદિક,દેવપણે,ઋષિપણે,પિતૃપણે,બ્રહ્મારૂપે, વિષ્ણુરૂપે, શંકરરૂપે,નારાયણરૂપે, રુદ્રરૂપે, વિષ્ણુરૂપે, મહાવિષ્ણુરૂપે, પ્રધાન પુરુષરૂપે, વાસુદેવરૂપે, મુક્તરૂપે, અક્ષરબ્રહ્મરૂપે, પરબ્રહ્મરૂપે વર્ણન કરેલ હોય છે, તેમને તેનો તેનો અવતાર કહેવાય છે, આવી રીતે આવેશ અંશ કળા આદિ અવતારો કહેવાય છે.આ રીતે પરશુરામ, અવતાર હતા, શ્રી કૃષ્ણ ભગવાન રાજારૂપે થયા પહેલા વિષ્ણુના અંશવાળા હતા તેમ ઘણા વૈષ્ણવો સ્વીકારે છે, માટે તે સર્વેમાં બે ચેતનો હોય છે, એકતો તેવા શરીર પ્રાપ્ત કરવાના પુણ્ય પ્રતાપવાળો આત્મા, અને બીજા તેવા પાત્રમાં યોગ્યતા પ્રમાણે પ્રવેશ કરનાર બીજો આત્મા,। अयं तु देवर्षिपितृत्रिदेवेश अवरमुक्त ब्रह्मपरब्रह्मान्त्यतमो भवितुमर्हति । અને જેમ ભૂતનો પ્રવેશ હોય ત્યારે ભૂતાવતાર કહેવાય, તેમ સૂર્ય,ચંદ્ર, ઈન્દ્ર,વરુણ,કુબેર,યમ, પ્રજાપતિ, ઋષિ, પિતૃ,બ્રહ્મા,વિષ્ણુ,મહેશ, નારાયણ, રુદ્ર,મહાવિષ્ણુ, પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષ, અક્ષરબ્રહ્મ, પરબ્રહ્મ આદિ જેનો પ્રવેશ હોય તે બીજા આત્મા તરીકે કહેવાય છે અને તેનો જ અવતાર કહીને તેની સાથે અભેદપણે તેનું વર્ણન કરાય છે. શ્રી સ્વામિનારાયણ પરમાત્માએ પોતે સ્વયં પ્રગટ કરવાનું સુધાસિંધુમાં મધ્ય પ્રકરણના ૧૩નામાં કહ્યું છે,-

परे ब्रह्मणि यः प्रोक्तो भगवान् दिव्य विग्रहः।
सोहमेवभवाम्यत्र स्थितो दिव्यनराकृतिः'

સર્વથી પર એવા અક્ષરધામમાં જે ભગવાન દિવ્યમૂર્તિ કહ્યા તે હું સ્વયં એવા આંહિ દિવ્ય મનુષ્યાકૃત્તિરૂપે પ્રગટ સ્થિત છું. વળી વ્યાસજીએ પણ સ્કંદપુરાણના વૈષ્ણખંડમાં અધ્યાય સાતમાં શ્લોક નવમો કહેલ છે,

स्वामी नारायणोऽस्माकमास्ते श्रीवेंकटाचले।
कदाचिद्धयमारुह्य हंसशुक्लं मनोजवम्।। ९ ।।

મન સમાન વેગવાળા હંસ સમાન શ્વેત એવા અશ્વ ઉપર બેસીને ક્યારેક શ્રી વેંકટાચળ પર્વતમાં અમારા સ્વામિનારાયણ પ્રભુ વિરાજે છે. તેમજ નારદ પંચરાત્ર શાસ્ત્રમાં ભારદ્વાજ સંહિતામાં પરિશિષ્ટના બીજા અધ્યાયમાં શ્લોક ૪૦મો કહેલ છે-

न्यासाख्यं परमं मन्त्रं वाचयित्वाऽथ बोधयेत्।
श्रीमन्नारायणः स्वामी दासस्त्वमसि तस्य वै'।। ४०।।

ન્યાસ નામનો પરમ મંત્ર કહીને શિષ્યનો બોધ કરે અને કહે જે 'પરમાત્મા શ્રી સ્વામિનારાયણ છે, તેનો તુ દાસ છો, આવી રીતે સ્વામિનારાયણ નામ પરબ્રહ્મ પરમાત્માનું કહેલ છે. એ પરસ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા સ્વયં ઉપર કહ્યા પ્રમાણે વિશેષરૂપે પ્રવેશ પ્રગટ કરે ત્યારે અવતારો કહેવાય છે, અને વિશિષ્ટાદ્વૈત શરીરીભાવથી કાયમ સર્વ આત્માઓમાં નિયમન કરવા માટે સામાન્યપણે રહ્યા છે તે આ પરબ્રહ્મ અંતર્યામીરૂપે છે, તે અંતર્યામી પોતે શ્રીહરિએ 'ઈશોઽસૌ' આ હું નિયામક ઈશ છુ,એમ બતાવેલ છે, માટે શિક્ષાપત્રીમાં સ્વયં પોતાને પુરુષોત્તમ પરબ્રહ્મ કહ્યા છે.।। स्वतन्त्रः- स्वः- आत्मा तन्त्रं प्रधानं यस्य सः, પોતે સ્વયં છે પ્રધાન જેમને,स्वभिन्न કોઈને આધીન નહિ એવા । सर्वकर्म फलप्रदः, सर्वेषां कर्मफलानां प्रदः, સર્વ પ્રાણીઓના સારા નરસાં કર્મોના ફળોના આપનારા । असौ,- श्रीस्वामिनारायणरुपेण भवतामुपदेष्टागुरुतया स्थितः प्रत्यक्षोऽहम्, તે આ સ્વામિનારાયણ સ્વરૂપે તમારા ઉપદેષ્ટા ગુરુ તરીકે પ્રત્યક્ષ પ્રમાણ જે અમે તે અમોને (अद्यपि यः અને सः નો સંબંધ હોય છે, માટે ज्ञेयः स्वतन्त्र ईशः सः सर्वकर्मफलप्रदः, એમ કહેવું જોઈએ, તો- 'यः' જે હૃદયમાં જીવની માફક જીવમાં અંતર્યામીપણે રહેલા છે સર્વકર્મફળ પ્રદાતા છે સ્વતંત્ર છે सः તે પરમાત્મા જાણવા, આવો અર્થ થાય. પણ 'ईशः सः' એમ નહીં કહીને 'ईशोऽसौ' असौ એટલે આ, એમ કહ્યું છે, તેથી શ્રી સ્વામિનારાયણ પરમાત્મા પોતે પોતાને ઉદેશીને असौ 'श्रीस्वामिनारायण रूपेण भवतामुपदेष्टगुरु तथा समीपे स्थितः सकलजननयनगोचरोऽहम्,-"જે હૃદયમાં જીવમાં રહ્યા છે સર્વકર્મફલદાતા સ્વતંત્ર છે, તે આ શ્રી સ્વામિનારાયણરૂપે તમારા ઉપદેષ્ટા ગુરુપણે સમીપે રહેલા સર્વના નયન ગોચર એવા અમો પરમાત્મા છીએ" એમ

બતાવે છે. ઈશઃ,- સ્વેતરસમસ્તેશનશીલઃ પરમાત્મા, સ્વભિન્ન સર્વેના નિયામક પરમાત્મા જ્ઞેયઃ જાણવા. ॥૧૦૭॥

તાત્પર્યાર્થઃ-

હૃદય કમળમાં જેમ જીવાત્મા રહેલ છે તેમ જે પરમાત્મા, જીવાત્મા આદિક આત્માઓમાં અંતઃપ્રવેશ કરીને નિયમન કરનારા આત્માપણે રહ્યા છે, તથા સ્વભિન્ન કોઈને આધીન નહિ એવા છે, તથા સર્વેને સારાનરસાં કર્મોના ફળોના આપનારા છે, એવા આ શ્રી સ્વામિનારાયણ સ્વરૂપે તમારા ઉપદેષ્ટા ગુરુ તરીકે પ્રત્યક્ષ પ્રમાણ સિદ્ધ જે અમે તે અમોને પરમાત્મા જાણવા.॥૧૦૭॥

स श्रीकृष्णः परं ब्रह्म भगवान् पुरुषोत्तमः ।
उपास्य इष्टदेवो(ऽ) नः सर्वाविर्भावकारणम् ॥ १०८ ॥

અન્વયઃ- 'सः, श्रीकृष्णः, परं ब्रह्म, भगवान, पुरुषोत्तमः, सर्वाविर्भावकारणम्, नः, अनः, उपास्यः, इष्टदेवः, ॥ १०८॥

વ્યાખ્યા-'सः'- 'ईशोऽसौ' એ પદથી દર્શાવ્યા જે આ પ્રત્યક્ષ તમારા ઉપદેષ્ટા શ્રી સ્વામિનારાયણ તે । श्रीकृष्णः,' श्रीर्वेषरचना शोभा भारतीसरलद्रषु। लक्ष्म्यां त्रिवर्गसम्पतौ वेषोपकरणे मतावि'ति विश्वमेदिन्यौ। श्रिया युक्तः, દિવ્ય શોભા તથા ધર્માદિક સંપતિએ યુકત । कर्षति दुःखानीति कृष्णः, 'कृषिरुत्कृष्टवचनो नश्च निर्वृत्तिवाचकः। ટિપ્પણી :- हरिकृष्णः, अहं कृष्णः, इतिवा पाठः श्रेष्ठः । तयौरैक्यं परंब्रह्म कृष्ण- इत्यभिधीयत' इत्यौपनिषदाः, 'कृष्णः काके पिके वर्णे हरौ व्यासेऽर्जुने कलावि'ति हैमः, उत्कृष्टा निर्वृतिर्यस्माद्वेति। દુઃખોના ટાળનારા,પરબ્રહ્મ શ્રી હરિ, ઉત્તમ અવિનાશી સુખના આપનારા છીએ । परंब्रह्म,- परम् अक्षरब्रह्मपर्यन्तानां यावतामुपास्यत्वान्नियामकत्वाश्च श्रेष्ठम्, અક્ષરબ્રહ્મ પર્યંત સર્વના ઉપાસ્ય, તથા નિયામક એવા । ब्रह्म बृंहते अपारमहिमत्वात्सर्वेभ्योऽधिकं भवतीति,- સ્વરૂપ તથા સ્વભાવ જેમના અનવધિક અતિશય છે માટે અપાર મહિમાવાળા વ્યાપક એવા અમે છીએ,।

भगवान्-,'सम्भर्तेति तथा भर्ता भकारोऽर्थद्वयाऽन्वितः।
नेता गमयिता सृष्टा गकारार्तस्तथा मुने॥
ऐश्वर्यस्य समग्रस्य विर्यस्य यशसः श्रियः।
ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीरणा॥
वसन्ति यत्र भूतानि भूतात्मन्यखिलात्मनि।
स च भूतेष्वशेषेषु वकारार्थस्ततोऽव्ययः॥
ज्ञानशक्तिः बलैश्वर्यवीर्यतेजांस्यशेषतः।
भगवच्छब्धवाच्यानि विना हेयैर्गुणादिभिः॥

પોષણ કરનારા તથા ધારણ કરનારા એ ભ અક્ષરનો અર્થ છે. પોતાના ચરણમાં લઈ જનારા તથા સર્વ ક્રિયાઓમાં પ્રેરનારા અને સૃષ્ટિ કરનારાએ ગ અક્ષરનો અર્થ છે. સમગ્ર જે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ભગ શબ્દથી કહેવાય છે. સર્વાત્મા એવા પરમાત્મામાં સર્વભૂત પ્રાણિમાત્ર વસે છે અને પરમાત્મા તે ભૂત પ્રાણિમાત્રમાં વસે છે એ વ અક્ષરનો અર્થ છે. જ્ઞાન, શક્તિ, બલ, ઐશ્વર્ય, વીર્ય અને તેજ તે-ભગવત્ શબ્દનો અર્થ છે.। 'भगं श्रीयोनिवीर्येच्छाज्ञानवैराग्यकीर्तिषु। माहात्म्यैश्वर्ययत्नेषु धर्मे मोक्षे च ना रवावि'ति विश्वमेदिन्यौ ,तद्वान्, श्री, કારણતા,વીર્ય, ઈચ્છા, જ્ઞાન, વૈરાગ્ય, કીર્તિ,માહાત્મ્ય,ઐશ્વર્ય,યત્ન,મોક્ષ,એ ભગ શબ્દના અર્થો છે, માટે તેવા ગુણોએ યુક્ત છીએ. । પુરુષોત્તમઃ,- પુરતીતિ પુરુષઃ, પૂર્વ સિદ્ધ અનાદિસિદ્ધ એવા અથવા । પૂરયતિ ભક્તકામાનિતિ પુરુઃ, સીદત્યવસાદયતિ ભક્તવિરોધિન ઇતિ સઃ, પુરુશ્ચાસૌ સશ્ચેતિ પુરુષઃ, ભક્તોના મનોરથોના પૂરનારા અને ભક્તોના વિરોધિઓને નષ્ટ કરનારા એવા અથવા પુરુ સનોતીતિ પુરષઃ, ભક્તની ઈચ્છાથી પણ અધિક આપનારા અથવા પુરૂણિ પાપાનિ- ઓષતીતિ, ઘણાં પાપોને સ્મરણ માત્રથી બાળનારા, અથવા પુરુષાકારત્વાત્ પુરુષઃ પુરુષના આકારવાળા એવા થકા,उत्तमः ઉત્તમ, અથવા उद्गतः- तमः- અવિવેકો મોહો વા યસ્માત્, અવિવેક તથા મોહ રહિત એવા, અથવા 'પુરુષસ્ત્વાત્મનિ નરે પુંનાગે ચે'તિ હૈમઃ, પુંનાગઃ- નૃશ્રેષ્ઠ, 'પુરુષાવાત્મ માનવાવિ'ત્યમરઃ, 'પુરુષઃ પુરુષે સાંખ્યજ્ઞે ચે'તિ મેદિની પુરુષેષુ उतमः, પુરુષ જે આત્મા અથવા નરશ્રેષ્ઠ, માનવ, સંખ્યજ્ઞ કપિલ આદિ સર્વમાં ઉત્તમ એવા, અથવા 'પુરુષાભ્યાં ક્ષરાક્ષરાભ્યામ્ उत्तमः,-'द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च । क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते । उतमः पुरुषस्तवन्यः परमात्मेत्युदाहृत। સર્વભૂત પ્રાણિમાત્ર જે ક્ષર પુરુષો, અને એરણ્યની માફક સર્વદા એક સ્થિતિક એવા અક્ષર બ્રહ્મ પુરુષ તે બન્નેથી ઉત્તમ એવા પરમાત્મા છીએ । सर्वाविर्भावकारणम्-, सर्वे य आविर्भावाः, आविः स्फूटं भवन्ति जायन्ते त आविर्भावाः, જેઓ 'સ્ફુટ પ્રગટ થાય' બીજી બીજી અવસ્થાઓથી દેખાય તે આવિર્ભાવો કહેવાય છે, પરમાત્માનું જડ અને ચેતન જડ જે માયા, અને ચેતન જે જીવાત્માઓ ઈશ્વરાત્માઓ મુક્તાત્માઓ અને મૂળ અક્ષર બ્રહ્મ, તેના તેના અન્ય અવસ્થાની પ્રાપ્તિરૂપી જે આવિર્ભાવો ઉત્પત્તિઓ, तेषां कारणम् निमित्तोपादानम् તેના નિમિત્ત કારણ અને ઉપાદાન કારણ છીએ.જેમ કરોળીયાના શરીરથી લાળ ઉત્પન્ન કરવામાં સંકલ્પ વિશિષ્ટ તેનો જીવાત્મા નિમિત્ત કારણ છે, તેમ પ્રધાન (માયા)થી સકળ જગત ઉત્પન્ન થવામાં સંકલ્પ વિશિષ્ટ પરમાત્મા અમે નિમિત્ત કારણ છીએ. તથા ચેતન એવા

જીવાત્માઓની જ્ઞાની સુખી દુઃખી એવી અવસ્થાઓની ઉત્પત્તિમાં સંકલ્પ વિશિષ્ટ પરમાત્મા અમો નિમિત્ત કારણ છીએ. તથા ઈશ્વરાત્મા એવા વૈરાજ નારાયણ, વિષ્ણુ, મહાવિષ્ણુ, રુદ્ર, આદિકની 'રૂપાંતરગ્રહણ, ઐશ્વર્યપ્રદર્શન, ધર્મરક્ષણ, શક્તિપ્રકાશન, અવતાર સ્વરૂપે પ્રાકટ્ય, આદિ અવસ્થાંતરોની ઉત્પત્તિમાં સંકલ્પવિશિષ્ટ પરમાત્મા અમો નિમિત્ત કારણ છીએ, વ્યૂહ જે વાસુદેવને સૃષ્ટિની ઉત્પત્તિ,સ્થિતિ લયને માટે પ્રદ્યુમ્ન,અનિરુદ્ધ,સંકર્ષણ એ રુપના પ્રાગટ્યરુપી અવસ્થાનાંતરની ઉત્પત્તિ તેમાં પણ સંકલ્પ વિશિષ્ટ પરમાત્મા અમો નિમિત્ત કારણ છીએ તથા મુક્તો અને મૂળ અક્ષરને પણ આ લોકમાં પ્રકટ થવામાં સંકલ્પ વિશિષ્ટ એવા પરમાત્મા અમે નિમિત્ત કારણ છીએ અને જેમ કરોળિયાના શરીરથી લાળ ઉત્પન્ન કરવામાં કરોળિયો શરીર વિશિષ્ટ તેનો આત્મા, તે ઉપાદાન કારણ છે. તેમ માયાથી સકળ જગત ઉત્પન્ન થવામાં માયાવિશિષ્ટ પરમાત્મા અમો ઉપાદાન કારણ છીએ, તથા જીવાત્મા, ઈશ્વરાત્મા, વાસુદેવ, મુક્તાત્મા, અક્ષરબ્રહ્મ, એમનાથી તેના તે ગુણો ઐશ્વર્યો અવતારો આદિ રૂપાંતર જે અન્ય અન્ય અવસ્થાઓ, તેની ઉત્પત્તિમાં ચેતન વિશિષ્ટ (જીવાત્માવિશિષ્ટ, ઈશ્વરાત્મવિશિષ્ટ, વાસુદેવવિશિષ્ટ, મુક્તાત્મવિશિષ્ટ, અક્ષર બ્રહ્મવિશિષ્ટ, એવા શરીર) પરમાત્મા અમો ઉપાદાન કારણ છીએ. જેમ કરોળીયાના શરીરમાં વિકારો છે પણ આત્મામાં નથી. તેમ અમારામાં માયા આદિ શરીરોમાં વિકારો છે પણ શરીરો એવા જે અમે તે અમારામાં નથી. કાલાન્તર્યામી એવા અમે સહકારી કારણ છીએ. માટે જડ અને ચેતન મિશ્રિત સમષ્ટિ એવું જગત તેના, તથા વ્યષ્ટિ પ્રત્યેક એવા કાર્ય જે ઘટ પટાદિક તથા મનુષ્ય દેવ ઈશ્વરાવતાર આદિક, તે સર્વના નિમિત્ત, ઉપાદાન, અને સહકારી એ ત્રણ પ્રકારના કારણ અમે છીએ.॥ નઃ- "ન શબ્દઃ સ્વાગતે બન્ધૌ વૃક્ષે સૂર્યે ચ કીર્તિત'ઇત્યેક્ષરઃ, યથા વાયુર્મરુત્વાઞ્શ્વસનઃ પવનો મરુતોઽનિલઃ। નભસ્વાન્ ક્ષિપણુર્વાતિઃ સુષિણો નઘટો વહઃ' ઇતિ સાહસાંકઃ, નાન્ વૃક્ષાન્ ઘટયતિ ચેષ્ટાયત ઇતિ ન ઘટો વાયુઃ, તદ્વદત્રાપિ। નઃ,- બન્ધુઃ, સર્વેષાં નિષ્પક્ષપાતન્યાયકર્તા મોક્ષદો વા, સર્વજીવ પ્રાણીમાત્રને કર્મફળ પમાડવામાં નિષ્પક્ષપાત ન્યાય કર્તા એવા નઃ એટલે બંધુ છીએ. અથવા મોક્ષરૂપી પરમ લાભ આપનારા એવા બંધુ છીએ.। અથવા અનઃ ઇતિ પદચ્છેદઃ, નાસ્તિ નઃ અનૃતં યત્રેત્યનઃ, નથી અનૃત મિથ્યાપણું, અસત્યપણું, નિરાકારપણું, વા જેમાં એવા અમો છીએ. અથવા 'અન શબ્દોઽપિ નિષિદ્ધે 'અનોપમા તે બુદ્ધિ'રિતિ મુકુટપીયુષ વ્યાખ્યે,તથા ચ અનઃ- નિષિદ્ધઃ, માયિક ગુણ નિષેધવાળા એવા અમો પરમાત્મા છીએ. ॥ ઉપાસ્યઃ- સ્વેતરસમસ્તા નામુપાસનાવિષયઃ, અમારા વિના સર્વે આત્મા, ઈશ્વર, મુક્ત, અક્ષર એ સર્વેને

ઉપાસના કરવા યોગ્ય એવા । इष्टदेवः- इष्टश्चासौ देवः, सर्वेषां निरतिशयमोक्षेच्छाविषयःसन्, दिव्यातीत देवः-क्रिडाव्यवहारद्युति स्तुतिमोदकान्तिगति-विषय, સર્વના, નિરતિશય એવી મોક્ષેચ્છાના લક્ષ્ય, તથા સર્વના ક્રિડા વ્યવહાર તેજ સ્તુતિ મોદકાંતિ અને ગતિ એમના યથાયોગ્ય સ્થાનભૂત એવા ભજનીય ઈષ્ટદેવ છીએ.॥ ૧૦૮ ॥

तात्पर्यार्थः-

પૂર્વના શ્લોકમાં 'ईशोऽसौ' એ પદથી દર્શાવ્યા જે આ પ્રત્યક્ષ તમારા ઉપદેષ્ટા શ્રી સ્વામીનારાયણ પરમાત્મા જે અમે તે, દિવ્ય શોભા તથા ધર્માદિક સંપતિએ યુક્ત છીએ, દુઃખોના ટાળનારા અને ઉત્તમ અવિનાશી સુખના આપનારા છીએ. તથા અક્ષરબ્રહ્મ પર્યન્ત સર્વના ઉપાસ્ય તથા નિયામક એવા અને અનવધિક અતિશય સ્વરૂપ સ્વભાવ મહિમાવાળા વ્યાપક એવા પરબ્રહ્મ છીએ. તથા પોષણ કરનારા, ધારણ કરનારા, પોતાના ચરણમાં લઈ જનારા, સર્વ ક્રિયાઓમાં પ્રેરનારા, સૃષ્ટિ કરનારા, સમગ્ર શક્તિ ઐશ્વર્ય વીર્ય તેજ યશ શ્રી જ્ઞાન વૈરાગ્યવાળા, સર્વ ભૂત પ્રાણિમાત્રમાં વસનારા, ભગવાન છીએ તથા અનાદિ સિદ્ધ, ભક્તોના મનોરથોના પૂરનારા, ભક્તોના વિરોધિઓને નષ્ટ કરનારા, ભક્તોની ઈચ્છાથી પણ અધિક આપનારા, ઘણાંક પાપોને સ્મરણ માત્રથી બાળનારા,દિવ્ય પુરુષાકૃતિવાળા,અને અવિવેક મોહશૂન્ય એવા પુરુષોત્તમ છીએ. તથા પુરુષ જે આત્મા,નર, નરશ્રેષ્ઠ, માનવ, સાંખ્યજ્ઞ કપિલ, એ સર્વમાં ઉત્તમ એવા, અથવા સર્વ ભૂતપ્રાણિમાત્ર જે ક્ષરપુરુષ અને કૂટસ્થ જે અક્ષરપુરુષ જે બન્નેથી ઉત્તમ એવા પુરુષોત્તમ છીએ. તથા અમારા શરીર જે જડ અને ચેતન તેથી મિશ્રિત આ જગત્,મનુષ્ય દેવ ઈશ્વરાવતાર, મુક્તાવતાર, અક્ષર એ સર્વેની ઉત્પત્તિ જે ભિન્ન અવસ્થાઓનું ગ્રહણ તે રૂપિ આવિર્ભાવના નિમિત્તકારણ (સંકલ્પવાળા) છીએ. વળી તેના ઉપાદાનકારણ (જડ ચેતન શરીરવાળા) છીએ. તેમ સહકારીકારણ (કાલાદિના અંતર્યામી તથા જ્ઞાન વિશિષ્ટ) એવા છીએ. તથા સર્વપ્રાણિઓને સ્વકર્મફળ પમાડવામાં નિષ્પક્ષપાત ન્યાયવાળા બંધુ છીએ, મોક્ષ દેનારા બંધુ છીએ, મિથ્યા અસત્ નિરાકારપણાથી શૂન્ય છીએ, માયિકગુણ શૂન્ય પરમાત્મા છીએ, તથા જીવ ઈશ્વર મુક્ત આદિ સર્વના ઉપાસના કરવા યોગ્ય એવા ઈષ્ટદેવ છીએ ॥ ૧૦૮ ॥

स राधयाऽयुतो ज्ञेयो राधाकृष्ण इति प्रभुः ।
रुक्मिण्यारमयोपेतो लक्ष्मीनारायणः स हि ॥ १०९

अन्वयः-'सः, प्रभुः, राधयाऽयुतः, राधाकृष्ण इति ज्ञेयः, स हि, रुक्मिण्यारमया, उपेतः, लक्ष्मीनारायणः, ज्ञेयः ॥ १०९ ॥

व्याख्या- 'सः, उक्तलक्षणः, ते वर्णन कर्या એવા । प्रभुः,- प्रभवति य, समर्थ એવા પરમાત્મા જે અમે તે । राधयाऽयुतः, राति ददाति जन्म इति रा भक्तिमाता, धयति जन्ममृत्युभ्यां रक्षतीति धयः धर्मदेवः राधयाभ्याम् अयुतः नित्यसम्बद्धस्तथोक्तः, જન્મ દેનારા જે ભક્તિમાતા તથા જન્મ મૃત્યુથી રક્ષણ કરનારા જે ધર્મપિતા તે બન્ને સાથે અયુત સિદ્ધ નિત્ય સંબંધવાળા હોવાથી । राधाकृष्ण इति, राति जन्म, रा-माता, दधातीति धा धर्मपिता, राधावाकर्षतीति राधाकृष्णः, भक्तिधर्महरिकृष्ण इति, જન્મ આપનારા માતા અને ધર્મ પિતાને સાથે રાખનારા માટે ધર્મભક્તિ, હરિકૃષ્ણ એવે નામે । ज्ञेयः, જાણવા । स हि- તે પરમાત્મા અમે। रुक्मिण्यारमयोपेतः, रुक्मं रुक्म वर्णोऽस्याऽस्तीतिरुक्मी, अक्षरब्रह्मलोकः, तं नयतीति रुक्मिणी, आरः आर्छति गच्छति स्नेहाधिक्येन श्रीहरिसन्मुखो भवतीति- आरः, रुक्मिणी श्वासावारश्च रुक्मिण्यारः- रघुवीरः,- સુવર્ણના સમાન વર્ણવાળું જે અક્ષરધામ તે પ્રતિ લઈ જનાર અને સ્નેહાધિકથી શ્રીહરિની સન્મુખ રહેનારા એવા જે શ્રીરઘુવીરજી મહારાજ અથવા અયોધ્યાપ્રસાદજી મહારાજ मीनाति कामादीन् ज्ञानासिना ध्वंसयतीति मयः इच्छारामः, કામાદિકોનો જ્ઞાનરૂપી તલવારથી નાશ કરનારા એવા જે ઈચ્છારામભાઈ, ताभ्यामुपेतः તે બન્ને સહિત જ્યારે હોય ત્યારે । लक्ष्मीनारायणः, लक्ष्मम् आचार्य चिन्हम् अस्त्स्येति लक्ष्मी रघुवीरः, एति, हरीच्छया- आरामं गच्छतीति इः इच्छारामः, लक्ष्मी च-इश्च,- इति लक्ष्म्यौ, लक्ष्मीभ्यां सहितो नारायणो लक्ष्मीनारायणः, આચાર્યના ચિન્હવાળા જે રઘુવીરજી મહારાજ અથવા અયોધ્યાપ્રસાદજી મહારાજ, અને શ્રીહરિની ઈચ્છાથી આરામને પામનારા એવા ઈચ્છારામભાઈ તેણે સહિત એવા નારાયણ જે શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા અમે તે અમોને 'રઘુવીર હરિકૃષ્ણ' એવે નામે 'અયોધ્યાપ્રસાદ-હરિકૃષ્ણ' એવે નામે 'ઈચ્છારામ- હરિકૃષ્ણ' એવે નામે કરીને જાણવા. ॥ ૧૦૯ ॥

तात्पर्यार्थः-

'વર્ણન કર્યા એવા સમર્થ પરમાત્મા જે અમે, તે અમોને જન્મ દેનારા ભક્તિમાતા તથા જીવોને જન્મ મૃત્યુથી તારનારા જે ધર્મપિતા, એ બન્ને સાથે નિત્યસંબંધવાળા હોવાથી, અમોને તેમણે સહિત 'ધર્મ- ભક્તિ- હરિકૃષ્ણ' એવે નામે જાણવા. અને પરમાત્મા એવા અમે જ્યારે, સુવર્ણ સમાન તેજવાળા અક્ષરધામ પ્રતિ લઈ જનારા તથા સ્નેહાધિકથી શ્રીહરિની સન્મુખ રહેનારા એવા આચાર્ય રઘુવીરજી, અથવા અયોધ્યાપ્રસાદજી, તથા કામાદિકને જ્ઞાન દ્વારા નષ્ટ કરનારા એવા ઈચ્છારામભાઈ, તેમણે યુક્ત હોઈએ ત્યારે, 'રઘુવીર-

હરિકૃષ્ણ' તથા 'અયોધ્યાપ્રસાદ- હરિકૃષ્ણ' ઈચ્છારામ હરિકૃષ્ણ એવે નામે જાણવા.॥ ૧૦૯ ॥

ज्ञेयोऽर्जुनेन युक्तोऽसौ नरनारायणाऽभिधः ।
बलभद्रादियोगेन तत्तन्नामोच्यते स च ॥ ११० ॥

અન્વયઃ-'असौ, अर्जुनेन युक्तः, नरनारायणाऽभिधः, ज्ञेयः, स च, बलभद्रादियोगेन, तत्तन्नामा, उच्यते ॥ ११० ॥

વ્યાખ્યા-'असौ, તમારા સમક્ષ એવા પ્રકટ પરબ્રહ્મ અમે જ્યારે । अर्जुनेन,-अर्ज्यते परमात्मा येन सः - अर्जुनः- शुद्धः साधुजनस्तेन युक्तः, પરમાત્મા જે અમે, તે અમોને પ્રાપ્ત કરનારા એવા જે એકાંતિક સત્પુરુષો, તેમણે યુક્ત હોઈએ ત્યારે । नरनारायणाऽभिधः, -नरः- सर्वस्त्रीभावांशशून्यो मुक्तस्तेन सहितो नारायणः- इत्यभिधा यस्यैतादृशः, સર્વથા સ્ત્રીભાવ શૂન્ય એવા નર જે મુક્તપુરુષો તેણે સહિત એવા શ્રીગુણાતીત મુનિ-હરિકૃષ્ણ, ગોપાળમુનિ- હરિકૃષ્ણ, બ્રહ્મમુનિ- હરિકૃષ્ણ, શુકમુનિ-હરિકૃષ્ણ, શતાનંદ-હરિકૃન ઈત્યાદિ નામે જાણવા. ॥ स च, અને પરમાત્મા તે અમે । बलभद्रादियोगेन, बलं भद्रं यस्य, પરમાત્માનું બળ છે કલ્યાણકર જેમને એવા જે રામપ્રતાપભાઈ આદિના- अलौकिकान्यैश्वर्याणितैर्युक्तः, स्वं જે ઐશ્વર્યો તેણે સહિત હોય ત્યારે । तत्तन्नामा- રામપ્રતાપ હરિકૃષ્ણ, સ્વામિનારાયણ ઈત્યાદિ નામવાળા અમો उच्यत्ते,-ભક્તજનો દ્વારા કહેવાઈએ છીએ.॥ ૧૧૦ ॥

તાત્પર્યાર્થઃ-

તમારા સમક્ષ એવા પ્રકટ પરબ્રહ્મ એવા અમો જ્યારે, અમોને પ્રાપ્ત કરનારા સ્ત્રીભાવ શૂન્ય એવા નર જે એકાંતિક સત્પુરુષો, તેમણે સહિત હોઈએ ત્યારે 'શ્રીગુણાતીતમુનિ- હરિકૃષ્ણ, શ્રીગોપાળમુનિ-હરિકૃષ્ણ, શ્રીબ્રહ્મમુનિ-હરિકૃષ્ણ, શ્રીશુકમુનિ-હરિકૃષ્ણ, શ્રીશતાનંદમુનિ-હરિકૃષ્ણ ઈત્યાદિ નામે જાણવા. અને જ્યારે અમારા બળવાળા એવા રામપ્રતાપભાઈએ યુક્ત હોઈએ ત્યારે'રામપ્રતાપ-હરિકૃષ્ણ' એ નામે જાણવા, અને જ્યારે અમારા અલૌકિક ઐશ્વર્યોએ યુક્ત હોઈએ ત્યારે સ્વામિનારાયણ એવે નામે જાણવા. તે પ્રમાણે બાળ અવસ્થાએ યુક્ત હોઈએ ત્યારે 'ઘનશ્યામ, બાળસ્વરૂપ, ઈત્યાદિ નામે જાણવા, દીક્ષાગ્રહણના ચિન્હયુક્ત હોઈએ ત્યારે 'સહજાનંદસ્વામી' એ નામે જાણવાં, જગન્નાથજીની મૂર્તિમાં બિરાજયા તેથી જગન્નાથ-હરિકૃષ્ણ, શ્રીકૃષ્ણભગવાનમાં બિરાજીએ છીએ માટે શ્રીકૃષ્ણ નારાયણ, જાણવા, એવી રીતે સકળ જડચેતનાત્મકના શરીરીપણે રહેલા છીએ માટે સર્વનામના નામી એવા અમોને જાણવા.॥ ૧૧૦ ॥

एते राधादयो भक्तास्तस्य स्युः पार्श्वतः क्वचित् ।
क्वचितदङ्गेऽतिस्नेहात् स तु ज्ञेयस्तदैकलः ॥ १११ ॥

અન્વયઃ-'एते, राधादयो भक्ताः, क्वचित्, तस्य, पार्श्वतः, स्युः, क्वचितु, अतिस्नेहात्, तदङ्गे, स्युः, तदा, एकलः ज्ञेयः ॥ १११ ॥

વ્યાખ્યા-'एते, કહ્યા એવા જે। राधादयाः,- राति जन्मेति रा भक्तिमाता, धयति रक्षतीति धयः- धर्मदेवः, तावादिर्येषान्ते, શ્રીહરિના જન્મ દેનારા ભક્તિમાતા તથા રક્ષક એવા ધર્મપિતા છે મુખ્ય જેમાં એવા । भक्ताः, ભક્તજનો તે જ તો। क्वचित् ક્યારેક તો । तस्य,पूर्वोक्तस्य मम, પૂર્વ વર્ણિત શ્રીસ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારા । पार्श्वतः, પાર્શ્વભાગે, પડખામાં । स्युः, રહેલા હોય છે । क्वचित् तु,-અને ક્યારેક તો । अतिस्नेहात्,- અત્યંત સ્નેહને આધીન થઈને । तदङ्गे- तस्य ममाऽङ्गे રૂપે, તે પરબ્રહ્મ જે અમે તે અમારામાં જ । स्युः-લીન એવા થકા રહે છે. । तदा તે લીન અવસ્થા સમયે તો । एकलः, અમોને એકલા છીએ એમ । ज्ञेयः, જાણવા. ॥ ૧૧૧ ॥

તાત્પર્યાર્થઃ-

કહ્યા એવા જે ધર્મદેવ ભક્તિમાતા આદિક જે ભક્તજનો તે ક્યારેક તો અમારે પડખે રહેલા હોય છે, અને ક્યારેક તો અત્યંત સ્નેહને લઈને પરબ્રહ્મ જે અમે તે અમારા અંગોમાં લીન એવા થકા રહે છે, તે લીન અવસ્થાના સમયમાં તો અમો એકલા છીએ એમ જાણવું.॥ ૧૧૧ ॥

अतश्चास्य स्वरूपेषु भेदो ज्ञेयो न सर्वथा ।
चतुरादिभुजत्वं तु द्विबाहोस्तस्य चैच्छिकम् ॥ ११२ ॥

અન્વયઃ-'अतश्च, अस्य, स्वरूपेषु, सर्वथा, भेदो न ज्ञेयः, च, द्विबाहोः, तस्य, चतुरादिभुजत्वं, तु ऐच्छिकम् ॥ ११२ ॥

વ્યાખ્યા- 'अतश्च,-यत एक एव परंब्रह्माऽहम्,અમે પરબ્રહ્મ એક જ છીએ એ હેતું માટે अस्य, परब्रह्मणो मम, પરબ્રહ્મ એવા જે અમે તે અમારા । स्वरूपेषु,-ધર્મભક્તિ સહિત હરિકૃષ્ણ,રઘુવીરજી અયોધ્યાપ્રસાદજી સહિત હરિકૃષ્ણ,નારાયણમુનિ,સહજાનંદસ્વામી,ઘનશ્યામ મહારાજ, સ્વામિ નારાયણ ઈત્યાદિ સ્વરૂપોમાં । सर्वथा, કોઈપણ પ્રકારે । भेदो न ज्ञेयः,ભેદ ન જાણવો । च અને । द्विबाहोः, द्वौ बाहू यस्य तस्य, वस्तुतः સદા દ્વિભુજ એવા। तस्य, अक्षरधामस्थस्य परब्रह्मणो मम, અક્ષરધામમાં પર સ્વરૂપે રહેનારા પરબ્રહ્મ જે અમે તે અમારું । चतुरादिभुजत्वं तु, चत्वार आदयो येषामष्टादीनां, ते भुजा यस्य तस्य भावः, અભયરાજાને ચતુર્ભુજરૂપે દર્શન, તથા સમાધિમાં ઘણાંઓને અષ્ટભુજ સહસ્રભુજરૂપે દર્શન, ઈત્યાદિક તો। ऐच्छिकम्, इच्छयैव प्राप्तम्,

અમારી ઈચ્છાથી તે ભક્તને તે સમયને માટે ધારણ કરેલું છે એમ જાણવું.॥ ૧૧૨॥

तात्पर्यार्थः-

અમો પરબ્રહ્મ એક જ છીએ, એ હેતું માટે, અમારા ધર્મભક્તિ સહિત હરિકૃષ્ણ, રઘુવીરકૃષ્ણ, નારાયણમુનિ, સહજાનંદસ્વામી, ઘનશ્યામ મહારાજ, સ્વામિનારાયણ, ઈત્યાદિક જે સ્વરૂપો તેમાં કોઈપણ પ્રકારે ભેદ ન જાણવો. અક્ષરધામમાં સદા દ્વિભુજ પરસ્વરૂપે વિરાજમાન એવા અમોએ અભયરાજાને ચતુર્ભુજરૂપે દર્શન, તથા સમાધિમાં અનેક ભક્તજનોને અષ્ટભુજરૂપે, સહસ્રભુજ રૂપે દર્શન, આપ્યા, તેતો અમારી ઈચ્છાથી તે ભક્તોને માટે તે સમયમાં તેવા સ્વરૂપો ધારણ કરીએ છીએ એમ જાણવું.॥ ૧૧૨ ॥

तस्यैव सर्वथा भक्तिः कर्तव्या मनुजैर्भुवि ।
निःश्रेयसकरं किञ्चित् ततोऽन्यन्नेति दृश्यताम् ॥ ११३ ॥

अन्वयः-'भुवि, मनुजैः, तस्यैव, सर्वथा, भक्तिः कर्तव्या, ततः, अन्यत्, किञ्चित्, निःश्रेयसकरं, न, इति दृश्यताम् ॥ ११३ ॥

व्याख्या-'भुवि पृथिव्याम्,- પૃથ્વીમાં । मनुजैः, મનુષ્યોએ । तस्यैव,- તે અક્ષરધામવાસી દ્વિભુજ પરસ્વરૂપ જે અમો તે અમારી । सर्वथा, કાય,વાણી અને મન વડે । भक्तिः, નવધા ભક્તિ । कर्तव्या,-કરવી. । ततः,-તે અમારી ભક્તિથી । अन्यत्,-બીજું । किञ्चित्,-કોઈપણ સાધન। निःश्रेयसकरम्,- નિશ્ચિતં શ્રેયો નિઃશ્રેયસં મોક્ષઃ કલ્યાણં વા, તત્કરોતીતિ। નિશ્ચયથી મોક્ષ અથવા અભ્યુદયરૂપી કલ્યાણ કરે એવું । न, નથી । इति,એમ । दृश्यताम्, જાણો.॥ ૧૧૩ ॥

तात्पर्यार्थः-

પૃથ્વીમાં મનુષ્યોએ, અક્ષરધામવાસી દ્વિભુજ પરસ્વરૂપ જે અમે, તે અમારી નવધા ભક્તિ,કાય,વાણી અને મન વડે કરવી, કારણ કે અમારી ભક્તિ વિના બીજું કોઈપણ સાધન, નિશ્ચયથી પરમ મોક્ષ અને અભ્યુદય આપે એવું નથી એમ જાણવું.॥ ૧૧૩ ॥

गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत्परं फलम् ।
कृष्णे भक्तिश्च सत्सङ्गोऽन्यथा यान्ति विदोऽप्यधः ॥ ११४ ॥

अन्वयः-'गुणिनां, गुणवत्तायाः,'कृष्णे, भक्तिः, सत्सङ्गश्च,-'इत्येतत्, परं, फलं, ज्ञेयम्, अन्यथा, विदः, अपि, अधः, यान्ति ॥ ११५ ॥

व्याख्या-'गुणिनाम्,-તીક્ષ્ણ બુદ્ધિ આદિ ગુણવાળા મનુષ્યોના । गुणवत्तायाः,ગુણવાનપણાનું । 'कृष्णे,- શ્રીહરિકૃષ્ણે શ્રીસ્વામિનારાયણેમયિ, પરબ્રહ્મ શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ એવા અમારામાં । भक्तिः નવધા ભક્તિ, सत्सङ्गश्च, सतां धर्मशास्त्रपुरुषाणां सङ्गः, सत् જે ધર્મ સત્ જે શાસ્ત્ર

અને સત્ એવા પુરુષો, તેમનો સમાગમ । इत्येतत्, એજ । परं फलं ज्ञेयम् શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ફળ છે એમ જાણવું. । અન્યથા, અમારી ભક્તિ અને સત્સંગ એ બે વિના તો । विदः,- विदन्ति जानन्तीति विदः- गुणिनः,-તીક્ષ્ણ બુદ્ધિ આદિ ગુણવાળા મનુષ્યો પણ । अधः,- मरणोत्तरम् अपकृष्टस्थितिम्,- મર્યા બાદ હલકી સંસૃતિને । यान्ति, પામે છે. । यद्वा विदः इति पञ्चमी, विदः, अपि, અન્યથા, यान्ति, બ્રહ્મવિત્ત એવા વિદ્વાન સત્પરુષોથી વિપરીત ચાલે છે જેથી મોક્ષમાર્ગ મેળવી શકતા નથી.॥ ૧૧૪ ॥

तात्पर्यार्थः-

તીક્ષ્ણબુદ્ધિ આદિ ગુણવાળા મનુષ્યોના ગુણવાનપણાનું 'શ્રી હરિકૃષ્ણ પરમાત્મા જે અમે તે અમારામાં નવધા ભક્તિ, અને સત્ એવો ધર્મ સત્ એવા શાસ્ત્રો સત્ એવા બ્રહ્મવિત્ વિદ્વાન પુરુષ,એમનો સમાગમ કરવો ' એ જ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ફળ છે એમ જાણવું. અમારી ભક્તિ અને સત્સંગ એ વિના તો તીક્ષ્ણ બુદ્ધિ આદિ ગુણવાળા મનુષ્યો પણ, મરણ બાદ હલકી સંસૃતિને પામે છે. અને તેવા જનો આલોકમાં પણ બ્રહ્મવેત્તા વિદ્વાન સત્પુરુષોના વચનમાં વર્તતા નથી, કિન્તુ વિપરીત અવળા ચાલે છે, જેથી મોક્ષ મેળવી શકતા નથી.॥ ૧૧૪ ॥

कृष्णास्तदवताराश्च ध्येयास्तत्प्रतिमाऽपि च ।
न तु जीवा नृदेवाद्या भक्ता ब्रह्मविदोऽपि च ॥ ११५ ॥

અન્વયઃ- 'कृष्णः, तदवताराश्च, ध्येयाः, तत्प्रतिमाः, अपि च, ध्येयाः, नृदेवाद्याः, जीवाः, ब्रह्मविदः, भक्ताः, अपि च, न तु, ध्येयाः ॥ ११५ ॥

વ્યાખ્યા-'कृष्णः, श्रीहरिकृष्णः, श्री स्वामिनारायण પરમાત્મા અક્ષરધામવાસી પરસ્વરૂપ દ્વિભુજ અમે,। तदवताराश्च,- तस्य ममाऽवतारा विभिन्नस्वरूपाऽऽनिर्भावाः, અમારા દિવ્ય દર્શન દેવા નિમિત્તે થયેલા ચતુર્ભુજ અષ્ટભુજ આદિ વિભિન્નરૂપે આવિર્ભાવો ध्येयाः- તે સર્વ સ્વરૂપો ધ્યાન કરવા યોગ્ય છે.તથા । तत्प्रतिमा अपि च, तस्य मम प्रतिमा मूर्तयश्च, તે તે સ્વરૂપોની જે અમારી મૂર્તિઓ, તે પણ । ध्येयाः, ધ્યાન કરવા યોગ્ય છે. । नृदेवाद्याः-પણ મનુષ્ય દેવતા આદિક । जीवाः, જીવો । ब्रह्मविदः, બ્રહ્મવેત્તા એવા, भक्ताः अपि, ભક્તજનો પણ न तु ध्येयाः, ધ્યાન કરવા યોગ્ય નથી. ॥ ૧૧૫ ॥

तात्पर्यार्थः-

શ્રીહરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા અક્ષરધામવાસી પર સ્વરૂપ દ્વિભુજ અમે, તથા અમારા દિવ્ય દર્શન દેવા નિમિત્તે અકસ્માત્ થયેલા ચતુર્ભુજ અષ્ટભુજ સ્વરૂપરૂપી આવિર્ભાવો, તે સર્વે ધ્યાન કરવા યોગ્ય છે, તથા તે તે અમારી દિવ્ય આકૃતિઓની મૂર્તિઓ પણ ધ્યાન કરવા યોગ્ય છે,પણ મનુષ્ય

દેવ આદિ જીવાત્માઓ, તથા પરબ્રહ્મના જાણનારા બ્રહ્મનિષ્ઠ એવા ભક્તજનો તે પણ ધ્યાન કરવા યોગ્ય નથી.॥ ૧૧૫ ॥

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥ ११६ ॥

અન્વયઃ-'देहत्रयविलक्षणं, निजात्मानं, ब्रह्मरूपं, विभाव्य, तेन, सर्वदा, कृष्णस्य, भक्तिः, कर्तव्या ॥ ११६ ॥

વ્યાખ્યા- 'देहत्रयविलक्षणम्,- देहानां त्रयं, तस्माद्विलक्षणम्,- પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ એ પાંચ ભૂતોનું જે સ્થૂળ શરીર, તથા શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના, ઘ્રાણ, વાક્, પાણિ, પાદ, પાયૂ, ઉપસ્થ, પ્રાણ, અપાન, સમાન, વ્યાન, ઉદાન, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ ઓગણીશ તત્વોનું જે સૂક્ષ્મ શરીર, તથા અનાદિ વાસના રૂપ જે કારણશરીર, એ ત્રણ શરીરથી વિલક્ષણ, તેનો પ્રકાશનારો । निजात्मानम्,- निजश्चासावात्मा तं, એવો જે જીવાત્મારૂપી પોતે તેને । ब्रह्मरूपम्, ब्रह्माण अक्षरब्रह्माणः- रूपाणि- धर्माः, साकारस्य सेवकत्वादयः, निराकारस्य मायया निर्लेपत्वादयः, त इव रुपाणि यस्य तम्, બ્રહ્મ જે મૂળ અક્ષરબ્રહ્મ તેના રૂપો જે ધર્મો, સાકાર અક્ષરબ્રહ્મના પરબ્રહ્મ સેવકત્વાદિ ધર્મો, અને નિરાકાર અક્ષરબ્રહ્મના માયાથી નિર્લેપત્વાદિ ધર્મો, તેના સમાન છે ધર્મો જેના એવો । विभाव्य, યથાર્થ જાણીને, । तेन, તેવા સેવકપણું આદિ ધર્મવાળાપણાના યથાર્થ જ્ઞાનવાળા આત્મારૂપી પોતે । सर्वदा, સદાકાળ । कृष्णस्य,- श्रीहरिकृष्णस्य, શ્રી હરિકૃષ્ણ એવા જે અમે તે અમારી । भक्तिः, નવધા ભક્તિ । कर्तव्या,- કરવી.॥ ૧૧૬॥

तात्पर्यार्थः-

પાંચ ભૂતોનું સ્થૂળશરીર, ઓગણીસ તત્ત્વોનું સૂક્ષ્મશરીર અને અનાદી વાસનારૂપ કારણ શરીર, એ ત્રણનો પ્રકાશનારો, અને ત્રણથી વિલક્ષણ એવો જે આત્મારૂપી પોતે, તે પોતાને સાકાર અક્ષરબ્રહ્મના ધર્મ જે સેવકત્વાદિ અને નિરાકાર અક્ષરબ્રહ્મના ધર્મ જે નિર્લેપત્વાદિ, તેવા ધર્મવાળો યથાર્થ જાણીને, તેવા ધર્મવાળાપણાના યથાર્થજ્ઞાન યુકત બ્રહ્મસમાન સ્થિતિ વડે કરીને, પરબ્રહ્મ પરમાત્મા એવા અમે તે અમારી નવધા ભક્તિ સદાકાળ કરવી. ॥ ૧૧૬ ॥

श्रव्यः श्रीमद्भागवतदशमस्कन्ध आदरात् ।
प्रत्यहं वा सकृद्वर्षे वाच्योऽथ पण्डितैः ॥ ११७ ॥

અન્વયઃ- 'श्रीमद्भागवतदशमस्कन्धः, प्रत्यहम्,आदरात्,श्रव्यः, वा वर्षे, सकृत्,श्रव्यः,पण्डितैः, प्रत्यहम्, वाच्यः, वा वर्षे वर्षे, सकृत्, वाच्यः ॥ ११७ ॥

વ્યાખ્યા-' श्रीमद्भागवतदशमस्कन्धः,- શ્રીમદ્ભાગવત જે હરિલીલા

કલ્પતરુ તે દશમસ્કન્ધ પર્યન્ત । પ્રત્યહમ્, પ્રતિદિન । આદરાત્,- અતિશ્રદ્ધાથી । શ્રવ્યઃ,-સાંભળવો । વા- અથવા । વર્ષે, વર્ષમાં । સકૃત્, એકવાર । શ્રવ્યઃ, સાંભળવો । પણ્ડિતૈઃ,- પણ્ડા બુદ્ધિરેષામસ્તીતિ તૈઃ,- સંસ્કૃત ભણેલાએ તો । પ્રત્યહમ્ પ્રતિદિન। વાચ્યઃ,વાંચવો । વા અથવા । વર્ષેવર્ષે,દરેક વર્ષમાં । સકૃત્,એકવાર । વાચ્યઃ,વાંચવો ॥ ૧૧૭ ॥

तात्पर्यार्थः-

ભગવાન શ્રીહરિ જે અમે તે અમારા ચરિત્રમય એવો જે શ્રીહરિ લીલા કલ્પતરુ ગ્રંથ તે દશમસ્કંધપર્યંત પ્રતિદિન અતિશ્રદ્ધાથી યથાશક્તિ યથાસમય સાંભળવો. અથવા વર્ષમાં એકવાર સાંભળવો. અને સંસ્કૃતના ભણેલાઓએ તો પ્રતિદિન તેની કથા કરવી અથવા વર્ષેવર્ષે એકવાર કથા કરવી.॥ ૧૧૭ ॥

कारणीया पुरश्चर्या पुण्यस्थानेऽस्य शक्तिः ।
विष्णुनामसहस्त्रादेश्चाऽपि कार्येप्सितप्रदा ॥ ११८ ॥

અન્વયઃ-'पुण्यस्थाने, ईप्सितप्रदा, अस्य, विष्णुनामसहस्त्रादेश्च, पुरश्चर्या, शक्तितः, कार्या, कारणीया ॥ ११८ ॥

વ્યાખ્યા- 'पुण्यस्थाने,- પુણ્યં ચ તત્સ્થાનં ચ તસ્મિન્, પુણ્યપ્રદ એવા પવિત્ર ભગવન્મંદિરાદિક સ્થળોમાં । ईप्सितप्रदा,- ईप्सितस्य प्रदा,- ઈચ્છેલા પદાર્થોનું આપનાર । अस्य,શ્રીહરિલીલાકલ્પતરુના દશમસ્કંધ પર્યન્તનું અથવા (ટીપ્પણી- 'વિધાનનિધાન' ગ્રંથમાં પુરશ્ચરણરીતિ કહેલી છે, પ્રતિદિન અમુક સંખ્યાક જપ,અમુક સંખ્યાક હોમ,દક્ષિણા,બ્રાહ્મણ સત્પુરુષ ભોજન, ભગવત્પુજા આદિકના સમુદાયરૂપી પુરશ્ચરણ યજ્ઞ કહેવાય છે.) । अस्य-परब्रह्मणः,- પરબ્રહ્મ એવા શ્રીહરિ જે અમે તે અમારા । विष्णुनामसहस्त्रादेः, वेवेष्टीति विष्णुर्व्यापकः, વ્યાપક એવા પરબ્રહ્મ જે અમે તે અમારા સહસ્ત્રનામવાળા 'सर्वमंगल' સ્તોત્રનું તથા। च, જનમંગળનું 'विष्णुनामसहस्त्र' નામનું પ્રસિદ્ધ સ્તોત્ર તેનું । पुरश्चर्या,- पुरः- અગ્રે, पुनः पुनराचरणम्,- વારમવાર એકસો આઠ પાઠ આદિ પાઠયજ્ઞાત્મક પુરશ્ચરણ । शक्तितः,-ધન, શરીર અને સમયની શક્તિ પ્રમાણે । कार्या,-કરવું । कारणिया च,- તથા કરાવવું. ॥ ૧૧૮ ॥

तात्पर्यार्थः-

પુણ્યપ્રદ એવા પવિત્ર દેવમન્દિરાદિ સ્થળોમાં, પોતાના ઈચ્છેલા પદાર્થોનું આપનારું એવું, શ્રીહરિલીલાકલ્પતરુનું દશમસ્કંધ પર્યંતનું પુરશ્ચરણ, તથા શ્રીહરિના સહસ્ત્રનામનું સર્વમંગળ સ્તોત્ર, તથા એકસો આઠ નામનું જનમંગળસ્તોત્ર, વચનામૃત, ભક્તચિંતામણી, વિષ્ણુસહસ્ત્રનામ આદિકનું એકસો આઠ પાઠ કરવા રૂપી પુરશ્ચરણ તે વિધિપૂર્વક ધન, શરીર અને સમયની

શક્તિ પ્રમાણે કરવું કરાવવું.॥ ૧૧૮ ॥

દૈવ્યામાપદિ કષ્ટાયાં માનુષ્યાં વા ગદાદિષુ ।
યથાસ્વપરરક્ષા સ્યાત્ તથા વૃત્યં ન ચાઽન્યથા ॥ ૧૧૯॥

અન્વયઃ-'કષ્ટાયાં, દેવ્યાં, વા માનુષ્યામ્, આપદિ, ગદાદિષુ ચ, સ્વપરરક્ષા, યથા સ્યાત્, તથા વૃત્ત્યમ્, અન્યથા ચ, ન વૃત્યમ્ ॥ ૧૧૯ ॥

વ્યાખ્યા-' કષ્ટાયામ્,- કષ્ટં વિદ્યતેઽસ્યામિતિ કષ્ટા તસ્યામ્-, કષ્ટ જેમાં હોય એવી । દૈવ્યામ્-,દેવસ્યેયં તસ્યામ્,દેવથી થતી અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ આદિ । માનુષ્યાં વા, મનુષ્યસ્યેયં તસ્યામ્, અથવા મનુષ્ય જે રાજા, ચોર આદિથી આવતી એવી। આપદિ,ધન હરણાદિક આપત્તિઓમાં । ગદાદિષુ ચ, તથા રોગ અને શસ્ત્રઘાત આદિક દુઃખના કારણો પ્રાપ્ત થયે સતે । સ્વપરરક્ષા,- સ્વશ્ચ પરે ચ, તેષાં રક્ષા,પોતાની તથા બીજાઓની રક્ષા, યથા સ્યાત્,જે કોઈ પ્રકારથી થાય । તથા,-તે પ્રકારે । વૃત્યમ્,-વર્તવું । અન્યથા ચ,તેથી વિપરીત રીતે તો । ન વૃત્યમ્, ન જ વર્તવું. ॥ ૧૧૯ ॥

તાત્પર્યાર્થઃ-

કષ્ટ દેનારી દેવસંબંધી જે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભૂતગ્રહ પીડા આદિ, અથવા મનુષ્ય જે રાજા ચોર આદિ સંબંધી દ્રવ્યહરણ આદિ, આપત્તિઓ, તે આવે ત્યારે તથા રોગ, શસ્ત્રઘાત આદિ દુઃખના કારણો થયે સતે, પોતાની અને બીજાની રક્ષા જે ઉપાયે જે પ્રકારે થાય તે પ્રકારે વર્તવું, પણ તેથી બીજી રીતે ન વર્તવું.॥ ૧૧૯ ॥

દેશકાલવયોવિત્તજાતિશક્ત્યનુસારતઃ ।
આચારો વ્યવહારશ્ચ નિષ્કૃતં ચાઽવધાર્યતામ્ ॥ ૧૨૦ ॥

અન્વયઃ-'દેશકાલવયોવિત્તજાતિશક્ત્યનુસારતઃ, આચારઃ, વ્યવહારશ્ચ, નિષ્કૃતં ચ, અવધાર્યતામ્ ॥ ૧૨૦ ॥

વ્યાખ્યા-'દેશેતિ, દેશઃ, સારો નરસો દેશ,કાલઃ, સુકાળ દુષ્કાળ વયઃ-બાલ્યાદિ અવસ્થા, વિત્તમ્, સોનુ આદિ દ્રવ્યની સંપતિ જાતિઃ-બ્રાહ્મણત્વ ક્ષત્રિયત્વાદિ, શક્તિશ્ચ શરીરબળ,તાસામનુસારસ્તસ્માત્ તેમને અનુસારે જ। આચારઃ,પ્રાતઃસ્નાનાદિ નિત્ય ક્રિયારૂપ ધર્મ,વ્યવહારઃ, કરજ લેવું દેવું, વ્યાપાર આદિ નિષ્કૃતમ્, પ્રાયશ્ચિત,એ ત્રણવાનાં અવધાર્યતામ્, જાણવા ॥ ૧૨૦ ॥

તાત્પર્યાર્થઃ-

સારો નરસો દેશ-પરદેશ, સુકાળ દુષ્કાળ સમય, બાલ્યાદિવસ્થાઓ, દ્રવ્ય આદિક સંપત્તિ, બ્રાહ્મણાત્વાદિ જાતિ, શારીરબળ એ છને અનુસરીને જ 'આચાર જે પાળવાના ધર્મો, વ્યવહાર જે જીવિકા વાસ્તે વ્યાપારો, પ્રાયશ્ચિત જે દંડ,

તેમના નિર્ણયો જાણવા.'॥ ૧૨૦ ॥

मतं विशिष्टाद्वैतं मे गोलोको धाम चेप्सितम् ।
तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च गम्यताम् ॥ १२१ ॥

અન્વયઃ-'विशिष्टाद्वैतं, मे, मतम्, गोलोको, धाम च, मे, ईप्सितम्, तत्र ब्रह्मात्माना, कृष्णसेवा, मुक्तिश्च, गम्यताम् ॥ १२१ ॥

વ્યાખ્યા-'विशिष्टाऽद्वैतम्, द्वयोर्भावो द्विता બેનો જે ભાવ-ભેદ તે દ્વિતા કહેવાય,દ્વિતા એજ દ્વૈત કહેવાય,न द्वैतम् બે નહિ તો અદ્વૈત અભેદ કહેવાય,विशिष्टस्य परब्रह्मणो मम- अद्वैतम्,જડ જે માયા આદિ ચોવિશ તત્વો, અને ચેતન જે જીવ ઈશ્વર મુક્ત બ્રહ્મ એવા તત્વો, તે રૂપી જે શરીરો, તે શરીરોથી વિશિષ્ટ યુકત શરીરીજે પરમાત્મા અમે, તો અમારું જે । अद्वैतम्- सजातीयाऽन्यशून्यत्वम्, અમારા સજાતીય સમાન કે અધિક કોઈ નથી, એવું એકપણું. આ મે,અમારો मतम्, सिद्धान्तोऽस्ति, સિદ્ધાંત છે. । 'सर्वं खल्विदं ब्रह्म,આ બધું બ્રહ્મ છે, 'एकमेवाऽद्वितीयं ब्रह्म नेह नानाऽस्ति किञ्चन' એક જ અદ્વૈત બ્રહ્મ છે, બીજું દેખાતું નાના પ્રકારનું તે કાંઈપણ નથી વળી, નિત્યો નિત્યાનામ,'अजामेकाम्-,ઈત્યાદિક શ્રુતિઓમાં જીવ નિત્ય છે માયાપણ નિત્ય છે, એમ કહેલ છે, તે સર્વેને એક કરીને શંકરાચાર્યે કેવલ અદ્વૈત, વલ્લભાચાર્યે શુદ્ધાદ્વૈત,નિમ્બાર્કાચાર્યે દ્વૈતાદ્વૈત, માધ્વાચાર્યે દ્વૈત અને શ્રીસ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારો વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત છે, રામાનુજાચાર્યે પણ તે સિદ્ધાંત સ્વીકાર્યો છે, "પરમાત્મા એક જ અદ્વિતીય છે, તે પરમાત્માના શરીર વિના સ્વતંત્રપણે બીજી કોઈપણ વસ્તુ જ નથી, સર્વ જડ ચેતન શરીર વિશિષ્ટ શરીરી પરમાત્મા એક જ છે." આવા આ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતમાં માયા,આત્માઓ એ સર્વે તત્વો નિત્ય છે એમ કહેનારી શ્રુતિઓના અર્થનો પણ નિર્વાહ થયો, અને પરમાત્મા વિના એટલે વિશિષ્ટ પરમાત્મા વિના બીજું કાંઈ સ્વતંત્ર છે જ નહિ એ પ્રમાણે 'एकमेवाऽद्वितीयम्' એ શ્રુતિનો અર્થ પણ સુસંગત થયો. જડ અને ચેતન સર્વે પરમાત્માનું શરીર છે એમ 'બૃહદારણ્યક ઉપનિષદના ત્રીજા અધ્યાયના સાતમા બ્રાહ્મણમાં' 'यस्य पृथिवी शरीरंથી આરંભીને यस्य सर्वाणि भूतानि शरीरम् આદિ વર્ણન કરતાં થકા यस्य रेतः शरीरम्' પર્યન્ત ત્રેવીસ મંત્રોમાં વર્ણન કર્યું છે. બીજા 'અદ્વૈત' આદિ મતોમાં માયા આદિ સર્વે તત્વો સ્વરૂપ સ્વભાવથી સુરક્ષિત બચે અને એક અદ્વિતીય પરમાત્મા પણ સિદ્ધ થાય તેવો માર્ગ છે નહિ, માટે તેવા મતો દૂષિત છે. । गोलोको धाम च, गोभिः किरणैःलोक्यते, गवां किरणानां वा लोकः- गोलोकः, કિરણો વડે પ્રકાશે જે, અથવા કિરણોનો જ લોક તે ગોલોક કહેવાય, ગોલોક એટલે નિરતિશય દિપ્તિયુક્ત

અપ્રાકૃત એવો લોક બ્રહ્મલોક. શ્રુતિ પણ એમ કહે છે, 'यत्र गावो भूरिशृङ्गा अयासः, अत्राह तदुरुगायस्य वृष्णः परमं पदमवभाति भूरि'-યત્ર, જેમાં गावः રશ્મયઃ, કિરણો, भूरिशृङ्गाः -अत्यन्तोन्नताः-જેનો અંત નથી એટલા આગળ વધેલા,अयासः- अतिविस्तारवाળા છે, अत्रह આવા બ્રહ્મલોકમાં उरुगायस्य અનેક યોગી મુક્તોએ ગાન કરેલા એવા,वृष्णः મનોરથોના વરસાવનારા પૂરનારા પરમાત્માનું તે,परमं पदम्,બદરિકાશ્રમ,શ્વેતદ્વિપ,વૈકુંઠ,ગૌલોક આદિ સર્વધામો કરતાં ઉત્કૃષ્ટ શ્રેષ્ઠ એવું સ્થા, भूरि-જેની સીમા નથી, એવું અવભાતિ સ્વયં પ્રકાશે છે,તેવું એ અક્ષરધામ। મે, ईप्सितम्,- અમોને વ્હાલું છે. । તત્ર, તે ધામને વિષે । બ્રહ્માત્મના, બ્રહ્મણ આત્મા સ્વરૂપમિવ આત્મા સ્વરૂપં યસ્ય તેન, પરમાત્મા જે અમે તે અમારી આકૃતિ(રૂપ) સમાન છે આકૃતિ જેની, તથા અક્ષરબ્રહ્મમાં જે સેવકત્વ ધર્મ,તે સેવકપણું છે જેને એવો બ્રહ્મભાવને પામેલો જે આત્મા તે રૂપે કરીને। कृष्णसेवा श्रीहरिकृष्णस्य मम सेवा, શ્રી હરિકૃષ્ણ પરમાત્મા જે અમે તે અમારી સેવા પરિચર્યા કરવી તે, અમારી ઈચ્છૈક પ્રવણિકેચ્છા દ્વારા સર્વથા વર્તવું તે । मुक्तिश्च,મુક્તિ છે એમ જાણો॥ ૧૨૧ ॥

तात्पर्यार्थः-

જડ જે માયાદિ ચોવીશ તત્વ, અને જીવ,ઈશ્વર,મુક્ત, બ્રહ્મ અને ચેતનત્વ, એ સર્વે જે શરીરો,તેમનાથી વિશિષ્ટ યુક્ત શરીરી પરમાત્મા અમે, "સજાતીય સમાન કે અધિક નથી જેને"એવા છીએ,આવા અર્થનું પ્રતિપાદન કરનારો વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત અમારો મત છે. તથા કિરણોની નિરતિશય દીપ્તિ યુક્ત એવો અપ્રાકૃત જે લોક- બ્રહ્મલોક- અક્ષરધામ, તે અમારુ ઈષ્ટધામ છે. તથા તે અક્ષરધામનો વિષે રહીને, પરબ્રહ્મ જે અમે તે અમારી આકૃતિસમાન આકૃતિવાળા, અને અક્ષરબ્રહ્મવૃત્તિ સેવકપણાની સમાન, સેવકવૃત્તિવાળાપણા રૂપ જે બ્રહ્માત્વભાવ, તેણે કરીને, શ્રીહરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારી ઈચ્છાને સર્વથા અનુસરનારી ઈચ્છાથી પરિચર્યા જે સેવા કરવી, તે મુક્તિ છે, એમ જાણવું.॥ ૧૨૧ ॥

(ટીપ્પણી- પરમાત્મા અને ભક્ત એ બન્નેની ઈચ્છા એક વિષયક જ હોવાથી, તથા 'પરમાત્માની ઈચ્છા એ આપણી ઈચ્છા' એવો દૃઢ નિશ્ચય હોવાથી, અન્યાધિન ઈચ્છાજન્ય દુઃખરૂપી દોષ આવતો નથી.)

एते साधारणा धर्माः पुंसां स्त्रीणां च सर्वतः ।
मदाश्रितानां कथिता विशेषानथ कीर्तये ॥ १२२ ॥

અન્વયઃ- 'मदाश्रितानां, सर्वतः, पुंसां, स्त्रीणां च, एते, साधारणाः, धर्माः, कथिताः, अथ, विशेषान्, कीर्तये ॥ ११२ ॥

વ્યાખ્યા-'मदाश्रितानाम्, मम परब्रह्मणः परमात्मनो भक्त्या विशेषत आश्रितास्तेषाम्, પરબ્રહ્મ પરમાત્મા એવા જે અમો તે અમારો વિશેષ ભક્તિ વડે આશ્રય કરેલા । सर्वतः, सर्वेषाम् सर्वे। પુંસામ્, પુરુષોના તથા सर्वासां स्त्रीणां च, સર્વ સ્ત્રીઓના। एते,અહિંસાથી આરંભીને અહીં મુક્તિ સુધી વર્ણવેલા । साधारणा धर्माः,સામાન્ય એવા ધર્મો । कथिताः, કહ્યા અથ હવે । विशेषान्,-સર્વ સ્ત્રી પુરુષોના અસાધારણ એવા ધર્મો । कीर्तये કહીએ છીએ.॥ ૧૨૨ ॥

तात्पर्यार्थः-

પરબ્રહ્મ પરમાત્મા એવા જે અમે તે અમારો, વિશેષ ભક્તિ વડે આશ્રય કરેલા જે સર્વ સ્ત્રી તથા પુરુષો, તેમના 'અહિંસાથી આરંભીને સેવામુક્તિ પર્યંત' સામાન્ય ધર્મો કહ્યા, હવે પછી તે સર્વ સ્ત્રી પુરુષોના વિશેષધર્મો કહીએ છીએ.॥ ૧૨૨ ॥

आचार्यना विशेषधर्मः

मज्ज्येष्ठावरजभ्रातृसुताभ्यां तु कदाचन ।
स्वासन्नसम्बन्धहीना नोपदेश्या हि योषितः ॥ १२३ ॥
न स्प्रष्टव्याश्च ताः क्वापि भाषणीयाश्च ता नहि ।
क्रौर्यं कार्यं न कस्मिंश्चिन्न्यासो रक्ष्यो न कस्यचित ॥ १२४ ॥

अन्वयः-'मज्ज्येष्ठावरजभ्रातृसुताभ्यां,तु,कदाचन्, स्वासन्नसम्बन्ध हीनाः, योषितः, न, उपदेश्याः, हि, च ताः, क्वापि, न स्प्रष्टव्यां, च ताः, नहि भाषणीयाः, कस्मिंश्चित्, क्रौर्य न, कार्यम्, कस्यचित्, न्यासो, न रक्ष्यः ॥ १२३ ॥ १२४ ॥

વ્યાખ્યા- 'मज्ज्येष्ठाऽवरजभ्रातृसुताभ्यां तु,मम જયેષ્ઠાऽવરજયોર્ભ્રાત્રોઃ સુતાભ્યાં તુ,-અમારા મોટાભાઈ રામપ્રતાપજીના તથા નાનાભાઈ ઈચ્છારામજીના પુત્ર જે અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી આચાર્ય તેમણે તો । कदाचन, ક્યારેય પણ । स्वासन्नसम्बन्धहीनाः, स्वयोरासन्नेन सम्बन्धेन हीनाः,પોતાના નિકટ સગાપણાના સંબંધરહિત, અર્થાત્ જેમના મરવાથી સૂતક લાગે તે સમીપ સંબંધવાળા કહેવાય, તે વિનાના દૂર સંબંધવાળી અને અસંબંધવાળી એવી। योषितः, સ્ત્રીઓને । न उपदेश्याहि,'श्री' અક્ષરથી શરૂ થતાં અષ્ટાક્ષરમંત્રનો ઉપદેશ તથા અન્ય ઉપદેશ કરવો નહિ। च, અને । ताः, તે દૂર સંબંધવાળી કે અસંબંધવાળી એવી સ્ત્રીઓનો। क्वापि, ક્યારેય પણ । न स्प्रष्टव्याः, સ્પર્શ ન કરવો.। च,-અને । ताः,તે દૂર સંબંધવાળી કે અસંબંધવાળી સ્ત્રીઓ સાથે નહિભાષણિયાઃ, ન બોલવું.। कस्मिंश्चित्,તથા કોઈપણ પ્રાણીને વિષે। क्रौर्यम्, નિર્દયપણું,ન कार्यम्,-ન કરવું તથા कस्यचित्,કોઈની પણ । न्यासः,-न्यस्यते स्म,થાપણ । न रक्ष्यः, ન રાખવી. ॥ ૧૨૪ ॥

तात्पर्यार्थः-

અમારા મોટાભાઈ રામપ્રતાપજીના પુત્ર અયોધ્યાપ્રસાદજી આચાર્ય, તથા નાનાભાઈ ઈચ્છારામજીના પુત્ર રઘુવીરજી આચાર્ય, તથા તે ગાદીની પરંપરામાં બેઠેલા આચાર્યો, તેમણે તો ક્યારેય પણ 'જેના મરવાથી સૂતક લાગે' એવા સમીપ સંબંધવિનાની જે દૂર સંબંધવાળી અથવા અસંબંધવાળી સ્ત્રીઓ,તેમને 'શ્રી' અક્ષરથી આરંભ થતાં અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ તથા અન્ય પણ ઉપદેશ કરવો નહિ, તથા તે સ્ત્રીઓનો ક્યારેય પણ સ્પર્શ કરવો નહિ, તથા તે સ્ત્રીઓ સાથે ક્યારેય પણ બોલવું નહિ, તથા કોઈપણ પ્રાણીને વિષે નિર્દયપણું કરવું નહિ,તથા કોઈની પણ થાપણ રાખવી નહિ.॥ ૧૨૪ ॥

प्रतिभूत्वं न कस्याऽपि कार्यं च व्यावहारिके ।
भिक्षयाऽऽपदतिक्रम्या न तु कार्यमृणं क्वचित् ॥ १२५ ॥

अन्वयः-'व्यावहारिके, कस्य, अपि, प्रतिभूत्वं, च, न, कार्यम्, क्वचित्, भिक्षया, आपत्, अतिक्रम्या, ऋणं, तु न, कार्यम् ॥ १२५ ॥

व्याख्या- 'व्यावहारिके, ખરીદવું વેચવું લેવડ દેવડ આદિ વ્યવહારમાં । कस्यापि, સ્વકીય અથવા પરકીય એવા કોઈપણ મનુષ્યનું । प्रतिभूत्वम्, प्रति-प्रतिनिधिर्भवतीति तस्य भावः,प्रतिनिधिપણું જમાનગરુ च न कार्यम्,-પણ ન કરવું. । क्वचित्,ધન ધાન્યનો નાશરૂપી આપત્કાળ આવી પડે તે સમયે તો । भिक्षया, નિત્ય યાચનારૂપ ભિક્ષાવૃત્તિએ કરીને । आपत्, આપત્કાળ । अतिक्रम्या,ઉલ્લંઘવો ઋણં તુ,પણ કરજ તો ન कार्यम्, ન કરવું. ॥ ૧૨૫ ॥

तात्पर्यार्थः-

તે આચાર્ય તેમણે, 'ખરીદવું વેચવું લેવડ-દેવડ, આદિ વ્યવહારમાં સ્વકીય અથવા પરકીય એવા કોઈપણ મનુષ્યનું જમાનગરું ન જ કરવું, તથા ધન ધાન્યાદિકના નાશરૂપી આપત્કાળના સમયમાં તો નિત્ય ભિક્ષારૂપી બ્રાહ્મણવૃત્તિએ કરીને વર્તવું,પણ કોઈનું કરજ તો ન જ કરવું.॥ ૧૨૫ ॥

स्वशिष्यार्पितधान्यस्य कर्तव्यो विक्रयो न च ।
जीर्णं दत्त्वा नवीनं तु ग्राह्यं तन्नेष विक्रयः ॥ १२६ ॥

अन्वयः- 'स्वशिष्यार्पितधान्यस्य, विक्रयः, न च कर्तव्यः, जीर्णदत्त्वा, नवीनं तु, ग्राह्यम्, एषः, न विक्रयः ॥ १२६ ॥

व्याख्या- 'स्वशिष्यार्पितधान्यस्य, स्वस्य शिष्यैरर्पितस्य धान्यस्य, પોતાના શિષ્યોએ અર્પણ કરેલ જે ધાન્ય આદિક તેનું । विक्रयः,- વેચાણ । न कर्तव्यः,ન કરવું. जीर्णम्, ગત વર્ષનું સંચિત એવું જુનું અન્ન। दत्त्वा દઈને । नवीनं तु,નવું ધાન્ય તો । ग्राह्यम्, લેવું। एषः,આ લેવડ-દેવડને । न विक्रयः, વેચવારૂપી દોષ

કહેવાતો નથી. ॥ ૧૨૬ ॥

तात्पर्यार्थः-

પોતાના શિષ્યોએ અર્પણ કરેલ જે અન્ન, તે અધિક હોય તો પણ તેને વેચવું નહિ,પણ ગતવર્ષના સંચિત એવા જુના અન્નને આપીને નવું ધાન્યાદિ લેવું તે અદલા-બદલાને વેચાણરૂપી દોષ કહેવાતો નથી.'॥ ૧૨૬ ॥

भाद्रशुक्लचतुर्थ्यां च कार्यं विघ्नेशपूजनम् ।
इषकृष्णचतुर्दस्या कार्याऽर्चा च हनुमतः ॥ १२७ ॥

अन्वयः- ' भाद्रशुक्लतीर्थ्यां च, विघ्नेशपूजनं, कार्यम्, इषकृष्णचतुर्दश्यां च, हनुमतः, अर्चा, कार्या ॥ १२७ ॥

व्याख्या- ' भाद्रशुक्लचतुर्थ्यां च, भाद्रस्य शुक्लस्य चतुर्थी तस्याम्, ભાદ્રમાસના શુક્લ પક્ષની સિદ્ધિવિનાયક ચોથ તિથીરૂપી ગણપતિના જન્મને દિવસે। विघ्नेशपूजनम्, विघ्नेशस्य पूजनम्,ગણપતિની પૂજા, સિંદુર દુર્વાકુર મોદક નિવેદન આદિ વડે કરીને। कर्तव्यम्, કરવી इषकृष्णचतुर्दश्याम्, इषस्य कृष्णस्य चतुर्दश्याम्, આસોમાસના કૃષ્ણપક્ષની ચતુર્દશી હનુમાનના જન્મ દિવસે । हनुमतः,હનુમાનજીની । अर्चा, તેલ સિંદુર આંકડાના પુષ્પ આદિ વડે કરીને પૂજા। कार्या,કરવી. । तयोः परमात्मनो मम सात्विकशरीरत्वेन पूज्यता समुचिता,તે બન્નેની પૂજ્યતા, પરમાત્મા એવા અમે તે અમારા શરીર છે એવી ભાવનાથી યોગ્ય છે. ॥ ૧૨૭ ॥

तात्पर्यार्थः-

ભાદરવામાસના શુક્લપક્ષની સિદ્ધિવિનાયક ચોથને દિવસે,ગણપતિ, જન્મોત્સવ નિમિત્તે સિંદુર, શ્વેત દુર્વાકુર, મોદક, આદિ વડે કરીને ગણપતિની પૂજા કરવી,તથા આસોમાસના કૃષ્ણપક્ષની ચતુર્દશીને દિવસે હનુમત્-જન્મોત્સવનિમિત્તિ- તેલ, સિંદુર,અર્કપુષ્પ, આદિ વડે કરીને, હનુમાનજીની પૂજા કરવી. તે ગણપતિ અને હનુમાનજી અમારા શરીર છે, તેમાં અમો રહ્યા છીએ, એવી ભાવનાથી પૂજવા.॥ ૧૨૭॥

मदाश्रितानां सर्वेषां दर्मरक्षणहेतवे ।
गुरुत्वे स्थापिताभ्यां च ताभ्यां दीक्ष्या मुमुक्षवः ॥ १२८ ॥

अन्वयः- 'च, सर्वेषां, मदाश्रितानां, धर्मरक्षणहेतवे, गुरुत्वे, स्थापिताभ्यां, ताभ्यां, मुमुक्षवः, दीक्ष्याः ॥ १२८ ॥

व्याख्या- 'च, અને । सर्वेषाम्,સર્વ એવા । मदाश्रितानाम्,-ભક્તિ વડે વિશેષપણે અમારા આશ્રયના કરનારા પુરુષો તથા સ્ત્રીઓના। धर्मरक्षणहेतवे, धर्मस्य रक्षणमेव हेतुरर्थस्तस्मै, ભક્તિ સહિત પોતપોતાના વર્ણાશ્રમના ધર્મોના

રક્ષણરૂપ પ્રયોજન માટે। ગુરુત્વેાઆચાર્યપણે । સ્થાપિતાભ્યામ્, સ્થાપન કરેલા એવા । તાભ્યામ્,તે બન્ને ગાદીના આચાર્યોએ । મુમુક્ષવઃ,સ્વશરણાગત, સંસારથી મુક્તિ મળવાની ઈચ્છાવાળા ચારે વર્ણના મનુષ્યોને। દીક્ષ્યાઃ,અધિકાર પ્રમાણે 'શ્રી'અથવા 'બ્ર'અક્ષરથી શરુ થતાં અષ્ટાક્ષર મંત્ર આદિક દીક્ષાદાન કરવું. ॥ ૧૨૮ ॥

તાત્પર્યાર્થઃ-

ભક્તિ વડે વિશેષપણે અમારો આશ્રય કરનારા એવા સર્વ પુરુષો તથા સ્ત્રીઓના ભક્તિ સહિત વર્ણાશ્રમધર્મોના રક્ષણ માટે, આચાર્યપણાને વિષે સ્થાપન કરેલા એવા તે બન્ને આચાર્યો, તેમણે સ્વશરણાગત અને સંસૃતિથી મોક્ષ ઈચ્છાવાળા એવા ચારે વર્ણના મનુષ્યોને અધિકાર પ્રમાણે અથવા અક્ષરથી શરુ થતા અષ્ટાક્ષર મંત્ર આદિકની દીક્ષા આપવી.॥ ૧૨૮ ॥

યથાધિકારં સંસ્થાપ્યાઃ સ્વે સ્વે ધર્મે નિજાશ્રિતાઃ।
માન્યાઃ સન્તશ્ચ કર્તવ્યઃ સચ્છાસ્ત્રાભ્યાસ આદરાત ॥ ૧૨૯ ॥

અન્વયઃ-'(તાભ્યાં) નિજાશ્રિતાઃ, સ્વે સ્વે ધર્મે, યથાધિકારં, સંસ્થાપ્યાં, સન્તશ્ચ, માન્યાઃ, સચ્છાસ્ત્રાભ્યાસઃ, આદરાત્ કર્તવ્યઃ ॥ ૧૨૯ ॥

વ્યાખ્યા '(તાભ્યામ્), તે બન્ને આચાર્યોએ। નિજાશ્રિતાઃ,- નિજાશ્ચ ત આશ્રિતાઃ,આત્મીય એવા આશ્રિત મનુષ્યોને । સ્વે સ્વે ધર્મે,- પોતપોતાના ધર્મને વિષે। યથાધિકારમ્,તેના તેના અધિકાર પ્રમાણે । સંસ્થાપ્યાઃ, નિયમમાં રાખવા. । સન્તશ્ચ,-તથા પરબ્રહ્મ એવા અમે તે અમારા ભક્ત જે સાધુજનો તેમને । માન્યાઃ,યથોચિત પૂજવા માનવા । સચ્છાસ્ત્રાભ્યાસઃ,-તથા સત્શાસ્ત્રો પૂર્વ કહ્યા જે વચનામૃતરૂપી વેદો આદિક તેમનો અભ્યાસ । આદરામ્,-અતિ આદરથી । કર્તવ્યઃ,કરવો. ॥ ૧૨૯ ॥

તાત્પર્યાર્થઃ-

તે બન્ને આચાર્યોએ, પોતાના આશ્રિત મનુષ્યોને પોત પોતાના ધર્મને વિષે તેના અધિકાર પ્રમાણે નિયમમાં રાખવા તથા પરબ્રહ્મ એવા અમો તે અમારા ભક્ત જે સાધુજનો તેમને યથોચિત આદરથી પૂજવા માનવા, તથા સત્શાસ્ત્રો જે વચનામૃતરૂપી વેદો આદિ પૂર્વે કહ્યા છે તેમનો અભ્યાસ ઘણા આદરથકી કરવો.॥ ૧૨૯ ॥

મયા પ્રતિષ્ઠાપિતાનાં મન્દિરેષુ મહત્સુ ચ ।
લક્ષ્મીનારાયણાદીનાં સેવા કાર્યા યથાવિધિ ॥ ૧૩૦ ॥

અન્વયઃ-'(તાભ્યાં), મહત્સુ ચ મન્દિરેષુ, મયા પ્રતિષ્ઠાપિતાનાં, લક્ષ્મીનારાયણાદીનાં, સેવા, યથાવિધિ, કાર્યા ॥ ૧૩૦ ॥

વ્યાખ્યા-'(તાભ્યામ્),તે બન્ને આચાર્યોએ। મહત્સુ ચ,શિખરબંધ તથા નાના એવા । મન્દિરેષુ,મંદિરોમાં। મયા,અમોએ પોતે જ। પ્રતિષ્ઠાપિતાનામ્,-પ્રતિષ્ઠાપ્યન્તે સ્મ તેષામ્, વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરેલા । લક્ષ્મીનારાયણાદીનામ્, લક્ષ્મ રક્ષણચિહ્નમ્ અસ્ત્યસ્યેતિ લક્ષ્મી ધર્મશ્ચ, એતિ પરમાત્માનમિતિ-ઇઃ, ભક્તિશ્ચ, નરાણામાત્મનાં સમૂહો નારં, તદયનં યસ્ય સઃ પરમાત્મા શ્રીહરિકૃષ્ણોઽહં ચ, ત આદયો યેષાન્તે તેષામ્, રક્ષણકર્તૃત્વલક્ષણવાળા જે ધર્મપિતા, તથા શ્રીહરિની પ્રાપ્તિ કરાવનારા જે ભક્તિમાતા, તથા આત્માના સમૂહમાં છે સ્થાન જેમનું એવા ઘનશ્યામ,વાસુદેવ, નારાયણમુનિ, આદિસ્વરૂપો અથવા લક્ષ્મ્યા સહિતો નારાયણસ્તદાદીનામ્, લક્ષ્મીનારાયણ,રાધાકૃષ્ણ, ગોપીનાથજી, આદિક સ્વરૂપો તેમની । સેવા, પ્રેમ્ણા પરિચર્યા, સ્નેહથી જે પૂજા,તે । યથાવિધિ, શતાનંદ સ્વામીએ કહેલા તથા વિઠ્ઠલનાથજીએ કહેલા વિધિને અનુસારે । કાર્યા,-કરવી.॥ ૧૩૦ ॥

તાત્પર્યાર્થઃ-

અને તે બન્ને આચાર્યોએ, શિખરબંધ તથા નાના એવા મંદિરોમાં અમોએ પોતે જ વૈદિક વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરેલા ધર્મભક્તિ હરિકૃષ્ણ, વાસુદેવનારાયણ, ઘનશ્યામ મહારાજ, નારાયણમુનિ,લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ,ગોપીનાથજી, નરનારાયણ, આદિક સ્વરૂપો, તેમની સ્નેહપૂર્વક પરિચર્યા સેવા, તે શતાનંદ સ્વામીએ તથા વિઠ્ઠલનાથજીએ કહેલા વિધિને અનુસારે કરવી.॥ ૧૩૦ ॥

ભગવન્મન્દિરં પ્રાપ્તો યોઽન્નાર્થી કોઽપિ માનવઃ।
આદરાત્ સ તુ સંભાવ્યો દાનેનાઽન્નસ્ય શક્તિતઃ ॥ ૧૩૧ ॥

અન્વયઃ- '(તાભ્યાં), યઃ કોઽપિ, માનવઃ, અન્નાર્થી, ભગવન્મન્દિરં, પ્રાપ્તઃ, સ તુ, શક્તિતઃ, અન્નસ્ય, દાનેન, આદરાત્, સંભાવ્યઃ ॥ ૧૩૧ ॥

વ્યાખ્યા-'(તાભ્યામ્), તે આચાર્યોએ । યઃ કોઽપિ, જ્ઞાત અજ્ઞાત વા જે કોઈ । માનવઃ મનુષ્ય। અન્નાર્થી સન્, અન્ન માત્ર છે પ્રયોજન જેને એવો ભૂખ્યો સતો । ભગવન્મન્દીરમ્, ભગવતો મમ મન્દિરમ્,-પરમાત્મા એવા જે અમે તે અમારા મંદિર પ્રતિ । પ્રાપ્તઃ,-આવેલ હોય તો સ તુ,તે અન્નાર્થી મનુષ્યને । શક્તિતઃ યથા શક્તિ । અન્નસ્ય,પક્વઅપક્વ વા અન્નના । દાનેન, દેવા પડે કરીને આદરાત્,-આદરથી । સંભાવ્યઃ,-સત્કાર્યઃ સત્કાર કરવો.॥ ૧૩૧ ॥

તાત્પર્યાર્થઃ-

પરિચિત કે અપરિચિત એવો કોઈપણ મનુષ્ય ભૂખ્યો થકો અન્ન માટે, પરમાત્મા જે અમે તે અમારા મંદિર પ્રતિ આવ્યો હોય, તે અન્નાર્થી મનુષ્યને યથાશક્તિ કાચું વા પાકું અન્ન આપવું આદિ વડે કરીને આદરથી તેની સંભાળ

લેવી.॥ ૧૩૧ ॥

संस्थाप्य विप्रं विद्वांसं पाठशालां विधाप्य च ।
प्रवर्तनीया सद्विद्या भुवि यत् सुकृतं महत् ॥ १३२ ॥

અન્વયઃ'(ताभ्याम्), પાઠશાલાં વિધાપ્ય, વિપ્રં વિદ્વાંસં ચ, સંસ્થાપ્ય, ભુવિ, સદ્વિદ્યા, પ્રવર્તનીયા, યત્ મહત્, સુકૃતં(भवति) ॥ ૧૩૨ ॥

વ્યાખ્યા-'(ताभ्याम्), તે આચાર્યોએ પાઠશાલામ્,સંસ્કૃત વિદ્યા આદિની પાઠશાળાઓ । વિધાપ્ય કરાવીને । વિપ્રમ્,- वाति सर्वविद्यास्वितिवः परमात्मा, तं प्राति पाठे पूरयतीति विप्रस्तम्, यद्वा- विप्रातीति विप्रस्तम्, 'સર્વ વિદ્યાઓમાં તત્વરૂપે રહેનારા એવા પરબ્રહ્મ પરમાત્માને પાઠમાં પૂર્ણરીતે ભણાવનારા એવા । विद्वांसम्,સદ્ વિદ્વાનોને । संस्थाप्य च, યથોચિત વૃતિદાન પૂર્વક રાખીને । भूवि પૃથ્વીમાં મનુષ્યોમાં । सद्विद्या,- सती चासौ विद्या सतां वा विद्या, પરમાત્મા તથા તેની પ્રાપ્તિના સાધનોને નિરૂપણ કરતી એવી સદ્વિદ્યાઓ અથવા સત્પુરુષોની જે બ્રહ્મવિદ્યાઓ તે । प्रवर्तनीया, પ્રવર્તાવવી। यत्,જે સદ્વિદ્યાનું પ્રવર્તાવવું તેથી । महत् ઘણું અખૂટ એવું । सुकृतं भवति, પુણ્ય થાય છે. ॥ ૧૩૨ ॥

तात्पर्यार्थः-

તે આચાર્યોએ, સંસ્કૃત વિદ્યા તથા કલાઓ આદિકની પાઠશાળાઓ કરાવીને, સર્વ વિદ્યાઓના તત્વ એવા પરમાત્મા જે અમો, તે અમારું પાઠમાં બીજ લાવનારા એવા સારા વિદ્વાનોને યથોચિત વૃત્તિદાનપૂર્વક રાખીને, પૃથ્વી પર મનુષ્યોમાં,પરમાત્મા એવા અમારું તથા અમારી પ્રાપ્તિના સાધનોનું નિરૂપણ, કરતી એવી સદ્વિદ્યાઓ તથા સત્પુરુષોની જે બ્રહ્મવિદ્યાઓ,તે પ્રવર્તાવવી કારણ કે સદ્વિદ્યાઓનું પ્રવર્તાવવું તેને અખૂટ પુણ્ય કહ્યું છે.॥ ૧૩૨ ॥

अथैतयोस्तु भार्याभ्यामाज्ञया पत्युरात्मनः ।
कृष्णमन्त्रोपदेशश्च कर्तव्यः स्त्रीभ्य एव हि ॥ १३३ ॥

અન્વયઃ- 'अथ च, तयोः, भार्याभ्यां तु आत्मनः, प्रत्युः, आज्ञया, स्त्रीभ्यः, एव हि, कृष्णमन्त्रोपदेशः, कर्तव्यः ॥ ૧૩૩ ॥

વ્યાખ્યા- 'अथ च, અને હવે । एतयोः, એ બન્ને આચાર્યોની । भार्याभ्यां तु, પત્નીઓએ તો । आत्मनः, પોતપોતાના । पत्युः, પતિની । । आज्ञया આજ્ઞાયે કરીને । स्त्रीभ्य एव हि,શરણાગત મુમુક્ષુ એવી સ્ત્રીઓને જ । कृष्णमन्त्रोपदेशः, श्रीहरिकृष्णस्य मम मन्त्राणामुपदेशः, શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારા અષ્ટાક્ષરાદિ મંત્રોનો ઉપદેશ । कर्तव्यः, કરવો. ॥ ૧૩૩ ॥

તાત્પર્યાર્થઃ-

અને તે બન્ને આચાર્યોની ધર્મ પત્નિઓએ તો પોતપોતાના પતિની આજ્ઞાયે કરીને, શરણાગત મુમુક્ષુ સ્ત્રીઓને જ અધિકાર પ્રમાણે, શ્રી હરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારા અષ્ટાક્ષરાદિ નામ મંત્રોનો ઉપદેશ કરવો.॥ ૧૩૩ ॥

स्वासन्नसम्बन्धहीना नरास्ताभ्यां तु कर्हिचित्।
न स्प्रष्टव्या न भाष्याश्च तेभ्योदर्श्यं मुखं न च ॥ १३४ ॥

અન્વયઃ- 'ताभ्यां तु, स्वासन्नसम्बन्धहीनाः, नराः, कर्हिचित्, न, स्प्रष्टव्याः, न च भाष्याः, तेभ्यः, मुखं, न च दर्श्यम् ॥ १३४ ॥

વ્યાખ્યા-'ताभ्यां तु, તે બન્ને આચાર્ય પત્નિઓએ તો। स्वासन्न सम्बन्धहीनाः, स्वयोः, आसन्नेन सम्बन्धेन हीनाः, પોતપોતાના 'જેના મરણથી સૂતક લાગે' એવા સમીપ સંબંધથી રહિત,દૂર સંબંધવાળા તથા અસંબંધવાળા એવા । नराः,-મનુષ્યોનો । कर्हिचित्, ક્યારેય પણ । न स्प्रष्टव्याः, સ્પર્શ ન કરવો । न च भाष्याः અને તેમની સાથે બોલવું પણ નહિ. । तेभ्यः, તેવા પુરુષોને । मुखम्,-પોતાનું મુખ પણ । न च दर्श्यम्, ન દેખાડવું.॥ ૧૩૪ ॥

તાત્પર્યાર્થઃ-

તે બન્ને આચાર્ય પત્નીઓએ તો, પોતપોતાના સમીપ સંબંધરહિત એવા 'જેને મરવાથી સૂતક ન લાગે' એવા દૂર સંબંધી તથા અસંબંધી પુરુષોનો ક્યારેય પણ સ્પર્શ ન કરવો, તથા તેઓ સાથે બોલવું નહિ, તથા તેઓને પોતાનું મુખ પણ ન દેખાડવું.॥ ૧૩૪ ॥

ગૃહસ્થોના વિશેષ ધર્મ

गृहाख्याश्रमिणो ये स्युं पुरुषा मदुपाश्रिताः ।
स्वासन्नसम्बन्धहीना च स्पृश्या विधवाश्च तैः॥ १३५ ॥

અન્વયઃ- '(अथ), मदुपाश्रिताः, ये गृहाख्याश्रमिणः, पुरुषाः स्युं, तैश्च, स्वासन्नसम्बन्धहीनाः, विधवाः, न स्पृश्याः, ॥ १३५ ॥

વ્યાખ્યા-' (अथ)અને । मदुपाश्रिताः, मम परब्रह्मणो विशेषतो भक्त्या समुपाश्रिताः, પરબ્રહ્મ એવા જે અમે તે અમારો, ભક્તિ દ્વારા વિશેષરૂપે આશ્રય કરનારા યે,જે । गृहाख्याश्रमिणः, गृहाख्य आश्रमो विद्यत एषान्ते, ગૃહસ્થ એવો બીજો આશ્રમ છે જેમને એવા। पुरुषाः स्युः, પુરુષો હોય । तैश्च, તેમણે તો । स्वासन्नसम्बन्धहीनाः,स्वस्याऽऽसन्नेन सम्बन्धेन हीनाः, પોતપોતાના સમીપ સંબંધ રહિત, જેના મરણથી સૂતક ન લાગે એવી । विधवाः,- विगतो मृतो धवः यतिर्यासान्ताः,- પતિ જેમનો મરી ગયેલ છે એવી વિધવાઓ । न स्पृश्याः,-

સ્પર્શ ન કરવો.॥ ૧૩૫ ॥

तात्पर्यार्थः-

અને પરબ્રહ્મ એવા જે અમે તે અમારો, વિશેષરૂપે ભક્તિ દ્વારા આશ્રય કરનારા જે ગૃહસ્થાશ્રમી પુરુષો હોય તેમણે તો, જેના મરવાથી સુતક લાગે એવો જે સમીપ સંબંધ,તેણે રહિત એવી જે દૂરસંબંધવાળી તથા અસંબંધવાળી વિધવા સ્ત્રીઓ,તેમનો સ્પર્શ ક્યારેય પણ ન કરવો.॥ ૧૩૫ ॥

मात्रा स्वस्त्रादुहित्रा वा विजने तु वयःस्थया ।
अनापदि न तैः स्थेयं कार्य दानं न योषितः ॥ १३६ ॥

અંન્વયઃ- 'तैः, वयःस्थया, मात्रा, वा स्वस्त्रा, वा दुहित्रा, विजने तु, अनापदि, न स्थेयम्, योषितः, दानं न कार्यम् ॥ १३६ ॥

વ્યાખ્યા- 'तैः, તે ગૃહસ્થાશ્રમી ભક્તજનોએ । वयःस्तया, वयसि यौवने कामोद्वेगे वा तिष्टतीति वया, યુવાન અવસ્થામાં વર્તનારી । मात्रा, वा स्वस्त्रा, પોતાની માતા સાથે । वा-તથા दुहित्रा,પોતાની પુત્રી સાથે પણ । विजने तु, विगता जना यस्मात् तस्मिन्, જન શૂન્ય એકાંત સ્થળમાં તો । अनापदि, આપત્કાળ વિના । न स्थेयम्, ન રહેવું। योषितः, અને પોતાની સ્ત્રીનું। दानम् થોડીવારને માટે દાન કે યાવત્ જીવનદાન તે । न कार्यम्,-ન કરવું. ॥ ૧૩૬ ॥

तात्पर्यार्थः-

તે ગૃહસ્થાશ્રમી ભક્તજનોએ યુવાન અવસ્થામાં વર્તનારી એવી પોતાની માતા તથા પોતાની બ્હેન તથા પોતાની પુત્રી સાથે પણ એકાન્ત સ્થળમાં તો આપત્કાળ વિના ન જ રહેવું અને પોતાની સ્ત્રીનું સ્વલ્પ સમય દાન કે યાવત્ જીવન દાન તે ન જ કરવું.॥ ૧૩૬ ॥

प्रसङ्गो व्यवहारेण यस्याः केनाऽपि भूपतेः ।
भवेत्तस्याः स्त्रियाः कार्यः प्रसङ्गो नैव सर्वथा ॥ १३७ ॥

અન્વયઃ-' (तैः) यस्याः, केनाऽपि, व्यवहारेण, भूपतेः, प्रसङ्गः, भवेत, तस्याः, स्त्रियः, प्रसङ्गः, सर्वथा, नैव, कार्यः ॥ १३७ ॥

વ્યાખ્યા-'(तैः) તે ગૃહસ્થાશ્રમીઓએ । यस्याः, જે સ્ત્રીને । केनाऽपि, યોગ્ય અયોગ્ય એવા કોઈપણ વ્યવહારેણ,વ્યવહાર વડે કરીને । भूपतेः,રાજાનો । प्रसङ्गो भवेत,- અંતઃપુરમાં જવું તેને મળવું આદિ પ્રસંગ હોય, तस्याः स्त्रियः,તેવી સ્ત્રીનો । प्रसङ्गः,સમીપે ઉભુ રહેવું,બોલવું આદિ સર્વથા, સર્વપ્રકારે । नैव कार्यः, ન જ કરવો.॥ ૧૩૭॥

तात्पर्यार्थः-

તે ગૃહસ્થાશ્રમીઓએ, જે સ્ત્રીને, યોગ્ય અયોગ્ય એવા કોઈપણ વ્યવહાર

વડે કરીને રાજાનો 'અંતઃપુરમાં જવું મળવું' આદિ પ્રસંગ હોય તેવી સ્ત્રીની 'સમીપે ઉભુ રહેવું બોલવું, આદિ પ્રસંગ કોઈ પ્રકારે ક્યારેય ન કરવો.॥ ૧૩૭ ॥

अन्नाद्यैः शक्तितोऽभ्यर्च्यो ह्यतिथिस्तैर्गृहागतः ।
दैवं पित्र्यं यथाशक्ति कर्तव्यं च यथोचितम् ॥ १३८ ॥

अन्वयः-'तैः, गृहागतः, अतिथिः, शक्तिः, अन्नाद्यैः, अभ्यर्च्यः, हि, यथाशक्ति, यथोचितम्, दैवं, पैत्र्यं च, कर्तव्यम् ॥ १३८ ॥

व्याख्या-'तैः,તે ગૃહસ્થાશ્રમીઓએ । गृहागतः,પોતાને ઘેર આવેલો । अतिथिः, न तिथिर्यस्य,-તિથિ નિર્ણિત જેની નથી એવા ભિક્ષુકનો। शक्तिः, શક્તિ પ્રમાણે । अन्नाद्यैः,અન્નવસ્ત્ર જળ ધન વડે કરીને । अभ्यर्च्यो हि, અવશ્ય સત્કાર કરવો । यथाशक्ति,-તથા ધન અને શરીરની શક્તિ પ્રમાણે । यथोचितम्,જેમ ઉચિત હોય તેમ શાસ્ત્ર પ્રમાણે । दैवम्, देवानामिदम्,- બ્રહ્માદિ દેવતા તર્પણ તથા વૈશ્વદેવાદિ કર્મ, च, पित्र्यम्, अर्यमादिपितरो देवता अस्यु, तत्, અર્યમાદિ પિતૃતર્પણ શ્રાદ્ધાદિ કર્મ कर्तव्यम्, કરવું કરાવવું.॥ ૧૩૮ ॥

तात्पर्यार्थः-

તે ગૃહસ્થાશ્રમીઓએ, પોતાને ઘેર આવેલા એવા અતિથિ ભિક્ષુકનો, શક્તિ પ્રમાણે અન્ન, ધન, વસ્ત્ર, જળ આદિ વડે કરીને, અવશ્ય સત્કાર કરવો તથા ધન અને શરીરની શક્તિ પ્રમાણે, ઉચિત શાસ્ત્રીય રીતિથી બ્રહ્મા આદિ દેવતાનું તર્પણ, તથા વૈશ્વદેવાદિ દૈવકર્મ અને અર્યમા આદિ પિતૃઓનું તર્પણ તથા શ્રાદ્ધ આદિક કરવા.॥ ૧૩૮ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥ १३९ ॥

अन्वयः-'मामकैः, मातुः, पितुः, गुरोश्च, शुश्रूषा, यावज्जीवं, कार्या, रोगार्तस्य, मनुष्यस्य च, यथाशक्ति, कार्या ॥ १३९॥

व्याख्या-'मामकैः, भक्त्या विशेषेतो ममाश्रितैः,ભક્તિએ કરીને વિશેષપણે પરબ્રહ્મ એવા અમોને આશરેલા ગૃહસ્થજનોએ । मातुः,પોતાની માતા, पितुः,પોતાના પિતા । गुरोश्च,અને દીક્ષાપ્રદ વિદ્યાપ્રદ આદિ ગુરુઓની । शुश्रूषा, પરિચર્યા । यावज्जीवम्, यावज्जीव्यते तावत्, જીવન પર્યંત । कार्या,કરવી । रोगार्तस्य,- રોગેણાર્તસ્ય,અને રોગથી પીડિત । मनुष्यस्य,મનુષ્યની । शुश्रुषा- સેવા । यथाशक्ति,શક્તિ પ્રમાણે । कार्या,-કરવી. ॥ ૧૩૯ ॥

तात्पर्यार्थः-

ભક્તિએ કરીને વિશેષપણે અમારો આશ્રય કરનારા એવા ગૃહસ્થ જનોએ, પોતાની માતા, પિતા તથા દીક્ષાપ્રદ વિદ્યાપ્રદ આદિ ગુરુની, પરિચર્યા

જીવનપર્યંત કરવી, તથા રોગથી પીડિત એવા કોઈપણ મનુષ્યની પરિચર્યા યથા શક્તિ કરવી ॥ ૧૩૯ ॥

यथाशक्त्युद्यमः कार्यो निजवर्णाश्रमोचितः।
मुष्कच्छेदौ न कर्तव्यो वृषस्य कृषिवृत्तिभिः ॥ ૧૪૦ ॥

અન્વયઃ-'(तैः), निजवर्णाश्रमोचितः, उद्यमः, यथाशक्ति, कार्यः, कृषिवृत्तिभिः, वृषस्य, मुष्कच्छेदः, न कर्तव्यः ॥ ૧૪૦ ॥

વ્યાખ્યા-'(तैः),તે ભક્તજન મનુષ્યોએ। निजवर्णाश्रमोचितः,- निजस्य वर्णाश्रमयोरुचितः,પોતપોતાના વર્ણ અને આશ્રમને યોગ્ય । उद्यमः,-ધંધો । यथाशक्ति, શક્તિ પ્રમાણે । कार्यः,કરવો । कृषिवृतिभिः,-कृषिरूपा वृत्तिर्येषातैः, ખેતી છે જીવનવૃત્તિ જેમની એવા મનુષ્યોએ । वृषस्य બળદના । मुष्कच्छेदः,-वृषणकर्तनम्,-વૃષણનું કાપવું તે । न कर्तव्यः,-કરવું કરાવવું નહિ.॥ ૧૪૦ ॥

तात्पर्यार्थः-

અને તે ગૃહસ્થ ભક્તજનોએ, પોતપોતાના વર્ણ અને આશ્રમને યોગ્ય એવો ઉદ્યમ રોજગાર, શક્તિ પ્રમાણે કરવો, અને ખેતીના જીવનવાળા મનુષ્યોએ બળદના વૃષણનો ઉચ્છેદ ન કરવો તેમ ન કરાવવો.॥ ૧૪૦ ॥

यथाशक्तिं यथाकालं सङ्ग्रहोऽन्नधनस्य तैः।
यावद्व्ययं च कर्तव्यः पशुमद्भिस्तृणस्य च ॥ ૧૪૧ ॥

અન્વયઃ-'तैः, यावद्व्ययम्, अन्नधनस्य, सङग्रहः, यथाशक्ति, यथाकालं, कर्तव्यः, तथा, पशुमद्भिः, तृणस्य च,सङ्ग्रहः,यथाकालं,कर्तव्यः ॥ ૧૪૧ ॥

વ્યાખ્યા-'तैः, તે ગૃહસ્થ એવા ભક્તજનોએ । यावद्व्ययम्, यावान्व्ययस्तावान्, પ્રતિવર્ષ જેટલો ખર્ચ થતો હોય તેટલા, अन्नधनस्य,- अन्नेन सहितं धनं तस्य, અન્ન તથા ધનનો । सङ्ग्रहः, संचय यथाशक्तिः,- स्व सामर्थ्यानुसारे । यथाकालम्, જે સમયમાં જે અન્ન ધન મળતું હોય તે સમયમાં । कर्तव्यः,કરવો, તથા । पशुमद्भिः, पशवः सन्त्येषान्तैः,પશુવાળા મનુષ્યોએ । तृणस्य, પ્રતિવર્ષ જેટલું તેટલું ઘાસ આદિકનો । सङ्ग्रहः, સંગ્રહ । यथाकालम्, તેના તેના સમયને અનુસરીને । कर्तव्यः, કરવો. ॥ ૧૪૧ ॥

तात्पर्यार्थः-

તે ગૃહસ્થ એવા ભક્તજનોએ, પ્રતિવર્ષ જેટલો ખર્ચ થતો હોય તેટલા અન્ન તથા ધનનો સંગ્રહ સ્વસામર્થ્યને અનુસારે, જે સમયમાં જે અન્ન તથા સુવર્ણ આદિ ધન સસ્તાં મળતાં હોય તે સમયમાં કરવો તથા પશુઓવાળા મનુષ્યોએ પ્રતિવર્ષ જેટલું જોઈએ તેટલું ઘાસ આદિકનો સંગ્રહ તેના સમયને અનુસરીને કરવો.॥ ૧૪૧ ॥

गवादीनां पशूनां च तृणतोयादिभिर्यदि ।
सम्भावनं भवेत् स्वेन रक्ष्यास्ते तर्हि नान्यथा ॥ १४२ ॥

અન્વયઃ- 'गवादिनां पशूनां च, तृणतोयादिभिः, सम्भावनं, यदि, स्वेन, भवेत्, तर्हि, ते रक्ष्याः, अन्यथा, न रक्ष्याः ॥ १४२ ॥

વ્યાખ્યા-'गवादीनाम्,- ગાવ આદયો યેષાન્તેષામ્, ગાય છે આદિ જેમાં એવા । પશૂનામ્,અશ્વ ભેંસ આદિ પશુઓ તથા પોપટ આદિ પક્ષીઓની। तृणतोयादिभिः,- तृणतोय आदिनी येषान्तैः, તૃણ જળ છે આદિ જેમાં દાણા લોટ આદિ તેના ખાદ્ય પદાર્થો વડે કરીને । सम्भावनम्,-સંભાળ । यदि स्वेन भवेत्, જો પોતા વડે થઈ શકે તેમ હોય । तर्हि,-તો । ते रक्ष्याः, તે પશુઓ આદિક રાખવા । अन्यथा,સંભાળ ન થઈ શકે તેમ હોય તો । न रक्ष्याः,- ન રાખવા. ॥ ૧૪૨ ॥

तात्पर्यार्थः-

ગાય, ભેંસ, અશ્વ, આદિ પશુઓ તથા શુક, મેના આદિ પક્ષીઓની, તૃણ દાણા લોટ આદિ તેમના આદ્ય પદાર્થો અને જળ વડે, પૂરતી સંભાળ થઈ શકે એમ હોય તો તે પશુ પક્ષીઓ રાખવા, પણ સંભાળ ન થઈ શકે તેમ હોય તો ન રાખવા.॥ ૧૪૨ ॥

ससाक्ष्यमन्तरा लेखं पुत्रमित्रादिनाऽपि च।
भूवित्तदानादानाभ्यां व्यवहार्य न कर्हिचित् ॥ १४३ ॥

અન્વયઃ- 'ससाक्ष्यम्, लेखम्, अन्तरा च, पुत्रमित्रादिना, अपि, भूवित्तदानाऽदानाभ्यां, कर्हिचित् न व्यवहार्यम् ॥ १४३ ॥

વ્યાખ્યા-'ससाक्ष्यम्,- साक्षिणां कर्म साक्ष्यतेन सहितस्तम्, પોતાના તથા સાક્ષીના હસ્તાક્ષર સહિત લેખ વિના । पुत्रमित्रादिनाऽपि, पुत्रश्च मित्रं च ते आदी यस्यतेन, સહાપિ, પુત્ર મિત્ર સ્ત્રી આદિ પોતાના જનો સાથે પણ । भूवित्तदानाऽदानाभ्याम्,- भूश्च वित्तञ्च, तयोर्दानमादानञ्च ताभ्यां कृत्वा, ક્ષેત્રગૃહ આદિ ભૂમિ, સોનું રૂપું આદિ દ્રવ્ય તેની લેવડદેવડ વડે કરીને । कर्हिचित, ક્યારેયપણ । न व्यवहार्यम्,- વ્યવહાર ન કરવો. ॥ ૧૪૩ ॥

तात्पर्यार्थः-

પોતાના તથા સાક્ષીના હસ્તાક્ષર સહિત લેખ વિના, પુત્ર, મિત્ર, સ્ત્રી આદિ પોતાના જન સાથે પણ, જમીન ઘર આદિ ભૂમિ,તથા સોનું રૂપું આદિ દ્રવ્ય, તેની લેવડ-દેવડ વડે કરીને ક્યારેય પણ વ્યવહાર ન કરવો.॥ ૧૪૩ ॥

कार्ये वैवाहिके स्वस्याऽन्यस्य वाऽर्ध्यधनस्य तु ।
भाषाबन्धो न कर्तव्यः ससाक्ष्यं लेखमन्तरा ॥ १४४ ॥

અન્વયઃ- 'स्वस्य, वाऽन्यस्य, वैवाहिके कार्ये च, अर्प्यधनस्य, ससाक्ष्य, लेखम्, अन्तरा, भाषाबन्धाः, न कर्तव्यः ॥ १४४ ॥

વ્યાખ્યા-સ્વસ્ય, પોતાનું । વા અન્યસ્ય, અથવા બીજાનું । વૈવાહિકે, વિવાહ સંબંધી । કાર્યે ચ સતિ,કાર્ય ઉપસ્થિત થયે સતે । અર્પ્ય ધનસ્ય, કન્યાયૈ વરાય વાઽર્પ્યસ્ય ધનસ્ય ભૂષાવસ્ત્રાદેશ્ચ, કન્યાને અથવા વરને અર્પવા યોગ્ય દ્રવ્ય તથા ઘરેણાં વસ્ત્ર આદિકનું । ससाक्ष्यम्, પોતાના તથા સાક્ષીઓના હસ્તાક્ષર સહિત लेखम्,લેખ अन्तरा,-વિના भाषाबन्धः,ભાષયા વાચયા બન્ધઃ પ્રતિજ્ઞા,- કેવળ વાણીમાત્રથી કબુલાત न कर्तव्यः ન કરવી ॥ ૧૪૪ ॥

तात्पर्यार्थः-

પોતાનું અથવા બીજાનું વિવાહ સંબંધી કાર્ય ઉપસ્થિત થયે સતે, કન્યાને અથવા વરને અર્પણ કરવા યોગ્ય દ્રવ્ય તથા ઘરેણા વસ્ત્ર આદિકનો, પોતાના તથા સાક્ષીઓના હસ્તાક્ષર સહિત લેખ કર્યા વિના, કેવળ વાણી માત્રથી કબુલાત ન કરવી.॥ ૧૪૪ ॥

आयद्रव्यानुसारेण व्ययः कार्यो हि सर्वदा ।
अन्यथा तु महद् दुःखं भवेदित्यवधार्यताम् ॥ १४५ ॥

અન્વયઃ-'आयद्रव्यानुसारेण हि, द्रव्यस्याऽऽयो लाभः आयद्रव्यम्, तस्यानुसारस्तेन। દ્રવ્યની જેટલી આવક હોય તેને અનુસારે જ । सर्वदा સદા । व्ययः,ખર્ચ । कार्यः,કરવો । अन्यथा तु,તેમ ન કરે, કિન્તુ વિત્તશાઠ્ય અથવા કરજ કરે તો । महद् दुःख भवेत् ચોરો તરફથી અથવા ધનિકોના તરફથી મોટુ દુઃખ આવે । इति, अवधार्यताम् એમ જાણવું.॥ ૧૪૫ ॥

तात्पर्यार्थः-

પોતાને દ્રવ્યની જેટલી આવક હોય, તેને અનુસારે જ સદા ખર્ચ કરવો. તેમ ન કરે, કિન્તુ વિત્તશાઠ્ય અથવા કરજ કરે તો ચોર આદિકથી અથવા ધનિકો તરફથી મહત્ દુઃખ આવે એમ જાણવું.॥ ૧૪૫ ॥

द्रव्यस्याऽऽयो भवेद् यावन् व्ययो वा व्यवहारिके ।
तौ संस्मृत्य स्वयं लेख्यौ स्वक्षरैः प्रतिवासरम् ॥ १४६ ॥

અન્વયઃ- 'व्यावहारिके, द्रव्यस्य, आयः, व्ययो वा, यावान्, भवेत्, तौ, प्रतिवासरम्, संस्मृत्य, स्वक्षरैः, स्वयं, लेख्यौ ॥ १४६ ॥

વ્યાખ્યા-'व्यावहारिके,-પોતાના સકળ વ્યવહાર કાર્યમાં । द्रव्यस्य- ધનની आयः, આવક व्ययो वा,અને ખર્ચ । यावान् भवेत्- જેટલા થતાં હોય । तौ, તેટલી ઉપજ અને ખર્ચને । प्रतिवासरम्, રોજ તે તે દિવસે । संस्मृत्य,સારી રીતે સંભારીને । स्वक्षरैः,- सुष्ठ्वक्षराणि तैः, સ્પષ્ટ અક્ષરો વડે કરીને । स्वयम्,-

પોતે પોતાના હાથથીજ । લેખ્યૌ,-લખવા. ॥ ૧૪૬ ॥

તાત્પર્યાર્થ:-

પોતાના સકળ વ્યવહાર કાર્યમાં, દ્રવ્યની ઉપજ તથા ખર્ચ જેટલા થતા હોય, તેટલી ઉપજ અને ખર્ચનું પ્રતિદિન સંભારીને સ્પષ્ટ અક્ષરો વડે કરીને પોતાના હાથથી જ નામું લખવું.॥ ૧૪૬ ॥

निजवृत्त्युद्यमप्राप्तधनधान्यादितश्च तैः ।
अर्प्यो दशांशः कृष्णाय विंशोऽशस्त्विह दुर्बलैः ॥ ૧૪૭ ॥

અન્વય:- તૈ:, ચ, નિજવૃત્ત્યુદ્યમપ્રાપ્તધનધાન્યાદિત:, દશાંઽશ:, કૃષ્ણાય, અર્પ્ય:, ઇહ, દુર્બલૈસ્તુ, વિંશ:, અંશ:, અર્પ્ય: ॥ ૧૪૭ ॥

વ્યાખ્યા- તૈશ્ચ,અને તે ગૃહસ્થ ભક્તજનોએ। નિજવૃત્ત્યુદ્યમ પ્રાપ્તધનધાન્યાદિત:, નિજા વૃત્તિ જીવિકાવૃત્તિ:, ઉદ્યમશ્ચ, તાભ્યાં પ્રાપ્તાનિ, ધનં ચ ધાન્યાદીનિ ચ તેભ્ય:, પોતાના વર્ણાશ્રમ પ્રમાણે જે જીવિકાવૃત્તિ, તથા ઉદ્યમ તે દ્વારા પ્રાપ્ત થયેલા ધનધાન્ય કપાસ તૃણ વસ્ત્ર આદિમાંથી દશાંશ:,દસમો ભાગ । કૃષ્ણાય, શ્રીહરિકૃષ્ણાય,- શ્રીહરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા એવા અમોને । અર્પ્ય:,-અર્પણ કરવો । ઇહ, અને આ લોકમાં । દુર્બલૈસ્તુ,- વ્યવહારે દુર્બળ એવા મનુષ્યોએ તો । વિંશ:, વિશમો। અંશ:,ભાગ । અર્પ્ય:,અર્પણ કરવો. ॥ ૧૪૭ ॥

તાત્પર્યાર્થ:-

અને તે ગૃહસ્થ ભક્તજનોએ, પોતાના વર્ણાશ્રમ પ્રમાણે જે જીવિકાવૃત્તિ તથા ઉદ્યમ તે દ્વારા પ્રાપ્ત થયેલા ધન ધાન્ય કપાસ વસ્ત્ર તૃણ આદિકમાંથી, દસમો ભાગ શ્રીહરિકૃષ્ણ શ્રીસ્વામિનારાયણ પરમાત્મા એવા અમોને અર્પણ કરવો, અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે તો વિશમો ભાગ અર્પણ કરવો.॥ ૧૪૭ ॥

एकादशीमुखानाञ्च व्रतानां निजशक्तितः ।
उद्यापनं यथाशास्त्र कर्तव्यं चिन्तितार्थदम् ॥ ૧૪૮ ॥

અન્વય:- 'च एकादशीमुखानां व्रतानां, चिन्तितार्थदम्, उद्यापनं, निजशक्तितः, यथाशास्त्र कर्तव्यम् ॥ ૧૪૮ ॥

વ્યાખ્યા-'च, અને। एकादशीमुखानाम्,-એકાદશી છે મુખ્ય જેમાં એવા । व्रतानाम्,-જન્માષ્ટમી આદિવ્રતોનું । चिन्तितार्थदम्, चिन्तितान् अर्थान् ददातीति तत्, મનોવાંછિત પદાર્થોનું આપનારું । उद्यापनम्,- 'व्रतार्क' અને 'व्रतराज' ગ્રંથમાં પ્રસિદ્ધ, ગાય સુવર્ણ આદિકનું દાન, હોમ, સાધુ બ્રાહ્મણોને ભોજનદાન, તથા સર્વતોભદ્રાદિ મંડળમાં સ્વેષ્ટદેવની મહાપૂજા-ઈત્યાદિ ક્રિયારૂપ ઉદ્યાપન,તથા લક્ષદીપ, લક્ષ પ્રદક્ષિણાએ લક્ષ નમસ્કારો, મંત્રપુરશ્ચરણ આદિ,

-निजशक्तितः,-ધન આદિ સ્વશક્તિને અનુસારે । यथाशास्त्रम्,-શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે । कर्तव्यम्,-કરવું કરાવવું. ॥ ૧૪૮ ॥

तात्पर्यार्थः-

અને એકાદશી જન્માષ્ટમી શ્રીહરિનવમી આદિક વ્રતોનું મનોવાંછિત ફળોનું આપનારું એવું 'ગાય સુવર્ણનું દાન આપવું, હોમ કરાવવા, સાધુ બ્રાહ્મણોને જમાડવા,સર્વતોભદ્રાદિ મંડળમાં સ્વેષ્ટદેવની મહાપૂજા કરાવવી એ આદિક ક્રિયારૂપી ઉદ્યાપન,તથા લક્ષદીપ,લક્ષપ્રદક્ષિણાઓ,લક્ષનમસ્કારો મંત્ર પુરશ્ચરણ, આદિક પોતાની ધન સંપતિ પ્રમાણે શાસ્ત્ર વિધિથી કરવા કરાવવા.॥ ૧૪૮ ॥

कर्तव्यं कारणीयं वा श्रावणे मासि सर्वथा ।
बिल्वपत्रादिभिः प्रीत्या श्रीमहादेवपूजनम् ॥ १४९ ॥

अन्वयः-'(तैः), श्रावणे मासि, बिल्वपत्रादिभिः, श्रीमहादेवपूजनम्, प्रीत्य, कर्तव्यं, वा कारणीयम् ॥ १४९ ॥

व्याख्या-'(तैः),તે ગૃહસ્થ ભક્તજનો । श्रावणे मासि, શ્રાવણ માંસમાં बिल्वपत्रादिभिः, बिल्वपत्रम् आदिर्येषान्तैं,બિલ્પપત્ર છે મુખ્ય જેમાં એવા અનેક ઉપચારો વડે કરીને । श्रीमहादेवपूजनम्, અમો પરમાત્મા શરીરી થકા શંકરમાં રહ્યા છીએ એવી ભાવનાથી શંકરજીનું પૂજન પ્રીત્યા,ઘણા સ્નેહથી । सर्वथा, સર્વ પ્રકારે અવશ્ય । कर्तव्यम्,કરવું । वा करणीयम्, અથવા પવિત્ર ભગવદ્ભક્ત દ્વારા કરાવવું.॥ ૧૪૯ ॥

तात्पर्यार्थः-

અને તે ગૃહસ્થ ભક્તજનોએ શ્રાવણ માસમાં બિલ્વપત્ર દુગ્ધ ચંદન કપૂર ભભૂતિ આદિ શંકરની પૂજાના ઉપચારો વડે કરીને, અમો પરબ્રહ્મ પરમાત્મા શરીરી એવા થકા તે શંકરમાં રહ્યા છીએ એવી ભાવનાથી, શંકરજીનું પૂજન, ઘણાં સ્નેહથી અવશ્ય કરવું, અથવા પવિત્ર ભગવદ્ભક્ત દ્વારા કરાવવું.॥ ૧૪૯ ॥

स्वाचार्यान्न ऋणं ग्राह्यं श्रीकृष्णस्य च मन्दिरात् ।
ताभ्यां स्वव्यवहारार्थे पात्रभूषांऽशुकादि च ॥ १५० ॥

अन्वयः-'(तैः), स्वाचार्यात्, श्रीकृष्णस्य च, मन्दिरात्, ऋणं, न ग्राह्यम्, स्वव्यवहारार्थ च, ताभ्यां, पात्रभूषांऽशुकादि, न ग्राह्यम् ॥ १५० ॥

व्याख्या- '(तैः),તે ગૃહસ્થ ભક્તજનોએ । स्वाचार्यात्, स्वेषामाचार्यो गुरुस्तस्मात्,પોતાના ગુરુ એવા આચાર્ય થકી श्रीकृष्णस्य च, श्री हरिकृष्णस्य,-અને શ્રીહરિકૃણ પરમાત્મા એવા અમારા । मन्दिरात्,- મંદિર થકી । ऋणम्,-કરજ । न ग्राह्यम्,-ન લેવું. । स्वव्यवहारार्थे च,-તથા પોતાના વ્યવહાર કાર્યને માટે । ताभ्याम्,-પોતાના ગુરુ આચાર્ય થકી તથા સ્વેષ્ટદેવના મંદિર થકી ।

પાત્રભૂષાંઽશુકાદિ, પાત્રાણિ ભૂષા અંશુકાનિ ચાઽઽદયો યસ્ય વાહનાદેસ્તત્, વાસણો ઘરેણાઓ વસ્ત્રો વાહનો આદિ કાંઈપણ માગીને ન લેવું.॥ ૧૫૦ ॥

તાત્પર્યાર્થઃ-

અને તે ગૃહસ્થ ભક્તજનોએ, પોતાના ગુરુ એવા આચાર્ય થકી, તથા શ્રીહરિકૃષ્ણ પરમાત્મા એવા જે અમે તે અમારા મંદિર થકી, કરજ ન જ લેવું, તથા પોતાના વ્યવહાર કાર્યને માટે, તે આચાર્ય અને મંદિર થકી વાસણો આભૂષણો વસ્ત્રો વાહનો આદિ કાંઈપણ માગીને લેવું નહિ.॥ ૧૫૦ ॥

શ્રીકૃષ્ણગુરુસાધૂનાં દર્શનાર્થે ગતૌ પથિ ।
તત્સ્થાનેષુ ચ ન ગ્રાહ્યં પરાન્નં નિજપુણ્યહૃત્ ॥ ૧૫૧ ॥

અન્વયઃ-'શ્રીકૃષ્ણગુરુસાધૂનામ્, દર્શનાર્થમ્, ગતૌ, પથિ, તત્સ્થાનેષુ ચ, નિજપુણ્યહૃત્, પરાન્નં, ન ગ્રાહ્યમ્ ॥ ૧૫૧ ॥

વ્યાખ્યા-'શ્રીકૃષ્ણગુરુસાધૂનામ્,- શ્રીહરિકૃષ્ણઃ, ગુરુઃ, સાધવશ્ચ, તેષામ્, 'શ્રીહરિકૃષ્ણ પરમાત્મા અમે, તથા ગુરુ જે આચાર્ય, તથા સત્પુરુષો એમના । દર્શનાર્થમ્, દર્શનને માટે । ગતૌ,- ગમને સતિ, ગયે સતે । પથિ,- માર્ગમાં । તત્સ્થાનેષુ ચ,તથા તે શ્રીહરિકૃષ્ણ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા એવા અમે તે અમારા,અને આચાર્યના તથા સાધુઓના સ્થાનોમાં । નિજપુણ્યહૃત્,- પોતાના પુણ્યનું હરનારું એવું । પરાન્નમ્,- પરેષામન્નમ્,-બીજાનું જે અન્ન,અથવા તે તે સ્થળનું જે અન્ન તે ન ગ્રાહ્યમ્,ન ગ્રહણ કરવું. ॥ ૧૫૧ ॥

તાત્પર્યાર્થઃ-

પરબ્રહ્મ પરમાત્મા એવા અમે, તથા ગુરુ જે આચાર્ય, તથા સત્પુરુષો એમના દર્શન માટે ગયે સતે, માર્ગમાં તથા સ્વેષ્ટદેવ સ્વગુરુ અને સત્પુરુષોના સ્થાનોમાં પારકું અન્ન, તથા તે તે સ્થાનોનું અન્ન, તે ન ખાવું, કારણકે તે પારકું અન્ન અને તે તે સ્થાનોનું અન્ન તે પોતાના પુણ્યને હરી લે એવું છે.॥ ૧૫૧ ॥

પ્રતિજ્ઞાતં ધનં દેયં યત્ સ્યાત્ તત્કર્મકારિણે ।
ન ગોપ્યમૃણશુદ્ધ્યાદિ વ્યવહાર્યં ન દુર્જનૈઃ ॥ ૧૫૨ ॥

અન્વયઃ- 'કર્મકારિણે, યત્, ધનં, પ્રતિજ્ઞાતં, સ્યાત્, તત્, દેયમ્, તથા, ઋણશુદ્ધ્યાદિ, ન ગોપ્યમ્, દુર્જનૈઃ, ન વ્યવહાર્યમ્ ॥ ૧૫૨ ॥

વ્યાખ્યા- 'કર્મકારિણે, કર્મ સ્વકાર્ય કરોતિ યસ્તસ્મૈ, પોતે કહેલા કાર્યના કરનારા મનુષ્યોને। યત્, ધનમ્,- યાવદ્ધનમ્,જેટલું ધન । પ્રતિજ્ઞાતં સ્યાત્, દેવા પ્રતિજ્ઞાત કરેલું હોય । તત્ દેયમ્,-તેટલું અવશ્ય આપવું. । તથા,- અને । ઋણશુદ્ધ્યાદિ,- પ્રતિદાનમ્ આદિર્યસ્ય તત્, ઉપાડેલા કરજને આપી દેવા રૂપી શુદ્ધિ, તથા પોતાની વંશપરંપરા, તથા કન્યાદાન એ આદિક । ન

गोप्यम्,-ગુપ્ત ન રાખવું,तथा दुर्जनैः,-દુષ્ટજનો સાથે । न व्यवहार्यम्,- વ્યવહાર ક્યારેય પણ ન કરવો. ॥ ૧૫૨ ॥

तात्पर्यार्थः-

પોતાનું કામ કાજ કરવા બોલાવેલા મનુષ્યોને જેટલું ધન અથવા ધાન્ય આપવા પ્રતિજ્ઞા કરેલી હોય, તેટલું ધન તથા ધાન્ય અવશ્ય આપવું, અને પોતે ભરી દીધેલા કરજ રૂપી શુદ્ધિ, તથા પોતાનો વંશ, તથા કન્યાદાન, એ આદિક ગુપ્ત ન રાખવા, તથા દુષ્ટજનો સાથે વ્યવહાર ન કરવો.॥ ૧૫૨ ॥

दुष्कालस्य रिपूणां वा नृपस्योपद्रवेण वा ।
लज्जाधनप्राणनाशः प्राप्तः स्याद्यत्र सर्वथा ॥ १५३ ॥
मूलदेशोऽपि स स्वेषां सद्य एव विचक्षणैः ।
त्याज्यो मदाश्रितैः स्थेयं गत्वा देशान्तरं सुखम् ॥ १५४ ॥

अन्वयः- 'दुष्कालस्य, वा रिपूणां, वा नृपस्य, उपद्रवेण, यत्र, सर्वथा, लज्जाधनप्राणनाशः, प्राप्तः, स्यात्, सः, स्वेषाम्, मूलदेशः, अपि, विचक्षणैः, मदाश्रितैः,सद्य एव, त्याज्यः,देशान्तरं, गत्वा,सुखं, स्थेयम् ॥ १५३-१५४ ॥

व्याख्या- 'दुष्कालस्य, दुष्टः कालस्तस्य, दुर्भिक्ष समयना । वा, अथवा । रिपूणाम्,शत्रुओना । वा,अथवा । नृपस्य,-राजाना । उपद्रवेण,-ઉપદ્રવ વડે કરીને । यत्र,-જે દેશમાં જે સ્થળમાં । सर्वथा,-સર્વ પ્રકારે । लज्जाधनप्राणनाशः,- लज्जा त्रपा, धनं, प्राणाश्च तेषां नाशः,- લોક લાજનો તથા ધનનો તથા પ્રાણનો નાશ । प्राप्तः, स्यात्,-પ્રાપ્ત થાય એમ હોય । सः,- તે દેશ અને સ્થાન । स्वेषाम्,-પોતાના । मूलदेशोऽपि,-વંશપરંપરાથી ચાલતો આવતો સ્વદેશ અને સ્વસ્થાનાદિક હોય તો પણ । विचक्षणैः,નીતિ કુશળ એવા । मदाश्रितैः-પરમાત્મા જે અમે તે અમારા આશ્રિત મનુષ્યોએ । सद्य एव,- તત્કાળ । त्याज्यः, ત્યાગ કરવો । देशान्तरम्,-બીજા દેશમાં અથવા બીજા સ્થાનમાં गत्वा,જઈને सुखं स्थेयम्,-સુખેથી રહેવું.॥ ૧૫૩-૧૫૪ ॥

तात्पर्यार्थः-

દુર્ભિક્ષ સમયના, અથવા શત્રુઓના, અથવા રાજાના, ઉપદ્રવે કરીને જે દેશ અને સ્થાનમાં, સર્વપ્રકારે પોતાની લોકલાજ ધન તથા પ્રાણનો નાશ પ્રાપ્ત થાય એમ હોય, તો તે દેશ અને સ્થાન પોતાના વંશપરંપરાથી નિવાસ સ્થળ હોય તો પણ, ડાહ્યા એવા અમારા આશ્રય કરનારા મનુષ્યોએ, તત્કાળ તે દેશ અને સ્થાનનો ત્યાગ કરવો, અને દેશાન્તર અથવા સ્થાનાંતરમાં જઈને સુખેથી રહેવું.॥ ૧૫૪ ॥

आढ्यैस्तु गृहिभिः कार्या अहिंसा वैष्णवा मखाः ।

तीर्थेषु पर्वसु तथा भोज्या विप्राश्च साधवः ॥ १५५ ॥

अन्वयः- 'आढ्यैः, गृहिभिस्तु, अहिंसाः, वैष्णवाः, मखाः, कार्याः, तथा पर्वसु, तीर्थेषु, साधवः, विप्राश्च, भोज्याः ॥ १५५ ॥

व्याख्या- 'आढ्यैः, आध्यायन्ति वित्तार्थिनो यांस्तैः, द्रव्यार्थीओ जेने चिन्तव्या करे छे ते आढ्य धनवाळा । गृहिभिस्तु, गृहं भार्या विद्यते येषान्तैः, स्त्री छे जेमने एवा मनुष्योओ तो अहिंसाः, नास्ति हिंसा येषु ते,नथी हिंसा जेमां एवा । मखाः यज्ञो । कार्याः,-करवा करावा,तथा पर्वसु,-अमावस्या सूर्यसंक्रान्ति व्यतिपातादिक पर्वोमां । तीर्थेषु,-तीर्यत एभिस्तेषु, जेणे करीने संसार तरी जवाय एवा भगवन्मन्दिरो, यज्ञस्थानो, अवतार-भूमिओ, ऋषिमुनिना तपःस्थानो, आदि तीर्थोमां विप्राश्च, विं परमात्मानं प्रान्ति पूरयन्ति ते,पाठमां परमात्मानुं चिंतन करनारा, एवा ब्रह्मनिष्ठ। साधवः,-साधुजनो तथा ब्राह्मणो,तेमने भोज्याः,-जमाडवा तथा दक्षिणाओ देवी॥ १५५ ॥

तात्पर्यार्थः-

अने धनाढ्य एवा गृहस्थ भक्तजनोओ तो अहिंसामय, परब्रह्म छे देवता जेना एवा, यज्ञो, करावा, तथा अमावस्या, सूर्य संक्रान्ति, व्यतिपात आदि पर्वोमां तथा संसारथी तारनार एवा ईष्टदेवना मंदिरो, यज्ञस्थानो, अवतारभूमिओ, ऋषि मुनिना तपःस्थांनो, आदि तीर्थोमां ब्रह्मनिष्ठ संतोने अने ब्राह्मणोने जमाडवा तथा दक्षिणाओ आपवी.॥ १५५ ॥

महोत्सवा भगवतः कर्तव्या मन्दिरेषु तैः ।
देयानि पात्रविप्रेभ्यो दानानि विविधानि च ॥ १५६ ॥

अन्वयः- 'तैः, भगवतः,मन्दिरेषु, महोत्सवाः, कर्तव्याः, पात्रविप्रेभ्यः, विविधानि च, दानानि, देयानि ॥ १५६ ॥

व्याख्या- 'तैः,-ते गृहस्थ एवा भक्तजनोओ। भगवतः,- श्री हरिकृष्णपरमात्मनो मम, परमात्मा एवा जे अमे ते अमारा । मन्दिरेषु,- मंदिरोमां । महोत्सवाः, महान्तश्च त उत्सवाः, गीत,वाजींत्र,नृत्य, महाअभिषेक,महानैवेद्य आदि युक्त एवा, एकादशी श्रीहरिनवमी जन्माष्टमी आदिमां, श्रीहरिपूजा भगवद्भक्तसन्तर्पण, आदि उत्सवो, कर्तव्याः, करवा करावा. तथा पात्रविप्रेभ्यः पां धर्मपां त्रायन्त इति पात्राणि ये, विं परमात्मानं प्रान्ति, विप्रान्ति वा, विप्रास्तेभ्यः,- धर्मनी पाळोना रक्षण करनारा एवा ब्रह्मनिष्ठ जे मनुष्यो तेमने । विविधानि च,घणां प्रकारना । दानानि,गो,भूमि, हिरण्यादिकना दानो देयानि,आपवा अपाववा ॥ १५६ ॥

तात्पर्यार्थः-

તે ગૃહસ્થ ભક્તજનોએ, પરમાત્મા એવા જે અમો તે અમારા મંદિરોમાં, ગીત, વાજીંત્ર, નૃત્ય, મહાઅભિષેક, મહાનૈવેદ્ય આદિકથી સુશોભિત એવા, એકાદશી શ્રીહરિનવમી જન્માષ્ટમી આદિ વ્રતોમાં, શ્રીહરિપૂજન ભગવદ્‌ભક્તસન્તર્પણ આદિ ઉત્સવો કરવા, કરાવવા, તથા ધર્મની પાળોનું રક્ષણ કરનારા એવા બ્રહ્મનિષ્ઠ મનુષ્યોને તથા વિપ્રોને ઘણાં પ્રકારના ગાય પૃથ્વી સુવર્ણ આદિકના દાન દેવા.॥ १५६ ॥

नृपधर्म

मदाश्रितैर्नृपैर्धर्मशास्त्रमाश्रित्य चाऽखिलाः ।
प्रजाः स्वां पुत्रवत्पाल्या धर्मः स्थाप्यो धरातले ॥ १५७ ॥

अन्वयः- 'मदाश्रितैः, नृपैः, च, धर्मशास्त्रम्, आश्रित्य, स्वाः, अखिलाः, प्रजाः, पुत्रवत्, पाल्याः, धरातले, धर्मः, स्थाप्यः ॥ १५७ ॥

व्याख्या- 'मदाश्रितैः, -ममाऽऽश्रितैः, परब्रह्म परमात्मा જે અમે તે અમારો, વિશેષ ભક્તિ દ્વારા આશ્રય કરનારા । नृपैः, च, રાજાઓએ તો । धर्मशास्त्रम्,-सत्संगिजीवन આદિ ધર્મશાસ્ત્રોક્ત રાજનીતિને । आश्रित्य, અનુસરીને જ । स्वाः-स्वकीयाः, પોતાના રાજ્યની । अखिलाः,-समग्राः-सर्व । प्रजाः, પ્રજાને । पुत्रवत्,- पुत्र एव,-પુત્રની માફક । पाल्याः, પાળવી તથા । धरातले, પૃથ્વી ઉપર સ્વસ્વદેશમાં । धर्मः,-वर्णाश्रमोचित, स्वेष्टदेवबोधित, ધર્મ । स्थाप्यः,स्थापन કરવો. ॥ १५७ ॥

तात्पर्यार्थः-

પરબ્રહ્મ એવા જે અમે તે અમારો, વિશેષ ભક્તિ દ્વારા આશ્રય કરનારા એવા રાજાઓએ, સત્સંગિજીવન આદિ ધર્મશાસ્ત્રોક્ત રાજનીતિને અનુસરીને જ, પોતાના રાજ્યની સમગ્ર એવી પ્રજાને,પુત્રની માફક પાળવી, તથા પૃથ્વી ઉપર સ્વસ્વદેશમાં વર્ણાશ્રમોચિત સ્વેષ્ટદેવબોધિત ધર્મ સ્થાપન કરવો॥१५७ ॥

राज्याङ्गोपायषड्वर्गा ज्ञेयास्तीर्थानि चाञ्जसा ।
व्यवहारविदः सभ्या दण्डयाऽदण्डयाश्च लक्षणैः॥ १५८ ॥

अन्वयः- 'राज्याङ्गोपायषड्वर्गाः, अञ्जसा ज्ञेयाः, तिर्थानि च, (अञ्जसा ज्ञेयानि), व्यवहारविदः सभ्याः, लक्षणैः, (अञ्जसा ज्ञेयाः), दण्डयाऽदण्डयाश्च, (लक्षणैः ज्ञेयाः) ॥ १५७ ॥

व्याख्या- 'राज्याङ्गोपायषड्वर्गाः, राज्यस्याऽङ्गानि, १. મહીપતિ, २.મંત્રી પુરોહિતાદિ અમાત્યો, ૩. સહજ,પ્રાકૃત, કૃત્રિમ,એવા મિત્રો, ૪. સુવર્ણાદિ દ્રવ્યનો કોશ, ૫. રાષ્ટ્ર જે બ્રાહ્મણાદિ પ્રજા, ૬. દુર્ગ જે કિલ્લો, ૭.

બલ જે હાથી, અશ્વ,રથ,પદાતિ,એવી ચતુરંગ સેના, એ રાજ્યના મૂળ કારણો સાત અંગ. તથા उपायाः- ૧. साम्, પ્રિયભાષણ,૨.દાન સુવર્ણાદિક દેવું. ૩.ભેદ સેનાપતિઓને તથા સૈનિકોને પરસ્પર વૈર કરાવીને નષ્ટ કરવા.૪. દણ્ડ ધન રાજ્ય લઈ લેવા, વધ પર્યંત અપકાર કરવો,એ ચાર ઉપાયો. । ષડવર્ગઃ- ૧.सन्धिः મેળ સલાહ કરી લેવી,૨. વિગ્રહ અપકાર કરવો. ૩.યાન શત્રુ પ્રતિ ચઢાઈ કરવી, ૪.દ્વૈધીભાવ સ્વસૈન્યના બબે વિભાગ કરવા, ૫.समाश्रयः બળીયાનો આશ્રય કરવો.૬. સ્થાન ઉપેક્ષાથી સ્થાનમાં બેસી રહેવું એ છ વર્ગ। अज्ञसा, દેશકાળ પ્રમાણે તત્ત્વથી । ज्ञेयाः, જાણવા, તથા તીર્થાનિ ચ, સ્વરક્ષકો એવા પંચદશ ૧૫, તીર્થો કહ્યાં છે, ૧. દેવી રાજ્ઞી, ૨. જનની(રાજાની માતા)૩.કંચુકી ૪.માળી ૫. શય્યાપાથરનારો, ૬.પગદાબનારો, ૭.વર્ષના હકથી ઈનામ લેનાર બંદી આદિક, ૮. રાજ્યનોવૈદ્ય, ૯. જળ પાનારો, ૧૦. તાંબુલ દેનારો, ૧૧. આચાર્ય (રાજગુરુ) ૧૨. અંગરક્ષક, ૧૩. બંગલા આદિને સાફ રાખનારો, ૧૪. છડી છત્ર ધરનારા અને ૧૫.વિલાસિની સ્ત્રીઓ દાસીઓ, એ કિન્નરને તથા પુરના રક્ષકો એવા અઢાર, ૧.મંત્રી, ૨.પુરોહિત, ૩.યુવરાજ, ૪.સેનાપતિ, ૫.દૌવારિક, ૬.અંતઃપુરાધિકૃત, ૭.જેલર, ૮.કોશાધ્યક્ષ,૯.કાર્યાકાર્યમાં દ્રવ્ય વિનિયોજક, ૧૦ વ્યવહાર સલાહ પ્રદેષ્ટા, ૧૧ નગરાધ્યક્ષ, ૧૨.વેતનદાતા, ૧૩.ધર્માધ્યક્ષ, ૧૪.સભાધ્યક્ષ, ૧૫.દંડદાતા, ૧૬.દુર્ગપાળ, ૧૭.રાષ્ટ્રપાળ, ૧૮. અરણ્યપાળ,એ અઢાર તીર્થોને । अज्ञसा ज्ञेयानि, દેશકાળ પ્રમાણે તત્વથી જાણવા ॥ व्यवहारविदः, अष्टादशव्यवहारपदानि विदन्ति तान्,-૧. ઋણ દેવું ન દેવું-૨.નિઃક્ષેપ થાપણ,બેંકો ૩.નિર્ધણીયા દ્રવ્યને વહેંચી લેવું. ૪. સર્વેમળીને કામ કરવું. ૫.થોડું દઈને પાછું લઈ લેવું. ૬. રાજસંકેત ઉલ્લંઘન, ૭. સીમાડાનો વિવાદ, ૮.સાહસ-બહારવટીયાના કર્મ, ૯.થોડા મૂલ્યમાં કિંમતી ચીજોનું વેચાણ, ૧૦. પાકેલા ખેતરોમાં ઢોર ચારવાનો વિવાદ, ૧૧. સંભાળવાનું કહીને સંભાળ ન લેવી, ૧૨. વધારે પડતો કઠોર દંડ દેવો, ૧૩. કઠોર વાણી કહેવી, ૧૪. પરસ્ત્રી સાહસ, ૧૫. વેતન દેવું ન દેવું, ૧૬. દ્યુતપાસા ખેલવા, ૧૭. બાપાનુ ધન વ્હેંચવું. ૧૮. સ્ત્રી પુરુષોના ધર્મો, એ અઢાર વ્યવહારના વિવાદ સ્થાનોને જાણનાર એવા,सभ्याः,- સભાસદો । लक्षणैः,-તેના તેના શાસ્ત્રોક્ત લક્ષણો દ્વારા । ज्ञेयाः,જાણવા. તથા दण्डयाऽदण्डयाश्च, त्यक्तस्वधर्म, પાખંડી, સાધુદ્રોહી, દુર્બલને દુઃખદાતા, મર્યાદા લોપ, એ આદિક દંડ દેવા યોગ્ય, તથા સંતજન,દુર્બલ, બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણ,તપસ્વી, માતાપિતા, ગુરુ, ઈષ્ટદેવભક્ત, એ આદિક ન દંડવા યોગ્ય, એવાને પણ लक्षणैर्ज्ज्ञेयाः, તેના તેના લક્ષણોએ કરીને જાણવા.॥ ૧૫૮ ॥

तात्पर्यार्थः-

અને તે રાજાઓ તેમણે 'મહીપતિ' આદિક સાત અંગો, તથા 'સામ' આદિક ચાર ઉપાયો,તથા 'સલાહ આદિક છ વર્ગ,એમને દેશકાળ પ્રમાણે તત્વથી જાણવા,તથા છાનાં દૂતો જે 'ચાર'લોકો,તેમને મોકલવાના જે શત્રુપક્ષમાં અઢાર રક્ષકોમાં સ્થાનોરૂપી તીર્થો મંત્રી આદિક, અને સ્વપક્ષમાં જે ૧૫ દેવી આદિ તીર્થો, તેમને દેશકાળ પ્રમાણે તત્વથી જાણવા,તથા 'કરજ દેવું ન દવું' આદિક જે અઢાર વ્યવહારોના વિવાદ સ્થાનો તેમને જાણનારા એવા સભાસદ પુરુષોને પણ, નીતિશાસ્ત્ર પ્રમાણે તેના તેના લક્ષણોએ કરીને, યથાર્થપણે જાણવા, તથા દંડ દેવા યોગ્ય એવા અનીતિકારોને, દંડ ન દેવા યોગ્ય એવા માનનીય મનુષ્યોને પણ, તેના તેના લક્ષણોએ કરીને જાણવા. ॥ ૧૫૮ ॥

सधवाओना विशेष धर्म-

सभर्तृकाभिर्नारीभिः सेव्यः स्वपतिरीशवत् ।
अन्धो रोगी दरिद्रो वा षण्ढो वाच्यं न दुर्वचः ॥ १५९ ॥

अन्वयः- 'सभर्तृकाभिः, नारीभिः, अन्धः, वा रोगी, दरिद्रः, षण्ढः, अपि, स्वपतिः, ईशवत्, सेव्यः, (तथा) दुर्वचः, न वाच्यम् ॥ १५९ ॥

व्याख्या-'सभर्तृकाभिः,-भर्त्रा सहिताभिः, पति सहित એવી । नारीभिः, સ્ત્રીઓએ । अन्धः,નેત્રહીન वा, અથવા रोगी,પ્રમેહાદિક રોગવાન, दरीद्रः, અથવા નિર્ધન, षण्ढः,- અથવા નપુંસક એવા પણ । स्वपतिः, પોતાના પંતિને । ईशवत्,-ઈશ્વરની માફક । सेव्यः,- સેવવો તથા । दुर्वचः,-દુષ્ટ કઠોર પ્રતિકૂળ એવું વચન । न वाच्यम्,-ન બોલવું. ॥ ૧૫૯ ॥

तात्पर्यार्थः-

સુવાસિની બાઈઓએ, પોતાનો પતિ અંધ હોય,મહાન રોગવાન હોય, નિર્ધન હોય, નપુંસક હોય, તો પણ, તેને ઈશ્વરની માફક સેવવો, તથા તેને દુષ્ટ કઠોર અને પ્રતિકુળ એવું વચન ન કહેવું.॥ ૧૫૯ ॥

रूपयौवनयुक्तस्य गुणिनोऽन्यनरस्य तु ।
प्रसङ्गो नैव कर्तव्यस्ताभिः साहजिकोऽपि च ॥ १६० ॥

अन्वयः- 'ताभिश्च, रूपयौवयुक्तस्य, गुणिनः, अन्यनरस्य तु, साहजिकोऽपि, प्रसङ्ग, नैव कर्तव्यः ॥ १६० ॥

व्याख्या-'ताभिश्च,- અને તે સુવાસિની સ્ત્રીઓએ । रूपयौवनयुक्तस्य,- रूपं शरीरसौन्दर्य, यौवनं तारुण्यं, ताभ्यां, युक्तस्य,શરીર સૌંદર્ય તથા યુવાનપણે યુકત એવો । गुणिनः,વિદ્યા,કલા,ધર્મ આદિ ગુણ યુકત એવો,अन्यनरस्य तु, જે પરપુરુષ તેનો । साहजिकोऽपि કોઈ કાર્યને લઈને અનિચ્છાથી સહજ પણ ।

प्रसंगः,-वारंवार तेने जोवो ते साथे बोलवुं आदिक जे प्रसंग ते । नैव कर्तव्यः, न જ કરવો. ॥ ૧૬૦ ॥

तात्पर्यार्थः-

અને તે સુવાસિની સ્ત્રીઓએ, રૂપ અને યૌવન યુક્ત એવો, વિદ્યા, કલા, ધર્મ આદિ ગુણવાળો જે પરપુરુષ, તેનો 'સહજ સ્વભાવે પણ જોવું બોલવું આદિ પ્રસંગ, ન જ કરવો.॥ ૧૬૦ ॥

नरेक्ष्यनाभ्यूरुकुचाऽनुत्तरीया च नो भवेत्,
साध्वी स्त्री न च भण्डेक्षा न निर्लज्जादिसङ्गिनी ॥ ૧૬૧ ॥

अन्वयः- 'स्त्री साध्वी भवेत, नरेक्ष्यनाभ्यूरुकुचा, अनुत्तरीया च, नो भवेत्, भण्डेक्षा च, न भवेत्, निर्लज्जादिसङ्गिनी न भवेत् ॥ ૧૬૧॥

व्याख्या- ''स्त्री,સ્ત્રીઓ જે તે સાધ્વી, શીલ સદાચાર આદિ સાધુગુણયુક્ત પતિવ્રતા, भवेत्, થાય नरेक्ष्यनाभ्यूरुकुचा, नरैरीक्ष्यं नाभ्यरुकुचं यस्यां सा, नाभिश्च उरु च कुचौ चैतेषां समाहारः, પરપુરુષ દ્વારા જોવાય એવા જે નાભિ, સાથળ અને સ્તન જેમના એવી । अनुत्तरीया च, न विद्यत उत्तरीयं संव्यानं यस्याः सा,નથી ધાર્યું ઓઢવાનું ઉપલું વસ્ત્ર જેણે એવી,નો भवेत्,ન રહે.भण्डेक्षा च, भण्डन्ते परिहासयन्ति प्रेक्षकानिति भण्डास्तानीक्षते सा,નાના વેષ ધરીને પ્રેક્ષકોને મશ્કરીથી હાસ્ય કરાવનારા એવા ભાંડજનોને જોનારી, न भवेत्,-ન થાય । निर्लज्जादिसङ्गिनी च, निर्गता लज्जा यस्याः सा गणिका आतिर्यासान्तासां सङ्गोऽस्यो अस्तीती, લાજશૂન્ય એવી વેશ્યા તથા તત્સમાન એવી સ્ત્રીઓનો સંગ કરનારી,न भवेत् ન થાય.॥ ૧૬૧ ॥

तात्पर्यार्थः-

સ્ત્રીઓ જે તે, શીલ સદાચાર આદિ સાધુગુણયુક્ત પતિવ્રતાપણે વર્તે, તથા પોતાના નાભિ સાથળ આદિ અવયવોને પરપુરુષ દેખે એમ ન વર્તે, તથા ઓઢવાના વસ્ત્ર વિના ઉઘાડે શરીરે ન રહે, તથા ભાંડભવાઈ આદિને જોવા ન જાય, તથા નિર્લજ્જ એવી ગણિકા, અને તેના જેવી પરપુરુષસંગ કરનારી સ્વૈરિણી, સ્વસંબંધી પુરુષનો સંગ કરનારી કામિની, સ્વગોત્રના પુરુષનો સંગ કરનારી પુંશ્ચલી, એવી સ્ત્રીઓનો સંગ ન કરે.॥ ૧૬૧ ॥

भूषासदंशुकधृतिः परगेहोपवेशनम् ।
त्याज्यं हास्यादि च स्त्रीभिः पत्यौदेशान्तरं गते ॥ ૧૬૨ ॥

अन्वयः- 'पत्यौ, देशान्तरं, गते, स्त्रीभिः, भूषासदंशुकवृतिः, परगेहोपवेशनम्, हास्यादि च, त्याज्यम् ॥ ૧૬૨ ॥

व्याख्या- 'पत्यौ, પોતાનો પતિ । देशान्तरं गते सति,અન્ય દેશમાં ગયે

સતે । સ્ત્રીભિઃ,સુવાસિની સ્ત્રીઓએ । ભૂષાસદંશુકધૃતિઃ, ભૂષ્ય તેઽનયેતિ ભૂષા, સન્તિ શોભનાનિ ચાંઽશુકાનિ તેષાં ધૃતિઃ, સૌભાગ્યવતીના માંગલ્ય ચિન્હ વિનાના, જે સોના આદિના અલંકારોથી શરીર શોભા પામે એવા ઘરેણાં, તથા બહુ મૂલ્યવાળા રૂડાં વસ્ત્રો તેનું ધારણ કરવું તે। ત્યાજ્યા, ત્યાગ જ રાખવું. । પરગેહોપવેશનમ્, પરસ્ય ગેહે ઉપવેશનં, ત્યાજ્યમ્,બીજાને ઘેર બેસવા જવાનું ત્યાગ કરવું.। હાસ્યાદિ ચ, તથા હાસ્યવચન, ક્રિડા, સમાજદર્શન, મેળા, આદિ ત્યાજ્યમ્ ત્યાગ કરવા. ॥ ૧૬૨ ॥

તાત્પર્યાર્થઃ-

પોતાનો પતિ અન્ય દેશમાં ગયે સતે, સુવાસિની સ્ત્રીઓએ, સૌભાગ્ય વિનાના, જે સોના આદિકના ઘરેણાઓથી શરીર શોભા પામે, એવી આભુષણ શોભા ત્યાગ કરવી, તથા બહુમૂલ્યવાળા ચમકીલાં વસ્ત્રો ન પહેરવા, તથા બીજાને ઘેર બેસવાં ન જવું, તથા મશ્કરીના વચન, ક્રિડાઓ અને સમાજ જોવા જવું આદિ ત્યાગ કરવા.॥ ૧૬૨ ॥

વિધવાઓના વિશેષ ધર્મ

વિધવાભિસ્તુ યોષાભિઃ સેવ્યઃ પતિધિયા હરિઃ ।
આજ્ઞાયાં પિતૃપુત્ર્યાદેર્વૃત્યં સ્વાતન્ત્ર્યો ન તુ ॥ ૧૬૩ ॥

અન્વયઃ- 'વિધવાભિઃ, યોષાભિઃ, તુ, હરિઃ, પતિધિયા, સેવ્યઃ, પિતૃપુત્ર્યાદેઃ, આજ્ઞાયાં વૃત્યમ્, સ્વાતન્ત્ર્યતઃ, ન તુ વૃત્યમ્ ॥ ૧૬૩ ॥

વ્યાખ્યા- 'વિધવાભિઃ,- વિગતો ધવો યાસાન્તાભિઃ, મરી ગયેલ છે પતિ જેમનો એવી । યોષાભિસ્તુ,-સ્ત્રીઓએ તો । હરિઃ, હરતિ દુઃખાનીતિ હરિઃ,દુઃખના હરનારા એવા શ્રીહરિ પરમાત્માને । પતિધિયા,પોતાના પતિ બુદ્ધિયે કરીને । સેવ્યઃ સેવવા તથા । પિતૃપુત્ર્યાદેઃ, પિત્રા સહિતઃ પુત્ર આદિર્યસ્ય તસ્ય,પિતા, પુત્ર, ભાઈ, માતા, શ્વસુર, શ્વશ્રૂ આદિકની આજ્ઞાયામ્,-આજ્ઞામાં । વૃત્ત્યમ્,- વર્તવું. । સ્વાતન્ત્ર્યતસ્તુ,-કિન્તુ સ્વતંત્રપણે તો । ન વૃત્યમ્, ન વર્તવું. ॥ ૧૬૩ ॥

તાત્પર્યાર્થઃ-

અને વિધવા એવી સ્ત્રીઓએ તો, દુઃખના હરનારા એવા શ્રીહરિને પોતાના પતિ બુદ્ધિએ કરીને સેવવા, તથા પિતા, પુત્ર, ભાઈ, માતા,શ્વશુર, શ્વશ્રૂ, આદિકની આજ્ઞામાં વર્તવું, પણ સ્વતંત્ર રીતે ક્યારેય ન વર્તવું.॥ ૧૬૩ ॥

સ્વાસન્નસમ્બન્દહીના નરાઃ સ્પૃશ્યા ન કર્હિચિત્ ।
તરુણૈસ્તૈશ્ચ તારુણ્યે ભાષ્યં નાઽવશ્યકં વિના ॥ ૧૬૪ ॥

અન્વયઃ-'(તાભિઃ),સ્વાસન્નસમ્બન્ધહીનાઃ,નરાઃ,કર્હિચિત્, ન સ્પૃશ્યાઃ, તારુણ્યે,ચ, તરુણૈઃ, તૈઃ, આવશ્યકં, વિના,ન ભાષ્યમ્ ॥ ૧૬૪ ॥

વ્યાખ્યા- '(તાભિઃ) તે વિધવા સ્ત્રીઓએ । સ્વાસન્નસમ્બન્ધહીનાઃ, સ્વાસામ્ આસન્નઃ સમ્બન્ધઃ પિતૃભ્રાતૃસુતાદિરૂપસ્તેન હીનાઃ, પોતાના સમીપ સંબંધવાળા જે પિતા, ભ્રાતા, પુત્ર આદિ, તેથી ભિન્ન એવા । નરાઃ,- સ્વજ્ઞાતિના પુરુષોનો પણ । કર્હિચિત્,-કોઈપણ કાર્યમાં । ન સ્પૃશ્યાં,-સ્પર્શ ન કરવો.તથા તારુણ્યે, પોતાની યુવાન અવસ્થા વર્તતી હોય ત્યારે તરુણૈસ્તૈઃ,યુવાન અવસ્થામાં વર્તતા એવા સમીપ સંબંધ રહિત પુરુષો સાથે આવશ્યકં વિના,- તેમનાથી અવશ્ય સાધ્ય કાર્ય વિના । ન ભાષ્યમ્,બોલવું પણ નહિ. ॥ ૧૬૪ ॥

તાત્પર્યાર્થઃ-

અને તે વિધવા સ્ત્રીઓએ, 'જેના મરણથી સુતક લાગે' એવા સમીપ સંબંધવાળા જે પોતાના પિતા, ભ્રાતા, પુત્ર આદિકથી, ભિન્ન એવા સ્વજ્ઞાતિના પુરુષોનો પણ, કોઈપણ કાર્યમાં સ્પર્શ ન કરવો, તથા પોતાની યુવાન અવસ્થા વર્તમાન હોય ત્યારે યુવાન અવસ્થામાં વર્તતા એવા સમીપ સંબંધ રહિત પુરુષો સાથે બોલવું પણ નહિ.॥ ૧૬૪ ॥

સ્તનંધયસ્ય નુઃ સ્પર્શે ન દોષોઽસ્તિ પશોરિવ ।
આવશ્યકે ચ વૃદ્ધસ્ય સ્પર્શે તેન ચ ભાષણે ॥ ૧૬૫ ॥

અન્વયઃ- '(તાસામ્), સ્તનંધયસ્ય નુઃ,સ્પર્શે, પશોઃ, ઇવ દોષો, નાસ્તિ, આવશ્યકે ચ, વૃદ્ધસ્ય, સ્પર્શે, તેન ચ,ભાષણે,દોષો, નાસ્તિ ॥ ૧૬૫ ॥

વ્યાખ્યા-'(તાસામ્),તે વિધવા સ્ત્રીઓ તેમને । સ્તનંધયસ્ય, સ્તનં ધયતિ તસ્ય, માતાના દુગ્ધનું પાન કરનાર એવા, નુઃ નરજાતિના બાળકના, સ્પર્શે, સ્પર્શ થયે સતે । પશોરિવ,પશુના સ્પર્શમાં જેમ તેમ, દોષોનાસ્તિ,ભાવ દોષ નથી.આવશ્યકે ચ,અને અવશ્ય કાર્ય ઉપસ્થિત થયે સતે વૃદ્ધસ્ય, વૃદ્ધ અવસ્થામાં વર્તનારા પુરુષમાં । સ્પર્શે,સ્પર્શમાં । તેન ચ, વૃદ્ધેન સહ ચ, તે વૃદ્ધ અવસ્થાવાળા પુરુષની સાથે ભાષણે, બોલવામાં દોષા નાસ્તિ,ભાવ દોષ નથી. ॥ ૧૬૫ ॥

તાત્પર્યાર્થઃ-

તે વિધવા સ્ત્રીઓને, માતૃ દુગ્ધ પાન કરનારા કોઈપણ બાળકને અડવામાં, પશુને અડવામાં જેમ, તેમ ભાવ દોષ નથી, અને આવશ્યક કાર્ય ઉપસ્થિત થયે સતે, વૃદ્ધ અવસ્થામાં વર્તનારા પુરુષના સ્પર્શમાં, તથા તે વૃદ્ધ પુરુષની સાથે બોલવામાં પણ, દોષ નથી.॥ ૧૬૫ ॥

(ટીપ્પણીઃ-આઠ વર્ષ પૂર્વનો બાળક, અને એંશી વર્ષ પછીના વૃદ્ધ કહેવાય છે.કલિમાં ચાલીસ વર્ષ પછીનાને વૃદ્ધ શતાનંદસ્વામીએ સ્વ-ટીકામાં કહેલ છે.)

વિદ્યાઽનાસન્નસમ્બન્ધાત્ તાભિઃ પાઠ્ય ન કાઽપિ નુઃ ।
વ્રતોપવાસૈઃ કર્તવ્યો મુહુર્દેહ્દમસ્તથા ॥ ૧૬૬ ॥

અન્વયઃ-'તાભિઃ, અનનાસન્નસમ્બન્ધાત્, નુઃ, કા, અપિ, વિદ્યા, ન, પાઠ્યા, તથા, વ્રતોપવાસૈઃ, દેહદમઃ, મુહુઃ, કર્તવ્યઃ ॥ ૧૬૬ ॥

વ્યાખ્યા- 'તાભિઃ, તે વિધવા સ્ત્રીઓએ । અનાસન્નસમ્બન્ધાત્,-આસન્નસમ્બન્ધભિન્નાત્,-સમીપ સંબંધ રહિત એવા નુઃ,-પુરુષ થકી । કાઽપિ,-અભ્યુદય વા મોક્ષ આપનારી કોઈપણ । વિદ્યા,- વિદ્યા, કલા, શિક્ષણ આદિ । ન પાઠ્ય,ન ભણવાં, તથા, અને વ્રતોપવાસૈઃ, એકાદશી આદિક તથા ધારણા પારણા આદિક વ્રત, અને પ્રાયશ્ચિત નિમિત્તે જે ઉપવાસ તેણે કરીને । દેહદમઃ, શરીર અને ઈન્દ્રીયોનું દમન મુહુઃ,વારંવાર કર્તવ્યઃ,કરતા રહેવું ॥ ૧૬૬ ॥

તાત્પર્યાર્થઃ-

તે વિધવા સ્ત્રીઓએ સમીપ સંબંધરહિત એવા પુરુષ થકી, અભ્યુદય વા મોક્ષપ્રદ એવી કોઈપણ પ્રકારની કલા, શિક્ષણ આદિ વિદ્યા ન ભણવી, અને એકાદશી ધારણાં પારણાં આદિ વ્રતો તથા પ્રાયશ્ચિતના ઉપવાસો આદિ વડે કરીને વારંવાર દેહ તથા ઈન્દ્રિયોના દમનરૂપી તપ કરતાં રહેવું.॥ ૧૬૬ ॥

ધનં ચ ધર્મકાર્યેઽપિ સ્વનિર્વાહોપયોગિ યત્ ।
દેયં તાભિર્ન તત્ ક્વાઽપિ દેયં ચેદધિકં તદા ॥ ૧૬૭ ॥

અન્વયઃ- તાભિઃ, ચ યત્, સ્વનિર્વાહોપયોગિ, ધનં, તત્, ધર્મકાર્યેઽપિ, ક્વાઽપિ, ન દેયમ્, ચેત્, અધિકમ્, તદા દેયમ્ ॥ ૧૬૭ ॥

વ્યાખ્યા-'તાભિશ્ચ,અને વિધવા સ્ત્રીઓએ । યત્,જે । સ્વનિર્વાહોપયોગિ,-સ્વસ્યા નિર્વાહસ્યોપયોગિ, પોતાના જીવન પર્યંત દેહનિર્વાહ માત્રનું સાધન એવું । ધનમ્, ધન હોય, તત્,- તે તો । ધર્મકાર્યેઽપિ,ધર્મકાર્યમાં પણ । ક્વાઽપિ,-ક્યારેય પણ । ન દેયમ્, ન દેવું ચેત્,-યદિ,-જો । અધિકમ્, વધારે હોય । તદા,તો । દેયમ્, દેવું. ॥ ૧૬૭ ॥

તાત્પર્યાર્થઃ-

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના જીવન પર્યંત દેહનિર્વાહ માત્રને ઉપયોગી એટલું દ્રવ્ય હોય તો તે ધર્મકાર્યમાં પણ ક્યારેય ન આપવું અને જો તેથી અધિક હોય તો ધર્મકાર્યમાં આપવું.॥ ૧૬૭ ॥

કાર્યશ્ચ સકૃદાહારસ્તાભિઃ સ્વાપસ્તુ ભૂતલે ।
મૈથુનાસક્તયોર્વીક્ષા ક્વાઽપિ કાર્યા ન દેહિનોઃ ॥ ૧૬૮ ॥

અન્વયઃ- 'તાભિઃ,ચ, સકૃત્,આહારઃ,કાર્યઃ, સ્વાપઃ, તુ, ભૂતલે કાર્યઃ, મૈથુનાસક્તયોઃ, દેહિનોઃ, વીક્ષા, ક્વાઽપિ, ન કાર્યા ॥ ૧૬૮ ॥

વ્યાખ્યા-'તાભિશ્ચ, અને તે વિધવા સ્ત્રીઓને । સકૃત્,દિવસમાં એકવાર જ । આહારઃ, ભોજન । કાર્યઃ,કરવું તથા સ્વાપસ્તુ,-નિદ્રાતો ભૂતલે, ભૂવસ્તલે,

પૃથ્વીના ઉપર । कार्यः, કરવી, તથા મૈથુનાસક્ત્યોઃ,- મૈથુને-આ-સક્તયોઃ,- મૈથુન જે કામોપભોગ તેમાં આસક્ત થયેલા એવા । प्राणिनोः,કોઈપણ પ્રાણીઓનું । वीक्षा,-વીક્ષણ જોવું તે क्वाऽपि,-ક્યારેય પણ न कार्या, न કરવું. ॥ ૧૬૮ ॥

तात्पर्यार्थः-

અને તે વિધવા સ્ત્રીઓએ, દિવસમાં એક વાર જ ભોજન કરવું, તથા પૃથ્વી ઉપર પથારી કરીને નિદ્રા લેવી, તથા કામ સંભોગમાં આસક્ત એવા કોઈ પણ પ્રાણીને ક્યારેય પણ જોવા નહિ.॥ ૧૬૮ ॥

वेशो न धार्यस्ताभिश्च सुवासिन्याः स्त्रियास्तथा ।
न्यासिन्या वीतरागाया विकृतश्च न कर्हिचित् ॥ १६९ ॥

अन्वयः- 'ताभिश्च, सुवासिन्यां, स्त्रियाः-वेषो न धार्यः, तथा, सुवासिन्याः, तथा वीतरागायाः वेषो न धार्यः, तथा कर्हिचित्, विकृतश्च, न धार्यः ॥ १६९ ॥

व्याख्या- 'ताभिश्च,અને તે વિધવા સ્ત્રીઓએ । सुवासिन्याः,- सु वसति स्वगेहे स्वपत्या, तस्याः- चिरणट्यः,પોતાના જ પતિ સાથે પોતાના ઘરમાં વસનારી, અર્થાત્ સૌભાગ્યવતી એવી । स्त्रियाः- स्त्यायति गर्भोऽस्यामिति स्त्री, ગર્ભધારણ કરે તેને સ્ત્રી કહેવાય, સ્ત્રીનો । वेषः,-વેષ न धार्यः,ન ધારવો. तथा न्यासिन्यां, कर्मणां न्यासस्त्यागोऽस्त्यस्यास्तस्याः, કર્મનો ત્યાગ કરનારી, અર્થાત્ સન્યાસિની એવી સ્ત્રીનો વેષ ન ધારવો,तथा-वीतरागायाः, वीतः रागो यस्यास्तस्याः,-નષ્ટ થયો છે રાગ જેનો એવી, અર્થાત્ વૈરાગીન એવી સ્ત્રીનો । वेषो न धार्यः,વેષ ન ધારવો । तथा कर्हिचित्,-તથા ક્યારેય પણ । विकृतश्च,- निजदेशकुलाचारविरुद्धो वेषः,- પોતાના દેશકુળ અને આચારને વિરુદ્ધ એવો વેષ । न धार्यः, न ધારવો. ॥ ૧૬૯ ॥

तात्पर्यार्थः-

અને તે વિધવા સ્ત્રીઓએ, સુવાસિની સ્ત્રીના જેવો વેષ ન ધારવો, તથા સંન્યાસિનીનો તથા વૈરાગણીનો વેષ ન ધારવો, તથા ક્યારેય પણ પોતાના દેશ, કુળ અને આચારને વિરુદ્ધ એવો વેષ ન ધારવો.॥ ૧૬૯ ॥

सङ्गो न गर्भपातिन्याः स्पर्शः कार्यश्च योषितः ।
शृंगारवार्ता न नृणां कार्याः श्रव्या न वै क्वचित् ॥ १७० ॥

अन्वयः- '(ताभिः), गर्भपातिन्याः, योषितः, सङ्गः, स्पर्शश्च, न कार्यः, नृणां, शृंगारवार्ताः, क्वचित्, न कार्याः, न वै श्रव्यां ॥ १७० ॥

व्याख्या-'(ताभिः),તે વિધવા સ્ત્રીઓએ । गर्भपातिन्याः, गर्भ पातयत्यौषधादिना, तस्याः, ગર્ભની પાડનારી । योषितः,- युषसेवायां, योषति

युष्यते वा तस्याः,-સેવા કરે તે યોષિત કહેવાય,એવી સ્ત્રીનો सङ्गः,સંગ તથા સ્પર્શ: ,-સ્પર્શ પણ ન कर्तव्यः-ન કરવો.તથા नृणाम्,-પુરુષો સંબંધી । शृंगारवार्ताः, शृंगारो रसः सुरतो वा, तस्य वार्ता गोष्ठ्यः,શૃંગાર રસ અથવા કામ ભોગવાળી વાતો । क्वचित्- ક્યારેય પણ । न कार्याः,ન કરવી,તથા ન વૈ श्रव्याः,ન જ સાંભળવી. ॥ ૧૭૦ ॥

तात्पर्यार्थः-

અને તે વિધવા સ્ત્રીઓએ, ઔષધાદિ ગર્ભની પાડનારી એવી સ્ત્રીનો સંગ તથા સ્પર્શ પણ ન કરવો.તથા પુરુષોના શૃંગાર રસ અને કામદેવ સંબંધી વાતો ન કરવી તથા સાંભળવી પણ નહિ.॥ ૧૭૦ ॥

निजसम्बन्धिभिरपि तारुण्ये तरुणैर्नरैः ।
साकं रहसि न स्थेयं ताभिरापदमन्तरा ॥ ૧૭૧ ॥

અન્વયઃ- 'ताभिः, तारुण्ये, तरुणैः, निजसम्बन्धिभिः, नरैः, साकम्, अपि, रहसि, आपदम्, अन्तरा, न स्थेयम् ॥ ૧૭૧ ॥

વ્યાખ્યા- 'ताभिः,તે વિધવા સ્ત્રીઓએ । तारुण्ये,-પોતાની યુવાન અવસ્થા સમયમાં । तरुणैः,-યુવાન અવસ્થામાં વર્તતા એવા । निजसम्बन्धिभिः, પોતાના સમીપ સંબંધવાળા એવા । नरैः,- પિતા, ભાઈ આદિ પુરુષો । साकम्,- સાથે । अपि,-પણ । रहसि,-એકાંત સ્થળમાં તો । आपदम्,-આપત્કાળ । अन्तरा,- સિવાય । न स्थेयम्,-ન રહેવું. ॥ ૧૭૧ ॥

तात्पर्यार्थः-

તે વિધવા સ્ત્રીઓએ, પોતાની યુવાન અવસ્થાના સમયમાં, યુવાન અવસ્થામાં વર્તતા એવા પોતાના સમીપ સંબંધવાળા પિતા,ભાઈ, પુત્ર આદિ પુરુષો સાથે પણ એકાન્ત સ્થળમાં આપત્તિકાળ વિના ન જ રહેવું.॥ ૧૭૧ ॥

न होलाखेलनं कार्यं न भूषादेश्च धारणम् ।
न धातुसूत्रयुक्तसूक्ष्मवस्त्रादेरपि कर्हिचित् ॥ ૧૭૨ ॥

અન્વયઃ-'(ताभिः), होलाखेलनं, न कार्यम्, भूषादेश्च, धारणं, न कार्यम्, कर्हिचित्, धातुसूत्रयुक्तसूक्ष्मवस्त्रादेश्च धारणम्, अपि, न कार्यम् ॥ ૧૭૨ ॥

વ્યાખ્યા-'(ताभिः),તે વિધવા સ્ત્રીઓએ । होलाखेलनम्, होलायां खेलनम्, હોલિકાને નિમિત્તે રંગ ગુલાલ ઉડાડવા આદિ ક્રિડા । न कार्यम्,- ન કરવી,તથા भूषादेश्च,સોના આદિકના ઘરેણા તથા કુંકુમ કાજળ આદિકનું । धारणं न कार्यम्,-ધારણ ન કરવુંकर्हिचित्,-ક્યારેય પણ । धातुसूत्रयुक्सूक्ष्म वस्त्रादेश्च, धातूनां सूत्रैर्युज्यते तादृग् यत् सूक्ष्मं वस्त्र तदादिर्यस्य तस्य,સોના આદિ ધાતુના તાર યુક્ત ઝીણાં કપાસ ઉન રેશમ આદિના વસ્ત્રો આદિકનું ।

धारणम् अपि,ધારણ પણ । न कार्यम्,- ન કરવું. ॥ ૧૭૨ ॥

तात्पर्यार्थः-

તે વિધવા સ્ત્રીઓએ, હોલિકાને નિમિત્તે, રંગ ગુલાલ ઉડાડવા આદિ ક્રિડા ન કરવી, તથા સુવર્ણ આદિકના ઘરેણાં કુંકુમ કાજળ આદિ ધારણ ન કરવાં,તથા ક્યારેય પણ સુવર્ણાદિકના તાર યુક્ત ઝીણા કપાસ ઉન રેશમ આદિકના વસ્ત્રોના ધારણ ન કરવા.॥ ૧૭૨ ॥

सधवाविधवाभिश्च न स्नातव्यं निरम्बरम् ।
स्वरजोदर्शनं स्त्रीभिर्गोपनीयं न सर्वथा ॥ ૧૭૩ ॥

अन्वयः- 'सधवाविधवाभिः, स्त्रीभिश्च,निरम्बरं, न स्नातव्यम्, स्वरजोदर्शनं, सर्वथा, न गोपनीयम् ॥ ૧૭૩ ॥

व्याख्या- 'सधवाविधवाभिः, धवेन सहिताः सधवाः, विगतो धवा यासान्ता विधवाः, ताभिः, પતિએ સહિત, અને મૃત છે પતિ જેનો એવી સ્ત્રીભિઃ,સર્વ સ્ત્રોઓએ । निरम्बरम्- निर्गतम् अम्बरं यस्मिन् कर्मणि यथा तथा, કાઢી નાખ્યું છે વસ્ત્ર જે ક્રિયામાં અર્થાત્ નગ્ન રીતે । न स्नातव्यम्,- સ્નાન ન કરવું,કારણ કે વરુણ દેવતાનું અપમાન થાય છે.તથા स्वरजोदर्शनम्, स्वस्या रजसो दर्शनम्,-પોતાનું રજસ્વળાપણું, सर्वथा,-આપત્તિકાળ વા અનાપત્તિકાળમાં કોઈપણ પ્રકારે । न गोपनीयम्,-છાનું ન રાખવું. ॥ ૧૭૩ ॥

तात्पर्यार्थः-

સધવા અને વિધવા એવી સ્ત્રીઓએ, વસ્ત્ર રહિત નગ્ન થઈને સ્નાન કરવું નહિ,તથા પોતાનું રજસ્વળાપણું કોઈપણ પ્રકારે છાનું ન રાખવું.॥ ૧૭૩ ॥

मनुष्यं चांऽशुकादीनि नारी क्वाऽपि रजस्वला ।
दिनत्रयं स्पृशेन्नैव स्नात्वा तुर्येऽह्नि सा स्पृशेत् ॥ ૧૭૪ ॥

(ટીપ્પણીઃ- રજસ્વળાને તાવ આદિ આવે તો ચોથે દિવસે બીજી સ્ત્રી બારવાર સ્નાન કરીને બારવાર કોરું વસ્ત્ર બદલાવીને બારવાર આચમન લઈને બારેવાર અડે અને પછી રજસ્વળા પોતાનાં વસ્ત્રો દૂર કરે, તો શુદ્ધ થાય છે.)

अन्वयः-'सा, रजस्वला, नारी, दिनत्रयं, क्वापि, मनुष्यम्, अंशुकादीनि च, नैव, स्पृशेत्, तुर्ये अह्नि, स्नात्वा, स्पृशेत् ॥ ૧૭૪ ॥

व्याख्या- 'सा,-સધવા,વિધવા એવી रजस्वला,- રજોऽસ્યા अस्तीति, રજસ્વળા ધર્મમાં આવેલી એવી । नारी, સ્ત્રી જે તે । दिनत्रयम्,-ત્રણ રાત્રિ દિવસ સુધી । क्वापि,-ક્યારેય પણ । मनुष्यम्,-કોઈપણ મનુષ્યને તથા । अंशुकादीनि च,વસ્ત્રો મૃત્તિકાના પાત્ર આદિકને । नैव स्पृशेत्, ન જ અડે,કિન્તુ तुर्ये,- चतुर्णा संख्यापूरणं तुर्य तस्मिन्,-ચોથે । अह्नि,-દિવસે । स्नात्वा,-

સ્નાન કરીને । સ્પૃશેત્,-સ્પર્શ કરે. પહેલે દિવસે ચાંડાલી, દ્વિતીયે બ્રહ્મઘાતિની, તૃત્તીયે ધોબણ્ય જેવી, ચોથે દિવસે સ્નાનથી શુદ્ધ થાય છે. ॥ ૧૭૪ ॥

तात्पर्यार्थः-

સધવા અને વિધવા એવી જે રજસ્વળા સ્ત્રીઓ,તેમણે ત્રણ રાત્રિ દિવસ સુધી ક્યારેય પણ કોઈપણ મનુષ્યને તથા વસ્ત્ર, મૃત્તિકાના પાત્ર, આદિકને અડવું નહિ. કિન્તુ ચોથે દિવસે સ્નાન કરીને અડી શકાય છે.॥ ૧૭૪ ॥

ब्रह्मचारीओना विशेष धर्मः-

नैष्ठिकव्रतवन्तो ये वर्णिनो मदुपाश्रयाः ।
तैः स्पृश्या न स्त्रियो भाष्या न न विक्ष्याश्च ता धिया ॥ १७५ ॥

अन्वयः- 'मदुपाश्रयाः, ये, नैष्ठिकव्रतवन्तः, वर्णिनः, तैः, स्त्रियः, न, स्पृश्याः, न भाष्याः, ताश्च, धिया, न वीक्ष्याः ॥ १७५ ॥

व्याख्या- 'मदुपाश्रयाः,- मयोपाश्रयो येषान्ते,-પરમાત્મા એવા જે અમે તે અમારો છે વિશેષ ભક્તિ વડે આશ્રય જેમને એવા અમારા બળવાળા, માટે જ કળિમાં પણ । नैष्ठिकव्रतवन्तः, निष्ठा देहान्तोऽचधित्वेन यस्य तन्नैष्ठिकं, तच्च तद्व्रतं, तदस्त्येषान्ते,દેહાન્ત છે અવધિ જેની એવું બ્રહ્મચર્ય વ્રત છે જેમને એવા वर्णिनः, वर्णः ब्रह्मातेजः प्रशस्तिरेषामस्तीति,-બ્રહ્મચર્ય તેજવાળા એવા બ્રહ્મચારીઓ જે હોય तैः,તેમણે તો । स्त्रियः,સ્ત્રીમાત્રનો । न स्पृश्याः, સ્પર્શ ન કરવો न भाष्याः,-તથા સ્ત્રીઓ સાથે બોલવું નહિ.तथा ताश्च,-તે સ્ત્રીઓને धिया,મન દઈને બુદ્ધિપૂર્વક न विक्ष्याः, જોવી પણ નહિ. ॥ ૧૭૫ ॥

तात्पर्यार्थः-

પરમાત્મા એવા અમે, તે અમારો ભક્તિ વડે વિશેષ આશ્રય કરનારા, માટે જ અમારા બળથી કળિમાં પણ દેહાન્ત બ્રહ્મચર્યવ્રતના પાળનારા એવા નૈષ્ઠિક બ્રહ્મચારીઓ, સ્ત્રીમાત્રનો સ્પર્શ ન કરવો, તથા તેઓ સાથે બોલવું નહિ,તથા તેઓને બુદ્ધિપૂર્વક કામભાવથી જોવી પણ નહિ.॥ ૧૭૫ ॥

तासां वार्ता न कर्तव्या न श्रव्याश्च कदाचन ।
तत्पादचारस्थानेषु न च स्नानादिकाः क्रियाः ॥ १७६ ॥

अन्वयः- '(तैः), कदाचन्, तासां, वार्ताः, न कर्तव्याः, न च श्रव्याः, तत्पादचारस्थानेषु, स्नानादिकाः, क्रियाः, न च, कर्तव्याः ॥ १७६ ॥

व्याख्या- '(तैः),તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ । कदाचन्,-ક્યારેય પણ । तासाम्,-સ્ત્રીઓની । वार्ताः,-ગુણ અવગુણ વર્ણનરૂપી વાતો । न कर्तव्याः,- ન કરવી. તથા । न च श्रव्याः, न सांभळवी. । तत्पादचारस्थानेषु, तासां पादचारो येषु तेषु स्थानेषु,સ્ત્રીઓના વારંવાર જવા આવવાના સ્થળોમાં ।

स्नानादिकाः,-સ્નાન મળમૂત્રત્યાગ ઇત્યાદિ કોઈપણ । क्रियाः,-ક્રિયાઓ । न कर्तव्याः,-ન કરવી.॥ ૧૭૬ ॥

तात्पर्यार्थः-

તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ, ક્યારેય પણ સ્ત્રીઓના ગુણ અવગુણ વર્ણન રૂપી વાર્તા ન કરવી,તથા ન સાંભળવી,તથા સ્ત્રીઓના વારંવાર પગફેરવાળા સ્થાનોમાં, સ્નાન, મળમૂત્રત્યાગ આદિ ક્રિયાઓ ન કરવી.॥ ૧૭૬ ॥

देवताप्रतिमां हित्वा लेख्या काष्ठादिजाऽपि वा ।
न योषित्प्रतिमा स्पृश्या न वीक्ष्या बुद्धिपूर्वकम् ॥ १७७ ॥

अन्वयः-तैः, देवताप्रतिमां, हित्वा, लेख्या, वा, काष्ठादिजा, अपि, योषित्प्रतिमा, बुद्धिपूर्वकं, न स्पृश्या, न च वीक्ष्या ॥ १७७ ॥

व्याख्या-'तैः,તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ । देवताप्रतिमाम्,- देवतायाः प्रतिमा ताम्, લક્ષ્મીજી આદિ દેવીઓની મૂર્તિ । हित्वा,-વિના બીજી । लेख्या,- लेखेन निर्वृत्ता,લેખન વડે કરીને થતી ચિત્રમયી । वा काष्ठादिजा,અથવા કાષ્ઠમ્ આદિ येषान्ते तेभ्यो जाता,કાષ્ઠ છે મુખ્ય જેમાં એવા ધાતુ પાષાણ આદિથી બનેલી । अपि,પણ । योषित्प्रतिमा,- योषितः प्रतिकृतिः સ્ત્રીની પ્રતિમા પૂતળી તેનો । बुद्धिपूर्वकम्, बुद्धिपूर्वा यस्मिन् कर्मणि यथा भवति तथा तत्, જ્ઞાન છે પ્રથમ જે ક્રિયામાં અર્થાત્ જાણીને તો । न स्पृश्या,-સ્પર્શ ન કરવો. । न च वीक्ष्या,તથા જાણીને તેને જોવી પણ નહિ. ॥ ૧૭૭ ॥

तात्पर्यार्थः-

તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ, લક્ષ્મીજી આદિક દેવીઓની પ્રતિમા વિના બીજી જે ચિત્રમયી અથવા કાષ્ઠ ધાતુ પાષાણ આદિકની બનેલી એવી પણ સ્ત્રીની પ્રતિમા, તેનો જ્ઞાન પૂર્વક સ્પર્શ ન કરવો,તથા જાણીને તેને જોવી પણ નહિ.॥ ૧૭૭ ॥

न स्त्रीप्रतिकृतिः कार्या न स्पृश्यं योषितोंऽशुकम् ।
न वीक्ष्यं मैथुनपरं प्राणिमात्रं च तैर्धिया ॥ १७८ ॥

अन्वयः- 'तैः, स्त्रीप्रतिकृतिः, न कार्या, योषितः, अंशुकं, धिया, न स्पृश्यम्, च मैथुनपरं, प्राणिमात्रं, धिया, न वीक्ष्यम् ॥ १७८ ॥

व्याख्या- 'तैः,-તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ, स्त्रीप्रतिकृतिः, स्त्रियः प्रतिमा,સ્ત્રીની પ્રતિમા । न कार्या,-ન કરવી તથા, योषितः,સ્ત્રીના । अंशुकम् -વસ્ત્રનો । धिया,-બુદ્ધિપૂર્વક । न स्पृश्यम्,-સ્પર્શ ન કરવો । च,-અને । मैथुनपरम्,-કામોપભોગમાં આસક્ત એવા, प्राणिमात्रम्,પશુ પક્ષી આદિ કોઈપણ પ્રાણીને । धिया,-બુદ્ધિપૂર્વક । न वीक्ष्यम्,ન જોવા. ॥ ૧૭૮ ॥

તાત્પર્યાર્થ:-

તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ, દેવતા પ્રતિમા વિના, અન્ય સ્ત્રીની પ્રતિમા, ન કરવી,તથા સ્ત્રીના વાપરેલા વસ્ત્રનો બુદ્ધિપૂર્વક સ્પર્શ ન કરવો, તથા કામોપભોગમાં આસક્ત એવા પશુ પક્ષી આદિ કોઈપણ પ્રાણીને બુદ્ધિપૂર્વક ન જોવા.॥ ૧૭૮ ॥

न स्पृश्यो नैक्षणीयश्च नारीवेषधरः पुमान् ।
न कार्यं स्त्रीः समुद्दीश्य भगवद्गुणकीर्तनम् ॥ १७९॥

અન્વય:-'(तैः), नारीवेषधरः, पुमान्, न स्पृश्यः, न च, ईक्षणीयः, स्त्रीः, समुद्दीश्य, भगवद्गुणकीर्तनं, न कार्यम् ॥ १७९॥

વ્યાખ્યા- '(तैः),તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ, नारीवेषधरः,नार्या वेषस्य धरः, સધવા અથવા વિધવા એવી સ્ત્રીના વેષનો ધરનારો। पुमान्,भ्रूकुंसः, અન્યો વા, બહુરૂપીઓ અથવા અન્ય કોઈપણ પુરુષ હોય તેનો न स्पृश्यः,સ્પર્શ ન કરવો.न च, ईक्षणीयः,-તથા ન જોવો તથા । स्त्रीः, समुद्दीश्य,-સ્ત્રીઓને સંભળાવીએ એવા ઉદ્દેશથી। भगवद्गुणकीर्तनम्,भगवतो मम गुणानां कीर्तनम्, પરમાત્મા જ અમે તે અમારા ગુણોના કથા કીર્તનો न कार्यम्, न કરવા ॥ ૧૭૯ ॥

તાત્પર્યાર્થ:-

તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ, સધવા અથવા વિધવા એવી સ્ત્રીના વેષનો ધરનારો બહુરૂપીઓ અથવા અન્ય કોઈપણ પુરુષ હોય તેનો સ્પર્શ ન કરવો,તથા તેને ન જોવો, તથા સ્ત્રીને ઉદ્દેશીને, પરમાત્મા એવા જે અમે તે અમારી કથા વાર્તા કીર્તન આદિ ન કરવા.॥ ૧૭૯ ॥

ब्रह्मचर्यव्रतत्यागपरं वाक्यं गुरोरपि ।
तैर्न मान्यं सदा स्थेयं धीरैस्तुष्टैरमानिभिः ॥ १८० ॥

અન્વય:- 'तैः, ब्रह्मचर्यव्रतत्यागपरं, गुरोः, अपि, वाक्यं, न मान्यम्, सदा, धीरैः, तुष्टैः, अमानिभिः, स्थेयम् ॥ १८० ॥

વ્યાખ્યા-'तैः, તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ । ब्रह्मचर्यव्रतत्यागपरम्,-ब्रह्मचर्यतेऽनेन तत्, तादृशव्रतस्य त्यागः परस्तात्पर्यविषयो यस्य तत्, પરમાત્મા પ્રાપ્ત કરાય જેનાથી, એવું જે બ્રહ્મચર્ય વ્રત તેનો ત્યાગ છે તાત્પર્ય વિષય જેનો । गुरोः,એવું પોતાના ગુરુનું । अपि,-પણ । वाक्यम्,-વચન । न मान्यम्, ન માનવું सदा,તથા સદા । धीरैः,-ધીરજવાળા तुष्टैः,સંતોષવાળા । अमानिभिः, માન રહિત એવા થકા । स्थेयम्,રહેવું. ॥ ૧૮૦ ॥

તાત્પર્યાર્થ:-

તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ, પરમાત્મા પ્રાપ્ત થાય છે જેનાથી એવું જે

બ્રહ્મચર્ય વ્રત, તેનો ત્યાગ થાય એવું પોતાના ગુરુનું વાક્ય પણ ન માનવું, તથા સર્વદા ધીરજવાન સંતોષવાળા અને માન રહિત એવા થકા વર્તવું.॥ ૧૮૦ ॥

स्वातिनैकट्यमायान्ती प्रसभं विनिता तु या ।
निवारणीया साऽऽभाष्य तिरस्कृत्याऽपि वा द्रुतम् ॥ १८१ ॥

અન્વયઃ- 'या वनिता, प्रसभं, स्वातिनैकट्यम्, आयान्ती, (भवेत्), सा तु, आभाष्य, वा तिरस्कृत्य, अपि, द्रुतं निवारणीया ॥ १८१ ॥

વ્યાખ્યા- 'या वनिता,-'वनिता जातरागस्त्री, इति मेदिनी। જે રાગ ઉત્પન્ન થયેલી સ્ત્રી प्रसभम्,બલાત્કારથીस्वातिनैकट्यम्,- स्वस्याऽति सन्निधिम्,- પોતાના અતિ સમીપમાં । आयान्ती भवेत्,-આવતી હોય । सा तु,-તે સ્ત્રીને તો । आभाष्य,-દૂર જાઓ એમ કહીને, वा तिरस्कृत्याऽपि, અથવા કઠોર વચનથી તિરસ્કાર કરીને પણ द्रुतं निवारणीया,-तत्काळ, પાછી વાળવી. ॥ ૧૮૧ ॥

तात्पर्यार्थः-

રાગ ઉત્પન્ન થયેલી જે સ્ત્રી, બળાત્કારથી પોતાના અતિ સમીપમાં આવતી હોય,તે સ્ત્રીને તો'દૂર જાઓ'એમ કહીને અથવા પછી કઠોર વચન દ્વારા તિરસ્કાર કરીને પણ તત્કાળ પાછી વાળવી.॥ ૧૮૧ ॥

प्राणापद्युपपन्नायां स्त्रीणां स्वेषां च वा क्वचित् ।
तदा स्पृष्टवाऽपि तद्रक्षा कार्या संभाष्य ताश्च वा ॥ १८२ ॥

અન્વયઃ- 'क्वचित्, च, स्वेषां, स्त्रीणां वा, प्राणापदि, उपपन्नायाम्, तदा ताः, संभाष्य, वा च, स्पृष्टवा, अपि, तद्रक्षा कार्या ॥ १८१ ॥

વ્યાખ્યા- 'क्वचिच्च,-અને ઘર સળગવું,જળમાં ડૂબવું, શૃંગવાળાં તથા દાઢવાળા પ્રાણીથી ભય આવે,મહારોગ આવે અકસ્માત એ આદિકના સમયમાં । स्वेषाम्,પોતાના । स्त्रीणां वा, અથવા સ્ત્રીઓના । प्राणापदि, प्राणानामापदि, પ્રાણોની આપત્તિ । उपपन्नायाम्, પ્રાપ્ત થયે સતે। तदा,તે સમયમાં । ताः,તે સ્ત્રીઓને । सम्भाष्य,બોલાવીને અથવા બોલીને वा, च,- અથવા તો । स्पृष्टवाऽपि,-તેમને અડીને પણ । तद्रक्षा,- तासां स्वेषां वा रक्षा,-તે સ્ત્રીઓની અથવા પોતાની રક્ષા । कार्या-કરવી. ॥ ૧૮૨॥

तात्पर्यार्थः-

અને ગૃહદાહમાં જળમાં ડૂબવું, શીંગવાળા તથા ઝેરી દાઢવાળા પ્રાણીથી ભય, મહારોગ, અકસ્માત, મારામારી, એ આદિસમયમાં પોતાના અથવા સ્ત્રીઓના પ્રાણોની આપત્તિ પ્રાપ્ત થયે સતે, તે સ્ત્રીઓને બોલાવીને અથવા તે સાથે બોલીને, છેલી બાકી તેમને અડીને પણ તેમની તથા પોતાની પ્રાણ રક્ષા કરવી.॥ ૧૮૨ ॥

तैलाऽभ्यङ्गो न कर्तव्यो न धार्य चाऽयुधं तथा ।
वेषो न विकृतो धार्यो जेतव्या रसना च तैः ॥ १८३ ॥

અન્વયઃ- 'तैः, च, तैलाऽभ्यङ्गः, न कर्तव्यः, तथा, आयुधं, न धार्यम्, विकृतः, वेषः, न धार्यः, रसना च, जेतव्या ॥ १८३ ॥

વ્યાખ્યા-'तैश्च,- અને તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ । तैलाभ्याङ्गः,- તૈલેન મર્દનમ્, તેલવડે કરીને શરીર મર્દન ન કર્તવ્યઃ,ન કરવું.તથા આયુધમ્, તરવાર આદિ શસ્ત્ર, વા ધનુષ આદિ અસ્ત્ર ન ધાર્યમ્,ધારણ ન કરવું. વિકૃતઃ, વેષઃ,લોક શાસ્ત્ર નિંદિત એવો બિભત્સ વેશ ન ધાર્યઃ,-ધારણ ન કરવો. । રસના च,અને રસના જે જીહ્વા ઈન્દ્રીય તેને તો । જેતવ્યા વિશેષપણે જીતવી. ॥ ૧૮૩ ॥

तात्पर्यार्थः-

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ, તેલ વડે શરીરમાં મર્દન ન કરવું, તથા તરવાર આદિ શસ્ત્ર અને બાણ આદિ અસ્ત્ર ધારણ ન કરવા તથા લોકશાસ્ત્ર ગર્હિત બિભત્સ વેષ ધારણ ન કરવો, તથા રસના જે જીહ્વા તેને વિશેષપણે કરીને જીતવી.॥ ૧૮૩ ॥

परिवेषणकर्त्री स्याद् यत्र स्त्री विप्रवेश्मनि ।
न गम्यं तत्र भिक्षार्थं गन्तव्यमितरत्र तु ॥ १८४ ॥

અન્વયઃ- '(तैः), यत्र, विप्रवेश्मनि, स्त्री, परिवेषणकर्त्री, स्यात्, तत्र, भिक्षार्थं, न गम्यम्, इतरत्र तु, गन्तव्यम् ॥ १८४ ॥

વ્યાખ્યા-(तैः),તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ । यत्र,જે विप्रवेश्मनि, विप्रस्य परब्रह्मज्ञस्य द्विजस्य वेश्मनि,-પરબ્રહ્મજ્ઞ એવા દ્વિજને ઘેર । स्त्री, સ્ત્રી જાતિ । परिवेषणकर्त्री स्यात्-, परिवेषणस्य भोजनीयपदार्थार्पणस्य कर्त्री, ભોજનીય પદાર્થોનું ભોજનપાત્રમાં અર્પણ કરનારી હોય, तत्र, તે દ્વિજને ઘેર,भिक्षार्थम्,-भिक्षायै,-ભિક્ષા કરવા માટે । न गम्यम्,ન જવું. । इतरत्रतु, यत्र पुरुषः परिवेषणकर्ता भवेत् तत्र,-જ્યાં પુરુષ પીરસનારો હોય તેવે ઘેર તો । गन्तव्यम्,ભિક્ષા માટે જવું. ॥ ૧૮૪ ॥

तात्पर्यार्थः-

તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ જે બ્રહ્મનિષ્ઠ વિપ્રને ઘેર સ્ત્રી જાતિ ભોજનપાત્રમાં ભોજનીય પદાર્થોની પીરસનારી હોય, તે વિપ્રને ઘેર ભિક્ષા કરવા માટે ન જવું પણ જ્યાં પુરુષ પીરસનારો હોય તેવે ઘેર ભિક્ષા માટે જવું.॥ ૧૮૪ ॥

अभ्यासो वेदशास्त्राणां कार्यश्च गुरुसेवनम् ।
वर्ज्यः स्त्रीणामिव स्त्रैणपुंसां सङ्गश्च तैः सदा ॥ १८५ ॥

અન્વયઃ- 'तैः, । वेदशास्त्राणाम्, अभ्यासः, कार्यः, च, गुरुसेवनं,

कार्यम्, स्त्रीणाम्, इव, स्त्रैणपुंसां, सङ्ग, सदा, वर्ज्यः ।

व्याख्या-'तैः,-તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ। वेदशास्त्राणाम्- विदन्ति ब्रह्मौभिरित वेदाः, वचनामृतविशेषाः ऋगादयाश्चत्वारश्च, शास्त्राणि सत्सङ्गिजीवनादीनि सच्छास्त्राणि शिक्षादिनि सांख्यादीनि च तेषाम्,- પરબ્રહ્મનો બોધ જે વડે થાય એવા વચનામૃત્તો અને ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ એવા વેદો, તથા સત્સંગિજીવન આદિ સત્ શાસ્ત્રો અને શિક્ષા, કલ્પ,વ્યાકરણ, છંદ, નિરુક્ત,જ્યોતિષ એ છ વેદાંગો અને સાંખ્ય,યોગ, વેદાન્ત,મીમાંસા, ન્યાય, વૈશેષિક એ છ શાસ્ત્રો,તથા યાજ્ઞવલ્ક્યાદિસ્મૃતિઓ આદિકનો અભ્યાસઃ, અભ્યાસ कार्यः,કરવો । च,તથા । गुरुसेवनम्,-પોતાના ગુરુની સેવા । कार्यम् કરવી, અને स्त्रीणामिव,-સ્ત્રીઓના યોગનો અષ્ટ પ્રકારે જેમ નિષેધ છે તેમ સ્ત્રૈણપુંસામ, સ્ત્રૈણાશ્ચ તે પુમાંસસ્તેષામ્, સ્ત્રી લુબ્ધ એવા પુરુષોનો સઙ્ગઃ,પ્રસંગ સદા,સદાકાળ વર્જ્યઃ,ત્યાગ કરવો. ॥ ૧૮૫ ॥

तात्पर्यार्थः-

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓ, પરબ્રહ્મનો બોધ કરાવનારા વચનામૃતો, ઋગ્વેદ, યજુર્વેદ,સામવેદ, અથર્વવેદ એ ચાર વેદો, તથા સત્સંગિજીવન આદિક સત્શાસ્ત્રો,તથા શિક્ષા,કલ્પ,વ્યાકરણ,છંદ,નિરુક્ત જ્યોતિષ એ છ વેદાંગો, તથા સાંખ્ય, યોગ, વેદાંત, મીમાંસા, ન્યાય, વૈશેષિક એ છ શાસ્ત્રો,અને સ્મૃતિઓ, એ આદિકનો અભ્યાસ કરવો,તથા પોતાના ગુરુની સેવા કરવી, અને સ્ત્રીઓના પ્રસંગના ત્યાગની પેઠે, સ્ત્રીલુબ્ધ પુરુષોના પ્રસંગનો પણ ત્યાગ કરવો.॥ ૧૮૫ ॥

चर्मवारि न वै पेयं जात्याविप्रेण केनचित्।
पलाण्डुलशुनाद्यं च तेन भक्ष्य न सर्वथा ॥ १८६ ॥

अन्वयः- 'जात्याविप्रेण, केनचित्, चर्मवारि, न वै, पेयम्, तेन च, पलाण्डुलशुनाद्यं च, सर्वथा, न भक्ष्यम् ॥ १८६ ॥

व्याख्या- 'जात्याविप्रेण,-બ્રાહ્મણ જાતીય મનુષ્યે,અથવા 'जातिः सामान्य गोत्रयो 'रिति हैमः, 'जातिः स्त्री गोत्रजन्मनोरि 'ति मेदिनी। 'जातिश्छन्दसि सामान्ये मालत्यां गोत्र जन्मनोरि 'ति विश्वः, जातिः- गोत्रं, अः- परमात्मा यस्य सः- जात्यः, आसमन्ताद् विद्यासु वाति प्रतिपाद्यतया गच्छतीति- आविः- परमात्मा, तं प्राति पूरयति पाठनकाले सः- आविप्रः, जात्यश्चासावाविप्रश्च तेन, પરમાત્મા અમે છીએ ગોત્ર જેના, તથા સર્વ વિદ્યાઓના પ્રતિપાદ્ય એવા પરમાત્મા જે અમે તે અમોને પાઠમાં ભણાવનારા જે બ્રહ્મનિષ્ઠ ભક્તિમાર્ગમાં પ્રવર્તેલ એવા કોઈપણ મનુષ્ય તેમણે । चर्मवारि,- चर्मपात्रेणोद्धृतं वारि,ચામડાના પાત્રનું જળ,। न वै पेयम्, ન જ પીવું તથા तेन च,તે બ્રાહ્મણવર્ણે અથવા પરમાત્મકગોત્રક

પરબ્રહ્મ બોધક બ્રહ્મનિષ્ઠ ભક્તિમાન્ મુનુષ્યોએ। पलाण्डुशुनाद्यं च, पलाण्डुश्च लशुनं च ते आद्ये अस्य, ડુંગળી લસણ છે આદ્ય જેમાં એવા દુર્ગંધ આકૃતિ રસથી તુલ્ય જે શ્વેત કંદરૂપ, ગૃંજન, ફણસ આદિ । सर्वथा न भक्ष्यम्,-કોઈપણ રીતે મતિપૂર્વક ભક્ષણ ન કરવા. ॥ ૧૮૬ ॥

तात्पर्यार्थः-

બ્રાહ્મણ જાતીય મનુષ્યે,અથવા પરમાત્મા અમે છીએ ગોત્ર જેમના, તથા સર્વ વિદ્યા પ્રતિપાદ્ય એવા અમોને પરમાત્માને પાઠમાં ભણનારા જે ભક્તિમાર્ગમાં પ્રવર્તેલા બ્રહ્મનિષ્ઠ વૈષ્ણવ, તેમણે ચામડાના પાત્રનું જળ ન જ પીવું, અને તેમણે ડુંગળી લસણ તથા દુર્ગંધ આકૃતિ રસ વડે કરીને સમાન એવા ધોળોકંદ જે ગૃંજન, ગોળ કંદ જે ફણસ, આદિ અભક્ષ્ય પદાર્થો તેને મતિપૂર્વક ન ખાવા.॥ ૧૮૬ ॥

स्नानं सन्ध्यां च गायत्रीजपं स्त्रीविष्णुपूजनम् ।
अकृत्वा वैश्वदेवं च कर्तव्यं नैव भोजनम् ॥ १८७ ॥

अन्वयः- 'स्नानं, च सन्ध्यां, गायत्रीजपं, श्रीविष्णुपूजनं, वैश्वदेवं च, अकृत्वा, भोजनं, नैव, कर्तव्यम् ॥ १८७ ॥

व्याख्या- 'स्नानम्, 'ष्णा'शौचे स्नातीति स्नानम्, જળ વડે સ્નાન । च सन्ध्याम्,- सन्ध्याकाले, सम्यग् ध्यायत इति सन्ध्या, सन्ध्याख्यदेवता, ताम्, સંધ્યાકાળમાં સારી રીતે ધ્યાન કરાય જે એવી સંધ્યાત્મક દેવતાની ઉપાસના गायत्रीजपम्,- गायत्र्या जपः,प्रसिद्ध गायत्री मंत्रनो જપ श्रीविष्णुपूजनम्,- श्रीविष्णोः शालग्रामस्यपूजा,शालग्राम અથવા પ્રતિમાની પૂજા । वैश्वदेवम्,- विश्वेभ्यो देवेभ्यः स्वाहा' એ મંત્ર જેમાં ઉચ્ચારાય એવી ક્રિયા જે દેવયજ્ઞ એ પાંચ મહાયજ્ઞો । अकृत्वा,-કર્યા વિના । भोजनम्,-ભોજન । न कार्यम्,-ન કરવું. ॥ ૧૮૭ ॥

तात्पर्यार्थः-

દ્વિજાતિઓએ પ્રતિદિન 'જળ વડે સ્નાન, સંધ્યાકાળે સંધ્યાખ્ય દેવતાની ઉપાસના, પ્રસિદ્ધ સ્વસ્વ ગાયત્રી મંત્રનો જપ, શાલગ્રામ અથવા પ્રતિમાની પૂજા, અને 'વિશ્વેભ્યો દેવેભ્યઃ સ્વાહા' એ મંત્રથી વિશ્વદેવોને હોમ પ્રદાનરૂપ જે દેવયજ્ઞ, એ પાંચ મહાયજ્ઞો કર્યા વિના ભોજન ન કરવું.॥ ૧૮૭ ॥

अथवा

'ष्णौ' वेष्टने, स्नायति व्याप्नोतीति स्नाः, व्यापकः परमात्मा, स्नः परात्मः अनं रक्षणं स्वान्तरेऽवतारणमिति स्नानम् व्यापक એવા પરમાત્મા શ્રીહરિ જે અમે તે અમોને સ્વહૃદયમાં સ્મરણ દ્વારા ઉતારવા । सन्ध्याम्, सम्यग्ध्यानं स्वेष्टस्य श्रीहरेः,પોતાના ઈષ્ટદેવ શ્રીહરિ જે અમે તે અમારું સારી રીતે ધ્યાન।

गायत्रीजपम्, गीयते या परमात्मनोऽभिधा सा गायत्री- श्रीस्वामिनारायण इति नाम, तस्याः जपम्, प्रातः લેવાતું જે પોતાના ઈષ્ટદેવ પરમાત્માનું શ્રીસ્વામિનારાયણ એવું નામ, તેનો જપ । श्रीविष्णुपूजनम्,- वेवेष्टि जीवेश्वरब्रह्मलोकेषु व्याप्नोतीति विष्णुः, श्रिया दिव्यशोभया युक्तो विष्णुः श्रीविष्णुः- स्वेष्टदेवः श्री हरिस्तस्य पूजनम्, જીવલોક ઈશ્વરલોક અને બ્રહ્મલોકમાં વ્યાપક એવા તથા દિવ્ય શોભાવાળા એવા સ્વેષ્ટદેવ જે શ્રીહરિ તે અમારી પૂજા । वैश्वदेवम्- विश्वेषु- जीवेश्वरब्रह्मलोकेषु भवा वैश्वाः, तेषां देवः- प्रकाशकः- परमात्मा, इज्यते- नैवेद्यादिना पूज्यते यत्र कर्मणि तत्, वैश्वदेवम् । જીવ,ઈશ્વર,અને બ્રહ્મલોકમાં સર્વત્ર રહેનારા એવા અને જડ ચેતન વર્ગના દેવ, એવા પરમાત્મા અમે શ્રીહરિ, નૈવેદ્યાદિ દ્વારા પૂજાઈએ છીએ જે ક્રિયામાં અર્થાત્ થાળ જમાડવા. એ પાંચ મહાયજ્ઞો કર્યા વિના। भोजनं न कार्यम्, ભોજન ન કરવું. ॥ ૧૮૭ ॥

तात्पर्यार्थः-

વ્યાપક એવા પરમાત્મા શ્રીહરિ જે અમે તે અમોને સ્વહૃદયમાં સ્મરણ દ્વારા ઉતારવા તથા પોતાના ઈષ્ટદેવ શ્રીહરિ જે અમે તે અમારું ધ્યાન કરવું, તથા પ્રાતઃકાળમાં લેવાતું જે પોતાના ઈષ્ટદેવ પરમાત્માનું શ્રીસ્વામિનારાયણ એવું નામ, તેનો જપ કરવો,તથા સર્વત્ર વ્યાપક અને દિવ્ય સાકાર એવા સ્વેષ્ટદેવ શ્રીહરિ જે અમે તે અમારી પૂજા કરવી.તથા જીવલોક, ઈશ્વરલોક, અને બ્રહ્મલોકમાં સર્વત્ર રહેતા જડ,ચેતન વર્ગોના દેવ પરમાત્મા શ્રીહરિ એવા અમોને નૈવેદ્ય જમાડવું. એ પાંચ મહાયજ્ઞોને કર્યા વિના કોઈપણ મનુષ્યે ભોજન કરવું નહિ.॥ ૧૮૭ ॥

साधुओना विशेष धर्म

साधवोऽथ तैः सर्वैर्नैष्ठिकब्रह्मचारिवत् ।
स्त्रीस्त्रैणसङ्गादि वर्ज्यं जेतव्याश्चान्तराऽरयः ॥ १८८ ॥

अन्वयः- 'अथ, ये साधवः, तैः सर्वैः, नैष्ठिकब्रह्मचारिवत्, स्त्रीस्त्रैणसङ्गादि, वर्ज्यम्, आन्तरारयश्च जेतव्याः ॥ १८८ ॥

व्याक्या- 'अथ,-હવે પછી । ये साधवः स्युः,-જે સાધુ સંજ્ઞાવાળા ત્યાગીઓ હોય । तैः, सर्वैः, તે સર્વેએ । नैष्ठिकब्रह्मचारिवत्,- કહ્યા એવા નૈષ્ઠિક બ્રહ્મચારીઓની માફક स्त्रीस्त्रैणसङ्गादि,-स्त्रीणां स्त्रैणानां च सङ्ग आदीर्यस्य तत्, સ્ત્રી અને સ્ત્રૈણ પુરુષનો પ્રસંગ वर्ज्यम्, ત્યાગવો.તથા । आनन्तराऽरयः,- અનન્તરે भवा येऽरयः, અંતઃકરણમાં રહેલા જે કામાદિક શત્રુઓ તેમને । जेतव्याः જીતવા. ॥ ૧૮૮ ॥

तात्पर्यार्थः-

અને જે સાધુસંજ્ઞક ત્યાગી દીક્ષાવાળા હોય તેમણે સર્વેએ પણ, કહ્યા એવા નૈષ્ઠિક બ્રહ્મચારીઓની માફક સ્ત્રીઓના તથા સ્ત્રીલુબ્ધ પુરુષોના સ્પર્શ ભાષણ દર્શન આદિ પ્રસંગોનો ત્યાગ કરવો, તથા કામ ક્રોધ લોભ માન આદિક આંતર શત્રુઓને જીતવા.॥ ૧૮૮ ॥

सर्वेन्द्रियाणि जेयानि रसना तु विशेषतः ।
न द्रव्यसंग्रहः कार्यः कारणीयो न केनचित् ॥ १८९ ॥

અન્વયઃ- (तैः), सर्वेन्द्रयाणि, जेयानि, रसना तु, विशेषतः, जेया, द्रव्यसंग्रहः, न कार्यः, केनचित्, न कारणीयः ॥ १८९ ॥

વ્યાખ્યા- '(तः) તે સંતજનોએ । सर्वेन्द्रियाणि,- सर्वाणिन्द्रियाणि, શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના, ઘ્રાણ, વાક્, પાણિ, પાદ, પાયૂ, ઉપસ્થ, મન, એ સર્વે ઈન્દ્રિયોને । जेयानि,-નિયમમાં કરવાં,તેમાં પણ । रसना तु,-જીહ્વા ઈન્દ્રીયને તો । विशेषतः, અધિક પ્રયત્ન વડે । जेया,જીતવી નિયમમાં કરવી,તથા- द्रव्यसंग्रहः,નાણાનો સંગ્રહ । न कार्यः,-ન કરવો,તથા केनचित्,-કોઈ દ્વારા । न कारणीयः,ન કરાવવો. ॥ ૧૮૯ ॥

तात्पर्यार्थः-

અને તે સંતજનોએ, શ્રોત્ર,ત્વક્,ચક્ષુ, રસના, ઘ્રાણ, વાક્, હાથ, પગ, મળત્યાગેન્દ્રિય, મૂત્રત્યાગેન્દ્રિય, અને મન, એ સર્વ ઈન્દ્રીયોને જીતવા, અને તેમાં પણ સર્વેને પોષનારી એવી રસના જીભ ઈન્દ્રીયને તો અધિક પ્રયત્ન વડે જીતવી તથા દ્રવ્યનો સંગ્રહ કરવો નહિ,તેમ કોઈ દ્વારા કરાવવો નહિ.॥૧૮૯ ॥

न्यासो रक्ष्यो न कस्याऽपि धैर्यंत्याज्यं न कर्हिचित् ।
न प्रवेशयित्व्या च स्वावासे स्त्री कदाचन ॥ १९० ॥

અન્વયઃ- '(तैः), कस्य, अपि, न्यासः, न रक्ष्यः, कर्हिचित्, धैर्यं, न त्याज्यम्, च स्वाऽऽवासे, स्त्री, कदाचन, न प्रवेशयितव्या ॥ १९० ॥

વ્યાખ્યા,-'(तैः),તે સંતજનેએ कस्याऽपि, કોઈપણ મનુષ્યની। न्यासः,- થાપણ ન रक्ष्यः,-ન રાખવી कर्हिचित्, તથા ક્યારેય પણ । धैर्यम्,ધીરજ ન त्याज्यम्,ત્યાગ ન કરવી.च,અનેस्वाऽऽवासे, स्वस्याऽऽवासे,પોતાના નિવાસ સ્થાનમાં। स्त्री,-સ્ત્રી જાતિ માત્રને । कदाचन्,- ક્યારેય પણ । न प्रवेशयित्व्या,પ્રવેશ થવા દેવી નહિ. ॥ ૧૯૦ ॥

तात्पर्यार्थः-

તે સંતજનોએ,કોઈપણ મનુષ્યની થાપણ ન રાખવી,તથા ક્યારેય પણ ધીરજનો ત્યાગ ન કરવો,તથા પોતાના નિવાસ સ્થાનમાં સ્ત્રી જાતિ માત્રનો ક્યારેય

પણ પ્રવેશ ન થવા દેવો.॥ ૧૯૦ ॥

न च संघं विना रात्रौ चलितव्यमनापदि ।
एकाकिभिर्न गन्तव्यं तथा क्वापि विनापदम् ॥ १९१॥

अन्वयः- '(तैः), अनापदि, रात्रौ, संघं, विना, न च, चलितव्यम्, तथा आपदं, विना,क्वापि, एकाकिभिः, न गन्तव्यम् ॥ १९१ ॥

व्याख्या- '(तैः),તે સંતજનોએ । अनापदि, न आपत् तस्याम्,- આપત્તિ અવસ્થા વિનાની અવસ્થામાં । रात्रौ,-રાત્રિએ । संघंविना,સંઘ વિના । न च चलितव्यम्,-ગ્રામાન્તર જવા ન નીકળવું.તથા । आपदं विना, આપત્તિકાળ વિના । क्वाऽपि, ક્યારેય કોઈપણ સ્થાને । एकाकिभिः, असहायैः सद्भिः- સહાય વિના એકલા । न गन्तव्यम्,-ન જવું. ॥ ૧૯૧ ॥

तात्पर्यार्थः-

અને તે સંતજનોએ, આપત્ સ્થિતિ વિનાની સ્થિતિમાં રાત્રી સમયે સંઘ સોબત વિના અન્યગામ પ્રતિ જવા ન નીકળવું,તથા આપત્તિની સ્થિતિ વિના કોઈપણ સ્થળે સહાયક વિના એકલા ન ચાલવું.॥ ૧૯૧ ॥

अनर्घ्यं चित्रितं वासः कुसुम्भाद्यैश्च रञ्जितम् ।
न धार्यं च महावस्त्रं प्राप्तमन्येच्छयाऽपि तत् ॥ १९२ ॥

अन्वयः-'(तैः, यद्वासः), अनर्घ्यं, चित्रितं, कुसुम्भाद्यैश्च, रञ्जितं, महावस्त्रम्, अन्येच्छया, प्राप्तम्, अपि, तत्, न च धार्यम्, ॥ १९२ ॥

व्याख्या- (तैः यद् वासः)તે સંતજનોએ જે વસ્ત્ર । अनर्घ्यम्,- અર્ઘ મૂલ્યમર્હતીત્યર્घ્ય तद्भिन्नम्, અમૂલ્યં- બહુમૂલ્યમિતિ યાવત્, જેનું મૂલ્ય ન થઈ શકે તેવું, અર્થાત્ બહુમૂલ્યવાળું વસ્ત્ર તથા ચિત્રિતમ્,- ચિત્રાણિ સંજાતાન્યસ્ય તત્,વિવિધ ચિત્રો જેમાં હોય તેવું વસ્ત્ર તથા कुसुम्भाद्यैश्च, कुसुम्भम् आद्यं येषान्तैः,-કસુંબો આદિ રંગે કરીને,રञ्जितम्,રંગેલું વસ્ત્ર,તથા महावस्त्रम्, મહચ્ચ तद्वस्त्रम्,મોટા અને ભારી એવા સાલ દુસાલા આદિ વસ્ત્ર તે- अन्येच्छया, બીજાની ઈચ્છાથી । प्राप्तम् अपि,પ્રાપ્ત થયું હોય તો પણ । तत्-તેવા પ્રકારનું વસ્ત્ર । न धार्यम्,-ન ધારવું. ॥ ૧૯૨ ॥

तात्पर्यार्थः-

તે સંતજનોએ,જે બહુમૂલ્યવાળું વસ્ત્ર હોય,તથા વિવિધ ચિત્રોવાળું વસ્ત્ર હોય તથા કસુંબાઆદિ રંગ વડે રંગેલું વસ્ત્ર હોય,તથા સાલ દુસાલા આદિક ભારે વસ્ત્ર હોય, અને બીજાની ઈચ્છાથી પોતાને મળ્યું હોય, તો પણ તેવા પ્રકારનું વસ્ત્ર ધારણ ન કરવુ.॥ ૧૯૨ ॥

भिक्षां सभां विना नैव गन्तव्यं गृहिणो गृहम् ।

व्यर्थः कालो न नेतव्यो भक्तिं भगवतो विना ॥ १९३ ॥

अन्वयः-'(तैः), भिक्षां, सभां, विना, गृहिणः, गृहम्, न एव, गन्तव्यम्, भगवतः, भक्तिं, विना, व्यर्थः, कालः, न नेतव्यः ॥ १९३ ॥

व्याख्याः- (तैः) તે સંતજનોએ। भिक्षाम्,-ભિક્ષા માટે જવાનો પ્રસંગ તથા સભામ્,સામાજિક પુરુષોની સભાનો પ્રસંગ। विना,-તે બે વિના । गृहिणः-ગૃહસ્થાશ્રમીઓના । गृहम्, ઘર પ્રતિ । नैव गन्तव्यम्,- ન જ જવું.તથા भगवतः, પરમાત્મનો મમ,પરમાત્મા શ્રીહરિ જે અમે તે અમારી । भक्तिं विना, નવધા ભક્તિ વિના। व्यर्थः,શૂન્ય । कालः,ક્ષણ સમય પણ । न नेतव्यः, ન જવા દેવો. ॥ १९३ ॥

तात्पर्यार्थः-

અને તે સંતજનોએ,ભિક્ષા તથા સભાના પ્રસંગ વિના, ગૃહસ્થાશ્રમીઓના ઘર પ્રતિ ન જ જવું,તથા પરમાત્મા શ્રીહરિ જે અમે તે અમારી નવધા ભક્તિ સિવાય, ક્ષણ સમય પણ વ્યર્થ ન જવા દેવો.॥ १९३ ॥

पुमानेव भवेद्यत्र पक्वान्नपरिवेषणः ।
ईक्षणादि भवेन्नेव यत्र स्त्रीणां च सर्वथा ॥ १९४ ॥
तत्र गृहिगृहे भोक्तुं गन्तव्यं साधुभिर्मम ।
अन्यथाऽऽमाऽन्नमर्थित्वा पाकः कार्यः स्वयं च तैः ॥ १९५ ॥

अन्वयः-'मम साधुभिः, यत्र गृहिगृहे, पक्वाऽन्नपरिवेषणः, पुमान् एव, भवेत्, यत्र च, स्त्रीणाम्, ईक्षणादि, सर्वथा,नैव, भवेत्, तत्र भोक्तुं, गन्तव्यम्, अन्यथा च तैः, आमाऽन्नम्, अर्थित्वा, स्वयं, पाकः, कार्यः ॥ १९४-१९५ ॥

व्याख्या- 'मम साधुभिः,પરબ્રહ્મ એવા અમે તે અમારી ભક્તિવાળા સંતજનોએ । यत्र गृहिगृहे,-જે ગૃહસ્થના ઘરમાં । पक्वान्नपरिवेषणः,-पक्वस्याऽन्नस्य परिवेषणः,-રાંધેલા અન્નનો પીરસનારો । पुमान् एव भवेत्,-પુરુષ જ હોય । यत्र च,અને જે ગૃહસ્થના ઘરમાં । स्त्रीणाम्,-સ્ત્રીઓના । ईक्षणादि,દર્શન સ્પર્શ શબ્દશ્રવણ । सर्वथा नैव भवेत,-કોઈપ્રકારે થાય તેમ ન હોય । तत्र, તે ગૃહસ્થને ઘેર । भोक्तुं गन्तव्यम्,જમવા જવું. । अन्यथा च, કહ્યા પ્રમાણે વ્યવસ્થા'ન હોય તો । तैः,-સંતજનોએ । आमान्नम्, आमम अपक्वम् अन्नम्, કાચુ અન્ન । अर्थित्वा,-માગીને । स्वयम्,-પોતાના આશ્રમમાં પોતાને હાથે। पाकः कार्यः,-રસોઈ કરવી. ॥ १९४-१९५ ॥

तात्पर्यार्थः-

પરબ્રહ્મ એવા અમે તે અમારા સંતજનોએ,જે ગૃહસ્થ ભક્જનના ઘરમાં રાંધેલા અન્નનો પીરસનાર પુરુષ જ હોય,તથા સ્ત્રીઓના દર્શન શબ્દ શ્રવણ

આદિ કોઈપ્રકારે થાય તેમ ન હોય,એવા ગૃહસ્થ ભક્તજનોને ઘેર જમવા જવું. અને કહ્યા પ્રમાણે વ્યવસ્થા ન હોય તો કાચું અન્ન માગીને પોતાના હાથે રસોઈ કરીને શ્રીહરિ એવા અમોને થાળ ધરીને જમવું.॥ ૧૯૪-૧૯૫॥

આર્ષભો ભરતઃ પૂર્વં જડવિપ્રો યથા ભુવિ ।
અવર્તતાઽત્ર પરમહંસૈર્વૃત્યં તથૈવ તૈઃ ॥ ૧૯૬ ॥

અન્વયઃ- 'પૂર્વમ્, આર્ષભઃ, ભરતઃ, જડવિપ્રઃ, ભુવિ, યથા અવર્તત, તથૈવ, તૈઃ, પરમહંસૈઃ, અત્ર, વૃત્ત્યમ્ ॥ ૧૯૬ ॥

વ્યાખ્યા- 'પૂર્વમ્ પ્રથમ જન્મમાં। આર્ષભઃ ઋષભસ્ય પુત્રઃ,-ઋષભદેવના પુત્ર રાજર્ષિ ભરતઃ,ભરતજી 'મૃગબાળમાં સ્નેહ બીજો મૃગ જન્મ પામીને ત્રીજા બ્રાહ્મણ જન્મમાં' જડવિપ્ર,- જડશ્ચાસૌ વિપ્રઃ- જડાખ્યો વા વિપ્રઃ,શ્રીહરિના અનુગ્રહ વડે પૂર્વજન્મના વૃત્તાંતોમાં સ્મરણ થતાં, આત્મ સ્થિતિમાં વર્તતા અને માન અપમાનમાં સમાન એવા માટે 'જડ નામના વિપ્ર' એવી ખ્યાતિને પામ્યા થકા,ભુવિ યથા,-પૃથ્વીમાં જે પ્રકારે । અવર્તત,- વર્ત્યા હતા । અથવા જડભરત જોગિયા નિષ્કુળાનંદ સ્વામી જેમ વર્ત્યા હતા. ।તથૈવ,-તે પ્રકારે જ । તૈઃ પરમહંસૈઃ, परा सर्वोत्तमा मा श्रीर्दिव्यसम्पत्तिर्यस्य सः परमः,स चासौ हंसः-विष्णुर्व्यापकः परमात्मा स विद्यत उपास्यत्वेनैषामिति, तैः,સર્વોત્તમ એવી દિવ્ય સંપત્તિવાળા વ્યાપક પરમાત્મા શ્રીહરિ છે ઉપાસ્ય જેમના એવા, અથવા परान् धर्मवैरिणो मिनाति नाशयतीति परमः, स चासौ हंसः परमात्माऽस्त्येषाम्, तैः- ધર્મ વૈરીઓના નાશ કરનારા વ્યાપક પરમાત્મા છે ઉપાસ્ય જેમના એવા અથવા परमाः श्रेष्ठाः हंसाः 'हंसः स्यान्मानसौकसि । निर्लोभनृपविष्णवर्कपरमात्मानि मत्सरे ॥ योगिभेधे मन्त्रभेदे शारीरमरुदन्तरे । तुरङ्गमप्रभेदे चे 'तिमेदिनी, निर्लोभा योगिनस्तैः,- શ્રેષ્ઠ એવા નિર્લોભી યોગિજનો। અથવા परमोहंसो मन्त्रो येषान्तैः, શ્રેષ્ઠ છે 'શ્રી સ્વામિનારાયણ'એવો મંત્ર જેમનો અથવા । परमः हंसः परमात्मा येषान्तैः, શ્રેષ્ઠ અવતારી છે પરમાત્મા જેમના એવા તે સંતજનોએ । અત્ર આ લોકમાં। વૃત્ત્યમ્,-વર્તવું.॥ ૧૯૬ ॥

તાત્પર્યાર્થઃ-

પ્રથમ જન્મમાં ઋષભદેવના પુત્ર રાજર્ષિ ભરતજી 'મૃગબાળમાં સ્નેહથી બીજો મૃગ જન્મ પામીને ત્રીજા બ્રાહ્મણ જન્મમાં, શ્રીહરિના અનુગ્રહ વડે પૂર્વજન્મવૃતાંતોના સ્મરણ થતાં, આત્મસ્થિતિમાં વર્તતા, અને માન અપમાનમાં સમાન એવા, માટે 'જડનામના વિપ્ર' એવી ખ્યાતિને પામ્યા થકા, જેમ પૃથ્વીમાં વર્ત્યા હતા' તથા જડભરત જોગિયા નિષ્કુળાનંદ સ્વામી જેમ વર્ત્યા હતા,તેમ પરબ્રહ્મની ઉપાસના કરનારા, શ્રેષ્ઠ યોગી એવા, તથા 'શ્રી સ્વામિનારાયણ' એ

महामंत्रना जपनारा, तथा सर्वावतारी એવા જે અમે તે અમારા ભક્ત એવા થકા, તે સંતજનોએ આ લોકમાં વર્તવું.॥ ૧૯૬ ॥

वर्णिभिः साधुभिश्चैतैर्वर्जनीयं प्रयत्नतः ।
ताम्बूलस्याऽहिफेनस्य तमालादेश्च भक्षणम् ॥ १९७ ॥

अन्वयः- 'एतैः, वर्णिभिः, साधुभिश्च, ताम्बुलस्य, अहिफेनस्य, तमालादेश्च, भक्षणम्, प्रयत्नतः, वर्जनीयम् ॥ १९७ ॥

व्याख्या- 'एतेः,પરબ્રહ્મ જે અમે તે અમારી દીક્ષાને પામ્યા એવા वर्णिभिः, साधुभिः, च, બ્રહ્મચારીઓએ અને સંતજનોએ । ताम्बुलस्य, નાગરવેલીના પાનબીડાનું । अहिफेनस्य, अहिः सर्पस्तस्य फेन इव फेनो यस्य तस्य,સર્પના ફીણની સમાન ઝેરી છે ફીણ જેના એવી વસ્તુ જે અફીણ તેનું । तमालादेश्च,- तमालस्तमाखुरादिर्यस्य महाजिह्मस्य तस्य, તમાકું માજમ આદિકનું भक्षणम्,ભક્ષણ प्रयत्नतः,પ્રયત્નથી वर्जनीयम्,-વર્જવું. ॥ ૧૯૭॥

तात्पर्यार्थः-

પરબ્રહ્મ પરમાત્મા જે અમે,તે અમારી દીક્ષાને પામ્યા એવા જે બ્રહ્મચારીઓ તથા સંતજનો, તેમણે તાંબુલ, અફિણ, તમાકુ, માજમ, આદિકનું ભક્ષણ પ્રયત્નપૂર્વક વર્જવું.॥ ૧૯૭ ॥

संस्कारेषु न भोक्तव्यं गर्भाधानमुखेषु तैः।
प्रेतश्राद्धेषु सर्वेषु श्राद्धे च द्वादशाहिके ॥ १९८ ॥

अन्वयः- तैः, તે બ્રહ્મચારીઓ તથા સંતજનોએ गर्भाधानमुखेषु, गर्भस्याऽऽधानं मुखम् आदिर्येषान्तेषु,-ગર્ભધારણ છે મુખ્ય જેમાં એવા संस्कारेषु,- संस्क्रियत एभिरिति तेषु,-શુદ્ધ થાય જેનાથી તે ક્રિયારૂપી સોળ સંસ્કારોમાં । निवृत्तचूडाहोमे तु प्राङ्नामक करणात्तथा। चरेत् सान्तपनं मुक्त्वा जातकर्मणि चैव हि ॥ अतोऽन्येषु तु भक्त्वान्नं संस्कारेषु द्विजोतमः । नियोगादुपवासेन शुद्धयेन निन्द्यभोजनः - इति व्यासो मिताक्षरायाम्, ચૂડા નિમિત્તે હોમ કર્યા પછી, નામકરણ સુધીના સંસ્કારોમાં જમનારા દ્વિજને 'સાન્તપન વ્રત' પ્રાયશ્ચિત કહ્યું છે, તે વિના બાકીના સંસ્કારોમાં જમવું તે નિંદ્ય ભોજન છે. એ સંસ્કારોમાં જમે તો એક ઉપવાસ કરે ત્યારે શુદ્ધિ થાય માટે ગર્ભાધાનાદિ સોળ સંસ્કારોને નિમિત્તે દ્વિજ વર્ણે ભોજન કરવા ન જવું.। च,અને सर्वेषु प्रेतश्राद्धेषु, प्राति पूरयति गन्तारमिति प्राः- लोकान्तरम्, प्राम् इतः प्रेतः,આવનારા આત્માને સંઘરે એવો જે લોક, તેમાં ગયેલો તે પ્રેત, तस्य श्राद्धानि तेषु,તેને નિમિત્તે જે શ્રાદ્ધો प्रतिदिन श्राद्ध, નવ દિવસના શ્રાદ્ધ, અગ્યારમાં દિવસનું શ્રાદ્ધ,द्वादशाहिके श्राद्धे च, બારમાં દિવસનું શ્રાદ્ધ, જે દાડો-કારજ,તથા સોળ

દિવસના શ્રાદ્ધ, પાક્ષિક શ્રાદ્ધ, પર્વ દિવસે પિતૃશ્રાદ્ધ, આદ્યમાસિક શ્રાદ્ધ, ત્રૈપાક્ષિક શ્રાદ્ધ, દ્વિમાસિક શ્રાદ્ધ, ત્રૈમાસિક શ્રાદ્ધ,છ માસિક શ્રાદ્ધ,અને વાર્ષિક શ્રાદ્ધ,તથા મધ્યે મધ્યે આમ કાચા શ્રાદ્ધ તથા સંકલ્પિત શ્રાદ્ધ, એ સર્વે પ્રેતનિમિત્તના શ્રાદ્ધોમાં વર્ષ પર્યંતમાં, ન ભોક્તવ્યમ,ન જમવું, "વર્ષ પછીના શ્રાદ્ધોમાં દોષ નથી એમ શંખ મુનિ કહે છે એમ મિતાક્ષરા છે.॥ ૧૯૮ ॥

(ટીપ્પણીઃ- ★ ષોડશ સંસ્કાર : ૧.ગર્ભાધાન ૨.પુંસવન, ૩.સીમંત, ૪.જાતકર્મ, ૫.નામકરણ, ૬.નિષ્ક્રમણ, ૭.અન્નપ્રાશન, ૮.કેશવપન, ૯.કર્ણવેધ, ૧૦.વ્રતાદેશ, ૧૧.વેદારંભ, ૧૨.કેશાન્ત, ૧૩.સ્નાન, ૧૪.વિવાહ, ૧૫.અગ્નિ-પરિગ્રહ, ૧૬.ત્રયગ્નિગ્રહણ.

★ ૨.ગોમૂત્ર, છાણ,દૂધ,દહિં,ઘી અને દર્ભજળ એ ખાઈને બીજે દિવસે ઉપવાસ કરે તે 'દ્વૈરાત્ર સાન્તપનવ્રત' કહેવાય છે.)

તાત્પર્યાર્થઃ-

અને તે બ્રહ્મચારીઓ તથા સંતજનોએ,ગર્ભાધાન આદિક સોળ સંસ્કારોમાં તથા પ્રતિદિનના પ્રેત શ્રાદ્ધથી આરંભીને, વાર્ષિક શ્રાદ્ધો પર્યંત પ્રેત શ્રાદ્ધોમાં, તથા બારમા દિવસે કરાતો જે દાડો, તે નિમિત્તે તે દિવસે, ભોજન ન કરવું. ॥ ૧૯૮ ॥

(ટીપ્પણીઃ- બારમા દિવસનો સમગ્ર દુનિયામાં પ્રચાર હોવાથી જુદો નિર્દેશ કરેલ છે.)

દિવાસ્વાપો ન કર્તવ્યો રોગાદ્યાપદમન્તરા ।
ગ્રામ્યવાર્તા ન કાર્યા ચ ન શ્રવ્યા બુદ્ધિપૂર્વકમ્ ॥ ૧૯૯ ॥

અન્વયઃ- '(તૈઃ), રોગાદ્યાપદમ્, અન્તરા, દિવાસ્વાપઃ, ન કર્તવ્યઃ, બુદ્ધિપૂર્વકમ્, ગ્રામ્યવાર્તા, ન કાર્યા, ન ચ શ્રવ્યા ॥ ૧૯૯ ॥

વ્યાખ્યા-'(તૈઃ)નૈષ્ઠિક બ્રહ્મચારીઓ તથા સંતજનોએ । રોગાદ્યાપદમ્,-રોગો જ્વરાદિરાદિર્યસ્યાસ્તથોક્તાપદમ્,-તાવ, માર્ગશ્રમ, શરીરત્રોડ્ય આદિ આપત્તિ । અન્તરા,-વિના । દિવાસ્વાપઃ,-દિવસે નિદ્રા । ન કર્તવ્યઃ,ન કરવી. । બુદ્ધિપૂર્વકમ્,તથા જાણીને તો ગ્રામ્યવાર્તા,-ગ્રામ્યા ચાસૌ વાર્તા,-સ્વેષ્ટદેવ, તેમના સંત આદિના ઐશ્વર્યગુણવર્ણન વિના, બીજી વ્યાવહારિક વૈષયિક એવી અનુચિત વાતો । ન કાર્યા,-ન કરવી । ન ચ, શ્રવ્યા, અને સાંભળવી પણ નહિ. ॥ ૧૯૯ ॥

તાત્પર્યાર્થઃ-

તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓ તથા સંતજનોએ, તાવ, માર્ગશ્રમ, ક્રિયાશ્રમ, શરીરત્રોડ્ય આદિ અગવડો વિના, દિવસે નિદ્રા ન કરવી, તથા સ્વેષ્ટદેવના નામ સ્મરણ,તથા સત્પુરુષોના ચમત્કારાદિના વર્ણન વિના,વ્યાવહારિક વૈષયિક

એવી અનુચિત વાતો બુદ્ધિપૂર્વક ન કરવી તથા ન સાંભળવી.॥ ૧૯૯ ॥

स्वप्यं न तैश्च खट्वायां विना रोगादिमापदम् ।
निश्छद्म वर्तितव्यं च साधूनामग्रतः सदा ॥ २०० ॥

अन्वयः- 'तैश्च, रोगादिमाऽऽपदं, विना, खट्वायां, न स्वप्यम्, साधुनाम्, अग्रतः, च, सदा, निश्छदम्, वर्तितव्यम् ॥ २०० ॥

व्याख्या- 'तैश्च,-અને તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓ તથા સંતજનોએ । रोगादिमाऽऽपदम्,-રોગ આદિમો यस्याः सा रोगादिमा, तादृशीम् આપદં વિના, તાવ આદિક રોગ, અતિ થકાવટ અને શારીરિક કળતર આદિ અડચણો વિના । खटवायाम्,-ખાટલામાં । न स्वप्यम्,-ન સૂવું । साधूनामग्रतश्च,-અને સત્પુરુષોની સમીપે । सदा,-સદાકાળ । निश्छद्म्, निर्गतं छद्म, दम्भो यस्मिन्, कर्मणि यथा तथा, કપટ રહિત પ્રમાણે । वर्तितव्यम्,-વર્તવું । અથવા साधूनाम्,નિષ્કપટ એવા સંતજનોના મધ્યે। अग्रतः,- અગ્રગણ્ય તરીકે અધિકપણે નિશ્ચદ્મ,-કપટાદિ દોષો તજીને। वर्तितव्यम्,-વર્તવા પ્રયત્ન કરવો. કારણ કે નિષ્કપટ રહેવું તે સાધુ બ્રહ્મચારીઓનો ધર્મ જ છે. આ અર્થ કરવામાં "સાધુ વિના બીજે ઠેકાણે કપટ કરાય તો હરકત નહિ." આવો આક્ષેપ નિવૃત્ત થાય છે. ॥ ૨૦૦ ॥

तात्पर्यार्थः-

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓ તથા સંતજનોએ, જ્વર, અતિ થકાવટ, શરીરની કળતર આદિ અડચણો વિના,ખાટલા આદિકમાં સૂવું નહિ તથા સત્પુરુષોની આગળ સદા કપટ રહિતપણે વર્તવું તથા કપટાદિ દોષો તજીને અગ્રગણ્ય સાધુતા મેળવવા પ્રયત્ન કરવો.॥ ૨૦૦ ॥

गालिदानं ताडनं च कृतं कुमतिभिर्जनैः ।
क्षन्तव्यमेव सर्वेषां चिन्तनीयं हितं च तैः ॥ २०१॥

अन्वयः- 'तैः, च, कुमतिभिः, जनैः, कृतं, गालिदानं, ताडनं, क्षन्तव्यमेव, सर्वेषां च, हितं, चिन्तनीयम् ॥ २०१ ॥

व्याख्या-'तैश्च,-અને તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓ તથા સંતજનોએ। कुमतिभिः,कुत्सिता मतिर्येषान्तैः,એકાંતિક ભગવદ્ભક્તના સ્વરૂપથી અનભિજ્ઞ એવા તામસી,जनैः,જનોએ । कृतम्, કરેલ । गालीदानम्,- गालिः पुरुषशब्दः शापो वा, तस्या दानम्,-કઠોર અશ્લીલ શબ્દ, અથવા શાપદાન તથા, ताडनम् प्रहारः, કોઈપણ પ્રકારનો માર, તે क्षन्तव्यमेव,સહન જ કરવા । सर्वेषां च,અને તે સર્વેનું । हितं,- ભદ્રમ્,ભલું જ । चिन्तनीयम्,- ચિંતવવું.॥ ૨૦૧ ॥

तात्पर्यार्थः-

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓ તથા સંતજનોએ'એકાંતિક ભગવદ્પણાના

અનભિજ્ઞ તામસી કુમતિવાળા મનુષ્યોએ,કરેલું જે ગાળ્યો દેવી, શાપ દેવો, માર મારવો, આદિ અનેક પ્રકારનું અપમાન, તે સહન જ કરવું અને તે સર્વેનું ભલું થાય એમ ચિંતવન કરવું.॥ ૨૦૧ ॥

दूतकर्म न कर्तव्यं पैशुनं चारकर्म च ।
देहेऽहन्ता च ममता न कार्या स्वजनादिषु ॥ २०२ ॥

અન્વયઃ- '(तैः), दूतकर्म, पैशुनं, चारकर्म च, न कर्तव्यम्, देहे, अहन्ता, स्वजनादिषु च, ममता, न कार्या ॥ २०२ ॥

વ્યાખ્યા- '(तैः), તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓ અને સંતજનોએ । दूतकर्म,- दूतस्य सन्देशहरस्य कर्म,આજ્ઞાથી સંદેશ લઈ જવાનું કામ તેથી पैशुनम्, पिशुनस्य सूचकस्य कर्म,- કપટથી છાના રહસ્યનું કહેનારું કામ તથા चारकर्म च, चारस्य राजकीयगूढपुरुषस्य कर्म,-રાજાના ગૂઢ પુરુષ છુપી પોલિસનું કામ न कर्तव्यम्,-ન કરવું, તથા- देहे, પોતાના શરીરમાં । अहन्ता, अहमो भावोऽहन्ता,-હું પણાંનો ભાવ અને स्वजनादिषु,પોતાના સંબંધીજનો તથા આસન વસ્ત્ર આદિકને વિષે, મારાપણું એવો માયિકભાવ । न कार्या,- ન જ કરવો. ॥ ૨૦૨ ॥

तात्पर्यार्थः-

તે નૈષ્ઠિક બ્રહ્મચારીઓ તથા સંતજનોએ કોઈનું દૂતપણું તથા ચાડિયાપણું ન કરવું,તથા કોઈના છુપીપોલિસ ન થવું,તથા દેહને વિષે અહંબુદ્ધિ ત્યાગ કરવી, તથા દેહના સંબંધી જનોમાં અને આસન વસ્ત્ર આદિકમાં માયિક મમત્વ બુદ્ધિનો ત્યાગ કરવો.॥ ૨૦૨ ॥

इति संक्षेपतो धर्माः सर्वेषां लिखिता मया ।
साम्प्रदायिकग्रन्थेभ्यो ज्ञेय एषां तु विस्तरः ॥ २०३ ॥

અન્વયઃ- 'इति, सर्वेषां, धर्माः, मया, संक्षेपतः, लिखिताः, एषां विस्तरतः, तु, साम्प्रदायिकग्रन्थेभ्यः, ज्ञेयः ॥ २०३ ॥

વ્યાખ્યા-'इति,આ પ્રકારે । सर्वेषाम्,-સર્વ મનુષ્યોના । धर्माः-વર્ણાશ્રમના ધર્મો । मया,- પરમાત્મના શ્રીસ્વામિનારાયણેન मया,પરમાત્મા શ્રીસ્વામિનારાયણ એવા અમોએ। संक्षेपतःશબ્દ સંક્ષેપથી । लिखिताः,-લખ્યા । एषाम्,-આ ધર્મોનો । विस्तरस्तु,લેખ વિસ્તર તો । साम्प्रदायिकग्रन्थेभ्यः,- सम्यक् प्रदीयते शिष्याय परब्रह्मज्ञानं स सम्प्रदायः, परब्रह्म गुरुपरम्परा गतसद्विद्योपदेशः, सम्प्रदाये मता इष्टाः, ते च ग्रन्थास्तेभ्यः, પરબ્રહ્મરૂપી ગુરુપરંપરાથી શિષ્યપ્રણાલીમાં જે પરબ્રહ્મવિદ્યાનો ઉપદેશ શિષ્યને અપાય તે સંપ્રદાય કહેવાય, આવા અમારા શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં ઈષ્ટ એવા સત્સંગિજીવનાદિગ્રંથો

થકી । ज्ञेयः, જાણવો.॥ ૨૦૩ ॥

तात्पर्यार्थः-

આ પ્રકારે સર્વ મનુષ્યોના વર્ણાશ્રમના ધર્મો, પરમાત્મા શ્રી સ્વામિનારાયણ એવા અમોએ, શબ્દ સંક્ષેપથી લખ્યા છે, અને આ ધર્મોનો લેખ વિસ્તારતો "પરબ્રહ્મરૂપ ગુરુ પરંપરાથી શિષ્ય પ્રણાલીમાં ઉતરેલ પરબ્રહ્મ વિદ્યાનો ઉપદેશ શિષ્યને અપાય" એવો સાર્થક સર્વોપરી જે અમારો શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય તેમાં રહેલા ઈષ્ટ એવા સત્સંગિજીવનાદિક ગ્રંથો તે દ્વારા જાણવો.॥ ૨૦૩ ॥

सच्छास्त्राणां समृद्धृत्य सर्वेषां सारमात्मना ।
पत्रीयं लिखिता नृणामभीष्टफलदायिनी ॥ ૨૦૪ ॥

अन्वयः- '(मया) सर्वेषां, सच्छास्त्राणां, सारम्, आत्मना, समुद्धृत्य नृणाम्, अभीष्टफलदायिनी, इयं, पत्री, लिखिता ॥ ૨૦૪ ॥

व्याख्या- '(मया),પરબ્રહ્મ એવા અમોએ । सर्वेषाम्, બધાં એવા । सच्छास्त्राणाम्,-सत् शास्त्रोना । सारम्, સારનું । आत्मना-नित्यज्ञानस्वरुपस्वबुद्धया, 'आत्मा चित्ते धृतौ यत्ने धिषणायां कलेवरे। परमात्मनि जीवेऽर्के हुताशनसमीरयोः॥ स्वभावे' इति मेदिनी । નિત્યજ્ઞાનાત્મક એવી સ્વબુદ્ધિથી । समृद्धृत्य,સારી રીતે તારણ કરીને। नृणाम्,- મનુષ્યોના । अभीष्टफलदायिनी, अभीष्टानि फलानि ददातीति,-મનોવાંછિત ફલોની આપનારી । इयम्,-આ અમારા સ્વરૂપ રૂપ । पत्री,શિક્ષાપત્રી । लिखिता,-લખેલી છે. ॥ ૨૦૪ ॥

तात्पर्यार्थः-

પરબ્રહ્મ એવા અમોએ, સકળ સત્શાસ્ત્રોના સારનું નિત્યજ્ઞાનાત્મક સ્વબુદ્ધિથી તારણ કરીને, મનુષ્યોના મનોવાંછિત ફળોની આપનારી અમારા સ્વરૂપ રૂપી આ શિક્ષાપત્રી લખી છે.॥ ૨૦૪ ॥

इमामेव ततो नित्यमनुसृत्य ममाश्रितैः।
यतात्मभिर्वर्तितव्यं न तु स्वैरं कदाचन ॥ ૨૦૫ ॥

अन्वयः- 'ततः, मम, आश्रितैः, यतात्मभिः, नित्यम्, इमाम्, अनुसृत्य, एव, वर्तित्यम्, कदाचन, स्वैरं, तु, न वर्तितव्यम् ॥ ૨૦૫ ॥

व्याख्या- 'ततः,સર્વ સત્ શાસ્ત્રોના સારરૂપ છે તથા અભીષ્ટ ફળની આપનારી છે માટે । मम, परब्रह्मणो मम श्रीस्वामिनारायणस्य,- પરબ્રહ્મ શ્રી સ્વામિનારાયણ એવા જે અમે તે અમારા, आश्रितैः,-ભક્તિ વડે વિશેષ આશ્રય કરનારા મનુષ્યોએ । यतात्मभिः, यत आत्मा चित्तं येषान्तैः, 'आत्मा कलेवरे यत्ने स्वभावे परमात्मनि। चित्ते धृतौ च बुद्धौ च परव्यावर्तनेऽपि चे 'ति धरणिः,-

નિયમિત છે મન જેમનું એવા થકા । નિત્યમ્ ઇમામ્-, પ્રતિદિન આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું.। કદાચન્,-ક્યારેય પણ । સ્વૈરં તુ, સ્વચ્છન્દં યથા યથા તુ,-સ્વેચ્છા પ્રમાણે જેમ તેમ તો । ન વર્તિતવ્યમ્,- વર્તવું નહીં ॥ ૨૦૫ ॥

તાત્પર્યાર્થઃ-

સર્વ સત્ શાસ્ત્રોના સારરૂપ છે, તથા અભીષ્ટ ફળની આપનારી છે, એ હેતુ માટે પરબ્રહ્મ શ્રી સ્વામિનારાયણ પરમાત્મા જે અમે તે અમારો વિશેષ ભક્તિ દ્વારા આશ્રય કરનારા એવા સર્વ મનુષ્યોએ, મનના સાવધાનપણા વડે કરીને પ્રતિદિન આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું, પણ ક્યારેય સ્વેચ્છા પ્રમાણે જેમ તેમ ન વર્તવું.॥ ૨૦૫ ॥

વર્તિષ્યન્તે ય ઇત્થં હિ પુરુષા યોષિતસ્તથા ।
તે ધર્માદિચતુર્વર્ગસિદ્ધિં પ્રાપ્સ્યન્તિ નિશ્ચિતમ્ ॥ ૨૦૬ ॥

અન્વયઃ- 'યે, પુરુષાઃ, તથા, યોષિતઃ, ઇત્થં હિ, વર્તિષ્યન્તે, તે, ધર્માદિચતુર્વર્ગસિદ્ધિં, નિશ્ચિતં, પ્રાપ્સ્યન્તિ ॥ ૨૦૬ ॥

વ્યાખ્યા- 'યે, પુરુષાઃ, પુરિ શરીરે શેરતે,શરીરમાં શયન કરે તે પુરુષ કહેવાય,જે પુરુષો,તથા યોષિતઃ, યોષન્તિ યુષ્યન્તે વા,સેવા કરે જે તે યોષિત્ કહેવાય,તથા સ્ત્રીઓ । ઇત્થં હિ,-અમારી લખેલી શિક્ષાપત્રી પ્રમાણે જ । વર્તિષ્યન્તે,-સ્વસ્વધર્મમાં વર્તશે । તે'-તે પુરુષો તથા સ્ત્રીઓ । ધર્માદિચતુર્વર્ગસિદ્ધિમ્, ધર્મ આદિર્યસ્ય, સ ચાસૌ ચતુર્વર્ગશ્ચ, તસ્ય સિદ્ધિઃ ફલં તામ્,ધર્મ, અર્થ,કામ, અને મોક્ષ એ ચારે પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચિતામ્,-નિશ્ચય । પાપ્સ્યન્તિ,પામશે ॥ ૨૦૬ ॥

તાત્પર્યાર્થઃ-

જે પુરુષો તથા સ્ત્રીઓ અમારી લખેલી શિક્ષાપત્રી પ્રમાણે જ સ્વ સ્વધર્મમાં વર્તશે, તે પુરુષો અને સ્ત્રીઓ સ્વેષ્ટ એવા ધર્મ અર્થ કામ મોક્ષ એ ચાર પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચયે પામશે. ॥ ૨૦૬ ॥

નેત્થં ય આચરિષ્યન્તિ તે ત્વસ્મત્સમ્પ્રદાયતઃ ।
બહિર્ભૂતા ઇતિ જ્ઞેયં સ્ત્રીપુંસૈઃ સામ્પ્રદાયિકૈઃ ॥ ૨૦૭ ॥

અન્વયઃ- 'યે તુ, ઇત્થં, ન, આચરિષ્યન્તિ, તે, અસ્મત્સમ્પ્રદાયતઃ, બહિર્ભૂતાઃ, ઇતિ, સામ્પ્રદાયિકૈઃ, સ્ત્રીપુંસેઃ, જ્ઞેયમ્ ॥ ૨૦૭ ॥

વ્યાખ્યા-'યે તુ, જે પુરુષો અને સ્ત્રીઓ । ઇત્થમ્,શિક્ષાપત્રી પ્રમાણે । નાઽઽચરિષ્યન્તિ,આચરણ નહિ કરેતે,તે પુરુષો અને સ્ત્રીઓ । અસ્મત્સમ્પ્રદાયતઃ, અસ્માકં યઃ શ્રીસ્વામિનારાયણ સમ્પ્રદાયતસ્તસ્માત્,-પરબ્રહ્મ એવા જે અમે તે અમારાથી પરંપરામાં ઉતરેલ જ્ઞાનવાળો જે અમારો 'શ્રીસ્વામિનારાયણ

संप्रदाय'ते थकी । बहिर्भूताः,-બાહેર છે.। इति,-આ પ્રમાણે । साम्प्रदायिकैः, सम्प्रदायै भवास्तैः,અમારા 'શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય'માં વર્તતા એવા । स्त्रीपुंसैः,સ્ત્રીઓ અને પુરુષોએ । ज्ञेयम्, જાણવું.॥ ૨૦૭ ॥

तात्पर्यार्थः-

જે પુરુષો અને સ્ત્રીઓ આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે, તેઓ પરબ્રહ્મ એવા જે અમે તે અમારાથી પરંપરામાં ઉતરેલ જ્ઞાનવાળો જે અમારો 'શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય'તે થકી બાહેર છે, એમ અમારા સંપ્રદાયમાં વર્તતા એવા પુરુષો અને સ્ત્રીઓએ જાણવું.॥ ૨૦૭ ॥

शिक्षापत्र्याः प्रतिदिनं पाठोऽस्या मदुपाश्रितैः ।
कर्तव्योऽनक्षरज्ञैस्तु श्रवणं कार्यमादरात् ॥ २०८ ॥

अन्वयः-'मदुपाश्रितैः, अस्याः, शिक्षापत्र्याः, पाठः, प्रतिदिनं, कर्तव्यः, अनक्षरज्ञैस्तु, आदरात्, श्रवणं, कार्यम् ॥ २०८ ॥

व्याख्या- 'मदुपाश्रितैः, ममोपाश्रितास्तैः-ભક્તિ વડે વિશેષરૂપે અમારો આશ્રય કરનારા મનુષ્યોએ । अस्याः शिक्षापत्र्याः, આ અમોએ કહેલી શિક્ષાપત્રીનો । पाठः,-પાઠ । प्रतिदिनम्,-નિત્ય નિત્ય । कर्तव्यः,-કરવો । अनक्षरज्ञैस्तु, अक्षराणि जानन्तीत्यक्षरज्ञास्तद्भिन्नैस्तु,-સંસ્કૃત, પ્રાકૃત એવા અક્ષરોના ઓળખનારા ન હોય તેમણે તો। आदरात्,-અતિ આદરથી મન દઈને । श्रवणं कार्यम्,-આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું.॥ ૨૦૮॥

तात्पर्यार्थः-

ભક્તિ વડે વિશેષરૂપે અમારો આશ્રય કરનારા મનુષ્યોએ, અમોએ કહેલી આ શિક્ષાપત્રીનો પાઠ, નિત્ય પ્રતિ કરવો, જેમને વાંચતા ન આવડતું હોય, તેમણે તો અતિ આદરથી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું.॥ ૨૦૮॥

वक्त्रभावे तु पूजैव कार्याऽस्याः प्रतिवासरम् ।
मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात् ॥ २०९ ॥

अन्वयः-'वक्त्रभावे तु, प्रतिवासरम्, अस्याः, पूजा, कार्या, एव, इयं, मद्वाणी, मद्रूपम्, इति, परमादरात्, मान्या ॥ २०९ ॥

व्याख्या- 'वक्त्रभावे तु, वक्तुरभावे तु,વાંચી સંભળાવનારા ન મળે તો । प्रतिवासरम्,-પ્રતિદિન । अस्याः,આ શિક્ષાપત્રીની । पूजा,-થયા મિલિત ઉપચારો વડે પૂજા । कार्या एव, અવશ્ય કરવી, કારણકે ईयं मद्वाणी,-આ શિક્ષાપત્રીરૂપી, પરબ્રહ્મ શ્રીહરિ એવા જે અમે તે અમારી પરાવાણી તે । मद्रुपम्,-ममैव स्वरूपम्, અમારી જ મૂર્તિ છે. इति,-આ પ્રમાણે સમજીને । परमादरात्, મહાન આદરભાવથી । मान्या,માનવી. ॥ ૨૦૯ ॥

तात्पर्यार्थः-

અને વાંચી સંભળાવનારા ન મળે તો પ્રતિદિન આ શિક્ષાપત્રીની યથા પ્રાપ્ત ઉપચારો વડે પૂજા અવશ્ય કરવી, કારણ કે આ શિક્ષાપત્રીરૂપી, જે અમારી પરાવાણી, તે અમારું જ સ્વરૂપ છે, એમ સમજીને પરમ આદર ભાવથી માનવી.॥ ૨૦૯ ॥

युक्ताय सम्पदा दैव्या दातव्येयं तु पत्रिका ।
आसुर्या सम्पदाऽऽढ्याय पुंसे देया न कर्हिचित् ॥ २१० ॥

અન્વયઃ- 'इयं, पत्रिका तु, दैव्या, सम्पदा, युक्ताय, पुंसे, दातव्या, आसुर्या, सम्पदा, आढ्याय तु, कर्हिचित्, न देया ॥ २१०॥

વ્યાખ્યા- 'इयं पत्रिका तु, આ અમારા નિત્યજ્ઞાનમય, માટે જ અમારા સ્વરૂપરૂપી શિક્ષાપત્રી। दैव्या,-देवानां दैवसर्गोत्पन्नानामियं दैवी तथा, દૈવ સર્ગમાં ઉત્પન્ન થયેલા જે શરીરીઓ, આત્માઓ, તેના સંબંધી એવી દૈવી । सम्पदा, ધર્મ, જ્ઞાન, મોક્ષેચ્છાદિક સંપત્તિએ । युक्ताय,- યુકત । पुंसे,- મનુષ્યને । अस्मदाश्रितैः, दातव्या, અમારા આશ્રિતોએ આપવી પણ आसुर्या, आसुराणामासुरसर्गोत्पन्नानामियम् आसुरी, तया,આસુર સર્ગમાં ઉત્પન્ન થાય જે શરીરીઓ આત્માઓ, તેમના સંબંધી એવી। સમ્પદા,અધર્મ, મિથ્યાજ્ઞાન, રાગ દ્વેષ, નાસ્તિકતા આદિ કુસંપત્તિઓથી । आढ्यय तु,પરિપૂર્ણ ભરેલા એવા મનુષ્યને તો । कर्हिचित्, न देया,ક્યારેય પણ ન દેવી.॥ ૨૧૦ ॥

तात्पर्यार्थः-

અમારા નિત્યજ્ઞાનાત્મક, માટે જ અમારા સ્વરૂપરૂપી જે આ શિક્ષાપત્રી, તે ધર્મજ્ઞાન,મોક્ષેચ્છાદિક દૈવીસંપત્તિયુકત મનુષ્યેને, અમારા આશ્રિતોએ આપવી,પણ અધર્મ મિથ્યાજ્ઞાન રાગ, દ્વેષ, નાસ્તિકતા આદિક આસુરી સંપતિવાળા મનુષ્યોને તો ક્યારેય પણ ન આપવી.॥ ૨૧૦ ॥

विक्रमाऽर्कशकस्याऽब्दे नेत्राऽष्टवसुभूमिते ।
वसन्ताद्यदिने शिक्षापत्रीयं लिखिता शुभा ॥ २११ ॥

અન્વયઃ- 'विक्रमार्कशकस्य, नेत्राऽष्टवसुभूमिते, अब्दे, वसन्ताद्यदिने, इयं शुभा, शिक्षापत्री, लिखिता ॥ २११ ॥

વ્યાખ્યા- 'विक्रमार्कशकस्य, विक्रमार्कः,- विक्रमेऽर्क इव,- વિક્રમાદિત્યનામા શકવર્તી રાજા, तस्य शकः- પટ્ટાભિષેકસ્ય ધર્મમર્યાદાયા વા કાલઃ, तस्य,-પરાક્રમમાં સૂર્ય જેવા જે-'વિક્રમાદિત્ય' રાજા, તેના પટ્ટાભિષેકથી ધર્મમર્યાદાનો ચાલતો જે સમય તેના । नेत्राऽष्टवसुभूमिते,- નેત્ર બે હોય માટે-૨, અષ્ટ-૮, વસુઓ આઠ છે માટે ૮, ભૂ પૃથ્વી એક છે માટે ૧,

તેમને 'अंकानां वामतो गतिः' અંકોની છેલ્લેથી ગણત્રી થાય એ રીતથી. ૧૮૮૨ એ પ્રમાણે,नेत्राऽष्टवसुभूमिर्मिते- પ્રમાણ કરેલા, અબ્દે વર્ષમાં । વસન્તાદ્યદિને, वसन्तर्तोराद्ये दिने माघशुक्ल पञ्चम्याम्,-વસંત ઋતુનો પ્રથમ દિવસ જે માઘ શુક્લ પંચમી (વસંત પંચમી) તે દિવસે । इयम्,આ । શુભા, અમારા સ્વરૂપરૂપી મહા મંગળમય મોક્ષપ્રદા । शिक्षापत्री,-શિક્ષણોની પત્રી । लिखिता, પ્રકટીકૃતા, લખીને પ્રસિદ્ધ કરી છે. ॥ ૨૧૧ ॥

तात्पर्यार्थः-

વિક્રમ સંવત ૧૮૮૨ અઢારસો બ્યાશીના માઘ શુક્લ પંચમીને દિવસે, આ અમારા સ્વરૂપરૂપી મહામંગળકારી મોક્ષપ્રદા એવી શિક્ષાપત્રી લખી છે.॥ ૨૧૧ ॥

निजाश्रितानां सकलार्तिहन्ता सधर्मभक्तेरवनं विधाता ।
दाता सुखानां मनसेप्सितानां तनोतु कृष्णोऽखिलमङ्गलं नः । २१२

અન્વયઃ-'निजाश्रितानां, सकलार्तिहन्ता, नः,सधर्मभक्तेः,अवनं, विधाता, मनसा, ईप्सितानां, सुखानां, दाता, कृष्णः, अखिलमङ्गलं, तनोतु ॥ ૨૧૨ ॥

વ્યાખ્યા- 'निजाश्रितानाम्, नि-तरां जायन्ते मन्त्रलब्ध्येति निजाः स्वकियाः, ते च त आश्रितास्तेषाम्, ગુરુમંત્ર પ્રાપ્તિ દ્વારા અતિ પોતાના થાય જે એવા આશ્રય કરનારા ભક્તજનોના । सकलार्तिहन्ता, 'कलं त्वजीर्णरेतसोः । अव्यक्तमधुरध्वाने कला स्यादंशशिल्पयोः ॥ कलने मूलरैवृद्धौ षोडशांशे विधोरपी'ति हैमः। 'कला... कलनाकालमानयोरि'ति मेदिनी। कलया वृद्धया सहिताः, यद्वा कलया कालमानेन सहिताः, यद्वा कलया- अंशेन नानाभेदेन सहिताः, यद्वा कलेन अजीर्णेन सहिताः सकलाः,- વૃદ્ધિને પામતા એવા, અથવા ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણે કાળમાં થનારા એવા, અથવા આધ્યાત્મિક, આધિભૌતિક, આધિદૈવિક એવા ભેદવાળા, અથવા ઈન્દ્રિયો અંતઃકરણ શરીર એ સર્વેને પોતપોતાના વિષયોના અજીર્ણપણાથી થતાં એવા જે,आर्तयः,- दुःखानि, तासां हन्ता,દુઃખો, તેના નાશ કરનારા, અથવા કેન સુખેન સહિતાનિ सकानि, ऐश्वर्यसम्पत्ति प्रभृतीनि, तानि लातीति सकलः, ऐश्वर्यसम्पत्ति प्रभृतिदाता, अथ चाऽऽर्तीनां हन्ता, સુખવાળા, ઐશ્વર્ય અને સંપત્તિઓના આપનારા, તથા દુઃખોના નાશ કરનારા એવા,अत एव नः, 'न- शब्दः स्वागते बन्धौ वृक्षे सूर्ये च कीर्तितः' इत्येकाक्षरः, यथा 'नभस्वान् क्षिपणुर्वातिः शुषिणो नघटो वह'इति साहसांकः, नान् वृक्षान् घटयति चेष्टयते इति नघटः- वायुः, तद्वदत्रापि, नः-बन्धुः-સર્વજીવ પ્રાણીમાત્રના બંધુ એવા, તથા सधर्मभक्तेः, ધર્મેણ સહિતા યા ભક્તિસ્તસ્યાઃ, વર્ણાશ્રમના ધર્મ તથા ભાગવત ધર્મ સહિત જે

પોતાની એકાંતિકી ભક્તિ તેનું, અથવા ધર્મ પિતા સહિત ભક્તિમાતાનું । અવનં વિધાતા,રક્ષણ કરનારા उक्तं च वासुदेवमाहात्म्येऽष्टादशाध्याये-

धर्मदेवत्तदा मूर्तौ नरनारायणात्मना ।
प्रवर्तेऽपि कलौ ब्रह्मन् भूत्वाऽहं सामगो द्विजः ॥ ४३ ॥
मुनिशापान्नृतां प्राप्तं सर्षि जनकमात्मनः।
ततोऽविता गुरुभ्योऽहं सद्धर्म स्थापयन्नज ॥ ४४ ॥

આ વાત વાસુદેવમાહાત્મ્યમાં અઢારમાં અધ્યાયમાં કહી છે- જે 'ધર્મદેવ થકી મૂર્તિ નામના પત્નીમાં, નરનારાયણ છે અવતાર જેમનો એવો પરબ્રહ્મ હું, ઘોરકળીમાં તે સામવેદી બ્રાહ્મણકુળમાં પ્રગટ થઈને, દુર્વાસા મુનિના શાપથી મનુષ્યોમાં અવતાર પામેલા ઋષિઓ સહિત, અમારા પિતા ધર્મદેવ તથા ભક્તિમાતા આદિકનું અસુર ગુરુઓ થકી રક્ષણ કરીશ, અને સદ્ધર્મનું સ્થાપન કરીશ. અથવા 'अ-स्वल्पार्थेऽप्यभावेऽपी'ति हैमः, 'अ-शब्दः स्यादभावेऽपि स्वल्पार्थप्रतिषेधयोः। अनुकम्पायां च तथा वासुदेवे त्वनव्ययः,' इति मेदिनी । 'क्लिवं स्यात् कानने नीरे निवासे निलये वनमि'ति रभसः,अ :- સ્વલ્પ એવા, વનં,નિલય, મંદિરોના વિધાતા,કરનારા । मनसा,મન હૃદય વડે કરીને । ईप्सितानाम्,-ઈચ્છેલા । सुखानाम्,- સર્વ વિધ સુખોના અથવા सुष्ठु खानि तेषाम्,- स्वभक्तिकरणार्थे सकलेन्द्रियाणाम्, પોતાની ભક્તિ કરાવવાને માટે સાધનરૂપ સર્વ ઈન્દ્રિયોના દાતા,આપનારા અથવા दाताऽसुखाना मित्यत्र, असुखानां दाता, असवः प्राणाः खानीन्द्रियाणि च तेषां दाता,પ્રાણ અને ઈન્દ્રિયોના આપનારા અથવા मनसेप्सितानां दाता, असुखानां कृष्णः, મનોવાંછિત આપનારા અને અસુખ જે દુઃખો તેના कर्षतीति कृष्णः,નાશ કરનારા એવા પરબ્રહ્મ અમો શ્રીસ્વામિનારાયણ પરમાત્મા તે। अखिलमङ्गलम्, अखिलानां मङ्गलम्,-સર્વજીવ પ્રાણિમાત્રના કલ્યાણ અથવા न नास्ति खिलं संक्षेपोऽस्ये त्यखिलं, तथाविधं मङ्गलम्, સમગ્ર મંગળને અથવા खिलमङ्गलमितिखिलं स्थिरमविनाशि, मङ्गलं परमनिःश्रेयसम्, અવિનાશી એવું પરમ નિઃશ્રેયસ । तनोतु,-કરો ॥ ૨૧૨ ॥

तात्पर्यार्थः-

ગુરુમંત્ર દ્વારા અતિશય આશ્રય કરનારા ભક્તજનોના વૃદ્ધિ પામતા ભૂત, ભવિષ્ય, વર્તમાન એ ત્રણ કાળના, વિવિધ વિષયોથી થનારા, જે આધ્યાત્મિક, આધિભૌતિક, આધિદૈવિક દુઃખો તેનો નાશ કરનારા, તથા સમગ્ર ઐશ્વર્ય સંપત્તિઓના આપનારા, તથા સર્વજીવ પ્રાણિમાત્રના બંધુ, તથા વર્ણાશ્રમના ધર્મો તથા પોતાની એકાંતિકી ભક્તિ (ધર્મભક્તિ)નું,રક્ષણ કરનારા,તથા

ભગવાનના મંદિરોના કરાવનારા,તથા મનોવાંછિત સુખોના આપનારા, તથા પોતાની ભક્તિ કરાવવાના સાધન રૂપ સર્વ ઈન્દ્રિયોના તથા પ્રાણના આપનારા,એવા 'શ્રીહરિકૃષ્ણ' પરબ્રહ્મ અમે શ્રી સ્વામિનારાયણ પરમાત્મા, તે સર્વજીવપ્રાણિમાત્રના સમગ્ર મંગળને વિસ્તારો.॥ ૨૧૨ ॥

काश्यां मार्गे वैक्रमेऽब्दे भूताऽङ्काऽङ्केन्दुसम्मिते ।
विरचय्याऽर्पिता यत्र भगवान् स प्रसीदतु ॥ १ ॥

उपनिषदुवाच- (प्रबोधचन्द्रोदये षष्ठोंकः श्लोकः १४)

यस्माद्विश्वमुदेति यत्र रमते यस्मिन्पुनर्लीयते ।
भासा यस्य जगद्विभाति सहजानन्दोज्ज्वलं यन्महः ।
शान्तं शाश्वतमक्रियं यमपुनर्भावाय भूतेश्वरं।
द्वैतध्वान्तमपास्य यान्ति कृतिनः प्रस्तौभि तं पुरुषम् ॥

इति श्रीस्वामिनारायणपरमात्म-चरणकमलोपासक-'दार्शनिकपंचानन, -षड्दर्शनाचार्य,-नव्यन्यायाचार्य,-सांख्ययोग-वेदान्त-,मीमांसातीर्थ,-सदगुरु-शास्त्रीश्रीकृष्णवल्लभाचार्य-विरचिता शिक्षापत्र्याः किरणावली समाप्ता ॥